# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન
# લઘુવૃત્તિ વિવરણ

ભાગ - ત્રીજો

-: વિવરણકાર :-

પંન્યાસ ચન્દ્રગુપ્ત વિ. ગણી

-: પ્રકાશન :-

શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

-: આર્થિક સહકાર :-

શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ

૨૦૩ ભવાની પેઠ, પુણે ૪૧૧૦૦૨

# કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન

લઘુવૃત્તિ - વિવરણ

ભાગ - ત્રીજો

-: વિવરણકાર :-


પૂ. પરમશાસન પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. આ. ભ. શ્રી.
વિ. રામચન્દ્ર સૂ. મહારાજાના પટ્ટાલંકાર સ્વ. પૂ. આ. ભ. શ્રી.
વિ. મુક્તિચન્દ્ર સૂ. મ. સા. ના શિષ્યરત્ન પૂજ્યપાદ
આચાર્યદેવ શ્રી. વિ. અમરગુપ્ત સૂ. મ. સા. ના શિષ્ય

પંન્યાસ ચંદ્રગુપ્ત વિજયગણી



-: પ્રકાશન :-

શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

-: આર્થિક સહકાર :-

શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ

૨૦૩ ભવાની પેઠ, પુણે ૪૧૧૦૦૨

મૂલ્ય : ૪૫ રૂ.

# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન

લઘુવૃત્તિ વિવરણ (ભા.૩)

પ્રથમ આવૃત્તિ : નકલ ૧૦૦૦

વિ. સં. ૨૦૪૮ શ્રા. સુ. ૧૫

પ્રકાશન : શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

: પ્રાપ્તિ સ્થાન :

શા. સૂર્યકાન્ત ચતુરલાલ
મુ. પો. મુરબાડ
(જિ. ઠાણે)

રજનીકાંતભાઈ એફ. વોરા
૬૫૫ સાચાપીર સ્ટ્રીટ
પુણે ૪૧૧૦૦૧

શા. મુકુંદભાઈ રમણલાલ
ધરતી ટેક્સ્ટાઈલ્સ
૨, વૃંદાવન શોપિંગ સેંટર
રતન પોળ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

વિજયકર કાંતિલાલ ઝવેરી
જહાંપનાંહની પોળ
કાલુપુર રોડ
અમદાવાદ - ૧

મુદ્રક - ફોટોકમ્પોઝીંગ
કુમાર ગ્રાફિક
૧૩૮, બી ચંદાવાડી, બીજેમાળે
સી. પી. ટેંક રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૪.

## अथ प्रारभ्यते तृतीये ऽध्याये प्रथमः पादः ।

### धातोः पूजार्थस्वति - गतार्थाऽधिपर्यतिक्रमाऽर्थाऽतिवर्जः प्रादिरुपसर्गः प्राक् च ३।१।१॥

પૂજાર્થક सु અને अति; ગતાર્થક अधि અને परि તેમ જ અતિક્રમાર્થક अति શબ્દને છોડીને; અન્ય - ધાતુ સમ્બન્ધી - ધાતુના અર્થને પ્રકાશિત કરનારા प्रादि શબ્દોને (અવ્યયોને) અર્થાત્ चादि ગણપાઠમાંના प्र થી માંડીને अभि શબ્દ સુધીના શબ્દોને ઉપસર્ગ સંજ્ઞા થાય છે. તેથી જ તે ધાતુની અવ્યવહિત પૂર્વમાં પ્રયોજાય છે. પરમાં કે વ્યવહિત પૂર્વમાં પ્રયોજાતા નથી. આશય એ છે કે આ સૂત્રથી વિહિત ઉપસર્ગ સંજ્ઞા અન્વર્થ હોવાથી ઉપ સમીપે - પૂર્વં સૃજ્યતે (સમ્બધ્યતે) આ અર્થના અનુસરણથી ધાતુની અવ્યવહિત પૂર્વમાં જ ઉપસર્ગ નો પ્રયોગ થાય છે. प्र + नी + अ (शव्) + ति અને परि + नी + अ + ति આ અવસ્થામાં प्र અને परि અવ્યયને આ સૂત્રથી ઉપસર્ગ સંજ્ઞા થવાથી તેનો ધાતુની અવ્યવહિત પૂર્વમાં પ્રયોગ થયો છે. તેમ જ 'अदुरुपसर्गा० २-३-૭૭' થી नी ધાતુના न् ને ण् આદેશ થાય છે. જેથી 'नामिनो गुणो० ४-३-१' થી नी ધાતુના ई ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી प्रणयति અને परिणयति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સારી રીતે લઇ જાય છે. પરણે છે.

धातोरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુંજબ પૂજાર્થક सु વગેરેથી ભિન્ન - ધાતુ સમ્બન્ધી - ધાતુના જ અર્થના પ્રકાશક प्र વગેરે અવ્યયોને ઉપસર્ગ સંજ્ઞા થાય છે. અને તેનો પ્રયોગ ધાતુની અવ્યવહિત પૂર્વમાં થાય છે. તેથી वृक्षं वृक्षमभि सेकः અહીં अभि અવ્યય ધાત્વર્થ દ્યોતક ન હોવાથી તેને આ સૂત્રથી ઉપસર્ગ સંજ્ઞા થતી નથી. જેથી 'स्था - सेनि - सेध० २-३-४०' થી सेक ના स् ને ष् આદેશ થતો નથી. અહીં वृक्ष અને सेक ક્રિયાનો સાધ્યસાધનભાવ સમ્બન્ધ, अभि અવ્યયથી જણાવાય છે, ધાત્વર્થ જણાવાતો નથી. તેથી अभि ને આ સૂત્રથી ઉપસર્ગ સંજ્ઞા થતી નથી. અર્થ - દરેક વૃક્ષની સિંચનક્રિયા.

पूजार्थस्वत्यादिवर्जनं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂજાર્થક सु અને अति; ગતાર્થક अधि અને परि તેમ જ અતિક્રમાર્થક अधि

અવ્યયથી ભિન્ન જ ધાતુ સમ્બન્ધી - ધાત્વર્થ દ્યોતક પ્રાદિ અવ્યયોને ઉપસર્ગ સંજ્ઞા થાય છે. અને તે ધાતુની અવ્યવહિત પૂર્વમાં પ્રયોજાય છે. તેથી सुसिक्तम् अतिसिक्तं भवता અહીં પૂજાર્થક सु અને अति અવ્યયને આ સૂત્રથી ઉપસર્ગ સંજ્ઞા થતી નથી. જેથી सिक्त ના स् ને 'स्था - सेनि - सेध० २-३-४०' થી ष् આદેશ થતો નથી. આવી જ રીતે अध्यागच्छति आगच्छत्यधि અને पर्यागच्छति आगच्छति परि; અહીં ગતાર્થક अधि અને परि અવ્યયને આ સૂત્રથી ઉપસર્ગ સંજ્ઞા થતી નથી. જેથી अधि અને परि નો ધાતુની પરમાં પણ અહીં પ્રયોગ થાય છે. अतिसिक्त्वा અહીં અતિક્રમા (ઉલ્લંઘના) ર્થક अति અવ્યયને આ સૂત્રથી ઉપસર્ગ સંજ્ઞા થતી નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ सिक्त्वा ના स् ને ष् આદેશ થતો નથી. અર્થક્રમશઃ - આપે સારી રીતે સિંચન કર્યું. આપે સારી રીતે સિંચન કર્યું. ઉપર આવે છે. બધી બાજુએથી આવે છે. ક્રમવિરુદ્ધ સિંચન કરીને. આ સૂત્રમાં धातोः અને प्राक् च થી સંગૃહીત જે અર્થ છે તેનો અધિકાર 'जीविको० ૩-૧-૧૭' સુધી गति સંજ્ઞા પ્રકરણ સુધી છે. અર્થાત્ તે તે સૂત્રોથી યથાસંભવ ધાત્વર્થ દ્યોતક તે તે શબ્દોને ગતિસંજ્ઞા થાય છે. અને તેનો પ્રયોગ ધાતુની અવ્યવહિત પૂર્વમાં થાય છે. ।।૧।।

● ● ●

## *ऊर्याद्यनुकरण - च्वि - डाचश्च गतिः ३/१/२॥*

ધાત્વર્થદ્યોતક - ऊरी નામ જેના આદિમાં છે એવા ऊर्यादि ગણપાઠમાંના ऊरी વગેરે નામોને; અનુકરણાર્થક નામોને; च्वि પ્રત્યયાન્ત નામોને; डाच् પ્રત્યયાન્ત નામોને તેમ જ ઉપસર્ગ સંજ્ઞક નામોને गति સંજ્ઞા થાય છે; અને તે गति સંજ્ઞક નામનો પ્રયોગ ધાતુની અવ્યવહિત પૂર્વમાં થાય છે. ऊर्यादिः - ऊरी + कृत्वा અને उररी + कृत्वा આ અવસ્થામાં આ સૂત્રથી ऊरी અને उररी નામને આ સૂત્રથી गति સંજ્ઞા. 'गतिक्वन्यस्तत्पुरुषः ૩-૧-૪૨' થી ગતિસંજ્ઞક ऊरी અને उररी નામને कृत्वा નામની સાથે તત્પુરુષ સમાસ. 'अनञः० ૩-૨-૧૫૪' થી कृत्वा ને यप् (य) આદેશ. અને '-हस्वस्य तः० ४-४-११३' થી कृ ધાતુના અન્તમાં त् નો આગમ.... વગેરે કાર્ય થવાથી ऊरीकृत्य અને उररीकृत्य આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - સ્વીકાર કરીને.

अनुकरणम् – खाट् + कृत्वा આ અવસ્થામાં આ સૂત્રથી અનુકરણવાચક खाट् નામને ગતિ સંજ્ઞાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી खाट्कृत्य આવો પ્રયોગ થાય છે. અર્થ - ખાટ આવો શબ્દ (અવાજ) કરીને.

च्चि પ્રત્યયાન્તઃ- अशुक्लं शुक्लं कृत्वा આ અર્થમાં 'कृभ्वस्ति० ७-२-१२६' થી शुक्ल નામને च्चि (०) પ્રત્યય. 'ईश्च्वाववर्ण० ४-३-१११' થી शुक्ल નામના अ ને ई આદેશ. च्चि પ્રત્યયાન્ત शुक्ली નામને આ સૂત્રથી ગતિ સંજ્ઞા વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી शुक्लीकृत्य આવો પ્રયોગ થાય છે. અર્થ - શુક્લભિન્નને શુક્લ કરીને.

डाजन्तः - पटत् कृत्वा આ અર્થમાં पटत् નામને 'अव्यक्तानुक० ७-२-१४५' થી डाच् (आ) પ્રત્યય; અને पटत् નામને દ્વિત્વ. पटत् + पटत् + आ + कृत्वा આ અવસ્થામાં પ્રથમ पटत् ના त् નો 'डाच्यादौ ७-२-१४९' થી લોપ. 'डित्यन्त्य० २-१-११४' થી દ્વિતીય पटत् ના અન્ત્ય अत् નો લોપ. આ સૂત્રથી डाच् પ્રત્યયાન્ત पटपटा નામને ગતિ સંજ્ઞા વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી पटपटाकृत्य આવો પ્રયોગ થાય છે. અર્થ - पटत् આવો શબ્દ - અવાજ કરીને.

उपसर्गः - प्र + कृत्वा આ અવસ્થામાં प्र ને 'धातोः पूजार्थ० ३-१-१' થી उपसर्ग સંજ્ઞા. उपसर्ग સંજ્ઞક प्र ને આ સૂત્રથી ગતિ સંજ્ઞા વગેરે કાર્ય, ઉપર જણાવ્યા મુજબ થવાથી प्रकृत्य આવો પ્રયોગ થાય છે. અર્થ - કરીને. ।।૨।।

● ● ●

## ***कारिका स्थित्यादौ ३।२।३।।***

સ્થિતિ - મર્યાદા અથવા વૃત્તિ (જીવિકા) સ્વરૂપ स्थित्यादि અર્થમાં कारिका નામને ગતિ સંજ્ઞા થાય છે. कारिका + कृत्वा આ અવસ્થામાં कारिका નામને આ સૂત્રથી ગતિ સંજ્ઞા વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ.નં. ૩-૧-૨) कारिकाकृत्य આવો પ્રયોગ થાય છે. અર્થ - મર્યાદા અથવા જીવિકા બનાવીને. સૂત્રસ્થ आदि પદથી પ્રયત્ન અને સામાન્યતઃ ક્રિયાનું ગ્રહણ કરવાનું છે. જેથી 'પ્રયત્ન - ક્રિયા કરીને' આવો પણ ઉદાહરણાર્થ છે. - એ યાદ રાખવું. ।।૩।।

● ● ●

## भूषाऽऽदरक्षेपेऽलंसदसत् ३।१।४॥

भूषार्थक अलम् શબ્દને; આદરાર્થક सत् શબ્દને અને નિન્દાર્થક असत् શબ્દને गति संज्ञा થાય છે. अलम् + कृत्वा, सत् + कृत्वा અને असत् + कृत्वा આ અવસ્થામાં अलम् सत् અને असत् શબ્દને આ સૂત્રથી गति संज्ञा વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૩-૧-૨) अलङ्कृत्य सत्कृत्य અને असत्कृत्य આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ભૂષિત કરીને. સત્કાર - આદર કરીને. નિન્દિત બનાવીને.

भूषादिष्विति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભૂષાદિ અર્થક જ अलम् વગેરે નામોને गति संज्ञा થાય છે. તેથી अलं कृत्वा અહીં નિષેધાર્થક अलम् નામને આ સૂત્રથી गति संज्ञा ન થવાથી સમાસાદિ કાર્ય થતું નથી. અર્થ - કરવું વ્યર્થ છે. ॥૪॥

● ● ●

## अग्रहाऽनुपदेशेऽन्तरदः ३।१।५॥

અગ્રહાર્થક अन्तर् શબ્દને તેમ જ અનુપદેશાર્થક अदस् નામને गति संज्ञा થાય છે. अन्तर् + हत्वा અને अदस् + कृत्वा આ અવસ્થામાં अन्तर् અને अदस् નામને આ સૂત્રથી गति संज्ञा વગેરે કાર્ય થવાથી (સૂ.નં. ૩-૧-૨ જુઓ) अन्तर्हत्य અને अदःकृत्य આવો પ્રયોગ થાય છે. અસ્વીકારને अग्रह કહેવાય છે. અને પોતે જ પદાર્થનો વિચાર કરવો અથવા વિશેષ વ્યાખ્યાનથી ભિન્ન સામાન્ય વ્યાખ્યાનને अनुपदेश કહેવાય છે. અર્થક્રમશઃ - વચ્ચે મારીને અર્થાત્ શત્રુને વચ્ચે મારીને ગયો. અહીં શત્રુનો સ્વીકાર કર્યો - આવો અર્થ ગમ્યમાન ન હોવાથી અસ્વીકાર સ્વરૂપ અર્થ(अग्रह) ગમ્યમાન છે. अदःकृत्यै... પેલું કામ કરીને આ કામ કરીશ આ પ્રમાણે પોતે વિચારે છે. અહીં બીજાએ કામ કરવાનું કહ્યું છે. - એવો અર્થ અથવા વિશેષ વ્યાખ્યાન રૂપ અર્થ જણાતો ન હોવાથી अनुपदेश અર્થ ગમ્યમાન છે...... ઇત્યાદિ બરાબર સમજી લેવું. ॥૫॥

● ● ●

## *कणे - मनस् तृप्तौ ३।१।६।।*

तृप्ति अर्थ ગમ્યમાન હોય તો कणे અને मनस् અવ્યયને गति સંજ્ઞા થાય છે. कणेहत्य અને मनोहत्य અહીં कणे + हत्वा અને मनस् + हत्वा આ અવસ્થામાં कणे અને मनस् અવ્યયને આ સૂત્રથી गति સંજ્ઞા વગેરે કાર્ય થયું છે. (જુઓ સૂ.નં. ૩-૧-૨) અર્થ (બંન્નેનો) - ઈચ્છા પૂર્ણ થાય ત્યાં સુધી દુધ પીએ છે. तृप्ताविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तृप्ति અર્થ ગમ્યમાન હોય તો જ कणे અને मनस् અવ્યયને गति સંજ્ઞા થાય છે. તેથી तण्डुलावयवे कणे हत्वा અહીં तृप्ति અર્થ ગમ્યમાન ન હોવાથી कणे (स.ए.व.) ને આ સૂત્રથી गति સંજ્ઞા થતી નથી. જેથી સમાસાદિ કાર્ય થતું નથી. યદ્યપિ तण्डुलावयवे कणे हत्वा અહીં कण નામ અવ્યય નથી. તેથી અનવ્યયત્વેન गति સંજ્ઞાનો નિષેધ થઈ શકે છે. પરન્તુ સૂત્રમાં कणे - मनस् નું અવ્યયત્વ વિશેષણ નથી. तृप्ति અર્થ ગમ્યમાન હોય ત્યારે તે અવ્યયસ્વરૂપ હોય છે - એ આશયથી વૃત્તિમાં તેના અવ્યયત્વનો ઉલ્લેખ કર્યો છે. વ્યભિચારવાચક વિશેષણત્વેન अव्ययत्व નો અહીં નિર્દેશ ન હોવાથી तृप्ताविति किम् ? આ રીતે એકાઙ્ગવિકલતાનો નિર્દેશ છે. અન્યથા દ્વ્યઙ્ગવિકલતાનો નિર્દેશ કર્યો હોત... અર્થ - ચોખાના કણને કુટીને. ।।६।।

● ● ●

## *पुरोऽस्तमव्ययम् ३।१।७।।*

पुरस् અને अस्तम् આ બંન્ને અવ્યયોને गति સંજ્ઞા થાય છે. पुरस् + कृत्वा અને अस्तम् + गत्वा આ અવસ્થામાં पुरस् અને अस्तम् અવ્યયને આ સૂત્રથી गति સંજ્ઞા. गति સંજ્ઞક पुरस् અને अस्तम् ને 'गतिक्वन्यस्तत्पुरुषः ૩-૧-૪૨' થી कृत्वा અને गत्वा ની સાથે તત્પુરુષ સમાસ. त्वा ને यप् આદેશ. ધાતુના અન્તે त् નો આગમ. (જુઓ સૂ.નં. ૩-૧-૨) 'सोरुः ૨-૧-૭૨' થી पुरस् ના स् ને र् આદેશ. र् ને 'नमस् पुरसो० ૨-૩-૧' થી स् આદેશ. 'तौ मुमौ०

૧-૩-૧૪' થી अस्तम् ના म् ને ङ् આદેશ વગેરે કાર્ય થવાથી पुरस्कृत्य અને अस्तङ्गत्य આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આગળ કરીને. અસ્ત થઈને. अव्ययमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યય સ્વરૂપ જ पुरस् અને अस्तम् ને ગતિ સંજ્ઞા થાય છે. તેથી पुरःकृत्वा नगरीरित्यर्थः અહીં पुरस् શબ્દ અવ્યય ન હોવાથી તેને આ સૂત્રથી ગતિ સંજ્ઞા થતી નથી. पुर् નામને દ્વિતીયા વિભક્તિનો शस् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पुरस् શબ્દ બને છે. તે અવ્યય નથી. અર્થ - નગરીઓને કરીને. ।।૭।।

● ● ●

### *गत्यर्थवदोऽच्छः ३।१।८।।*

ગત્યર્થક ધાતુ સમ્બન્ધી અને वद् ધાતુ સમ્બન્ધી अच्छ અવ્યયને ગતિ સંજ્ઞા થાય છે. अच्छ + गत्वा અને अच्छ + ऊदित्वा આ અવસ્થામાં अच्छ અવ્યયને આ સૂત્રમાં ગતિ સંજ્ઞા થવાથી સૂ. નં. ૩-૧-૨ માં જણાવ્યા મુજબ સમાસાદિ કાર્ય થાય છે. જેથી अच्छगत्य અને अच्छोद्य આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - દૃઢતા સાથે ચાલીને. સારા શબ્દો બોલીને. ।।૮।।

● ● ●

### *तिरोऽन्तर्द्धौ ३।१।९।।*

અન્તર્દ્ધિ અર્થ (છુપાવું અર્થ) ગમ્યમાન હોય તો तिरस् શબ્દને ગતિ સંજ્ઞા થાય છે. तिरस् + भूत्वा આ અવસ્થામાં तिरस् નામને આ સૂત્રથી ગતિ સંજ્ઞા થવાથી સૂ.નં. ૩-૧-૨ માં જણાવ્યા મુજબ સમાસ વગેરે કાર્ય થવાથી तिरोभूय આવો પ્રયોગ થાય છે. અર્થ - છુપાઈને. ।।૯।।

● ● ●

## कृगो नवा ३/१/१०//

अन्तर्दधि - છુપાવું અર્થ ગમ્યમાન હોય તો; कृ ધાતુ સમ્બન્ધી तिरस् નામને વિકલ્પથી गति સંજ્ઞા થાય છે. तिरस् + कृत्वा આ અવસ્થામાં तिरस् ને આ સૂત્રથી गति સંજ્ઞા. 'सोरुः २-१-७२' થી स् ને रु આદેશ. रु ના र् ને 'तिरसो वा २-३-२' થી स् આદેશાદિ કાર્ય (જુઓ સૂ. નં. ૩-૧-૨) થવાથી तिरस्कृत्य આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં र् ને स् આદેશ ન થાય ત્યારે 'रः पदान्ते० १-३-५३' થી વિસર્ગ થવાથી तिरःकृत्य આવો પ્રયોગ થાય છે. અને વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી तिरस् ને ગતિસંજ્ઞા ન થાય ત્યારે तिरःकृत्वा આવો પ્રયોગ થાય છે. અર્થ - છુપાવીને. ||૧૦||

● ● ●

## मध्ये - पदे - निवचने - मनस्युरस्यनत्याधाने ३/१/११//

અનત્યાધાન અર્થના વાચક मध्ये पदे निवचने मनसि અને उरसि આ અવ્યયોને (આ સપ્તમી એકવચનાન્ત પ્રતિરૂપક અવ્યયોને); कृ ધાતુના યોગમાં વિકલ્પથી गति સંજ્ઞા થાય છે. उपश्लेष-आधाराधेयभाव અને आश्चर्य આ બે અર્થને आधान કહેવાય છે. તદ્‌ભિન્ન અર્થને અનત્યાધાન કહેવાય છે. मध्ये + कृत्वा; पदे + कृत्वा, निवचने + कृत्वा, मनसि + कृत्वा, અને उरसि + कृत्वा આ અવસ્થામાં मध्ये पदे निवचने मनसि અને उरसि આ અવ્યયોને આ સૂત્રથી गति સંજ્ઞા વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૩-૧-૨) मध्येकृत्य, पदेकृत्य, निवचनेकृत्य, मनसिकृत्य અને उरसिकृत्य, આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી मध्ये पदे વગેરે અવ્યયોને गति સંજ્ઞા ન થાય ત્યારે સમાસાદિ કાર્ય ન થવાથી मध्ये कृत्वा; पदे कृत्वा, निवचने कृत्वा; मनसि कृत्वा અને उरसि कृत्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વાણીને મધ્યમાં કરીને. વાણીને પદમાં રોકીને. વાણીને સંયમિત કરીને. નિશ્ચય કરીને. નિશ્ચય કરીને. ||૧૧||

● ● ●

## उपाजेऽन्वाजे ३।१।१२॥

कृ ધાતુના યોગમાં उपाजे અને अन्वाजे અવ્યયને વિકલ્પથી गति સંજ્ઞા થાય છે. શક્તિહીનને શક્તિ આપવી અથવા તુટેલી વસ્તુને સાંધવી આ અર્થમાં उपाजे અને अन्वाजे અવ્યયનો પ્રયોગ થાય છે. उपाजे + कृत्वा અને अन्वाजे + कृत्वा આ અવસ્થામાં उपाजे અને अन्वाजे અવ્યયને આ સૂત્રથી गति સંજ્ઞા વગેરે કાર્ય થવાથી उपाजेकृत्य અને अन्वाजेकृत्य આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી उपाजे અને अन्वाजे અવ્યયને गति સંજ્ઞા ન થાય ત્યારે સમાસાદિ કાર્ય ન થવાથી उपाजे कृत्वा અને अन्वाजे कृत्वा આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - શક્તિહીનને શક્તિમાન્ બનાવીને અથવા તુટેલી વસ્તુને સાંધીને. ॥૧૨॥

● ● ●

## स्वाम्येऽधिः ३।१।१३॥

સ્વામિત્વ અર્થ ગમ્યમાન હોય તો कृ ધાતુ સમ્બન્ધી अधि અવ્યયને વિકલ્પથી गति સંજ્ઞા થાય છે. चैत्रं ग्रामे ऽधिकृत्य गतः અહીં સ્વામિત્વ અર્થ ગમ્યમાન હોવાથી अधि + कृत्वा આ અવસ્થામાં अधि અવ્યયને આ સૂત્રથી गति સંજ્ઞા વગેરે કાર્ય થવાથી अधिकृत्य આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अधि અવ્યયને गति સંજ્ઞા ન થાય ત્યારે સમાસાદિ કાર્ય ન થવાથી चैत्रं ग्रामे ऽधिकृत्वा गतः આવો પ્રયોગ થાય છે. અર્થઃ- ચૈત્રને ગામમાં સ્વામી બનાવીને ગયો. स्वाम्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વામિત્વ અર્થ ગમ્યમાન હોય તો જ कृ ધાતુ સમ્બન્ધી अधि અવ્યયને વિકલ્પથી गति સંજ્ઞા થાય છે. તેથી ग्राममधिकृत्य उद्दिश्येत्यर्थः અહીં સ્વામિત્વ અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી अधि અવ્યયને વિકલ્પથી गति સંજ્ઞા થતી નથી. પરંતુ 'ऊर्याद्यनु० ૩-૧-૨' થી નિત્ય જ गति સંજ્ઞા થાય છે. અર્થ - ગામને ઇચ્છીને. ॥૧૩ ॥

● ● ●

## साक्षादादिश्च्व्यर्थे ३/१/१४॥

च्वि પ્રત્યયના અર્થના વાચક साक्षादादि ગણપાઠમાંના साक्षाद् વગેરે નામોને कृ ધાતુના યોગમાં વિકલ્પથી गति સંજ્ઞા થાય છે. साक्षात् + कृत्वा (असाक्षाद्भूतं साक्षाद्भूतं कृत्वा) અને मिथ्या + कृत्वा (अमिथ्याभूतं मिथ्याभूतं कृत्वा) આ અવસ્થામાં साक्षात् અને मिथ्या નામને આ સૂત્રથી गति સંજ્ઞાદિ કાર્ય થવાથી साक्षात्कृत्य અને मिथ्याकृत्य આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી साक्षात् અને मिथ्या નામને गति સંજ્ઞા ન થાય ત્યારે સમાસાદિ કાર્ય ન થવાથી साक्षात् कृत्वा અને मिथ्या कृत्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - અસાક્ષાત્‌ને સાક્ષાત્ કરીને. અમિથ્યાને મિથ્યા બનાવીને. ॥૧૪॥

● ● ●

## नित्यं - हस्ते - पाणावुद्वाहे ३/१/१५॥

उद्वाह (પરણવું) અર્થ ગમ્યમાન હોય તો कृ ધાતુના યોગમાં हस्ते અને पाणौ અવ્યયને નિત્ય गति સંજ્ઞા થાય છે. हस्तेकृत्य અને पाणौकृत्य અહીં આ સૂત્રથી हस्ते અને पाणौ અવ્યયને गति સંજ્ઞાદિ કાર્ય (જુઓ सू. नं. ૩-૧-૨) થયું છે. અર્થ (બંન્નેનો) - વિવાહ કરીને. उद्वाह इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ उद्वाह અર્થ ગમ્યમાન હોય તો कृ ધાતુના યોગમાં हस्ते અને पाणौ અવ્યયને નિત્ય गति સંજ્ઞા થાય છે. તેથી हस्ते कृत्वा काण्डं गतः અહીં ઉદ્વાહ અર્થ ગમ્યમાન ન હોવાથી हस्ते અવ્યયને આ સૂત્રથી गति સંજ્ઞા થતી નથી. જેથી સમાસાદિ કાર્ય થયું નથી. અર્થ - હાથમાં ડાળી લઈને ગયો. ॥૧૫॥

● ● ●

## प्राध्वं बन्धे ३/१/१६//

બન્ધનાર્થક પ્રાધ્વ અવ્યયને कृ ધાતુના યોગમાં ગતિ સંજ્ઞા થાય છે. प्राध्वं + कृत्वा આ અવસ્થામાં પ્રાધ્વ અવ્યયને આ સૂત્રથી ગતિ સંજ્ઞાદિ કાર્ય થવાથી (સૂ. નં. ૩-૧-૨ જુઓ.) प्राध्वंकृत्य આવો પ્રયોગ થાય છે. અર્થ - બાંધીને (અર્થાદ્ દુષ્ટ અશ્વાદિને બન્ધન વડે અનુકૂળ કરીને.) बन्ध इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कृ ધાતુના યોગમાં બન્ધનાર્થક જ प्राध्व અવ્યયને ગતિ સંજ્ઞા થાય છે. તેથી प्राध्वं कृत्वा शकटं गतः અહીં प्राध्व અવ્યય બન્ધનાર્થક ન હોવાથી તેને આ સૂત્રથી ગતિ સંજ્ઞા થતી નથી. જેથી સમાસાદિ કાર્ય થતું નતી. અર્થ - ગાડાને રસ્તા ઉપર રાખીને ગયો. ॥૧૬॥

● ● ●

## जीविकोपनिषदौपम्ये ३/१/१७//

औपम्य (उपमानोपमेयभाव) અર્થ ગમ્યમાન હોય તો कृ ધાતુના યોગમાં जीविका અને उपनिषद् શબ્દને ગતિ સંજ્ઞા થાય છે. जीविका + कृत्वा અને उपनिषत् + कृत्वा આ અવસ્થામાં जीविका અને उपनिषत् નામને આ સૂત્રથી ગતિ સંજ્ઞાદિ કાર્ય સૂ.નં. ૩-૧-૨ માં જણાવ્યા મુજબ થવાથી जीविकाकृत्य અને उपनिषत्कृत्य આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - જીવિકા જેવું બનાવીને. ઉપનિષદ્ જેવું બનાવીને. ॥૧૭॥

● ● ●

## नाम नाम्नैकार्थ्ये समासो बहुलम् ३।१।१८॥

ऐकार्थ्य સ્વરૂપ સામર્થ્ય ગમ્યમાન હોય તો નામને નામની સાથે બહુલતયા (પ્રાયઃ) સમાસ થાય છે. સામર્થ્ય (શક્તિ) વિશેષને ऐकार्थ्य કહેવાય છે. राज्ञः पुरुषः અહીં राजन् ङस् पुरुष सि થી રાજા સમ્બન્ધી પુરુષ અને અભિહિત કર્તા સ્વરૂપ અર્થની ઉપસ્થિતિ બાદ राजसम्बन्धी पुरुष સ્વરૂપ અર્થની ઉપસ્થિતિ થાય છે. પરન્તુ राजपुरुष પદથી પૃથક્ પૃથક્ તાદૃશ ઉપસ્થિતિ થયા વિના 'राजसम्बन्धी पुरुष' આ અર્થનું જ્ઞાન થાય છે. તેથી વાક્ય ઘટક પ્રત્યેક પદાદિ જન્યઅર્થોપસ્થિતિ દ્વારા તે વાક્યાર્થનું જ્ઞાન થાય છે ત્યારે તે વાક્યમાં व्यपेक्षा સ્વરૂપ સામર્થ્ય મનાય છે. અને વાક્ય ઘટક તાદૃશ પદાદિ જન્ય અર્થોપસ્થિતિ વિના વાક્યાર્થનું જ્ઞાન થાય છે ત્યારે તે વાક્યમાં પદોનું ऐकार्थ्य સ્વરૂપ સામર્થ્ય મનાય છે. આ ऐकार्थ्य સ્વરૂપ સામર્થ્ય; राज्ञः पुरुष इति राजपुरुषः આ પ્રમાણે કોઈવાર પૃથક્ પદોના व्यपेक्षा સ્વરૂપ સામર્થ્યનો અનુભવ કરીને અનુભવાય છે કોઈવાર उपकुम्भम् ઈત્યાદિ સ્થળે व्यपेक्षा સ્વરૂપ સામર્થ્યનો અનુભવ કર્યા વિના અનુભવાય છે. આવા સ્થળે માત્ર कुम्भस्य समीपे ઈત્યાદિ વાક્યાન્તરથી અર્થ જણાવાય છે. જ્યારે छात्राणां पञ्चमः ઈત્યાદિ સ્થળે व्यपेक्षा સ્વરૂપ સામર્થ્ય હોવા છતાં ऐकार्थ्य સ્વરૂપ સામર્થ્ય હોતું નથી.

આ સૂત્ર લક્ષણ સ્વરૂપ પણ છે અને અધિકાર સ્વરૂપ પણ છે. તેથી જ્યાં અન્ય સૂત્રોથી बहुव्रीहि વગેરે સમાસની પ્રાપ્તિ નથી ત્યાં આ સૂત્રથી ऐकार्थ्य માં સમાસ થાય છે. તેમ જ આ સૂત્ર અધિકાર સ્વરૂપ હોવાથી बहुव्रीहि વગેરે સમાસ વિધાયક સૂત્રો ऐकार्थ्य માં નામની સાથે નામને સમાસ કરે છે. આ સૂત્રથી ऐकार्थ्य સ્વરૂપ સામર્થ્ય ગમ્યમાન હોય તો નામને નામની સાથે બહુલતયા સમાસ થાય છે. તેથી ક્વચિદ્ ऐकार्थ्य ગમ્યમાન ન હોય તો પણ સમાસ થાય છે - એ યાદ રાખવું.

विस्पष्टं पटुः અને दारुणमध्यायकः આ વિગ્રહમાં विस्पष्ट અને दारुण નામને (વિભક્ત્યન્ત નામને) અનુક્રમે पटु અને अध्यायक નામની (વિભક્ત્યન્ત નામની) સાથે આ સૂત્રથી સમાસ. વિગ્રહ વાક્યસ્થ વિભક્તિનો 'ऐकार्थ्ये ૩-૨-૮' થી લોપ.

विस्पष्टपटु અને दारुणाध्यायक નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી

विस्पष्टंपटुः અને दारुणाध्यायकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સારી પટુતાવાલો. કઠિન ધ્યાન કરનાર. આશય એ છે કે विस्पष्टं पटुः અને दारुणमध्यायकः અહીં बहुव्रीह्यादि કોઇ પણ સમાસની પ્રાપ્તિ નથી. સમસ્યમાન (જેનો સમાસ થઇ રહ્યો છે તે) પદોના અર્થનો જ્યાં અભેદ હોય છે ત્યાં બહુવ્રીહિ કે કર્મધારય સમાસ યથાપ્રાપ્ત થાય છે. અહીં विस्पष्ट પદ વિસ્પષ્ટ પટુત્વાર્થક છે અને पटु પદ પટુત્વવદર્થક હોવાથી; તેમ જ दारुण પદ તાદૃશ ધ્યાનાત્મક ક્રિયાર્થક છે અને अध्यायक પદ ધ્યાનકર્તાનું વાચક હોવાથી અહીં સમસ્યમાન પદાર્થોનો અભેદ (એક સ્વરૂપકત્વ) નથી. તેથી बहुव्रीहि અથવા कर्मधारय સમાસની અહીં પ્રાપ્તિ નથી - એ સ્પષ્ટ છે. સમસ્યમાન પદાર્થો જ્યારે विशेषणविशेष्यभावापन्न હોય છે ત્યારે સામાન્યથી तत्पुरुषादि સમાસ થાય છે. અને द्वन्द्व સમાસ चार्थ પ્રધાન હોય છે. તેથી विस्पष्टं पटुः અને दारुणमध्यायकः અહીં સમસ્યમાન પદાર્થો વિશેષણવિશેષ્યભાવાપન્ન ન હોવાથી અને चार्थ ગમ્યમાન ન હોવાથી અહીં तत्पुरुषादि સમાસની પણ પ્રાપ્તિ નથી - એ સ્પષ્ટ પણે સમજી શકાય છે. આવી જ રીતે सर्वश्चर्मणा कृतः આ તદ્ધિત અર્થમાં सर्व નામને चर्मन् નામની સાથે આ સૂત્રથી સમાસ. 'सर्वचर्मण ईनेनञौ ૬-૩-૧૯૫' થી सर्वचर्मन् નામને ईन પ્રત્યય. 'नो ऽ पदस्य० ૭-૪-૬૧' થી चर्मन् નામના अन् નો લોપ. सर्वचर्मीन નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી सर्वचर्मीणो रथः આવો પ્રયોગ થાય છે. અહી सर्व અને चर्मन् પદાર્થને પરસ્પર વિશેષણવિશેષ્યભાવ ન હોવાથી કોઇ પણ સમાસની પ્રાપ્તિ નથી - એ સમજી શકાય છે. તેમજ कन्ये इव અને पूर्वः श्रुतः આ વિગ્રહમાં પણ કોઇ પણ સમાસની પ્રાપ્તિ નથી. તેથી અનુક્રમે આ સૂત્રથી अलुप् સમાસ અને સમાસાદિ કાર્ય થવાથી कन्येइव અને श्रुतपूर्वः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સંપૂર્ણ ચામડાથી બનાવેલો રથ. કન્યાઓની જેમ. પહેલા સાંભળેલું.

*नामेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ* ऐकार्थ्य ગમ્યમાન હોય તો નામને જ નામની સાથે સમાસ થાય છે. તેથી चरन्ति गावो धनमस्य અહીં चरन्ति પદને गो નામની સાથે આ સૂત્રથી સમાસ થતો નથી. અન્યથા આ સૂત્રમાં नाम નું ગ્રહણ ન હોત તો चरन्ति આ પદને गो નામની સાથે સમાસ થવાનો પ્રસઙ્ગ આવત. नाम्नेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऐकार्थ्य ગમ્યમાન હોય તો નામને નામની જ સાથે સમાસ થાય છે. તેથી चैत्रः पचति અહીં चैत्र નામને पचति પદની સાથે આ સૂત્રથી સમાસ થતો નથી. અર્થક્રમશઃ - ચરનારી

ગાયો ધન છે જેનું. ચૈત્ર રાંધે છે.

અહીં યાદ રાખવું જોઇએ કે આ સૂત્રથી અથવા આ સૂત્રનો અધિકાર જેમાં છે એવા ઉત્તર સૂત્રોથી; સમાસ સામાન્ય અથવા बहुव्रीह्यादि સમાસ વિશેષનું વિધાન નામને નામની સાથે હોવા છતાં 'ऐकार्थ्ये ૩-૨-૮' ના તાત્પર્યથી વિભક્ત્યન્ત નામને વિભક્ત્યન્ત નામની સાથે સમાસ થાય છે. આ વસ્તુનો ખ્યાલ રાખીને જ "गतिकारकङस्युक्तानां विभक्त्यन्तानामेव कृदन्तै र्विभक्त्युत्पत्तेः प्रागेव समासः" આ ન્યાય પણ પ્રવૃત્ત છે. આ સૂત્રથી बहुलम् સમાસનું વિધાન હોવાથી ક્વચિદ્ अनामने પણ નામની સાથે અને નામને अनाम ની સાથે સમાસ થાય છે. તેથી भाति अर्को यत्रेति भात्यर्कं नभः અને अनुव्यचलत्.... ઇત્યાદિ પ્રયોગો થાય છે. ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૧૮॥

● ● ●

## सुज् वाऽर्थे सङ्ख्यासङ्ख्येये सङ्ख्यया बहुव्रीहिः ३/१/१९॥

सुच् પ્રત્યયનો અર્થ વાર અને वा શબ્દનો અર્થ વિકલ્પ (અથવા) કે સંશય છે. सुच् પ્રત્યયાર્થક અને वा શબ્દાર્થક સઙ્ખ્યાવાચક નામને; સઙ્ખ્યેયવાચી સઙ્ખ્યાવાચક નામની સાથે ऐकार्थ्य સ્વરૂપ સામર્થ્ય ગમ્યમાન હોય તો बहुव्रीहि સમાસ થાય છે. સઙ્ખ્યાવદ્ દ્રવ્યાર્થક નામને સઙ્ખ્યેયવાચક નામ કહેવાય છે. દા.ત. एको घटः । द्वौ घटौ । यावद् अष्टादश घटाः । અહીં एक થી માંડીને अष्टादश સુધીની સઙ્ખ્યાના વાચક તે તે નામો તાદૃશ સઙ્ખ્યા વિશિષ્ટ ઘટાદિ દ્રવ્યના વાચક હોવાથી एकादि નામોને સઙ્ખ્યેયવાચક સઙ્ખ્યાવાચક નામો કહેવાય છે. द्वि र्दश અને द्वौ वा त्रयो वा આ વિગ્રહમાં અનુક્રમે सुच् પ્રત્યયાર્થક (વારાર્થક) द्विर् નામને સઙ્ખ્યેયવાચક સઙ્ખ્યાવાચિ दशन् નામની સાથે તેમજ વિકલ્પાર્થક અથવા સંશયાર્થક અર્થાદ્ वा શબ્દાર્થક द्वि નામને સઙ્ખ્યેયવાચક સઙ્ખ્યાવાચિ त्रि નામની સાથે આ સૂત્રથી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી વિગ્રહ વાક્યસ્થ સ્યાદિ વિભક્તિનો લોપ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન द्विदशन् અને द्वित्रि નામને 'प्रमाणी० ७-३-१२८' થી ड (अ) પ્રત્યય. 'डित्यन्त्यस्व० २-१-११४' થી ड ની પૂર્વેના અન્ત્યસ્વરાદિનો (अन् અને ई નો) લોપ. द्विदश અને द्वित्र નામને जस् પ્રત્યયાદિ કાર્ય થવાથી द्विदशाः

અને द्वित्राः આવો પ્રયોગ થાય છે. द्विर्दश આ વિગ્રહમાં પ્રતીત सुच् પ્રત્યયાર્થ સમાસથી અભિહિત હોવાથી સમાસમાં सुच् પ્રત્યયનો પ્રયોગ થતો નથી. જેથી द्विदशन् નામ બને છે. અન્યથા द्विर्दशन् નામનો પ્રયોગ થાત - એ યાદ રાખવું. અર્થક્રમશઃ - વીસ (ઘટાદિ). બે અથવા ત્રણ (ઘટાદિ).

सङ्ख्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सुच् પ્રત્યયાર્થક અને वा શબ્દાર્થક સઙ્ખ્યાવાચક જ નામને સઙ્ખ્યેયાર્થક સઙ્ખ્યાવાચક નામની સાથે ऐकार्थ्य સ્વરૂપ સામર્થ્ય ગમ્યમાન હોય તો बहुव्रीहि સમાસ થાય છે. તેથી गावो वा दश वा અહીં વિકલ્પાર્થક गो નામને સઙ્ખ્યેયવાચક - સઙ્ખ્યાવાચિ दशन् નામની સાથે આ સૂત્રથી બહુવ્રીહિ સમાસ થતો નથી. અર્થ - ગાયો અથવા દશ ઘટાદિ.

सङ्ख्ययेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सुच् પ્રત્યયાર્થક અને वा શબ્દાર્થક સઙ્ખ્યાવાચક નામને, સઙ્ખ્યેયવાચક - સઙ્ખ્યાવાચક જ નામની સાથે ऐकार्थ्य ગમ્યમાન હોય તો બહુવ્રીહિ સમાસ થાય છે. તેથી दश वा गावो वा આ વિગ્રહમાં वा શબ્દાર્થક સઙ્ખ્યાવાચક નામ दशन् ને; गो નામની સાથે (તે નામ સઙ્ખ્યાવાચક ન હોવાથી) આ સૂત્રથી સમાસ થતો નથી. અર્થ - દશ (ઘટાદિ) અથવા ગાયો.

सङ्ख्येय इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सुच् પ્રત્યયાર્થક અને वा શબ્દાર્થક સઙ્ખ્યાવાચક નામને; સઙ્ખ્યેયવાચક જ સઙ્ખ્યાવાચિ નામની સાથે બહુવ્રીહિ સમાસ થાય છે. તેથી द्वि विंशति र्गवाम् આ વિગ્રહમાં सुच् પ્રત્યયાર્થક સઙ્ખ્યાવાચક द्वि નામને; विंशति નામની સાથે તે નામ અહીં સઙ્ખ્યેયવાચક ન હોવાથી આ સૂત્રથી સમાસ થતો નથી. અર્થ - ચાળીસ ગાયો. અહીં યાદ રાખવું જોઈએ કે - 'आदशभ्यः सङ्ख्या सङ्ख्येये वर्त्तते न तु सङ्ख्याने' આ ન્યાયથી એકથી માંડીને અઢાર સુધીની સઙ્ખ્યાના વાચક નામો सङ्ख्येय વાચક જ મનાય છે. જ્યારે ત્યાર પછીની સઙ્ખ્યાના વાચક નામો સઙ્ખ્યેય અને સઙ્ખ્યાના પણ વાચક મનાય છે. તેથી द्वि विंशति र्गवाम् અહીં विंशति નામ સઙ્ખ્યેય વાચક નથી. તેને સઙ્ખ્યેયવાચક માનવું હોય તો द्वि विंशति र्गावः આ પ્રમાણે વિગ્રહ કરવો જોઈએ.... ઈત્યાદિ ભણાવનાર પાસેથી બરાબર સમજી લેવું જોઈએ. ॥૧૯॥

● ● ●

## *आसन्नाऽदूराऽधिकाऽध्यदर्धाऽर्धादिपूरणं द्वितीयाद्यन्यार्थे ३/१/२०//*

आसन्न अदूर अधिक अध्यद्र्ध અને अद्र्ध શબ્દ છે પૂર્વપદ જેનું એવા પૂરણપ્રત્યયાન્ત નામને; સઙ્ખ્યાવાચક નામની સાથે ऐकार्थ्य ગમ્યમાન હોય તો बहुव्रीहि સમાસ થાય છે. પરન્તુ સમાસાર્થ; द्वितीयादि વિભક્ત્યન્ત પદનો સઙ્ખ્યેય (સઙ્ખ્યાવિશિષ્ટ) સ્વરૂપ પ્રધાન અર્થ હોવો જોઈએ અર્થાદ્ ઉપર જણાવ્યા મુજબ સમાસ કર્યા બાદ સામાસિક પદનો અર્થ સઙ્ખ્યેય હોવો જોઈએ૧ જે; વિગ્રહવાક્યમાં દ્વિતીયાદિ વિભક્ત્યન્ત यत् પદથી જણાવાયેલો અન્યપદાર્થ (સમસ્યમાન પદાતિરિક્ત પદનો અર્થ ) હોવો જોઈએ. आसन्ना दश येषाम्; अदूरा दश येषाम्; अधिका दश येषु; अध्यदूर्धा विंशति र्येषाम् અને अदूर्धपञ्चमा विंशति र्येषाम् આ વિગ્રહમાં आसन्न अदूर અને अधिक નામને दशन् નામની સાથે અને अध्यद्र्ध તથા अद्र्धपञ्चम નામને विंशति નામની સાથે આ સૂત્રથી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી વિગ્રહ વાક્યસ્થ સ્યાદિ વિભક્તિનો લોપ. आसन्नदशन् अदूरदशन् अधिकदशन् अध्यद्र्धविंशति અને अद्र्धञ्चमविंशति નામને 'प्रमाणी० ७-३-१२८' થી ड (अ) પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી दशन् ના अन् નો લોપ. 'विंशतेस्तेर्डिति ७-४-६७' થી विंशति ના ति નો લોપ.... વગેરે કાર્ય થવાથી आसन्नदशाः अदूरदशाः अधिकदशाः अध्यद्र्धविंशाः અને अद्र्धपञ्चमविंशाः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - નવ અથવા અગ્યાર. નવ અથવા અગ્યાર. અગ્યાર વગેરે ત્રીશ. નેવું (ઘટાદિ). અહીં સર્વત્ર સમસ્યમાન પદોના અર્થથી ભિન્ન (અન્ય) નવ (ઘટાદિ) વગેરે અર્થ સઙ્ખ્યેય સ્વરૂપ છે. અને તે વિગ્રહવાક્યમાં येषां અથવા येषु આ પ્રમાણે द्वितीयाद्यन्त यत् (ષષ્ઠ્યન્ત - સપ્તમ્યન્ત यत्) પદથી જણાવાયો છે. તેથી ઉપર જણાવ્યા મુજબ અહીં द्वितीयाद्यन्यार्थ પ્રધાન છે - એ સમજી શકાય છે. આવી જ રીતે વક્ષ્યમાણ સૂત્રોમાં પણ द्वितीयाद्यन्यार्थ ની મુખ્યતા સમજી લેવી. ॥૨૧॥

● ● ●

## अव्ययम् ३/१/२१॥

ऐकार्थ्ये ગમ્યમાન હોય તો અવ્યયને સઙ્ખ્યાવાચક નામની સાથે द्वितीयाद्यन्त પદનો સઙ્ખ્યેય સ્વરૂપ અન્યાર્થ પ્રધાન હોય તો बहुव्रीहि સમાસ થાય છે. समीपे दश येषाम् આ અર્થમાં उप અવ્યયને સઙ્ખ્યાવાચક दशन् નામની સાથે આ સૂત્રથી बहुव्रीहि સમાસ.... વગેરે કાર્ય (જુઓ સૂ.નં. ૩-૧-૨૦) થવાથી उपदशाः આવો પ્રયોગ થાય છે. અર્થ - નવ અથવા અગ્યાર. ॥૨૧॥

● ● ●

## एकार्थं चाऽनेकं च ३/१/२२॥

एकार्थक - સમાનાર્થક એક અથવા અનેક નામને તેમ જ અવ્યયને નામની સાથે ऐकार्थ्य ગમ્યમાન હોય તો द्वितीयाद्यन्त પદનો અન્યાર્થ પ્રધાન હોય ત્યારે बहुव्रीहि સમાસ થાય છે. आरूढो वानरो यम् આ વિગ્રહમાં સમાનાર્થક आरूढ નામને वानर નામની સાથે द्वितीयान्त અન્ય પદાર્થ (વૃક્ષાદિ) માં આ સૂત્રથી બહુવ્રીહિ સમાસ.... વગેરે કાર્ય થવાથી आरूढवानरो वृक्षः આવો પ્રયોગ થાય છે. शोभनाः सूक्ष्मजटाः (सूक्ष्मा जटा येषां ते सूक्ष्मजटाः) केशा यस्य આ વિગ્રહમાં केश નામની સાથે સમાનાર્થક सु અને सूक्ष्मजट નામને (અનેક નામને) આ સૂત્રથી षष्ठ्यन्त અન્ય પદાર્થ (સંન્યાસી વગેરે) માં બહુવ્રીહિ સમાસ વગેરે કાર્ય થવાથી सुसूक्ष्मजटकेशः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે उच्चै मुखम् यस्य આ વિગ્રહમાં उच्चैस् અવ્યયને मुख નામની સાથે षष्ठ्यन्त અન્ય પદાર્થ (પ્રાણી) માં આ સૂત્રથી બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી उच्चैर्मुखः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જેની ઉપર વાંદરો ચઢ્યો છે તે વૃક્ષ. સુંદર સૂક્ષ્મજટાવાલા વાળ છે જેના તે. ઉંચું છે મુખ જેનું તે. અસમાસાનાર્થક અવ્યયને પણ બહુવ્રીહિ સમાસ થાય એ માટે अव्ययનું च થી અનુકર્ષણ છે. સમાનાર્થક અવ્યયને તો; તે एकार्थ નામ હોવાથી બહુવ્રીહિ સમાસ સિદ્ધ જ છે... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૨૨॥

● ● ●

## उष्ट्रमुखादयः ३।१।२३॥

उष्ट्रमुख વગેરે બહુવ્રીહિ સમાસોનું નિપાતન કરાય છે. उष्ट्रमुखमिवमुखमस्य અને वृषस्कन्ध इव स्कन्धोऽस्य આ વિગ્રહમાં આ સૂત્રથી उष्ट्रमुख અને वृषस्कन्ध નામને मुख અને स्कन्ध નામની સાથે બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. નિપાતનના કારણે પ્રથમ मुख અને स्कन्ध નામનો લોપ... વગેરે કાર્ય થવાથી उष्ट्रमुखः અને वृषस्कन्धः આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં બહુવચનનો પ્રયોગ આकृतिगण ના ગ્રહણ માટે છે. તેથી उष्ट्रमुखादि જેવા સમાસો આ સૂત્રથી જ વિહિત છે - એ યાદ રાખવું. અર્થક્રમશઃ - ઊંટનાં મુખ જેવાં મુખવાલો. બળદના સ્કન્ધ જેવા સ્કન્ધવાલો. ॥૨૩॥

• • •

## सहस्तेन ३।१।२४॥

सह (તુલ્યયોગ અને વિદ્યમાનાર્થક) શબ્દને તૃતીયાન્ત નામની સાથે ऐकार्थ्य ગમ્યમાન હોય તો અન્યપદાર્થમાં બહુવ્રીહિ સમાસ થાય છે. સૂ. નં. ૩-૧-૨૨ થી द्वितीयादि વિભક્ત્યન્ત અન્યપદાર્થમાં સમાસ પ્રાપ્ત હોવા છતાં, प्रथमान्त અન્યપદાર્થમાં પણ બહુવ્રીહિ સમાસનાં વિધાન માટે આ સૂત્રનો આરંભ છે. सह पुत्रेण आगतः આ વિગ્રહમાં તુલ્યયોગાર્થક सह નામને તૃતીયાન્ત पुत्र નામની સાથે પ્રથમાન્ત અન્ય પદાર્થ (पिता વગેરે) માં આ સૂત્રથી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'सहस्य० ३-२-१४३' થી सह નામને स આદેશાદિ કાર્ય થવાથી सपुत्र आगतः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે कर्मणा सह આ વિગ્રહમાં વિદ્યમાનાર્થક सह નામને તૃતીયાન્ત कर्मन् નામની સાથે આ સૂત્રથી બહુવ્રીહિ સમાસાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી सकर्मकः આવો પ્રયોગ થાય છે. (सकर्मन् નામને 'शेषाद् वा ७-३-७५' થી कच् પ્રત્યયઃ 'नाम्नो नो० २-१-९१' થી અન્ત્ય न् નો લોપ.) सपुत्र आगतः

અહીં तुल्ययोगार्थक सह નામને બહુવ્રીહિ સમાસ થવાથી सपुत्र નામને 'सहात् तुल्ययोगे ७-३-१७८' થી कच् પ્રત્યયનો નિષેધ થાય છે. - એ યાદ રાખવું. અર્થક્રમશઃ - પુત્રની સાથે આવેલો. કર્મવાલો. ।।૨૪।।

● ● ●

## *दिशो रूढ्याऽन्तराले ३।१।२५।।*

રૂઢિ સ્વરૂપ શક્તિના કારણે દિશા સ્વરૂપ અર્થને જણાવનારા દિશાવાચક નામને; રૂઢિ સ્વરૂપ શક્તિના કારણે દિશા સ્વરૂપ અર્થને જણાવનારા દિશાવાચક નામની સાથે अन्तराल (બે દિશા વચ્ચેનું અન્તર) સ્વરૂપ અન્યપદાર્થમાં બહુવ્રીહિ સમાસ થાય છે. दक्षिणस्याः पूर्वस्याश्च दिशो र्यदन्तरालम् આ વિગ્રહમાં दक्षिणा નામને पूर्वा નામની સાથે આ સૂત્રથી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'सर्वादयो ऽस्यादौ ३-२-६१' થી दक्षिणा નામને પુંવદ્ભાવ. (અર્થાદ્ आप् પ્રત્યયની નિવૃત્તિ.) दक्षिणपूर्वा નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી दक्षिणपूर्वा दिक् આવો પ્રયોગ થાય છે. અર્થ - દક્ષિણ અને પૂર્વ દિશાની વચ્ચેની દિશા. रूढ्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ રૂઢિ સ્વરૂપ જ શક્તિના કારણે (શબ્દની વ્યુત્પત્તિના કારણે નહીં) દિશાને જણાવનારા દિશાવાચક નામને તેવા જ દિશાવાચક નામની સાથે अन्तराल સ્વરૂપ અન્યપદાર્થમાં બહુવ્રીહિ સમાસ થાય છે. તેથી ऐन्द्रयाश्च कौबेर्याश्च दिशो र्यदन्तरालम् આ પ્રમાણે વાક્ય જ પ્રયોજાય છે. પરન્તુ દિશાવાચક બંન્ને નામો હોવા છતાં તાદૃશ अन्तराल અર્થમાં ऐन्द्री (પૂર્વ) નામને; कौबेरी (ઉત્તર) નામની સાથે આ સૂત્રથી બહુવ્રીહિ સમાસ થતો નથી. કારણ કે ऐन्द्री અને कौबेरी નામો રૂઢિ શક્તિથી દિશા સ્વરૂપ અર્થને જણાવનારા નથી. અર્થ - પૂર્વ અને ઉત્તર દિશાની વચ્ચેની દિશા.

શબ્દમાં અર્થને જણાવવાનું જે સામર્થ્ય વિશેષ છે તેને શક્તિ કહેવાય છે. જે રૂઢિ અને યોગ - આ બે ભેદથી બે પ્રકારની છે. શબ્દના શ્રવણ બાદ તેની વ્યુત્પત્તિના અનુસંધાન વિના જે અર્થનું જ્ઞાન થાય છે તેને અનુકૂળ શબ્દશક્તિને રૂઢિ શક્તિ કહેવાય છે અને તાદૃશ શક્તિમાન શબ્દને રૂઢ શબ્દ કહેવાય છે. દા.ત.

पङ्कज નામમાં કમલ સ્વરૂપ અર્થને જણાવવાની જે શક્તિ છે તે रूढि શક્તિ છે. શબ્દના શ્રવણબાદ તેની વ્યુત્પત્તિ (प्रकृति - प्रत्ययादिना અર્થ) નું અનુસન્ધાન કરીને જે અર્થનું જ્ઞાન થાય છે, તદનુકૂળ શબ્દ શક્તિને योग શક્તિ કહેવાય છે અને તાદૃશ શક્તિના આશ્રયભૂત શબ્દને यौगिक શબ્દ કહેવાય છે.દા.ત. पङ्कज નામના શ્રવણ બાદ पङ्काद् जायते આ પ્રમાણે પઙ્કજ નામની વ્યુત્પત્તિનું અનુસન્ધાન કરવાથી પઙ્કજ નામથી કાદવમાં ઉત્પન્ન થયેલી વસ્તુમાત્રનું જે જ્ઞાન થાય છે, તદનકૂલ શક્તિને યોગ શક્તિ કહેવાય છે. અને તદાશ્રય पङ्कज શબ્દ यौगिक છે. આથી સમજી શકાશે કે કમલ સ્વરૂપ અર્થમાં पङ्कज શબ્દ रूढ છે; અને કાદવમાં ઉત્પન્ન અર્થમાં તે यौगिक છે. આવી જ રીતે दक्षिण અને पूर्व શબ્દ દિશા સ્વરૂપ અર્થમાં રૂઢ છે. અર્થાદ્ રૂઢિ શક્તિથી જ તે તે શબ્દો દિશાના વાચક છે. પરન્તુ इन्द्रो देवता ऽ स्याः અને कुबेरो देवता ऽ स्याः આ અર્થમાં 'देवता ६-२-१०१' થી इन्द्र અને कुबेर નામને अण् પ્રત્યય વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન ऐन्द्री અને कौबेरी નામ યોગશક્તિથી જ દિશાના વાચક છે. રૂઢિ શક્તિથી તે દિશાવાચક નથી.. ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૨૫॥

● ● ●

## *तत्राऽऽदाय मिथस्तेन प्रहृत्येति सरूपेण युद्धेऽव्ययीभावः ३।१।२६॥*

પરસ્પર ગ્રહણ કરીને - આવો અર્થ ગમ્યમાન હોય તો સપ્તમ્યન્ત નામને, તત્સમાન (સમાન રૂપવાલા) સપ્તમ્યન્ત નામની સાથે અને પરસ્પર પ્રહાર કરીને - આવો અર્થ ગમ્યમાન હોય તો તૃતીયાન્ત નામને તત્સમાન તૃતીયાન્ત નામની સાથે युद्ध સ્વરૂપ અન્યપદાર્થમાં अव्ययीभाव સમાસ થાય છે. केशेषु च केशेषु च गृहीत्वा कृतं युद्धम् અને दण्डेन च दण्डेन च प्रहृत्य कृतं युद्धम् આ વિગ્રહમાં सप्तम्यन्त केश નામને सप्तम्यन्त केश નામની સાથે અને तृतीयान्त दण्ड નામને तृतीयान्त दण्ड નામની સાથે આ સૂત્રથી અન્યપદાર્થ યુદ્ધમાં अव्ययीभाव સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સ્યાદિ વિભક્તિનો લોપ. केशकेश અને दण्डदण्ड નામને 'इज् युद्धे ૭-૩-૭૪' થી સમાસાન્ત इच् (इ) પ્રત્યય. 'अवर्णे० ૭-૪-૬૮' થી

इच् ની પૂર્વેના અન્ત્ય अ નો લોપ. 'इच्यस्वरे० ૩-૨-૭૨' થી પૂર્વપદ केश અને दण्ड નામના અન્ત્ય अ ને दीर्घ आ આદેશ. केशाकेशि અને दण्डादण्डि નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી केशाकेशि અને दण्डादण्डि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પરસ્પર વાળ પકડીને કરેલું યુદ્ધ. પરસ્પર દંડનો પ્રહાર કરી કરેલું યુદ્ધ.

तत्रेति तेनेति च किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્પર ગ્રહણ કરીને અને પરસ્પર પ્રહાર કરીને અર્થ ગમ્યમાન હોય તો અનુક્રમે સપ્તમ્યન્ત જ અને તૃતીયાન્ત જ નામને; તત્સમાન સપ્તમ્યન્ત જ અને તૃતીયાન્ત જ નામની સાથે युद्ध સ્વરૂપ અન્યપદાર્થ પ્રધાન હોય તો अव्ययीभाव સમાસ થાય છે. તેથી केशांश्च केशांश्च गृहीत्वा અને मुखं च मुखं च प्रहृत्य कृतं युद्धम् । અહીં द्वितीयान्त केश અને मुख નામને द्वितीयान्त તત્સમાન केश અને मुख નામની સાથે આ સૂત્રથી अव्ययीभाव સમાસ થતો નથી. અન્યથા तत्र અને तेन નું સૂત્રમાં ઉપાદાન ન હોત તો અહીં પણ આ સૂત્રથી अव्ययीभाव સમાસ થયો હોત - એ સમજી શકાય છે. અર્થક્રમશઃ - પરસ્પરવાળને પકડીને કરેલું યુદ્ધ. પરસ્પર મુખ ઉપર પ્રહાર કરીને કરેલું યુદ્ધ. आदायेति प्रहृत्येति च किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્પર ગ્રહણ કરીને અને પરસ્પર પ્રહાર કરીને - આવો અર્થ જ ગમ્યમાન હોય તો અનુક્રમે सप्तम्यन्त અને तृतीयान्त નામને; તત્સમાન सप्तम्यन्त અને तृतीयान्त નામની સાથે અન્યપદાર્થ युद्धમાં અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી केशेषु च केशेषु च स्थित्वा અને दण्डैश्च दण्डैश्चागत्य कृतं युद्धं गृहकोकिलाभ्याम् । અહીં પરસ્પર ગ્રહણ કરીને અને પરસ્પર પ્રહાર કરીને આવો અર્થ ગમ્યમાન ન હોવાથી सप्तम्यन्त केश નામને અને तृतीयान्त दण्ड નામને; તત્સમાન सप्तम्यन्त केश નામની સાથે અને तृतीयान्त दण्ड નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થતો નથી - એ સ્પષ્ટ છે. અર્થક્રમશઃ- કેશયુક્ત વ્યક્તિઓએ પરસ્પર ઘરની સ્ત્રીઓથી કરેલું યુદ્ધ. પરસ્પર દંડોની સાથે આવીને ઘરની સ્ત્રીઓથી કરેલું યુદ્ધ.

सरूपेणेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્પર ગ્રહણ કરીને અને પરસ્પર પ્રહાર કરીને - આવો અર્થ ગમ્યમાન હોય તો અનુક્રમે सप्तम्यन्त અને तृतीयान्त નામને તત્સમાન જ सप्तम्यन्त અને तृतीयान्त નામની સાથે અન્યપદાર્થ યુદ્ધમાં અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી हस्ते च पादे च गृहीत्वा कृतं युद्धम् અહીં સપ્તમ્યન્ત हस्त નામને સપ્તમ્યન્ત पाद નામની સાથે (તે નામ તત્સમાન - સરૂપ ન હોવાથી) આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થતો નથી. અર્થ

- પરસ્પર હાથ અને પગ પકડીને કરેલું યુદ્ધ. युद्ध इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્પર ગ્રહણ કરીને અને પરસ્પર પ્રહાર કરીને આવો અર્થ ગમ્યમાન હોય તો. અનુક્રમે सप्तम्यन्त અને तृतीयान्त નામને તત્સમાન सप्तम्यन्त અને तृतीयान्त નામની સાથે युद्ध સ્વરૂપ જ અન્ય પદાર્થમાં અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી हस्ते च हस्ते चादाय सख्यं कृतम् અહીં અન્ય પદાર્થ युद्ध ન હોવાથી આ સૂત્રથી सप्तम्यन्त हस्त નામને सप्तम्यन्त हस्त નામની સાથે અવ્યયીભાવ સમાસ થતો નથી. અર્થ - પરસ્પર હાથ પકડીને મિત્રતા કરી. ||૨૬||

● ● ●

## *नदीभि र्नाम्नि ३/१/२७||*

સંજ્ઞાના વિષયમાં અન્યપદાર્થ પ્રધાન હોય તો નામને નદીવાચક નામની સાથે અવ્યયીભાવ સમાસ થાય છે. उन्मत्ता गङ्गा यस्मिन् देशे અને तूष्णीं गङ्गा यस्मिन् देशे આ વિગ્રહમાં उन्मत्ता અને तूष्णीम् નામને નદીવાચક गङ्गा નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'परतः० ३-२-४९' થી उन्मत्ता નામને પુંવદ્ભાવ થવાથી आप् પ્રત્યયની નિવૃત્તિ. 'क्लीबे २-४-९७' થી गङ्गा ના आ ને -હ્રસ્વ अ આદેશ... વગેરે કાર્ય થવાથી उन्मत्तगङ्गं देशः અને तूष्णींगङ्गम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમંશઃ - ઉન્મત્તગઙ્ગ નામનો દેશ. તૃષ્ણીમ્ગઙ્ગ નામનો દેશ. नाम्नीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં જ અન્ય પદાર્થ પ્રધાન હોય તો નામને નદીવાચક નામની સાથે અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી शीघ्रा गङ्गा यस्मिन् देशे આ વિગ્રહમાં સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થતો નથી. પરન્તુ 'एकार्थं चानेकञ्च ३-१-२२' થી शीघ्रा નામને गङ्गा નામની સાથે બહુવ્રીહિ સમાસ. ઉપર જણાવ્યા મુજબ शीघ्रा નામને પુંવદ્ભાવ. गङ्गा નામના आ ને 'गोश्चान्ते० २-४-९६' થી -

હ્રસ્વ अ આદેશ.... વગેરે કાર્ય થવાથી शीघ्रगङ्गो देशः આવો પ્રયોગ થાય છે. અર્થ - જે દેશમાં ગઙ્ગા નદી શીઘ્ર વહે છે તે દેશ. અવ્યયીભાવ સમાસ નિત્યનપુંસકલિઙ્ગી છે - એ યાદ રાખવું. ॥૨૭॥

● ● ●

## *सङ्ख्या समाहारे ३।१।२८॥*

સઙ્ખ્યાવાચક નામને નદીવાચક નામની સાથે समाहार અર્થ ગમ્યમાન હોય તો અવ્યયીભાવ સમાસ થાય છે. द्वयो र्यमुनयोः समाहारः, पञ्चानां नदीनां समाहारः આ વિગ્રહમાં द्वि નામને यमुना નામની સાથે અને पञ्चन् નામને नदी નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'नाम्नो नो० २-१-९१' થી पञ्चन् ના न् નો લોપ. 'क्लीबे २-४-९७' થી यमुना અને नदी નામના અન્ત્ય સ્વર आ અને ई ને હ્રસ્વ अ અને इ આદેશ. पञ्चनदि નામને 'सङ्ख्यायाः० ७-३-९१' થી સમાસાન્ત अ પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી इ નો લોપ. द्वियमुन અને पञ्चनद નામને सि પ્રત્યય. 'अमव्ययी० ३-२-२' થી सि ને अम् આદેશ. 'समानाद० १-४-४६' થી अम् ની પૂર્વેના अ નો લોપ થવાથી द्वियमुनम् અને पञ्चनदम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બે યમુનાનો સમાહાર (સમુદાય). પાંચ નદીઓનો સમાહાર. समाहार इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાહાર અર્થ ગમ્યમાન હોય તો જ સઙ્ખ્યાવાચક નામને નદીવાચક નામની સાથે અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી एका चासौ नदी આ વિગ્રહમાં સમાહાર અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થતો નથી. પરંતુ 'विशेषणं०३-१-९६' થી કર્મધારય તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી एकनदी આવો પ્રયોગ થાય છે. અહીં एका નામને 'सर्वादयो० ३-२-६१' થી પુંવદ્ભાવ થવાથી आप् પ્રત્યયની નિવૃત્તિ થઇ છે. અર્થ - એક નદી. 'सङ्ख्या समाहारे० ३-१-९९' થી પ્રાપ્ત દ્વિગુ સમાસ નો નિષેધ કરીને द्वियमुनम् ઇત્યાદિ સ્થળે આ સૂત્ર અવ્યયીભાવ સમાસ કરે છે.

તેથી સમાસાન્ત अ પ્રત્યયાદિ કાર્ય થઈ શકે છે... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૨૮॥

• • •

## *वंश्येन पूर्वार्थे ३।१।२९॥*

વિદ્યાથી અથવા જન્મથી ચાલતી શિષ્ય અથવા સંતાનની પરંપરાને વંશ કહેવાય છે. વંશમાં ઉત્પન્ન થનારને વંશ્ય કહેવાય છે. પરંતુ વંશ્ય તરીકે આ સૂત્રથી વંશ ની ઉત્પત્તિમાં કારણભૂત એવા પુરુષ નું જ ગ્રહણ થાય છે. કારણ કે 'गौणमुख्ययो र्मुख्ये कार्यसम्प्रत्ययः' અર્થાદ્ 'ગૌણ અને મુખ્ય ઉભયને કાર્યની પ્રાપ્તિ હોય તો તે કાર્ય મુખ્યને કરાય છે.' - આ ન્યાયથી મુખ્યનું જ ગ્રહણ થાય છે. આશય એ છે કે - વંશ્ય શબ્દ તાદૃશ વંશોત્પાદક પુરુષ સ્વરૂપ મુખ્ય અર્થને અને તાદૃશ વંશમાં જન્મેલા અન્ય વ્યક્તિ સ્વરૂપ ગૌણ અર્થને પણ સમજાવે છે. આવી સ્થિતિમાં ઉપર્યુક્ત ન્યાયથી મુખ્યાર્થક જ વંશ્ય વાચક નામને વિવક્ષિત કાર્ય કરાય છે. પૂર્વ પદાર્થમાં અર્થાત્ પૂર્વ પદાર્થ પ્રધાન હોય તો સઙ્ખ્યાવાચક નામને વંશ્યવાચક નામની સાથે अव्ययीभाव સમાસ થાય છે. एको मुनि र्वंश्यो व्याकरणस्य અને सप्त काशयो वंश्या राज्यस्य આ વિગ્રહમાં एक નામને मुनि નામની સાથે અને सप्तन् નામને काशि નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. एकमुनि અને सप्तकाशि નામને सि પ્રત્યય. 'अनतो लुप् ३-२-६' થી सि નો લોપ થવાથી एकमुनि व्याकरणस्य અને सप्तकाशि राज्यस्य આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વ્યાકરણના (સિદ્ધહેમના) કર્તા મુનિ એક જ. રાજ્યને ભોગવનારા काशिराज ના પુત્રો સાત જ.

पूर्वार्थ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂર્વ પદાર્થ જ પ્રધાન હોય તો સઙ્ખ્યાવાચક નામને વંશ્ય વાચક નામની સાથે अव्ययीभाव સમાસ થાય છે. તેથી द्वौ मुनी वंश्यौ अस्य (व्याकरणस्य) આ વિગ્રહમાં પૂર્વ પદાર્થ પ્રધાન ન હોવાથી સઙ્ખ્યાવાચક द्वि નામને मुनि નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થતો નથી. પરંતુ 'एकार्थं चानेकं च ૩-૧-૨૨' થી બહુવ્રીહિ

સમાસ વગેરે કાર્ય થવાથી द्विमुनिकं व्याकरणम् આવો પ્રયોગ થાય છે. અહીં 'शेषाद् वा ७-३-१७५' થી कच् પ્રત્યય થાય છે. અર્થ - બે મુનિઓએ બનાવેલું વ્યાકરણ. ॥૨૯॥

● ● ●

### *पारे - मध्येऽग्रेऽन्तः षष्ठ्या वा ३।१।३०॥*

પૂર્વ પદાર્થ પ્રધાન હોય તો पार मध्य अग्र અને अन्तर् નામને षष्ठ्यन्त નામની સાથે વિકલ્પથી अव्ययीभाव સમાસ થાય છે. गङ्गायाः पारम्; गङ्गाया मध्यम्; 'वनस्याग्रम् અને गिरेरन्तः આ વિગ્રહમાં पार અને मध्य નામને ષષ્ઠ્યન્ત गङ्गा નામની સાથે તથા अग्र નામને તેમજ अन्तर् નામને ષષ્ઠ્યન્ત वन અને गिरि નામની સાથે આ સૂત્રથી अव्ययीभाव સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'प्रथमोक्तं प्राक् ૩-૧-૧૪૮' થી સમાસમાં पार मध्य अग्र અને अन्तर् નામનો પૂર્વ નિપાત (પ્રયોગ). સૂત્રમાં पारे मध्ये अग्रे આ પ્રમાણે નિર્દેશ હોવાથી पार मध्य અને अग्र નામના અન્ત્ય अ ને ए આદેશ. 'क्लीबे २-४-९७' થી गङ्गा નામના आ ને હ્રસ્વ अ આદેશ. अन्तर् + गिरि આ અવસ્થામાં 'गिरि - नदी० ७-३-९०' થી સમાસના અન્તમાં अ પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી गिरि નામના અન્ત્ય इ નો લોપ. पारेगङ्ग मध्येगङ्ग अग्रेवण ('निष्प्रा - ऽग्रे० २-३-६६' થી वन ના न् ને ण्.) અને अन्तर्गिर નામને सि પ્રત્યય. 'अमव्ययी० ३-२-२' થી सि ને अम् આદેશ. 'समानाद० १-४-४६' થી अम् ના अ નો લોપ થવાથી पारेगङ्गम् मध्येगङ्गम् अग्रेवणम् અને अन्तर्गिरम् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વિકલ્પપક્ષમાં અવ્યયીભાવ સમાસ ન થાય ત્યારે 'षष्ठ्ययत्नाच्छेषे ३-१-७६' થી षष्ठीतत्पुरुष સમાસ વગેરે કાર્ય થવાથી गङ्गापारम् गङ्गामध्यम् वनाग्रम् અને गिर्यन्तः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ગઙ્ગાની પાર. ગઙ્ગાનો મધ્ય. વનનો અગ્રભાગ. પર્વતની અંદર. ॥૩૦॥

● ● ●

## यावदियत्त्वे ३।१।३१॥

अवधारणने अर्थाद् निश्चयने इयत्त्व કહેવાય છે. इयत्त्व અર્થ ગમ્યમાન હોય તો यावद् (અવ્યય - અનવ્યય) નામને નામની સાથે પૂર્વપદાર્થમાં अव्ययीभाव સમાસ થાય છે. यावन्त्यमत्राणि આ વિગ્રહમાં આ સૂત્રથી यावद् નામને अमत्र નામની સાથે અવ્યયીભાવ સમાસ...... વગેરે કાર્ય થવાથી यावदमत्रम् (જુઓ સૂ. નં. ૩-૧-૩૦) भोजय આવો પ્રયોગ થાય છે. અર્થ - જેટલા વાસણ છે તેટલા (અતિથિ) ને જમાડ. અથવા જ્યાં સુધી વાસણ તૂટે નહીં ત્યાં સુધી જમાડ. અહીં પાત્રની સઙ્ખ્યાથી અથવા પાત્રની સ્થિતિના કાલથી, અતિથિઓની સઙ્ખ્યા અથવા અતિથિઓને ભોજન કરાવવાનો સમય, નિશ્ચિત જણાય છે. તેથી इयत्त्व અર્થ ગમ્યમાન છે - એ સમજી શકાય છે.

इयत्त्व इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इयत्त्व અર્થ ગમ્યમાન હોય તો જ પૂર્વપદાર્થમાં यावद् નામને નામની સાથે अव्ययीभाव સમાસ થાય છે. તેથી यावद् दत्तं तावद् भुक्तम् અહીં કેટલું ખાધું - એની इयत्ता જણાતી ન હોવાથી આ સૂત્રથી यावद् નામને दत्त નામની સાથે અવ્યયીભાવ સમાસ થતો નથી. અર્થ - જેટલું આપ્યું તેટલું ખાધું.

● ● ●

## पर्यपाऽऽङ् बहिरच् पञ्चम्या ३।१।३२॥

परि अप आङ् (आ) बहिस् અને अञ्च् ધાતુ જેનાં અન્તમાં છે - એવા નામને પઞ્ચમ્યન્ત નામની સાથે પૂર્વ પદાર્થ પ્રધાન હોય તો अव्ययीभाव સમાસ થાય છે. परि त्रिगर्त्तेभ्यः ; अप त्रिगर्त्तेभ्यः ; आ ग्रामात्; बहि र्ग्रामात्; અને प्राग्ग्रामात् આ વિગ્રહમાં परि અને अप નામને પઞ્ચમ્યન્ત त्रिगर्त નામની સાથે તેમ જ आ बहिस् અને प्राग् (अञ्च्धात्वन्त) નામને પઞ્ચમ્યન્ત ग्राम નામની સાથે આ સૂત્રથી अव्ययीभाव સમાસ... વગેરે કાર્ય (જુઓ સૂ.નં. ૩-૧-૩૦) થવાથી परित्रिगर्त्तम् अपत्रिगर्त्तम् आग्रामम् बहिर्ग्रामम् અને प्राग्ग्रामम् આવો

પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ત્રિગર્ત નામના દેશને છોડીને. ત્રિગર્ત નામના દેશને છોડીને ગામ સુધી. ગામ બહાર. ગામની પૂર્વ. पञ्चम्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂર્વ પદાર્થ પ્રધાન હોય તો परि अप आङ् बहिस् અને अञ्च् ધાત્વન્ત નામને પઞ્ચમ્યન્ત જ નામની સાથે અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી परि वृक्षं विद्युत् અહીં આ સૂત્રથી परि નામને દ્વિતીયાન્ત वृक्ष નામની સાથે અવ્યયીભાવ સમાસ થતો નથી. અર્થ - વૃક્ષથી વિજળી જણાય છે. અહીં परि अप વગેરે અવ્યયના સાહચર્યથી अञ्च् ધાત્વન્ત નામ; અવ્યયસ્વરૂપ જ ગ્રહણ કરાય છે. તેથી प्राङ् ग्रामात् चैत्रः અહીં प्राङ् અવ્યય ન હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થતો નથી. (અર્થ - ગામથી જતો ચૈત્ર.)... ઈત્યાદિ બૃહદ્વૃત્તિથી જાણવું. ॥૩૨॥

• • •

## *लक्षणेनाऽभि - प्रत्याभिमुख्ये ३।१।३३॥*

પૂર્વ પદાર્થ પ્રધાન હોય તો સમ્મુખીભાવાર્થક (સમ્મુખ થવું તે અર્થને જણાવનાર) अभि અને प्रति નામને लक्षण (चिह्न) અર્થાદ્ જ્ઞાનના સાધન વાચક નામની સાથે अव्ययीभाव સમાસ થાય છે. अभि अग्निम् અને प्रति अग्निम् આ વિગ્રહમાં अभि અને प्रति નામને अग्नि નામની સાથે આ સૂત્રથી अव्ययीभाव સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સ્યાદિ વિભક્તિનો લોપ. अभ्यग्नि અને प्रत्यग्नि નામને (તે ક્રિયાવિશેષણ હોવાથી) દ્વિતીયાનો अम् પ્રત્યય. 'अनतो लुप् ३-२-६' થી अम् પ્રત્યયનો લોપ થવાથી अभ्यग्नि; प्रत्यग्नि; शलभाः पतन्ति આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - અગ્નિ સમ્મુખ પતંગીયા પડે છે. અહીં પતંગીયાનું અથવા તેમની પતનક્રિયાનું જ્ઞાન अग्नि ના કારણે થાય છે. તેથી अग्नि લક્ષણ વાચક છે - એ સમજી શકાય છે.

लक्षणेनेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂર્વ પદાર્થ પ્રધાન હોય તો સમ્મુખીભાવાર્થક अभि અને प्रति નામને लक्षण વાચક જ નામની સાથે અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી स्रुघ्नं प्रति गतः અહીં કર્તા અથવા તેની ગમન ક્રિયાનાં જ્ઞાનનું સાધન स्रुघ्न દેશ ન હોવાથી આ સૂત્રથી તદ્વાચક स्रुघ्न નામની

સાથે प्रति નામને અવ્યયીભાવ સમાસ થતો નથી. અર્થ - સુઘ્ન દેશ તરફ ગયો. पूर्वपदार्थ इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમ્મુખીભાવાર્થક अभि અને प्रति નામને लक्षण વાચક નામની સાથે પૂર્વપદાર્થ જ પ્રધાન હોય તો અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી अभिमुखो ऽ ङ्को यासाम् આ વિગ્રહમાં अभि નામને (અવ્યયને) अङ्क નામની સાથે (અન્યાર્થ પ્રધાન હોવાથી - પૂર્વ પદાર્થ પ્રધાન ન હોવાથી) 'एकार्थं० ૩-૧-૨૨' થી બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી अभ्यङ्का गावः આવો પ્રયોગ થાય છે. અર્થ - સમ્મુખ છે ચિહ્ન જેને એવી ગાયો. ॥૩૩॥

● ● ●

## दैर्घ्येऽनुः ३।१।३४॥

પૂર્વપદાર્થ પ્રધાન હોય તો अनु નામને दैर्घ्य अर्थाद् आयाम (લમ્બાઈ) ના જ્ઞાનના સાધનવાચક નામની સાથે अव्ययीभाव સમાસ થાય છે. अनु गङ्गां दीर्घा આ વિગ્રહમાં अनु નામને गङ्गा (લક્ષણવાચક) નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ.નં. ૩-૧-૩૦) अनुगङ्गं वाराणसी આવો પ્રયોગ થાય છે. અર્થ - ગઙ્ગા નદી જેટલી વારાણસી છે. दैर्घ्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂર્વપદાર્થ પ્રધાન હોય તો, दैर्घ्य ના જ લક્ષણ વાચક નામની સાથે अनु નામને અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી वृक्षमनु विद्युत् અહીં अनु નામને; લક્ષણવાચક वृक्ष નામની સાથે (તે નામ दैर्घ्य ના લક્ષણનું વાચક ન હોવાથી - વિદ્યુત્‌ના લક્ષણનું વાચક હોવાથી) આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થતો નથી. અર્થ - વૃક્ષથી વિજળી જણાય છે. ॥૩૪॥

● ● ●

## *समीपे ३/१/३५//*

સમીપવાચક अनु નામને સમીપિ (જેનું સામીપ્ય વિવક્ષિત હોય તે) વાચક નામની સાથે; પૂર્વ પદાર્થ પ્રધાન હોય તો અવ્યયીભાવ સમાસ થાય છે. वनस्यानु (समीपम्) આ વિગ્રહમાં अनु નામને वन નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી अनुवनमशनि र्गता આવો પ્રયોગ થાય છે. અહીં अनुवन નામને સપ્તમીનો ङि પ્રત્યય. 'सप्तम्या वा ३-२-४' થી તેને अम् આદેશ વગેરે કાર્ય થાય છે. અર્થ - વનની સમીપ વજ્રપાત થયો. अनुवनम् અહીં 'विभक्ति समीप० ३-१-३९' થી અવ્યયીભાવ સમાસ સિદ્ધ હોવા છતાં વૈકલ્પિક અવ્યયીભાવ સમાસના વિધાન માટે અર્થાદ્ વિકલ્પપક્ષમાં વાક્ય થાય એ માટે આ સૂત્રનો આરંભ છે.. ઈત્યાદિ સ્વયં વિચારવું. ॥૩૫॥

● ● ●

## *तिष्ठद्ग्वित्यादयः ३/१/३६//*

પ્રયોગાનુસાર तिष्ठद्गु વગેરે નામોમાં પૂર્વપદાર્થમાં અથવા અન્ય પદાર્થમાં અવ્યયીભાવ સમાસ થયેલો છે. तिष्ठन्ति गावो (दोहाय जलपानार्थं गर्भग्रहणाय इत्याद्यर्थं वा) यस्मिन् काले આ વિગ્રહમાં અન્ય પદાર્થ काल માં तिष्ठद् નામને गो નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ. अधो नाभेः આ વિગ્રહમાં પૂર્વપદાર્થમાં अधस् નામને नाभि નામની સાથે અવ્યયીભાવ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'क्लीबे २-४-९७' થી गो નામના ओ ને હ્રસ્વ उ આદેશ. अधोनाभि નામને નિપાતનના કારણે આ સૂત્રથી સમાસાન્ત अ પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી इ નો લોપ.... વગેરે કાર્ય થવાથી तिष्ठद्गु कालः અને अधोनाभं हतः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - દોહવા, પાણી પીવા વગેરે માટે ગાયો જેમાં ઉભી રહે છે - તે કાલ. નાભિની નીચે હણાએલો. ॥૩૬॥

● ● ●

## *नित्यं प्रतिनाऽल्पे ३/१/३७//*

અલ્પાર્થક प्रति નામની સાથે નામને નિત્ય અવ્યયીભાવ સમાસ થાય છે. અર્થાદ્ આવા સ્થળે વાક્યનો પ્રયોગ થતો નથી. शाकस्याल्पत्वम् આ અર્થમાં शाक નામને અલ્પાર્થક प्रति નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી शाकप्रति આવો પ્રયોગ થાય છે. અર્થ - શાકની અલ્પતા. अल्प इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામને અલ્પાર્થક જ प्रति નામની સાથે નિત્ય અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી वृक्षं प्रति विद्युत् અહીં અલ્પાર્થક प्रति નામ ન હોવાથી તેની સાથે वृक्ष નામને આ સૂત્રથી નિત્ય અવ્યયીભાવ સમાસ થતો નથી. અર્થ - વૃક્ષથી વિજળી જણાય છે. અહીં प्रति નામ લક્ષ્ય - લક્ષણભાવનું દ્યોતક છે - એ સ્પષ્ટ છે. ॥૩૭॥

● ● ●

## *सङ्ख्याक्ष - शलाकं परिणा द्यूते ऽ न्यथावृत्तौ ३/१/३८//*

द्यूत (જુગાર વિશેષ) ના વિષયમાં વિપરીત વૃત્તિના (જે રીતે પડવાથી પરાજય થાય તે અર્થના) દ્યોતક એવા परि નામની સાથે સઙ્ખ્યાવાચક નામને તેમ જ अक्ष અને शलाका નામને નિત્ય अव्ययीभाव સમાસ થાય છે. અહીં યાદ રાખવું જોઇએ કે પાંચ અક્ષાદિ (પાસાદિ) થી રમતા દ્યૂતમાં પાંચે પાસા અવળા અથવા સવળા એક સરખા પડે તો રમનારનો જય થાય છે. પરંતુ એમાંથી એક બે ત્રણ કે ચાર વિપરીત પડે તો રમનારનો પરાજય થાય છે. પરાજયમાં કારણભૂત પાસાદિના તાદૃશ વિપરીત પતનને દ્યૂત સમ્બન્ધી અન્યથાવૃત્તિ કહેવાય છે. તે અર્થના દ્યોતક એવા परि નામની સાથે ઉપર જણાવ્યા મુજબ સઙ્ખ્યાવાચક નામ, अक्ष અને शलाका નામને આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ નિત્ય થાય છે. અન્યથાવૃત્તિના કર્તૃવાચક એ સઙ્ખ્યાવાચકાદિ નામો તૃતીયાન્ત છે. अक्ष અને शलाका નામ એકવચનાન્ત જ અહીં વિવક્ષિત છે.. ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે.

एकेन न तथा वृत्तम् अक्षेणं न तथा वृत्तम् અને शलाकया न तथा वृत्तम् यथा पूर्वं जयः આ અર્થમાં एक अक्ष અને शलाका નામને परि નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી एकपरि अक्षपरि અને शलाकापरि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - એકના વિપરીત પડવાથી પૂર્વે જય ન થયો. અક્ષના વિપરીત પડવાથી પૂર્વે જય ન થયો. શલાકાના વિપરીત પડવાથી પૂર્વે જય ન થયો.

सङ्ख्यादीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્યૂતના વિષયમાં વિપરીત વૃત્તિના દ્યોતક परि નામની સાથે सङ्ख्यावाचक નામ તેમ જ अक्ष અને शलाका નામને જ નિત્ય અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી पाशकेन न तथा वृत्तं यथा पूर्वं जयः આ અર્થમાં परि નામની સાથે पाशक નામને આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થતો નથી. અર્થ - પાસો વિપરીત પડવાથી પૂર્વે જય ન મળ્યો. द्यूत इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્યૂતના જ વિષયમાં અન્યથાવૃત્તિના દ્યોતક परि નામની સાથે सङ्ख्यावाचि નામ , अक्ष તથા शलाका નામને અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી रथस्याक्षेण न तथा वृत्तम् આ અર્થમાં આ સૂત્રથી अक्ष નામને परि નામની સાથે अव्ययीभाव સમાસ થતો નથી. અર્થ- રથના ચક્રની ધરી બરાબર ન રહીં (જેથી રથ પાર ન થયો.) ॥૩૮॥

● ● ●

### *विभक्ति - समीप - समृद्धि - व्यृद्ध्यर्थाभावाऽत्ययाऽसम्प्रति - पश्चात् - क्रम - ख्याति - युगपत् - सदृक् - सम्पत् - साकल्यान्ते ऽ व्ययम् ३/१/३९॥*

विभक्त्यर्थ કારક વાચક; समीप (નજીક) વાચક; समृद्धि (ધનાદિ સમ્પત્તિ) વાચક; व्यृद्धि (ધનાદિનો અભાવ) વાચક; अर्थाभाव (વસ્તુ ન હોવી તે) વાચક; अत्यय (થઈ જવું તે) વાચક; असम्प्रति (તાત્કાલિક ઉપભોગનો અભાવ) વાચક; पश्चाद् વાચક; क्रम વાચક; ख्याति (પ્રસિદ્ધિ) વાચક; युगपद् (સાથે સાથે) વાચક; सदृग् (સમાન) વાચક; सम्पद् (સિદ્ધિ) વાચક; साकल्य (બધું) વાચક અને अन्त (समाप्ति - પૂર્ણતા) વાચક અવ્યયને નામની સાથે; પૂર્વપદાર્થ પ્રધાન હોય

તો નિત્ય  अव्ययीभाव સમાસ થાય છે. विभक्त्यर्थः - स्त्रीषु આ અર્થમાં अधि અવ્યયને स्त्री નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'क्लीबे ૨-૪-૯૭' થી स्त्रीના ई ને ‌હ્રસ્વ इ આદેશ. अधिस्त्रि નામને सि પ્રત્યય. 'अनतो० ३-२-६' થી सि નો લોપ થવાથી अधिस्त्रि આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્ત્રીમાં. समीपम् - कुम्भस्य समीपम् આ અર્થમાં સમીપાર્થક उप અવ્યયને कुम्भ નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ. ઉપર જણાવ્યા મુજબ स्यादि વિભક્તિનો લોપ. उपकुम्भ નામને सि પ્રત્યય. 'अव्ययीभाव० ૩-૨-૨' થી सि ને अम् આદેશ. 'समानादमोऽतः ૧-૪-૪૬' થી अम् ના अ નો લોપ થવાથી उपकुम्भम् આવો પ્રયોગ થાય છે. અર્થ - કુંભની સમીપ. समृद्धिः - मद्राणां समृद्धिः આ અર્થમાં સમૃદ્ધ્યર્થક सु અવ્યયને मद्र નામની સાથે આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી सुमद्रम આવો પ્રયોગ થાય છે. અર્થ - મદ્રદેશની સમૃદ્ધિ. व्यृद्धिः (विगता ऋद्धिः) - यवनानाम् व्यृद्धिः આ અર્થમાં दुर् અવ્યયને यवन નામની સાથે ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી दुर्यवनम् આવો પ્રયોગ થાય છે. અર્થ - યવનોની દરિદ્રતા. अर्थाभावः - मक्षिकाणामभावः આ અર્થમાં निर् અવ્યયને मक्षिका નામની સાથે ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી निर्मक्षिकम् આવો પ્રયોગ થાય છે. અર્થ - માખીઓનો અભાવ. अत्ययः (अतीतत्वम्) - वर्षाणामत्ययः આ અર્થમાં अति અવ્યયને वर्षा નામની સાથે આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી अतिवर्षम् આવો પ્રયોગ થાય છે. અર્થ - વર્ષા ઋતુનું વ્યતીત થવું. असम्प्रति (सम्प्रत्युपभोगाद्यभावः) - कम्बलस्य सम्प्रत्युपभोगाद्यभावः આ અર્થમાં अति અવ્યયને कम्बल નામની સાથે આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી अतिकम्बलम् આવો પ્રયોગ થાય છે. અર્થ - કામળીનો વર્તમાનમાં ઉપયોગનો અભાવ. पश्चात् - रथस्य पश्चात् આ અર્થમાં अनु અવ્યયને रथ નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી अनुरथम् આવો પ્રયોગ થાય છે. અર્થ - રથની પાછળ. क्रमः - ज्येष्ठानां क्रमः આ અર્થમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अनु અવ્યયને ज्येष्ठ નામની સાથે અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી अनुज्येष्ठम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - મોટા. ख्याति - भद्रबाहोः ख्यातिः આ અર્થમાં इति અવ્યયને भद्रबाहु નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ

કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી इतिभद्रबाहु આવો પ્રયોગ થાય છે. અર્થ - ભદ્રબાહુની પ્રસિદ્ધિ. युगपत् - चक्रेण युगपत् આ અર્થમાં सह અવ્યયને चक्र નામની સાથે આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી सचक्रंधेहि આવો પ્રયોગ થાય છે. અહીં सह ને 'अकालेऽव्ययीभावे ३-२-१४६' થી स આદેશ થયો છે. અર્થ - ચક્રની સાથે (ધનુષ્યાદિને) ધારણ કર. सदृक् - व्रतेन सदृक् આ અર્થમાં सह અવ્યયને व्रत નામની સાથે આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી सचक्रम् ની જેમ सव्रतम् આવો પ્રયોગ થાય છે. અર્થ - વ્રતથી સમાન (સરખા વ્રતવાળો). सम्पत् - ब्रह्मणः सम्पत् આ અર્થમાં सह અવ્યયને ब्रह्मन् નામની સાથે ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી सब्रह्म साधूनाम् આવો પ્રયોગ થાય છે. અહીં सब्रह्मन् નામને सि પ્રત્યય. 'अनतो लुप् ३-२-६' થી सि નો લોપ. અને 'नाम्नो नो० २-१-९१' થી न् નો લોપ થાય છે - એ સ્પષ્ટ છે. અર્થ - સાધુઓની બ્રહ્મજ્ઞાનની સમ્પત્તિ. साकल्यम् - तृणैः सह આ અર્થમાં सह અવ્યયને तृण નામની સાથે ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી सचक्रम् ની જેમ सतृणमभ्यवहरति આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘાસ સહિત બધું ખાય છે. ઘાસને પણ છોડતો નથી. अन्तः - पिण्डैषणा पर्यन्तम् આ અર્થમાં सह અવ્યયને पिण्डैषणा નામની સાથે આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યયીભાવ સમાસાદિ કાર્ય તેમ જ 'क्लीबे २-४-९७' થી आ ને હ્રસ્વ अ આદેશ થવાથી सचक्रम् ની જેમ सपिण्डैषणमधीते આવો પ્રયોગ થાય છે. અર્થ - પિણ્ડૈષણા નામના અધ્યયન સુધી ભણે છે.

અહીં અવ્યયીભાવ સમાસ સ્થળે આ પૂર્વે અથવા આગળ જ્યાં પણ સ્યાદિકાર્ય આ પ્રમાણે ઉલ્લેખ છે ત્યાં યથાસંભવ सि अम् વગેરે પ્રથમાદિ વિભક્તિ પ્રત્યયાદિ કાર્ય આ પ્રમાણે અર્થ સમજવો. અન્યથા સર્વત્ર सि પ્રત્યય વગેરે કાર્યનું અભિધાન અસઙ્ગત થશે. ॥૩૯॥

• • •

## योग्यता - वीप्साऽर्थानतिवृत्ति - सादृश्ये ३।१।४०॥

योग्यता वीप्सा अर्थानतिवृत्ति (અર્થનું અનતિક્રમણ) અને सादृश्य અર્થના વાચક અવ્યયને નામની સાથે; પૂર્વપદાર્થ પ્રધાન હોય તો નિત્ય અવ્યયીભાવ સમાસ થાય છે. योग्यता - रूपस्य योग्यम् આ અર્થમાં યોગ્યતાર્થક अनु અવ્યયને रूप નામની સાથે; આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૩-૧-૩૯) अनुरूपम् આવો પ્રયોગ થાય છે. અર્થ - રૂપને યોગ્ય. वीप्सा - अर्थम् अर्थं प्रति આ અર્થમાં વીપ્સા ઘોતક प्रति અવ્યયને अर्थ નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી प्रत्यर्थम् આવો પ્રયોગ થાય છે. અર્થ - દરેક અર્થમાં. अर्थानतिवृत्तिः - शक्तिमनतिक्रम्य આ અર્થમાં અનતિવૃત્ત્યર્થક यथा અવ્યયને शक्ति નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી यथाशक्ति આવો પ્રયોગ થાય છે. અર્થ - શક્તિનું અતિક્રમણ કર્યા વિના. सादृश्यम् - शीलस्य सादृश्यम् આ અર્થમાં सह અવ્યયને આ સૂત્રથી शील નામની સાથે અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી (જુઓ સૂ.નં. ૩-૧-૩૯ માં सचक्रम्) सशीलमनयोः આવો પ્રયોગ થાય છે. અર્થ - આ બંન્નેમાં શીલની સમાનતા. પૂર્વ (૩-૧-૩૯)સૂત્રમાં सदृग् નું અને આ સૂત્રમાં सादृश्य નું જે ગ્રહણ છે - એ બેમાં વિશેષતા એ છે કે ત્યાં સાદૃશ્ય ગૌણ છે સાદૃશ્યવિશિષ્ટ ધર્મી મુખ્ય છે. અહીં સાદૃશ્ય - ધર્મ મુખ્ય છે, તદ્વાન્ ધર્મી ગૌણ છે... ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું. ॥૪૦॥

● ● ●

## यथाऽथा ३।१।४१॥

था પ્રત્યયાન્ત यथा અવ્યયને છોડીને અન્ય यथा અવ્યયને નામની સાથે પૂર્વ પદાર્થ પ્રધાન હોય તો નિત્ય અવ્યયીભાવ સમાસ થાય છે. रूपस्य योग्यम् वृद्धानां क्रमेण અને सूत्रमनतिक्रम्य આ અર્થમાં यथा અવ્યયને અનુક્રમે रूप वृद्ध અને सूत्र નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી यथारूपम् चेष्टते; यथावृद्धमर्चयઅને यथासूत्रम् આવો પ્રયોગ થાય છે.

અર્થક્રમશઃ - રૂપને અનુસાર ચેષ્ટા કરે છે - પ્રવર્તે છે. વૃદ્ધોના ક્રમે પૂજા કર. સૂત્રનું ઉલ્લંઘન કર્યા વિના. अथेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ था પ્રત્યયાન્ત यथा થી ભિન્ન જ यथा અવ્યયને નામની સાથે નિત્ય અવ્યયીભાવ સમાસ થાય છે. તેથી यथा चैत्रस्तथा मैत्रः અહીં था પ્રત્યયાન્ત यथा અવ્યયને चैत्र નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થતો નથી. અર્થ - જેવો ચૈત્ર, તેવો મૈત્ર. અહીં યાદ રાખવું જોઈએ કે 'प्रकारे था ૭-૨-૧૦૨' થી था પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન यथा અવ્યયને છોડીને અન્ય અવ્યુત્પન્ન यथा અવ્યયને ઉપર જણાવ્યા મુજબ સમાસ થાય છે. यथावृद्धमर्चय આ વાક્યનો 'જે જે વૃદ્ધ છે તેની તેની પૂજા કર' - આવો પણ અર્થ થાય છે... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. था પ્રત્યયાન્ત यथा અવ્યય સાદૃશ્ય ભિન્ન અર્થમાં પ્રાયઃ વપરાતું નથી. ॥૪૧॥

• • •

### गतिक्वन्यस्तत्पुरुषः ३।१।४२॥

गति સંજ્ઞાવાળા નામને અને कु અવ્યયને નામની સાથે; બહુવ્રીહિ સમાસાદિ અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો નિત્ય तत्पुरुष સમાસ થાય છે. ऊरी + कृत्वा; खाट् + कृत्वा; प्र + कृत्वा; અને कारिका + कृत्वा આ અવસ્થામાં ऊरी खाट् અને प्र નામને 'ऊर्याद्यनु० ३-१-२' થી गति સંજ્ઞા. તેમ જ 'कारिका स्थित्यादौ ૩-૧-૩' થી कारिका નામને गति સંજ્ઞા. આ સૂત્રથી गति સંજ્ઞાવાળા ऊरी खाट् प्र અને कारिका નામને कृत्वा નામની સાથે તત્પુરુષ સમાસ. 'अनञः० ૩-૨-૧૫૪' થી क्त्वा ને यप् (य) આદેશ. -हस्वस्य तः० ૪-૪-૧૧૩ થી यની પૂર્વે त् નો આગમ વગેરે કાર્ય થવાથી ऊरीकृत्य खाट्कृत्य प्रकृत्य અને कारिकाकृत्य આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સ્વીકાર કરીને. ખાટ્ આવો અવાજ કરીને. કરીને. મર્યાદા બનાવીને. कुत्सितो ब्राह्मणः આ અર્થમાં कु (પાપાર્થક) અવ્યયને ब्राह्मण નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી कुब्राह्मणः આવો પ્રયોગ થાય છે. અર્થ - ખરાબ બ્રાહ્મણ. આવી જ રીતે ईषदुष्णम् આ અર્થમાં कु (અલ્પાર્થક) અવ્યયને उष्ण નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય

તેમજ 'का - कवौ० ३-२-१३७' થી कु નામને का આદેશાદિ કાર્ય થવાથી कोष्णम् આવો પ્રયોગ થાય છે. અર્થ - થોડું ગરમ.

अन्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો જ गति સંજ્ઞક અને कु અવ્યયને નામની સાથે નિત્યતત્પુરુષ સમાસ થાય છે. તેથી कुत्सितः पुरुषो यस्मिन् આ અર્થમાં कु અવ્યયને पुरुष નામની સાથે 'एकार्थं चा० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસની પ્રાપ્તિ હોવાથી આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. તેથી બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી कुपुरुषकः આવો પ્રયોગ થાય છે. 'शेषाद् वा ७-३-१७५' થી અહીં સમાસાન્ત कच् પ્રત્યય થયો છે - એ સમજી શકાય છે. અર્થ - ખરાબ - નિન્દિત પુરુષ છે જ્યાં તે ગ્રામાદિ. ॥૪૨॥

● ● ●

## दुर्निन्दा - कृच्छ्रे ३।१।४३॥

અન્ય બહુવ્રીહિ સમાસાદિની પ્રાપ્તિ (બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ) ન હોય તો; નિન્દા અને કૃચ્છ્ર (પાપ અને કષ્ટ) અર્થના વાચક दुर् અવ્યયને નામની સાથે નિત્ય તત્પુરુષ સમાસ થાય છે. दुष्टः पुरुषः અને कृच्छ्रं कृतम् આ અર્થમાં અનુક્રમે નિન્દા અને કૃચ્છ્ર અર્થના વાચક दुर् અવ્યયને पुरुष અને कृत નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. दुर् ના र् ને 'निर्दुर्बहि० २-३-९' થી ष् આદેશ વગેરે કાર્ય થવાથી दुष्पुरुषः અને दुष्कृतम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ખરાબ પુરુષ. કષ્ટપૂર્વક કરેલું. अन्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ વગેરે અન્ય સમાસની પ્રાપ્તિ ન જ હોય તો નિન્દા અને કૃચ્છ્ર અર્થના વાચક दुर् અવ્યયને નામની સાથે નિત્ય તત્પુરુષ સમાસ થાય છે. તેથી दुष्टः पुरुषो यस्मिन् આ અર્થમાં 'एकार्थं चा० ३-१-२२' થી दुर् અવ્યયને पुरुष નામની સાથે બહુવ્રીહિ સમાસની પ્રાપ્તિ હોવાથી બહુવ્રીહિ સમાસ વગેરે કાર્ય જ થાય છે.

પરંતુ આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. જેથી दुष्पुरुषकः આવો પ્રયોગ થાય છે. અર્થ - દુષ્ટ પુરુષ છે જ્યાં તે ગ્રામાદિ. ॥૪૩॥

● ● ●

## सुः पूजायाम् ३।१।४४॥

બહુવ્રીહિ વગેરે અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો પૂજાર્થક सु અવ્યયને નામની સાથે નિત્ય तत्पुरुष समास થાય છે. शोभनो राजा આ અર્થમાં આ સૂત્રથી सु અવ્યયને राजन् નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ. सुराजन् નામને 'राजन् सखेः ७-३-१०६' થી પ્રાપ્ત સમાસાન્ત अट् પ્રત્યયનો 'पूजास्वतेः० ७-३-७२' થી નિષેધ વગેરે કાર્ય થવાથી सुराजा આવો પ્રયોગ થાય છે. અર્થ - સારો રાજા. अन्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો જ પૂજાર્થક सु અવ્યયને નામની સાથે તત્પુરુષ સમાસ નિત્ય થાય છે, તેથી मद्राणां समृद्धिः આ અર્થમાં 'विभक्ति -समीप० ३-१-३९' થી सु અવ્યયને मद्र નામની સાથે અવ્યયીભાવ સમાસની પ્રાપ્તિ હોવાથી તે સૂત્રથી અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થાય છે. પરંતુ આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય થતું નથી. જેથી सुमद्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ - મદ્રદેશવાસીઓની સમૃદ્ધિ. અહીં સૂત્રમાં પૂજાર્થક सु અવ્યયનો ઉલ્લેખ હોવા છતાં અતિશયાર્થક પણ सु અવ્યયનું ગ્રહણ છે. અન્યથા सुमद्रम् આ પ્રત્યુદાહરણનું અભિધાન અસઙ્ગત થશે - એ યાદ રાખવું. ॥૪૪॥

● ● ●

## अतिरतिक्रमे च ३।१।४५॥

બહુવ્રીહિ વગેરે અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો अतिक्रम અને પૂજા અર્થના વાચક अति અવ્યયને નામની સાથે નિત્ય तत्पुरुष સમાસ થાય છે.

अति + स्तुत्वा અને शोभनो राजा આ અર્થમાં અતિક્રમાર્થક अति અવ્યયને स्तुत्वा નામની સાથે અને પૂજાર્થક अति અવ્યયને राजन् નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી अतिस्तुत्य (જુઓ સૂ.નં. ૩-૧-૪૨) અને अतिराज्ञा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ક્રમનું ઉલ્લંઘન કરીને સ્તુતિ કરીને. સારો રાજા. ॥૪૫॥

● ● ●

## आङल्पे ३।१।४६॥

અન્ય બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો અલ્પાર્થક आङ् અવ્યયને નામની સાથે નિત્ય तत्पुरुष સમાસ થાય છે. ईषत् कडारः આ અર્થમાં અલ્પાર્થક आङ् (आ) અવ્યયને कडार નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી आकडारः આવો પ્રયોગ થાય છે. અર્થ - અલ્પ કડાર (વર્ણ વિશેષ). ॥૪૬॥

● ● ●

## प्रात्यव - परि - निरादयो गत - क्रान्त - क्रुष्ट - ग्लान- क्रान्ताद्यर्थाः प्रथमाद्यन्तैः ३।१।४७॥

અન્ય બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો; गत (ગયેલો) આદિ અર્થના વાચક प्र વગેરે નામને પ્રથમાન્ત નામની સાથે; क्रान्त ( ઉલ્લંઘન કરેલો) આદિ અર્થના વાચક अति વગેરે નામને દ્વિતીયાન્ત નામની સાથે; क्रुष्ट (બોલેલું) આદિ અર્થના વાચક अव વગેરે નામને તૃતીયાન્ત નામની સાથે; ग्लान (ઉત્સાહ-હીન) વગેરે અર્થના વાચક परि વગેરે નામને ચતુર્થ્યન્ત નામની સાથે અને क्रान्त વગેરે અર્થના વાચક निर् આદિ નામને પઞ્ચમ્યન્ત નામની સાથે નિત્ય तत्पुरुष સમાસ થાય છે. प्रादि - प्रगत आचार्यः અને सङ्गतोऽर्थः આ અર્થમાં प्र અને सम् નામને આ સૂત્રથી પ્રથમાન્ત आचार्य અને अर्थ નામની સાથે તત્પુરુષ

સમાસ આદિ કાર્ય થવાથી प्राचार्यः અને समर्थः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પ્રગત આચાર્ય - સ્વ વિષયના પારગામી શ્રેષ્ઠ આચાર્ય. સઙ્ગત (બરાબર) અર્થ. अत्यादि - खट्वामतिक्रान्तः અને वेलामुद्गतः આ અર્થમાં अति અને उद् નામને આ સૂત્રથી દ્વિતીયાન્ત खट्वा અને वेला નામની સાથે તત્પુરુષ સમાસ. 'गोश्चान्ते० ૨-૪-૯૬' થી खट्वा અને वेला નામના आ ને હ્રસ્વ अ આદેશ......વગેરે કાર્ય થવાથી अतिखट्वः અને उद्वेलः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ખાટલાને છોડવાવાલો. સમુદ્રાદિના કિનારા સુધી ગયેલો. अवादि - अवक्रुष्टः कोकिलया અને परिणद्धो वीरुद्भिः આ અર્થમાં अव અને परि નામને આ સૂત્રથી તૃતીયાન્ત कोकिला અને वीरुत् નામની સાથે તત્પુરુષ સમાસ. 'गोश्चान्ते० ૨-૪-૯૬' થી कोकिला ના आ ને હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી अवकोकिलः અને परिवीरुत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કોકિલાથી બોલાએલું. વૃક્ષોથી પરિપૂર્ણ. पर्यादि - परिग्लानो ऽध्ययनाय અને उत्सुकः सङ्ग्रामाय આ અર્થમાં परि અને उत् નામને આ સૂત્રથી ચતુર્થ્યન્ત अध्ययन અને सङ्ग्राम નામની સાથે તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી पर्यध्ययनः અને उत्सङ्ग्रामः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - અધ્યયન માટે ઉત્સાહહીન. યુદ્ધ માટે ઉત્સુક. निरादि - निष्क्रान्तः कौशाम्ब्याः અને अपगतः शाखायाः આ અર્થમાં निर् અને अप નામને આ સૂત્રથી પઞ્ચમ્યન્ત कौशाम्बी અને शाखा નામની સાથે તત્પુરુષ સમાસ. 'गोश्चान्ते० ૨-૪-૯૬' થી कौशाम्बी અને शाखा નામના અન્ત્ય સ્વર ई અને आ ને હ્રસ્વ इ અને अ આદેશ વગેરે કાર્ય થવાથી निष्कौशाम्बिः અને अपशाखः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કૌશામ્બીથી નીકળેલો. શાખાથી પડેલો.

बाहुलकात् षष्ठ्याऽपि - 'नाम नाम्नैकार्थ्ये समासो बहुलम् ३-१-१८' થી બહુલાધિકાર ચાલુ હોવાથી આ સૂત્ર પણ ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસનું વિધાન બહુલતયા જ કરતું હોવાથી તાદૃશ निर् વગેરે નામને કોઈવાર षष्ठ्यन्त નામની સાથે પણ સમાસ તત્પુરુષ નિત્ય થાય છે. તેથી अन्तर्गतो गार्ग्यस्य આ અર્થમાં अन्तर् નામને षष्ठ्यन्त गार्ग्य નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી अन्तर्गार्ग्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાર્ગ્યનો અન્તર્ગત. આવી જ રીતે प्रतिष्ठितमुरसि प्रत्युरसि ઇત્યાદિ સપ્તમ્યન્ત નામની સાથેના તત્પુરુષ સમાસ પણ આ સૂત્રથી વિહિત છે - એ યાદ રાખવું.

गताद्यर्था इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અન્ય બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો ગતાદિ ક્રાન્તાદિ ક્રુષ્ટાદિ ગ્લાનાદિ

અને ક્રાન્તાદિ જ અર્થના વાચક અનુક્રમે प्रादि अत्यादि अवादि पर्यादि અને निरादि નામને પ્રથમાન્ત દ્વિતીયાન્ત તૃતીયાન્ત ચતુર્થ્યન્ત અને પઞ્ચમ્યન્ત નામની સાથે નિત્ય तत्पुरुष સમાસ થાય છે. તેથી वृक्षं प्रति विद्युत् અહીં દ્વિતીયાન્ત वृक्ष નામની સાથે લક્ષ્યલક્ષણભાવાર્થક प्रति નામને (अत्यादि નામને); આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - વૃક્ષથી વિદ્યુત્ જણાય છે. अन्य इत्येव - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અન્ય બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો જ ગતાદિ ક્રાન્તાદિ ક્રુષ્ટાદિ ગ્લાનાદિ અને ક્રાન્તાદિ અર્થના વાચક અનુક્રમે प्रादि अत्यादि अवादि पर्यादि અને निरादि નામને પ્રથમાન્ત દ્વિતીયાન્ત તૃતીયાન્ત ચતુર્થ્યન્ત અને પઞ્ચમ્યન્ત નામની સાથે નિત્ય तत्पुरुष સમાસ થાય છે. તેથી प्रगत आचार्यो यस्मिन् આ અર્થમાં प्र નામને (ગતાદ્યર્થક નામને) आचार्य નામની સાથે (પ્રથમાન્ત નામની સાથે) 'एकार्थं चा० ૩-૧-૨૨' થી બહુવ્રીહિ સમાસની પ્રાપ્તિ હોવાથી તે સૂત્રથી બહુવ્રીહિ સમાસ. 'शेषाद् वा ૭-૩-૧૭૫' થી સમાસાન્ત कच् પ્રત્યયાદિ કાર્ય થાય છે. પરંતુ આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. જેથી प्राचार्यको देशः આવો પ્રયોગ થાય છે. અર્થ - સારા આચાર્ય છે જેમાં એવો દેશ. સૂત્રમાં निरादय... ઇત્યાદિ બહુવચનનો નિર્દેશ આકૃતિગણના નિર્દેશ માટે છે. ॥૪૭॥

● ● ●

## *अव्ययं प्रवृद्धादिभिः ३।१।४८॥*

બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો प्रवृद्धादि ગણપાઠમાંના प्रवृद्ध વગેરે નામની સાથે અવ્યયને નિત્ય तत्पुरुष સમાસ થાય છે. पुनः प्रवर्द्धते स्म અને अन्तर् भवति स्म આ અર્થમાં पुनर् અવ્યયને प्रवृद्ध નામની સાથે અને अन्तर् અવ્યયને भूत નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી पुनःप्रवृद्धम् અને अन्तर्भूतः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ફરીથી વધેલું. અન્તર્ભૂત - સમાએલો. સૂત્રમાં બહુવચનનો નિર્દેશ આકૃતિગણના નિર્દેશ માટે છે. ॥૪૮॥

● ● ●

## ङस्युक्तं कृता ३।१।४९॥

'आ तुमो० ५-१-१' થી જણાવાએલા તિવાદિ પ્રત્યયોથી ભિન્ન તુમ્ સુધીના જે कृत् પ્રત્યયો છે; તે कृत् પ્રત્યય વિધાયક સૂત્રમાં જે નામોનો ङसि થી (પઞ્ચમીથી) નિર્દેશ છે, તે નામોને ङस्युक्त નામો કહેવાય છે. બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો ङस्युक्त નામને कृत् પ્રત્યયાન્ત નામની સાથે નિત્ય તત્પુરુષ સમાસ થાય છે. कुम्भं करोति આ અર્થમાં 'कर्मणो ऽ ण् ५-३-१४' થી कुम्भ + कृ ધાતુને अण् (अ) સ્વરૂપ कृत् પ્રત્યયનું વિધાન છે. એ સૂત્રમાં ङसि (પઞ્ચમી) થી कर्म નો નિર્દેશ હોવાથી ङस्युक्त કર્મ વાચક कुम्भ નામને कृत्प्रत्ययान्त (अण् પ્રત્યયાન્ત) कार નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થવાથી નિષ્પન્ન कुम्भकार નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી कुम्भकारः આવો પ્રયોગ થાય છે. અર્થ - કુંભાર.

ङस्युक्तमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો ઙસ્યુક્ત જ નામને कृत् પ્રત્યયાન્ત નામની સાથે નિત્ય તત્પુરુષ સમાસ થાય છે. તેથી अलं कृत्वा અહીં अलम् + कृ ધાતુને 'निषेधे ऽलं० ५-४-४४' થી क्त्वा (त्वा) સ્વરૂપ કૃત્પ્રત્યય થયો છે. એ સૂત્રમાં अलम् નામનો ઉલ્લેખ સપ્તમીથી હોવાથી સપ્તમ્યુક્ત अलम् નામને કૃત્પ્રત્યયાન્ત कृत्वा નામની સાથે આ સૂત્રથી નિત્ય તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - કરવાથી સર્યું. कृतेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો ङस्युक्त નામને कृत्प्रत्ययान्त જ નામની સાથે નિત્ય तत्पुरुष સમાસ થાય છે. તેથી धर्मो वो रक्षतु અહીં 'पदाद्युग्० २-१-२१' આ સૂત્રમાં युष्मान् ने वस् આદેશનું વિધાન કરતી વખતે धर्म વગેરે નામનો પઞ્ચમીથી નિર્દેશ હોવા છતાં धर्म નામને वस् નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. કારણ કે वस् નામ कृत् પ્રત્યયાન્ત નથી. અર્થ - ધર્મ તમારું રક્ષણ કરે. ॥૪૯॥

● ● ●

## तृतीयोक्तं वा ३।१।५०॥

'दंशेस्तृतीयया ५-४-७३' થી માંડીને 'आनुलोम्येऽन्वचा ५-४-८८' સુધીના कृत्प्रत्ययनું વિધાન કરનારા સૂત્રોમાં तृतीया વિભક્તિથી જેનો નિર્દેશ છે તે तृतीयोक्त નામને कृत्प्रत्ययान्त નામની સાથે; અન્ય બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો વિકલ્પથી तत्पुरुष સમાસ થાય છે. આ સૂત્રમાં वा શબ્દ नित्य समासत्व ની વ્યાવૃત્તિ માટે છે. તેથી ઉત્તર સૂત્રમાં નિત્યત્વનો અધિકાર ન હોવાથી તે તે સૂત્રોથી વિકલ્પપક્ષમાં વાક્ય પણ થશે. मूलकेन उपदंशं भुङ्क्ते આ અર્થમાં मूलकेन આ તૃતીયાન્ત નામનો યોગ હોવાથી उप + दंश् ધાતુને 'दंशेस्तृतीयया ५-४-७३' થી णम् (अम्) પ્રત્યય થાય છે. એ સૂત્રમાં मूलक નામનો તૃતીયા વિભક્તિથી નિર્દેશ હોવાથી તૃતીયોક્ત मूलक નામને આ સૂત્રથી उपदंशम् સ્વરૂપ કૃદન્તની સાથે તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી मूलकोपदंशं भुङ्क्ते આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિત્ય સમાસ થતો ન હોવાથી વિકલ્પપક્ષમાં मूलकेनोपदंशं भुङ्क्ते આવું વાક્ય રહે છે. અર્થ - મૂળાને દાંત વડે કાપીને ખાય છે. णम् પ્રત્યયાન્ત નામ અવ્યય છે - એ યાદ રાખવું. ॥૫૦॥

● ● ●

## नञ् ३।१।५१॥

नञ् (न) નામને નામની સાથે; અન્ય બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય તો तत्पुरुष સમાસ થાય છે. न गौः અને न सूर्यं पश्यन्ति આ વિગ્રહમાં नञ् (न) નામને गो અને सूर्य નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'नञत् ३-२-१२५' થી नञ् ને अ આદેશ.... વગેરે કાર્ય થવાથી अगौः અને असूर्यंपश्या राजदाराः આવો પ્રયોગ થાય છે. (અહીં नञ्त० ७-३-७१ થી સમાસાન્ત પ્રત્યયનો નિષેધ થાય છે.) અર્થક્રમશઃ - ગાયથી ભિન્ન મહિષાદિ. સૂર્યને પણ ન જોનારી રાણીઓ.

અહીં સમજી લેવું જોઇએ કે न सूर्यं पश्यन्ति આ વિગ્રહમાં नञ् ને સૂર્યની સાથે પરસ્પર વિશેષણવિશેષ્યભાવ નથી પરંતુ दृश् ધાત્વર્થ ક્રિયાની સાથે વિશેષણ વિશેષ્યભાવ છે. તેથી नञ् ને सूर्य નામની સાથે સામર્થ્યના અભાવમાં बहुलम् ના અધિકારથી સમાસ થાય છે... ઇત્યાદિ બૃહદ્‌વૃત્તિથી જાણવું જોઇએ. 'असूर्यो० ૫-૧-૧૨૬' થી असूर्यंपश्याः અહીં दृश् ધાતુને खश् (अ) પ્રત્યયાદિ કાર્ય થયું છે. (જુઓ સૂ.નં. ૫-૧-૧૨૬)

ન્યાયને જાણનારા જિજ્ઞાસુઓ વિચારશે તો સમજી શકશે કે આ સૂત્રથી વિહિત તત્પુરુષ સમાસનો અર્થ; તત્સમાસઘટક ઉત્તરપદાર્થના ભાવના અભાવવદ્ હોય છે. અન્યોન્યાભાવ સ્થળે ધર્મનો અત્યન્તાભાવ જણાવવાનું તાત્પર્ય હોય છે. તેથી સામાન્યથી ધર્મનો અત્યન્તાભાવ અને ધર્મીનો ભેદ - આ બેને; તે સમનિયત હોવાથી એક મનાય છે. अगौः અહીં સમાસ ઘટક ઉત્તર પદાર્થના ભાવ સ્વરૂપ ગોત્વના અભાવથી યુક્ત સમાસાર્થ મહિષાદિ છે - એ સમજી શકાય છે. તાદૃશાભાવવત્ સમાસાર્થ ક્વચિત્ તત્સદૃશ; તદ્વિરોધિ; તદન્ય અને તદભાવ સ્વરૂપ હોય છે. (તે સ્વરૂપે વિવક્ષિત હોય છે.) દા.ત. अब्राह्मणः असितः अनग्निः અને अवचनम् અહીં બ્રાહ્મણભિન્ન બ્રાહ્મણસદૃશ ક્ષત્રિયાદિ; શુક્લભિન્ન કૃષ્ણ વર્ણ; અગ્નિભિન્ન અન્ય વાયુ વગેરે અને વચનનો અભાવ આવો અનુક્રમે સમાસનો અર્થ છે. સર્વત્ર ઉત્તરપદ પ્રવૃત્તિનિમિત્ત સ્વરૂપ ઉત્તરપદાર્થભાવનો અભાવ છે જ - એ સ્પષ્ટ છે... ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૫૧॥

● ● ●

## *पूर्वाऽपराऽधरोत्तरमभिन्नेनांशिना ३।१।५२॥*

અંશ (એક ભાગ) વાચક पूर्व अपर अधर અને उत्तर નામને તેનાથી (અંશથી) અભિન્ન એવા અંશી (અવયવી - જેનો અંશ છે તે) વાચક નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. पूर्वः कायस्य; अपरः कायस्य; अधरः कायस्य અને उत्तरः कायस्य આ વિગ્રહમાં આ સૂત્રથી पूर्व अपर अधर અને उत्तर નામને અંશી વાચક काय નામની સાથે તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી पूर्वकायः अपरकायः अधरकायः અને उत्तरकायः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - શરીરનો

પૂર્વભાગ. શરીરનો આગળનો ભાગ. શરીરનો નીચેનો ભાગ. શરીરનો ઉપરનો ભાગ. अभिन्नेनेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અંશ વાચક पूर्व अपर अधर અને उत्तर નામને તેનાથી અભિન્ન જ અંશીવાચક નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. તેથી पूर्वं छात्राणामामन्त्रयस्व અહીં અંશવાચક पूर्व નામને તેનાથી ભિન્ન અંશીવાચક छात्र નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. પૂર્વ છાત્રથી બીજા છાત્રો ભિન્ન છે - એ સ્પષ્ટ છે. અર્થ - વિદ્યાર્થીઓમાંના પૂર્વ વિદ્યાર્થીને બોલાવ. अंशिनेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ पूर्व अपर अधर અને उत्तर આ અંશ વાચક નામને અભિન્ન અંશી વાચક જ નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. તેથી पूर्वो नाभेः कायस्य અહીં અવધિવાચક नाभि નામની સાથે અંશવાચક पूर्व નામને આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - નાભિથી શરીરનો પૂર્વ ભાગ. ॥૫૨॥

● ● ●

## सायाह्नादयः ३/१/५३॥

सायाह्न નામ છે આદિમાં જેના એવા सायाह्नादि ગણપાઠમાંના सायाह्न વગેરે નામોમાં अंशि तत्पुरुष સમાસ સાધુ મનાય છે. अह्नः सायम् અને दिनस्य मध्यम् આ વિગ્રહમાં આ સૂત્રથી सायम् અને मध्य નામને અનુક્રમે अहन् અને दिन નામની સાથે અંશિ - તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સ્યાદિ વિભક્તિનો લોપ. सायाह्न નામને 'सर्वांशसङ्ख्या० ૭-૩-૧૧૮' થી સમાસાન્ત अट् પ્રત્યય. તેમ જ તે સૂત્રથી अहन् નામને अह्न આદેશ. 'अवर्णे० ૭-૪-૬૮' થી अह्न ના અન્ત્ય अ નો લોપ. આ સૂત્રમાં साय આવો પાઠ હોવાથી सायम् ના म् નો લોપ... તેમ જ 'लोकम्पृणमध्यन्दि० ૩-૨-૧૧૩' થી નિપાતન કર્યું હોવાથી मध्य નામના અન્તે म् નો આગમ વગેરે કાર્ય થવાથી सायाह्नम् અને मध्यन्दिनम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - દિવસનો સાંજનો ભાગ. દિવસનો મધ્યભાગ. આ સૂત્ર તેમ જ પૂર્વ સૂત્ર ષષ્ઠીતત્પુરુષ સમાસનો બાધ કરે છે - એ સમજી લેવું. ॥૫૩॥

● ● ●

## समेंऽशेऽर्द्धं नवा ३।१।५४॥

समान (सरखा) अंशवाचक अद्र्धनामने; तेनाथी अभिन्न अंशिवाचक नामनी साथे विकल्पथी तत्पुरुष समास थाय छे. पिप्पल्या अद्र्धम् आ विग्रहमां अद्र्ध नामने पिप्पली नामनी साथे आ सूत्रथी तत्पुरुष समास वगेरे कार्य थवाथी अद्र्धपिप्पली आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी अंशितत्पुरुष समास न थाय त्यारे 'षष्ठ्ययत्ना० ३-१-७६' थी पिप्पलीनामने अद्र्ध नामनी साथे तत्पुरुष समासादि कार्य थवाथी पिप्पल्यद्र्धम् आवो प्रयोग थाय छे. अर्थ - पिप्पली - पिपरनो सरखो अद्र्धभाग. समेंश इति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब समान ज अंशवाचक अद्र्ध नामने; तेनाथी अभिन्न अंशिवाचक नामनी साथे विकल्पथी तत्पुरुष समास थाय छे. तेथी ग्रामस्याद्र्धः आ विग्रहमां असमान (सरखो नही) अंशवाचक अद्र्ध नामने तेनाथी अभिन्न अंशिवाचक ग्राम नामनी साथे आ सूत्रथी तत्पुरुष समास थतो नथी. जेथी 'षष्ठ्यय० ३-१-७६' थी ग्राम नामने अद्र्ध नामनी साथे तत्पुरुष समासादि कार्य थवाथी ग्रामाद्र्धः आवो प्रयोग थाय छे. अर्थ - गामनो (लगभग) अद्र्ध भाग. समान अंशवाचक अद्र्ध नाम नपुंसक लिङ्गमां वपराय छे. अने न्यूनाधिक - असमान अंशवाचक अद्र्ध नाम पुल्लिङ्गमां वपराय छे. - ए याद राखवुं. ॥५४॥

● ● ●

## जरत्यादिभिः ३।१।५५॥

अंश (असमान) वाचक अद्र्ध नामने जरत्यादि गणपाठमांना अभिन्न अंशिवाचक जरती वगेरे नामनी साथे विकल्पथी तत्पुरुष समास थाय छे. जरत्या अद्र्धः अने उक्तस्याद्र्धः आ विग्रहमां अद्र्ध नामने जरती अने उक्त नामनी साथे आ सूत्रथी अंशितत्पुरुष समास वगेरे कार्य थवाथी अद्र्धजरती अने अद्र्धोक्तम् आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी अंशितत्पुरुष

સમાસ ન થાય ત્યારે 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી जरती અને उक्त નામને अदूर्ध નામની સાથે ષષ્ઠીતત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી जरत्यदूर्धः અને उक्तादूर्धः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વૃદ્ધાનો અદ્ધર્ભાગ. કહેલાનો અદ્ધર્ભાગ. ॥૫૫॥

• • •

## द्वि - त्रि - चतुष्पूरणाऽग्रादयः ३।१।५६॥

પૂરણપ્રત્યયાન્ત द्वि त्रि અને चतुर् નામને તેમ જ अग्रादि ગણપાઠમાંના अग्र વગેરે નામને તેનાથી અભિન્ન અંશિવાચક નામની સાથે વિકલ્પથી तत्पुरुष સમાસ થાય છે. भिक्षाया द्वितीयम्; भिक्षायास्तृतीयम्; भिक्षायास्तुर्यम्; हस्तस्याग्रम् અને पादस्य तलम् આ વિગ્રહમાં પૂરણપ્રત્યયાન્ત द्वि त्रि અને चतुर् નામને भिक्षा નામની સાથે, अग्र નામને हस्त નામની સાથે અને तल નામને पाद નામની સાથે આ સૂત્રથી અંશિ તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી અનુક્રમે द्वितीयभिक्षाः तृतीयभिक्षाः तुर्यभिक्षाः अग्रहस्तः અને तलपादः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી અંશિતત્પુરુષ સમાસ ન થાય ત્યારે भिक्षा નામને द्वितीय तृतीय અને तुर्य નામની સાથે; हस्त નામને अग्र નામની સાથે અને पाद નામને तल નામની સાથે 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી ષષ્ઠી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી અનુક્રમે भिक्षाद्वितीयम्; भिक्षातृतीयम्; भिक्षातुर्यम्; हस्ताग्रम् અને पादतलम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ભિક્ષાનો બીજો ભાગ. ભિક્ષાનો ત્રીજો ભાગ. ભિક્ષાનો ચોથો ભાગ. હાથનો અગ્ર ભાગ. પગનો તલભાગ.

અહીં યાદ રાખવું જોઇએ કે આ સૂત્રમાં नित्य નો અધિકાર ચાલુ ન હોવાથી વિકલ્પપક્ષમાં વાક્ય તો સિદ્ધ જ છે. પરંતુ वा ની અનુવૃત્તિ વિકલ્પપક્ષમાં ષષ્ઠી તત્પુરુષ સમાસની પ્રાપ્તિ માટે છે. તેથી 'तृप्तार्थ - पूरणा० ૩-૧-૮૫' થી ષષ્ઠી તત્પુરુષ સમાસનો નિષેધ થવા છતાં વિકલ્પપક્ષમાં ઉપર જણાવ્યા મુજબ ષષ્ઠી તત્પુરુષ સમાસ થાય છે. ॥૫૬॥

• • •

## कालो द्विगौ च मेयैः ३।१।५७॥

एकवचनान्त काल वाचक नामने; तेम ज द्विगु समासनो विषय होय तो सामान्यथी (एक - द्वि - बहुवचनान्त) काल वाचक नामने मेय वाचक (मापवा योग्यार्थक) नामनी साथे तत्पुरुष समास थाय छे. मासो जातस्य आ विग्रहमां एकवचनान्त काल वाचक मास नामने मेयवाचक जात नामनी साथे आ सूत्रथी तत्पुरुष समास. 'ऐकार्थ्ये ३-२-८' थी स्यादि विभक्तिनो लोप...: वगेरे कार्य थवाथी मासजातः आवो प्रयोग थाय छे. द्विगौ (द्विगुना विषयमां) - एको मासो जातस्य अने द्वे अहनी सुप्तस्य आ विग्रहमां एक नामने मास नामनी साथे अने द्वि नामने अहन् नामनी साथे अनुक्रमे तेनाथी परमां जात अने सुप्त उत्तरपद होवाथी 'सङ्ख्या समाहारे च० ३-१-९९' थी द्विगु समासना विषयमां आ सूत्रथी एक अने मास नामने जात नामनी साथे तेम ज द्वि अने अहन् नामने सुप्त नामनी साथे आ सूत्रथी तत्पुरुष समास. 'ऐकार्थ्ये ३-२-८' थी स्यादि विभक्तिनो लोप. द्व्यहन् नामने 'सर्वांश० ७-३-११८' थी अट् (अ) प्रत्यय; अहन् ने अह्न आदेश. 'अवर्णे० ७-४-६८' थी अह्न ना अन्त्य अ नो लोप..... वगेरे कार्य थवाथी एकमासजातः अने द्व्यह्नसुप्तः आवो प्रयोग थाय छे. अहीं याद राखवुं जोईए के मेयवाचक जातादि नामार्थ कालवाचक मासादि नामार्थनुं विशेषण होवा छतां शब्दशक्तिस्वभावथी ज एकमासजात अथवा मासजात वगेरे नामोना लिङ्ग सङ्ख्यादि; जातादि (मेयवाचि) नामोना लिङ्ग संख्यादिनी जेम मनाय छे. तेथी मासो जाताया इति मासजाता वगेरे प्रयोगो थाय छे. मासो जातोऽस्य आ विग्रहमां बहुव्रीहिसमासादि कार्यथी पण मासजात वगेरे प्रयोगो थई शकता होवा छतां, आ सूत्रनुं जे प्रयोजन छे - ते अन्यत्र अनुसन्धेय छे. अर्थक्रमशः - जन्मेलानो एक मास. जन्मेलानो एक मास. सुतेलाना बे दिवस. अर्थात् एक महिना पूर्वे जन्मेलो. एक महिना पूर्वे जन्मेलो. बे दिवसथी उंघेलो. काल इति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब मेय वाचक नामनी साथे एकवचनान्त कालवाचक ज नामने तेम ज द्विगु समासना विषयमां सामान्यतः कालवाचक ज नामने तत्पुरुष समास थाय छे. तेथी द्रोणो धान्यस्य आ विग्रहमां मेय वाचक धान्य नामनी साथे; द्रोण नामने ते नाम कालवाचक न होवाथी आ सूत्रथी तत्पुरुष समास थतो नथी.

અર્થ - ધાન્યને માપવાનું સાધન દ્રોણ. (દશસેર). આ સૂત્રમાં અંશ વાચક નામ અને અંશિ વાચકનામની અનુવૃત્તિ ન હોવાથી તત્સમ્બદ્ધ વા ની પણ અનુવૃત્તિ નથી. ॥૫૭॥

● ● ●

## *स्वयं - सामी क्तेन ३।१।५८॥*

स्वयम् અને सामि આ અવ્યયને क्त પ્રત્યયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. स्वयम् धौतम् અને सामि कृतम् આ વિગ્રહમાં આ સૂત્રથી स्वयम् અવ્યયને धौत નામની સાથે અને सामि અવ્યયને कृत નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી स्वयंधौतम् અને सामिकृतम् આવો પ્રયોગ થાય છે. અહીં સમાસ થવાથી એકપદ બને છે. તેથી તેને યથાસંભવ તદ્ધિત પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થક્રમશઃ - પોતે ધોએલું. અડધું કરેલું. क्तेनेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ स्वयम् અને सामि અવ્યયને क्त પ્રત્યયાન્ત જ નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. તેથી स्वयं कृत्वा અહીં कृत्वा નામ क्त પ્રત્યયાન્ત ન હોવાથી તેની સાથે स्वयम् અવ્યયને આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - પોતે કરીને. ॥૫૮॥

● ● ●

## *द्वितीया खट्वा क्षेपे ३।१।५९॥*

निन्दा અર્થ ગમ્યમાન હોય તો દ્વિતીયા વિભક્ત્યન્ત खट्वा નામને क्त પ્રત્યયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. સમાસ વિના क्षेप - निन्दा અર્થ ગમ્યમાન થતો નથી. તેથી અહીં નિત્ય જ સમાસ થાય છે. દ્વિતીયાન્ત खट्वा નામને क्त પ્રત્યયાન્ત आरूढ નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી खट्वारूढो जाल्मः આવો પ્રયોગ થાય છે. અર્થ - ખાટલા ઉપર બેસેલો લુચ્ચો - નીચ. क्षेप इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ

નિન્દા - અર્થ ગમ્યમાન હોય તો જ દ્વિતીયાન્ત खट्वा નામને क्त પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે તેથી खट्वामारूढः पिता ऽ ध्यापयति અહીં નિન્દા - અર્થ ગમ્યમાન ન હોવાથી દ્વિતીયાન્ત खट्वा નામને क्त પ્રત્યયાન્ત आरूढ નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - ખાટલામાં બેસીને પિતા ભણાવે છે. અહીં યાદ રાખવું જોઇએ કે પલંગ અથવા આચાર્યના આસનને ખટ્વા કહેવાય છે. અધ્યયન કરીને ગુર્વાદિકની અનુજ્ઞાપૂર્વક खट्वा માં બેસવું જોઇએ. અન્યથા ખટ્વારોહણને ઉત્પથપ્રસ્થાન કહેવાય છે. ઉપલક્ષણથી ઉત્પથપ્રસ્થાનમાત્રને खट्वारोहण કહેવાય છે. જે નિન્દા - ક્ષેપનો વિષય બને છે. ॥૫૯॥

● ● ●

## कालः ३।१।६०॥

દ્વિતીયા વિભક્ત્યન્ત કાલવાચક નામને क्त પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. रात्रिमारूढाः અને अहरतिसृताः આ વિગ્રહમાં કાલવાચક દ્વિતીયાન્ત रात्रि અને अहन् નામને क्त પ્રત્યયાન્ત आरूढ અને अतिसृत નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી रात्र्यारूढाः અને अहरतिसृताः ('रो लुप्यरि २-१-७५' થી अहन् ના न् ને र् આદેશ.) આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - રાત્રે ચઢ્યા. દિવસે ચાલ્યા. આ સૂત્ર વ્યાપ્તિરૂપ અર્થ ગમ્યમાન ન હોય તો જ સમાસનું વિધાન કરે છે. વ્યાપ્તિરૂપ અર્થ ગમ્યમાન હોય તો સૂ.નં. ૩-૧-૬૧ થી સમાસ વિહિત છે... ઇત્યાદિ અહીં વિચારવું જોઇએ. ॥૬૦॥

● ● ●

## व्याप्तौ ३।१।६१॥

ગુણ ક્રિયા અને દ્રવ્યની સાથેના દ્રવ્યના અત્યન્ત સંયોગને (સંબંધને) વ્યાપ્તિ કહેવાય છે. એ વ્યાપ્તિ રૂપ અર્થ ગમ્યમાન હોય તો काल અને

अध्व वाचक गौण नामने 'कालाऽध्वनो र्व्याप्तौ २-२-४२' थी द्वितीया विभक्तिनुं विधान कर्युं छे. व्याप्तिमां विहित ए द्वितीया विभक्त्यन्त नामने व्यापक वाचक नामनी साथे तत्पुरुष समास थाय छे. आ सूत्रनुं पृथग् निर्माण होवाथी क्तेन नी अनुवृत्ति आ सूत्रमां नथी. मुहूर्त्तं सुखम्; क्षणं पाठः अने दिनं गुडः आ विग्रहमां व्याप्त्यर्थमां विहित द्वितीयान्त काल वाचक मुहूर्त्त क्षण अने दिन नामने अनुक्रमे व्यापकवाचक सुख (गुण); पाठ (क्रिया) अने गुड (द्रव्य) नामनी साथे आ सूत्रथी तत्पुरुष समास वगेरे कार्य थवाथी मुहूर्त्तसुखम् क्षणपाठः अने दिनगुडः आवो प्रयोग थाय छे. अर्थक्रमशः - मुहूर्त्त सुधी सुख. क्षणभर पाठ. आखो दिवस गोळ. व्याप्ताविति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब व्याप्ति स्वरूप ज अर्थमां विहित द्वितीयान्त काल वाचक नामने व्यापकवाचक नामनी साथे तत्पुरुष समास थाय छे. परंतु आ सूत्रना अभावमां पूर्व (३-१-६०) सूत्रथी द्वितीयान्त मात्र कालवाचक नामने नाममात्रनी (क्तान्त अक्तान्त नामनी) साथे तत्पुरुष समास थतो नथी. तेथी मासं पूरको याति अहीं 'कर्मणि २-२-४०' थी विहित द्वितीया विभक्त्यन्त मास स्वरूप कालवाचक नामने पूरक नामनी साथे आ सूत्रथी (पूर्व सूत्रथी) तत्पुरुष समास थतो नथी. अन्यथा आ सूत्रना अभावमां पूर्व सूत्रथी तत्पुरुष समासनो प्रसङ्ग आवत - ए समजी शकाय छे, अर्थ - महिनो पूर्ण करवा जाय छे. ॥६१॥

● ● ●

## *श्रितादिभिः ३।१।६२॥*

द्वितीया विभक्त्यन्त नामने श्रितादि गणपाठमांना श्रित वगेरे नामनी साथे तत्पुरुष समास थाय छे. धर्मं श्रितः अने शिवं गतः आ विग्रहमां द्वितीयान्त धर्म अने शिव नामने श्रित अने गत नामनी साथे आ सूत्रथी तत्पुरुष समासादि कार्य थवाथी धर्मश्रितः अने शिवगतः आवो प्रयोग थाय छे. अर्थक्रमशः - धर्म कर्यो. मोक्ष प्राप्त कर्यो. ॥६२॥

● ● ●

## प्राप्ताऽऽपन्नौ तयाच्च ३/१/६३॥

प्राप्त અને आपन्न આ પ્રથમાન્ત નામને દ્વિતીયાન્ત નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. સમાસના યોગમાં प्राप्त અને आपन्न નામના અન્ત્યવર્ણને अ આદેશ થાય છે. जीविकां प्राप्ता અને जीविकामापन्ना આ વિગ્રહમાં દ્વિતીયાન્ત जीविका નામની સાથે પ્રથમાન્ત प्राप्ता અને आपन्ना નામને આ સૂત્રથી તત્પુરુષ સમાસ. 'प्रथमोक्तं प्राक् ૩-૧-૧૪૮' થી प्राप्ता અને आपन्ना નામનો સમાસમાં પૂર્વ પ્રયોગ. સમાસના યોગમાં આ સૂત્રથી प्राप्ता અને आपन्ना નામના आ ને अ આદેશ વગેરે કાર્ય થવાથી प्राप्तजीविका અને आपन्नजीविका આવો પ્રયોગ થાય છે. जीविकां प्राप्ता ઈત્યાદિ સ્થળે યદ્યપિ 'श्रितादिभिः ૩-૧-૬૨' થી તત્પુરુષ સમાસાદિ કાર્યથી जीविकाप्राप्ता ઈત્યાદિ પ્રયોગ થાય છે. પરંતુ प्राप्त અને आपन्न નામનો સમાસમાં પૂર્વ પ્રયોગ થાય - એ માટે આ સૂત્રનું પ્રણયન છે. अ ના વિધાનનું પ્રયોજન સ્ત્રીલિંગમાં છે. અર્થ - (બંન્નેનો) - આજીવિકા પ્રાપ્ત કરેલી સ્ત્રી. ॥૬૩॥

● ● ●

## ईषद् गुणवचनैः ३/१/६४॥

ईषद् અવ્યયને ગુણવાચક નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. જે શબ્દો ગુણને સમજાવીને તેના સંબંધથી ગુણીને સમજાવે છે - એવા શબ્દોને ગુણવાચક શબ્દો કહેવાય છે. ईषत् पिङ्गलः અને ईषद् रक्तः આ વિગ્રહમાં ईषद् અવ્યયને ગુણવાચક पिङ्गल અને रक्त નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી ईषत्पिङ्गलः અને ईषद्रक्तः આવો પ્રયોગ થાય છે. અહીં पिङ्गल અને रक्त નામો ગુણ અને ગુણી ઉભયને સમજાવતા હોવાથી ગુણવાચક કહેવાય છે. અર્થક્રમશઃ - સ્હેજ પિઙ્ગલવર્ણવાળો. સ્હેજ લાલ વર્ણવાળો. गुणवचनैरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ईषद् અવ્યયને ગુણવાચક જ નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. તેથી ईषद् गार्ग्यः અહીં गार्ग्य નામ ગુણવાચક ન હોવાથી તેની સાથે ईषद् અવ્યયને આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - ગુણરહિત ગાર્ગ્ય. ॥૬૪॥

● ● ●

## तृतीया तत्कृतैः ३।१।६५॥

तृतीयान्त नामने ते - तृतीयान्त नामना अर्थथी करेला गुणवाचक नामनी साथे तत्पुरुष संमास थाय छे. शङ्कुलया (कृतः) खण्डः अने मदेन पटुः आ विग्रहमां तृतीयान्त शङ्कुला अने मद नामने तदर्थथी करेला गुणवाचक खण्ड अन पटु नामनी साथे आ सूत्रथी तत्पुरुष समासादि कार्य थवाथी शङ्कुलाखण्डः अने मदपटुः आवो प्रयोग थाय छे. अर्थक्रमशः - सुडीथी करेलो टुकडो. मदथी होशीयार. अहीं लघुत्व अने तद्विशिष्ट वाचक खण्ड नाम गुणवाचक छे तेम ज पटुत्व अने तद्विशिष्ट वाचक पटु नाम गुणवाचक छे. लघुत्व शङ्कुलाथी करेल छे अने पटुत्व मदथी करेल छे. तेथी ते तृतीयान्तार्थथी विहित छे - ए समजी शकाय छे. तत्कृतैरिति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब तृतीयान्त नामने तदर्थथी ज करेला गुणना वाचक नामनी साथे तत्पुरुष समास थाय छे. तेथी अक्ष्णा काणः अहीं काण नाम काणत्व अने काणनुं वाचक होवाथी गुणवाचक होवा छतां ते गुण; तृतीयान्तनामार्थ आंखथी करेलो न होवाथी तृतीयान्त अक्षि नामने गुणवाचक काण नामनी साथे आ सूत्रथी तत्पुरुष समास थतो नथी. अर्थ - आंखथी काणो. गुणवचनैरित्येव = आ सूत्रथी उपर जणाव्या मुजब तृतीयान्त नामने तृतीयान्त पदार्थथी करेला गुणना वाचक ज नामनी साथे तत्पुरुष समास थाय छे. तेथी दध्ना पटुः पाटवमित्यर्थः अहीं पटु नाम मात्र गुणनुं ज वाचक छे. परन्तु गुणीनुं वाचक नथी, तेथी अहीं पटु नाम गुणवाचक न होवाथी तेनी साथे तृतीयान्त दधि नामने आ सूत्रथी तत्पुरुष समास थतो नथी. अर्थ - दहींथी होशियारी. ॥६५॥

● ● ●

## चतस्रार्द्धम् ३।१।६६॥

तृतीया विभक्त्यन्त अर्द्ध नामने अर्द्ध पदार्थथी करेला अर्थवाचक (सङ्ख्यावाचक) चतसृ नामनी साथे तत्पुरुष समास थाय छे. अर्द्धेन

(કૃતાઃ) चतस्रः (मात्राः) આ વિગ્રહમાં अर्द्ध નામને चतसृ નામની સાથે આ સૂત્રથી तत्पुरुष સમાસ આદિ કાર્ય થવાથી अर्द्धचतस्रो मात्राः આવો પ્રયોગ થાય છે. અર્થ - અડધાથી પૂરી કરેલી ચાર માત્રા. चतस्रेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તૃતીયા વિભક્ત્યન્ત अर्द्धनामने; તદર્થથી કરેલા અર્થવાચક चतसृ નામની જ સાથે (સામાન્યતઃ चतुर् નામની સાથે નહી) તત્પુરુષ સમાસ થાય છે. તેથી अर्द्धेन कृताश्चत्वारो द्रोणाः અહીં આ સૂત્રથી अर्द्ध નામને चतुर् નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય થતું નથી. અર્થ - અડધાથી કરેલા ચાર દ્રોણ. ॥૬૬॥

● ● ●

## ऊनार्थपूर्वाद्यैः ३/१/६७॥

તૃતીયાન્ત નામને ऊनार्थक નામની સાથે અને पूर्वादि ગણપાઠમાંના पूर्व વગેરે નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. माषेणोनम्; माषेण विकलम्; मासेन पूर्वः અને मासेनावरः આ વિગ્રહમાં આ સૂત્રથી તૃતીયાવિભક્ત્યન્ત माष નામને ऊनार्थक ऊन અને विकल નામની સાથે અને मास નામને पूर्व અને अवर નામની સાથે तत्पुरुष સમાસાદિ કાર્ય થવાથી माषोनम्; माषविकलम्; मासपूर्वः; અને मासावरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- એક માસાથી ન્યૂન. એક માસાથી ન્યૂન. (૧૨ માસાનો ૧ તોલો) એક મહિનાથી મોટો. એક મહિનાથી નાનો. ॥૬૭॥

● ● ●

## कारकं कृता ३/१/६८॥

कारक વાચક (અર્થાત્ કર્તૃ અને કરણવાચક) તૃતીયાન્ત નામને कृत् પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. आत्मना कृतम् नखैर्निर्भिन्नः;

काकेन पेया અને बाष्पैश्च्छेद्यानि આ વિગ્રહમાં આ સૂત્રથી कर्तृ વાચક आत्मन् નામને कृत् પ્રત્યયાન્ત कृत्त નામની સાથે અને करण વાચક नख નામને कृत् પ્રત્યયાન્ત निर्भिन्न નામની સાથે તેમજ આ સૂત્રમાં પણ बहुलम् નો અધિકાર હોવાથી સ્તુતિ રૂપ અર્થમાં कर्तृ વાચક काक નામને कृत् પ્રત્યયાન્ત पेया નામની સાથે અને નિન્દાર્થમાં કરણવાચક बाष्प નામને च्छेद्य નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી आत्मकृतम्; नखनिर्भिन्नः, काकपेया नदी અને बाष्पच्छेद्यानि तृणानि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પોતે કરેલું. નખોથી ફાડેલો. કાગડાથી પીવા યોગ્ય નદી અર્થાત્ પુષ્કળ પાણીથી પરિપૂર્ણ નદી. બાષ્પ (વાફ) થી પણ છેદવા યોગ્ય તૃણ અર્થાત્ સાવ પોચું પડી ગયેલું તૃણ. સ્તુતિનિંદામાં પ્રાયઃ कृत्य પ્રત્યય સ્વરૂપ कृत् પ્રત્યયાન્ત નામની સાથે સમાસ થાય છે - એ યાદ રાખવું. कारकमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कारक વાચક જ તૃતીયાન્ત નામને कृत् પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે તેથી विद्ययोषितः અહીં તૃતીયાન્ત विद्या નામને તે નામ સૂ.નં. ૨-૨-૧ માં જણાવ્યા મુજબ કારકવાચક ન હોવાથી कृत्प्रत्ययान्त उषित નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - વિદ્યાના કારણે રહેલો છે. ॥૬૮॥

● ● ●

### *नविंशत्यादिनैकोऽच्चान्तः ३/१/६९॥*

તૃતીયા વિભક્ત્યન્ત एक નામને नविंशत्यादि ગણપાઠમાંના नविंशति વગેરે નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે અને ત્યારે एक શબ્દના અન્તમાં अद् નો આગમ થાય છે. एकेन-नविंशतिः અને एकेन न त्रिंशत् આ વિગ્રહમાં તૃતીયાન્ત एक નામને नविंशति અને नत्रिंशत् નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ અને एक શબ્દના અન્તમાં अद् નો આગમ. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી પ્રાપ્ત પણ एक નામના અન્ત્ય अ નો લોપ; अद् ના વિધાનના કારણે થતો નથી. અન્યથા अद् ના સ્થાને द् નું જ વિધાન કર્યું હોત. 'तृतीय ० ૧-૩-૧' થી अद् ના द् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી एकान्नविंशितिः અને

एकादूनत्रिंशत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં द् ને न् આદેશ ન થાય ત્યારે एकादूनविंशतिः અને एकादूनत्रिंशत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઓગણીસ. ઓગણત્રીસ. नविंशति આ પ્રમાણે નિર્દેશ હોવાથી અહીં न ને 'नञत् ૩-૨-૧૨૫' થી अ આદેશ થતો નથી - એ યાદ રાખવું. ॥૬૯॥

● ● ●

## चतुर्थी प्रकृत्या ३/१/७०॥

प्रकृति અર્થાત્ परिणामिकारण વાચક નામની સાથે चतुर्थ्यन्त (વિકારવાચક) નામને तत्पुरुष સમાસ થાય છે. यूपाय दारु આ વિગ્રહમાં प्रकृति વાચક दारु નામની સાથે વિકારી (કાર્ય) વાચક ચતુર્થ્યન્ત यूप નામને આ સૂત્રથી તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી यूपदारु આવો પ્રયોગ થાય છે. અર્થ - યજ્ઞના સ્તમ્ભ માટેનું લાકડું. प्रकृत्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ चतुर्थ्यन्त નામને પ્રકૃતિવાચક જ નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. તેથી रन्धनाय स्थाली અહીં स्थाली નામ પ્રકૃતિવાચક ન હોવાથી चतुर्थ्यन्त रन्धन નામને स्थाली નામની સાથે આ સૂત્રથી तत्पुरुष समास થતો નથી. અર્થ - રાંધવા માટેની થાળી. ॥૭૦॥

● ● ●

## हितादिभिः ३/१/७१॥

चतुर्थ्यन्त નામને हितादि ગણપાઠમાંના हित વગેરે નામની સાથે तत्पुरुष समास થાય છે. गोभ्यो हितम् અને गोभ्यः सुखम् આ વિગ્રહમાં गो નામને हित અને सुख નામની સાથે તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી गोहितम् અને गोसुखम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ગાયો માટે હિતકર. ગાયો માટે સુખકર. ॥૭૧॥

● ● ●

## तदर्थार्थेन ३।१।७२॥

चतुर्थ्यन्त નામને चतुर्थी નો અર્થ - (માટે) છે અર્થ જેનો એવા अर्थ નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. पित्रे (पयः) અને आतुराय (यवागूः) આ અર્થમાં पितृ નામને અને आतुर નામને ચતુર્થ્યર્થ अर्थ નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી पित्र्यर्थं पयः અને आतुरार्था यवागूः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પિતા માટે દુધ. માંદા માટે જવની રાબ વગેરે. अर्थ શબ્દનો અર્થ (માટે); ચતુર્થી વિભક્તિ દ્વારા અભિહિત થતો હોવાથી અર્થ શબ્દનો પ્રયોગ વિગ્રહ વાક્યમાં શક્ય નથી. તેથી આ સૂત્રથી વિહિત તત્પુરુષ સમાસ નિત્ય સમાસ છે - એ યાદ રાખવું. સમાસનું લિઙ્ગ; વાચ્યભૂત અન્યપદાર્થનું જે લિઙ્ગ છે તે મુજબ જ; લિઙ્ગાનુશાસનમાં જણાવ્યું છે. तदर्थार्थेनेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ चतुर्थ्यन्त નામને चतुर्थ्यर्थक જ अर्थ નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. તેથી पित्रेऽर्थः અહીં ધનાર્થક અર્થ નામની સાથે (અર્થાદ્ એ નામ ચતુર્થ્યર્થક ન હોવાથી) ચતુર્થ્યન્ત पितृ નામને આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - પિતા માટે ધન. ॥૭૨॥

● ● ●

## पञ्चमी भयाद्यैः ३।१।७३॥

पञ्चम्यन्त નામને भयादि ગણપાઠમાંના भय વગેરે નામની સાથે ऐकार्थ्ये ગમ્યમાન હોય તો तत्पुरुष સમાસ થાય છે. वृकाद् भयम् અને वृकाद् भीरुः આ વિગ્રહમાં આ સૂત્રથી पञ्चम्यन्त वृक નામને भय અને भीरु નામની સાથે તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી वृकभयम् અને वृकभीरुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વાઘથી ભય. વાઘથી ડરનારો. ॥૭૩॥

● ● ●

## क्तेनाऽसत्त्वे ३।१।७४॥

स्तोकादि - असत्त्व વાચક નામને 'स्तोकाल्प० २-२-७९' થી અને दूरार्थकादि - असत्त्व વાચક નામને 'असत्त्वारादर्था० २-२-१२०' થી પઞ્ચમી વિહિત છે. આ પઞ્ચમીને असत्त्व વૃંત્તિ પઞ્ચમી કહેવાય છે. असत्त्व वृत्ति पञ्चम्यन्त નામને क्त પ્રત્યયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. स्तोकाद् मुक्तः અને अल्पाद् मुक्तः આ વિગ્રહમાં આ સૂત્રથી અસત્ત્વવાચક પઞ્ચમ્યન્ત स्तोक અને अल्प નામને क्त પ્રત્યયાન્ત मुक्त નામની સાથે તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પઞ્ચમીના લોપની પ્રાપ્તિ હતી. પરન્તુ 'असत्त्वे ङसेः ૩-૨-૧૦' થી તેનો નિષેધ થવાથી સ્યાદિ કાર્ય બાદ स्तोकान्मुक्तः અને अल्पान्मुक्तः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - થોડાથી મુક્ત. થોડાથી મુક્ત. असत्त्व इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ असत्त्ववृत्ति જ પઞ્ચમ્યન્ત નામને क्त પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. તેથી स्तोकाद् बद्धः આ અર્થમાં આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. કારણકે સૂ.નં. ૨-૨-૭૯ માં જણાવ્યા મુજબ स्तोक નામ असत्त्ववाचक ન હોવાથી તેને 'हेत्वर्थैस्तृतीया० २-२-११८' થી પઞ્ચમી વિભક્તિ થયેલી છે. તેથી આ સૂત્રથી स्तोक નામને बद्ध નામની સાથે तत्पुरुष સમાસ થતો નથી. અર્થ - થોડા દ્રવ્યથી બન્ધાએલો. અહીં સમાસનું ફલ; ઐકપદ્યના કારણે તદ્ધિત પ્રત્યયની ઉત્પત્તિ વગેરે છે. ॥૭૪॥

● ● ●

## परःशतादि ३।१।७५॥

परःशत... ઇત્યાદિ પઞ્ચમી तत्पुरुष સમાસનું નિપાતન કરાય છે. शतात् परे અને सहस्रात् परे આ વિગ્રહમાં આ સૂત્રથી शत અને सहस्र નામને पर નામની સાથે तत्पुरुष સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી નિપાતનના કારણે સમાસમાં पर નામનો પૂર્વ પ્રયોગ. पर નામના અન્તમાં स् નો આગમ.... વગેરે કાર્ય થવાથી परःशताः અને परःसहस्राः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સોથી અધિક. હજારથી અધિક. ॥૭૫॥

● ● ●

સ્વ-સ્વામિભાવાદિ સમ્બન્ધ વિશેષ સ્વરૂપ શેષ અર્થમાં 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠી વિભક્તિ વિહિત છે. આ ષષ્ઠી યત્ન અને અયત્ન કૃત ભેદથી બે પ્રકારની છે. 'नाथः ૨-૨-૧૦' ઇત્યાદિ સૂત્રથી કર્માદિ કારકત્વની અવિવક્ષા કરવાથી અર્થાદ્ विवक्षातः कारकाणि આ ન્યાયની સહાય વિના તે તે સૂત્રથી કર્માદિ કારકત્વની અવિવક્ષા કરવાથી તાદૃશ કારકત્વની વિવક્ષાના અભાવમાં 'શેષે ૨-૨-૮૧' થી થનારી ષષ્ઠી વિભક્તિને યત્નકૃત શેષષ્ઠી કહેવાય છે. માત્ર તાદૃશનિયમથી કારકત્વની અવિવક્ષા કરવાથી અર્થાત્ તે તે સૂત્રથી તાદૃશ કારકત્વની અવિવક્ષા ન કરવાથી તાદૃશ કારકત્વની વિવક્ષાના અભાવમાં 'શેષે ૨-૨-૮૧' થી જ થનારી ષષ્ઠી વિભક્તિને अयत्नकृत શેષષષ્ઠી કહેવાય છે.

ऐकार्थ्य ગમ્યમાન હોય તો अयत्नकृत शेष षष्ठ्यन्त નામને નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. राज्ञः पुरुषः આ વિગ્રહમાં તાદૃશ षष्ठ्यन्त राजन् નામને पुरुष નામની સાથે આ સૂત્રથી तत्पुरुष સમાસાદિ કાર્ય થવાથી राजपुरुषः આવો પ્રયોગ થાય છે. અર્થ - રાજસમ્બન્ધી પુરુષ. अयत्नाद् इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શેષ અયત્નકૃત જ, षष्ठ्यन्त નામને નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. તેથી सर्पिषो नाथितम् અહીં 'नाथः ૨-૨-૧૦' થી કર્મકારકત્વની અવિવક્ષામાં सर्पिष् નામને 'શેષે ૨-૨-૮૧' થી ષષ્ઠી વિહિત હોવાથી यत्नकृत शेषषष्ठ्यन्त सर्पिष् નામને नाथित નામની સાથે આ સૂત્રથી तत्पुरुष સમાસ થતો નથી. અર્થ - ઘીં મને મળે એવી ઇચ્છા કરી. शेष इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તાદૃશ શેષાર્થમાં જ વિહિત षष्ठ्यन्त નામને નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. તેથી गवां कृष्णा सम्पन्नक्षीरा આ અર્થમાં; षष्ठ्यन्त गो નામને कृष्णा નામની સાથે આ સૂત્રથી तत्पुरुष સમાસ થતો નથી. કારણ કે અહીં गो નામને 'सप्तमी चाऽवि० ૨-૨-૧૦૯' થી નિર્ધારણમાં ષષ્ઠી વિભક્તિ થઇ છે. 'શેષે ૨-૨-૮૧' થી નથી થઇ. તેથી આ સૂત્રથી અહીં સમાસ થતો નથી. અર્થ - ગાયોમાં કાળી ગાય અધિક દુધવાળી હોય છે... ऋद्धस्य राज्ञः पुरुषाः, देवदत्तस्य गुरुकुलम्, सङ्घस्य भद्रं भूयात्... ઇત્યાદિ સ્થળે આ સૂત્રથી સમાસ કેમ થતો નથી અથવા કેમ થાય

છે... એ ભણાવનાર પાસેથી બરાબર સમજી લેવું. ॥૭૬॥

● ● ●

## कृति ३।१।७७॥

'कर्मणि कृतः २-२-८३' થી અને 'कर्त्तरि २-२-८६' થી વિહિત षष्ठी વિભક્તિને કૃન્નિમિત્તષષ્ઠી કહેવાય છે. એ કૃન્નિમિત્તષષ્ઠ્યન્ત નામને; નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. सर्पिषो ज्ञानम् અને गणधरस्योक्तिः આ વિગ્રહમાં અનુક્રમે 'कर्मणि कृतः २-२-८३' અને 'कर्त्तरि २-२-८६' થી વિધાન કરાએલી ષષ્ઠી વિભક્ત્યન્ત सर्पिष् અને गणधर નામને; અનુક્રમે ज्ञान અને उक्ति નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી सर्पिर्ज्ञानम् અને गणधरोक्तिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઘીંનું જ્ઞાન. ગણધરભગવન્તનું કથન. ॥૭૭॥

● ● ●

## याजकादिभिः ३।१।७८॥

षष्ठ्यन्त નામને याजकादि ગણપાઠમાંના याजक વગેરે નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. ब्राह्मणानां याजकः અને गुरोः पूजकः આ વિગ્રહમાં षष्ठ्यन्त ब्राहमण અને गुरु નામને અનુક્રમે याजक અને पूजक નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી ब्राह्मणयाजकः અને गुरुपूजकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - યજ્ઞ કરતા બ્રાહ્મણોને પ્રેરણા કરનારો. ગુરુની પૂજા કરનારો. ब्राह्मणयाजकः ઇત્યાદિ સ્થળે યદ્યપિ 'कृति ૩-૧-૭૭' થી સમાસની પ્રાપ્તિ છે. પરન્તુ 'कर्मजा तृचा च ૩-૧-૮૩' થી તેનો નિષેધ થવાથી સમાસના વિધાન માટે આ સૂત્રનું તેના (૩-૧-૮૩ ના) અપવાદ રૂપે પ્રણયન છે. સૂત્રમાં બહુવચનનો નિર્દેશ आकृतिगण ના નિર્દેશ માટે છે. તેથી तुल्यार्थक નામોની સાથે

પણ ષષ્ઠ્યન્ત નામને યથાપ્રયોગ આ સૂત્રથી જ तत्पुरुष સમાસ થાય છે. દા.ત. गुरुसदृशः गुरुसमः... ઇત્યાદિ. ॥૭૮॥

● ● ●

## *पत्ति - रथौ गणकेन ३।१।७९॥*

ષષ્ઠ્યન્ત पत्ति અને रथ નામને गणक નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. આ સૂત્રમાં પણ પૂર્વે જણાવ્યા મુજબ 'कर्मजा० ૩-૧-૮૩' નું अपवादत्व સમજી લેવું. पत्तीनां गणकः અને रथानां गणकः આ વિગ્રહમાં ષષ્ઠ્યન્ત पत्ति અને रथ નામને गणक નામની સાથે આ સૂત્રથી तत्पुरुष સમાસાદિ કાર્ય થવાથી पत्तिगणकः અને रथगणकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - पत्ति (દૂત વગેરે) ઓને ગણવાવાલો. રથોને ગણવાવાલો. पत्तिरथाविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ षष्ठ्यन्त पत्ति અને रथ નામને જ गणक નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. તેથી धनस्य गणकः અહીં धन નામને गणक નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. તેમ જ 'कर्मजा तृचा च ૩-૧-૮૩' થી સમાસનો નિષેધ થવાથી 'कृति ૩-૧-૭૭' થી પણ સમાસ થતો નથી. અર્થ - ધનને ગણનારો. ॥૭૯॥

● ● ●

## *सर्वपश्च्यादादयः ३।१।८०॥*

सर्वपश्चात्..... વગેરે ષષ્ઠીતત્પુરુષ સમાસોનું નિપાતન કરાય છે. सर्वेषां पश्चात् અને सर्वेषां चिरम् આ વિગ્રહમાં આ સૂત્રથી ષષ્ઠ્યન્ત सर्व નામને ક્રમશઃ पश्चात् અને चिरम् અવ્યયની સાથે તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી सर्वपश्चात् અને सर्वचिरम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બધાની પાછળ. બધાની પહેલા. सर्वेषां पश्चाद् ઇત્યાદિ વિગ્રહમાં 'षष्ठ्य० ३-१-७६'

થી પ્રાપ્ત સમાસનો 'तृप्तार्थ - पूरणा० ૩-૧-૮૫' થી નિષેધ થવાથી આ સૂત્રનું પ્રણયન કર્યું છે. અહીં સૂત્રમાં બહુવચનનો નિર્દેશ શિષ્ટ પ્રયોગના અનુસરણ માટે છે - એ યાદ રાખવું. ॥૮૦॥

● ● ●

## *अकेन क्रीडाऽऽजीवे ३।१।८१॥*

क्रीडा અને आजीविका અર્થ ગમ્યમાન હોય તો षष्ठ्यन्त નામને अक પ્રત્યયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. उद्दालकपुष्पाणां भञ्जिका અને नखानां लेखकः આ વિગ્રહમાં षष्ठ्यन्त उद्दालकपुष्प નામને अक પ્રત્યયાન્ત भञ्जिका નામની સાથે અને षष्ठ्यन्त नख નામને अक પ્રત્યયાન્ત लेख નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી उद्दालकपुष्पभञ्जिका અને नखलेखकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઉદ્દાલક પુષ્પ તોડવાની રમત વિશેષ. નખ લખીને આજીવિકા ચલાવનાર. क्रीडाजीव इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्रीडा અને आजीविका અર્થ ગમ્યમાન હોય તો જ षष्ठ्यन्त નામને अक પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. તેથી पयसः पायकः (पा ધાતુને કર્તામાં 'णक - तृचौ ૫-૧-૪૮' થી णक (अक) પ્રત્યય. 'आत ऐः० ૪-૩-૫૩ ' થી आ ને ऐ આદેશાદિ કાર્ય થવાથી पायकः આવો પ્રયોગ થાય છે.) અહીં क्रीडा અને आजीविका અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી पयस् નામને पायक નામની સાથે તત્પુરુષ સમાસ થતો નથી. તેમજ 'कर्मजा तृचा च ૩-૧-૮૩' થી નિષેધ હોવાથી 'कृति ३-१-७७' થી પણ અહીં સમાસ થતો નથી. આથી સમજી શકાશે કે આ સૂત્ર 'कर्मजा तृचा च ૩-૧-૮૩' નું અપવાદ સૂત્ર છે.

યદ્યપિ उद्दालकस्य पुष्पाणि भज्यन्ते ऽ स्याम् આ અર્થમાં भञ्ज् ધાતુને 'नाम्नि पुंसि च ५-३-१२१' થી અધિકરણમાં अक પ્રત્યયાદિ કાર્ય થવાથી भञ्जिका શબ્દ બને છે. તેથી તે અધિકરણમાં વિહિત અથવા भञ्जनम् भञ्जिका આ રીતે ભાવમાં વિહિત अक (णक) પ્રત્યયાન્ત નામ હોવાથી અથાત્ કર્તામાં વિહિત अक પ્રત્યયાન્ત નામ ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ 'कर्मजा तृचा च ૩-૧-૮૩' થી સમાસનો નિષેધ ન થવાથી उद्दालकपुष्पाणां भञ्जिका અહીં 'कृति

૩-૧-૭૭' થી तत्पुरुष સમાસ સિદ્ધ જ છે; પરંતુ નિત્યસમાસ માટે આ સૂત્રથી સમાસનું વિધાન કર્યું છે. તેમજ नखानां लेखकः અહીં તો 'णक - तृचौ ૫-૧-૪૮' થી કર્તામાં જ વિહિત अक પ્રત્યયાન્ત નામ હોવાથી 'कर्मजा तृचा च ૩-૧-૮૩' થી પ્રાપ્ત નિષેધના નિષેધ સ્વરૂપ પ્રતિપ્રસવ માટે આ સૂત્ર આવશ્યક છે.... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ક્રીડા અને આજીવિકા અર્થ સમાસ વિના વાક્યથી પ્રતીત ન થવાથી અહીં નિત્ય સમાસ છે - એ સ્પષ્ટ છે.... ॥૮૧॥

● ● ●

## न कर्तरि ३।१।८२॥

'कर्तरि २-२-८६' થી કર્તૃવાચક નામને જે ષષ્ઠી વિભક્તિનું વિધાન છે, તે षष्ठ्यन्त નામને अक પ્રત્યયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થતો નથી. तव शायिका અહીં शी ધાતુને 'पर्यायार्ह० ૫-૩-૧૨૦' થી णक પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન अक પ્રત્યયાન્ત शायिका નામની સાથે ષષ્ઠ્યન્ત युष्मद् નામને 'कृति ૩-૧-૭૭' થી પ્રાપ્ત તત્પુરુષ સમાસનો આ સૂત્રથી નિષેધ થાય છે. અર્થ - તારો સુવાનો ક્રમ. कर्तरीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્તા માં જ વિહિત ષષ્ઠ્યન્ત નામને अक પ્રત્યયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થતો નથી. તેથી इक्षूणां भक्षिका આ વિગ્રહમાં 'कर्मणि कृतः ૨-૨-૮૩' થી કર્મવાચક નામને વિહિત જે ષષ્ઠી છે, તે ષષ્ઠ્યન્ત इक्षु નામને अक પ્રત્યયાન્ત भक्षिका નામની સાથે આ સૂત્રથી तत्पुरुष સમાસનો નિષેધ થતો નથી. જેથી 'कृति ૩-૧-૭૭' થી इक्षु નામને भक्षिका નામની સાથે तत्पुरुष સમાસાદિ કાર્ય થવાથી इक्षुभक्षिका આવો પ્રયોગ થાય છે. અર્થ - શેલડી ખાવી. અહીં भक्ष् ધાતુને 'भावे ૫-૩-૧૨૨' થી ભાવમાં સ્ત્રીલિઙ્ગમાં णक પ્રત્યયાદિ કાર્ય થાય છે. આવી જ રીતે तव शायिका અહીં પણ ભાવમાં णक પ્રત્યય થઈ શકે છે. માત્ર ત્યારે ઉદાહરણાર્થ તારું સુવું - આ પ્રમાણે સમજવો. ॥૮૨॥

● ● ●

## *कर्मजा तृचा च ३।१।८३।।*

कर्ममां विहित षष्ठ्यन्त नामने कर्तामां विहित अक प्रत्ययान्त नामनी साथे तेम ज तृच् प्रत्ययान्त नामनी साथे तत्पुरुष समास थतो नथी. भक्तस्य भोजकः अने अपां स्रष्टा अही कर्ममां विहित षष्ठ्यन्त भक्त नामने कर्तामां ('णक - तृचौ ५-१-४८' थी) विहित अक प्रत्ययान्त भोजक नामनी साथे 'कृति ३-१-७७' थी तत्पुरुष समासनी प्राप्ति हती. तेनो आ सूत्रथी निषेध थाय छे. आवी ज रीते कर्ममां विहित षष्ठ्यन्त अप् नामने तृच् प्रत्ययान्त स्रष्टृ नामनी साथे उपर जणाव्या मुजब प्राप्त समासनो आ सूत्रथी निषेध थाय छे. अर्थक्रमशः - भात खानार. पाणी सर्जनार (रचनार). कर्मजेति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब 'कर्मणि कृतः २-२-८३' थी कर्ममां ज विहित षष्ठ्यन्त नामने कर्तामां विहित अक प्रत्ययान्त नामनी साथे अने तृच् प्रत्ययान्त नामनी साथे तत्पुरुष समासनो निषेध थाय छे. तेथी गुणो गुणिविशेषकः अहीं गुणिनां विशेषकः आ विग्रहमां 'शेषे २-२-८१' थी विहित षष्ठ्यन्त गुणिन् नामने कर्तामां विहित अक प्रत्ययान्त विशेषक नामनी साथे तत्पुरुष समासनो आ सूत्रथी निषेध थतो नथी. जेथी 'षष्ठ्ययत्नाच्छेषे ३-१-७६' थी तत्पुरुष समासादि कार्य थाय छे. अर्थ - गुण गुणीनो विशेषक छे. कर्तरीत्येव = आ सूत्रथी उपर जणाव्या मुजब कर्ममां विहित षष्ठ्यन्त नामने कर्तामां ज विहित अक प्रत्ययान्त नामनी साथे अने तृच् प्रत्ययान्त नामनी साथे तत्पुरुष समास थतो नथी. तेथी पयसः पायिका अहीं 'भावे ५-३-१२२' थी भावमां विहित अक प्रत्ययान्त पायिका नामनी साथे तादृश षष्ठ्यन्त पयस् नामने तत्पुरुष समासनो आ सूत्रथी निषेध थतो न होवाथी 'कृति ३-१-७७' थी तत्पुरुष समासादि कार्य बाद पयःपायिका आवो प्रयोग थाय छे. अर्थ - दूध पीवुं ते. ।।८३।।

● ● ●

## *तृतीयायाम् ३।१।८४।।*

कर्तृ वाचक नामने तृतीया थई होय तो 'कर्मणि० २-२-८३' थी विहित षष्ठ्यन्त नामने तत्पुरुष समास थतो नथी. आश्चर्यो गवां दोहोऽ

गोपालकेन અહીં કર્મમાં વિહિત ષષ્ઠ્યન્ત गो નામને दोह નામની સાથે 'कृति ३-१-७७' થી સમાસની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી तत्पुरुष સમાસ થતો નથી. અર્થ - ગોવાળીયાથી ભિન્ન વ્યક્તિવડે ગાયોનું દોહવું આશ્ચર્ય છે. आश्चर्यो गवां दोहोऽ गोपालकेन અહીં अगोपालक નામને 'कर्तरि २-२-८६' થી નિત્ય ષષ્ઠીની પ્રાપ્તિ હતી. પરંતુ 'द्विहेतो० २-२-८७' થી તેનો વિકલ્પથી નિષેધ થવાથી તે નામને 'हेतु-कर्तृ० २-२-४४' થી તૃતીયા વિભક્તિ થાય છે. तृतीयायामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कर्तृ વાચક નામને તૃતીયા વિભક્તિ થઇ હોય તો જ કર્મમાં વિહિત ષષ્ઠ્યન્ત નામને तत्पुरुष સમાસ થતો નથી. તેથી शब्दानुशासनं गुरोः અહીં 'द्विहेतो० २-२-८७' થી कर्तृ વાચક गुरु નામને વિકલ્પપક્ષમાં ષષ્ઠીનો નિષેધ ન થવાથી कर्तरि २-२-८६' થી ષષ્ઠી વિભક્તિ થઇ છે. અહીં કર્તૃવાચક નામ તૃતીયામાં ન હોવાથી शब्दानामनुशासनम् આ વિગ્રહમાં કર્મમાં વિહિત ષષ્ઠ્યન્ત शब्द નામને अनुशासन નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસનો નિષેધ થતો નથી. જેથી 'कृति ३-१-७७' થી तत्पुरुष સમાસ થાય છે. વિકલ્પપક્ષમાં शब्दानामनुशासनं गुरुणा આવો પણ પ્રયોગ થાય છે. અર્થ - ગુરુનું શબ્દાનુશાસન. (વ્યાકરણ.) ॥८४॥

● ● ●

## *तृप्तार्थ पूरणाऽव्ययाऽतृश् शत्रानशा ३।१।८५॥*

षष्ठ्यन्त નામને तृप्तार्थक નામની સાથે; पूरण પ્રત્યયાન્ત નામની સાથે; अव्ययની સાથે; अतृश् (अत) પ્રત્યયાન્ત નામની સાથે; शतृ (अत) પ્રત્યયાન્ત નામની સાથે અને आनश् પ્રત્યયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થતો નથી. फलांना तृप्तः; तीर्थकृतां षोडशः; राज्ञः साक्षात्; रामस्य द्विषन्; चैत्रस्य पचन् અને मैत्रस्य पचमानः અહીં 'षष्ठ्ययत्नाच्छेषे ३-१-७६' થી षष्ठ्यन्त फलादि નામોને तृप्तादि નામોની સાથે ક્રમશઃ સમાસની પ્રાપ્ત હતી. તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. અર્થક્રમશઃ - ફળોથી તૃપ્તિ. તીર્થંકર ભગવન્તોમાં સોળમા. રાજાને સાક્ષાત્. રામસમ્બન્ધી દ્વેષ કરતો. ચૈત્રસમ્બન્ધી રાંધતો. મૈત્ર સમ્બન્ધી રાંધતો. द्विष् ધાતુને 'सुग् - द्विषार्ह० ५-२-२६' થી अतृश्

પ્રત્યયાદિ કાર્ય થવાથી द्विषन् આવો પ્રયોગ થાય છે. पच् ધાતુને 'शत्रानशा० ૫-૨-૨૦' થી અનુક્રમે शतृ અને आनश् પ્રત્યયાદિ કાર્ય થવાથી पचन् અને पचमानः આવો પ્રયોગ થાય છે... ॥૮૫॥

● ● ●

### *ज्ञानेच्छाऽर्चार्थाऽऽधारक्तेन ३।१।८६॥*

ज्ञानार्थक इच्छार्थक અને अर्चार्थक ધાતુઓને વર્તમાન કાળમાં જે क्त પ્રત્યય વિહિત છે; અને 'अद्यर्थाच्चाधारे ૫-૧-૧૨' થી आधार અર્થમાં જે क्त પ્રત્યયનું વિધાન કર્યું છે - તે क्त પ્રત્યયાન્ત નામની સાથે ષષ્ઠ્યન્ત નામને तत्पुरुष સમાસ થતો નથી. राज्ञां ज्ञातः; राज्ञामिष्टः; राज्ञां पूजितः અને इदमेषां यातम् અહીં 'कर्त्तरि ૨-૨-૮૬' થી વિહિત षष्ठ्यन्त राजन् અને एतद् નામને क्त પ્રત્યયાન્ત ज्ञात इष्ट पूजित અને यात નામની સાથે 'कृति ૩-૧-૭૭' થી તત્પુરુષ સમાસની પ્રાપ્તિ હતી; તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. 'ज्ञानेच्छार्चा० ૫-૨-૯૨' થી ज्ञा इष् पूज् ધાતુને વર્તમાનમાં क्त પ્રત્યય થયો છે. અને या ધાતુને ઉપર જણાવ્યા મુજબ आधार માં क्त પ્રત્યય થયો છે. અર્થક્રમશઃ - રાજાઓથી જણાતો. રાજાઓથી ઈચ્છાતો. રાજાઓથી પૂજાતો. આ લોકોનું જવાનું આ સ્થાન. ॥૮૬॥

● ● ●

### *अस्वस्थगुणैः ३।१।८७॥*

अस्वस्थ ગુણવાચક નામની સાથે षष्ठ्यन्त નામને तत्पुरुष સમાસ થતો નથી. જે નામો ક્યારે પણ ગુણવિશિષ્ટ દ્રવ્યને સમજાવતા નથી પરંતુ ગુણને જ સમજાવે છે - એ નામોને स्वस्थ ગુણવાચક નામ કહેવાય છે; અને એનાથી ભિન્ન - ગુણ અને ગુણીને સમજાવનારા નામોને अस्वस्थ ગુણવાચક-નામ કહેવાય છે. સામાન્યતઃ કેવલવ્યાપક ગુણવાચક वर्ण रूप रस गन्ध स्पर्श - આ નામો स्वस्थ

ગુણવાચક છે અને તદ્વ્યાપ્ય ગુણવાચક શુક્લ મધુર સુરભિ શીત વગેરે નામો અસ્વસ્થ ગુણવાચક છે. पटस्य शुक्लः અને गुडस्य मधुरः અહીં ષષ્ઠ્યન્ત पट અને गुड નામને અસ્વસ્થ ગુણવાચક શુક્લ અને મધુર નામની સાથે 'षष्ठ्यय० ३-१-७६' થી તત્પુરુષ સમાસની પ્રાપ્તિ હતી; તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. અર્થક્રમશઃ - પટનું ધોળું રૂપ. ગોળનો મધુરરસ. अस्वस्थगुणैरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસ્વસ્થ જ ગુણવાચક નામની સાથે षष्ठ्यन्त નામનો તત્પુરુષ સમાસ થતો નથી. તેથી घटस्य वर्णः અને चन्दनस्य गन्धः આ વિગ્રહમાં ષષ્ઠ્યન્ત घट અને चन्दन નામને અનુક્રમે સ્વસ્થ ગુણવાચક वर्ण અને गन्ध નામની સાથે આ સૂત્રથી तत्पुरुष સમાસનો નિષેધ થતો નથી. જેથી 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી तत्पुरुष સમાસાદિ કાર્ય થવાથી घटवर्णः અને चन्दनगन्धः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઘટનો વર્ણ. ચન્દનનો ગન્ધ. અહીં યાદ રાખવું જોઈએ કે - આ સૂત્રમાં गुण શબ્દથી લોકપ્રસિદ્ધ રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ આ ચાર જ ગુણોનું ગ્રહણ કર્યું છે. તેથી यत्नगौरवम् प्रक्रियालाघवम् मतिवैगुण्यम् करणपाटवम् पुरुषसामर्थ्यम् गोसहस्रम् समाहारैकत्वम्... ઇત્યાદિ સ્થળે આ સૂત્રથી સમાસનો નિષેધ થતો નથી. પરન્તુ 'षष्ठ्यय० ३-१-७६' થી षष्ठी तत्पुरुष સમાસ થાય છે જ. बहुलाधिकार ચાલુ હોવાથી कण्टकस्य तैक्ष्ण्यम् वृषलस्य धार्ष्ट्यम्.... ઇત્યાદિ સ્થળે સમાસ થતો નથી.... ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥८७॥

● ● ●

## *सप्तमी शौण्डाद्यैः ३।१।८८॥*

'शौण्डादि' ગણપાઠમાંના शौण्ड વગેરે નામની સાથે; सप्तम्यन्त નામને तत्पुरुष સમાસ થાય છે. पाने (प्रसक्तः) शौण्डः અને अक्षेषु धूर्त्तः આ વિગ્રહમાં સપ્તમ્યન્ત पान અને अक्ष નામને આ સૂત્રથી અનુક્રમે शौण्ड અને धूर्त्त નામની સાથે તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી पानशौण्डः અને अक्षधूर्त्तः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પીવાનો વ્યસની. પાસા નાંખવામાં ધૂર્ત. ॥૮૮।

● ● ●

## सिंहाद्यैः पूजायाम् ३/१/८९//

સપ્તમ્યન્ત નામને 'सिंहादि' ગણપાઠમાંના सिंह વગેરે નામની સાથે પૂજા અર્થ ગમ્યમાન હોય તો तत्पुरुष સમાસ થાય છે. समरे सिंह इव અને भूमौ वासव इव આ વિગ્રહમાં સપ્તમ્યન્ત समर અને सिंह નામની સાથે સપ્તમ્યન્ત भूमि નામને वासव નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી समरसिंहः અને भूमिवासवः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - યુદ્ધમાં સિંહ સમાન. પૃથ્વી ઉપર ઈન્દ્ર સમાન. ॥૮૯॥

● ● ●

## काकाद्यैः क्षेपे ३/१/९०//

નિન્દા અર્થ ગમ્યમાન હોય તો સપ્તમ્યન્ત નામને 'काकादि' ગણપાઠમાંના काक વગેરે નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. तीर्थे काक इव અને तीर्थे श्वेव આ વિગ્રહમાં આ સૂત્રથી સપ્તમ્યન્ત तीर्थ નામને અનુક્રમે काक અને श्वन् નામની સાથે તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી तीर्थकाकः અને तीर्थश्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તીર્થમાં કાગડા જેવો. તીર્થમાં કુતરા જેવો. क्षेप इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિન્દા અર્થ ગમ્યમાન હોય તો જ સપ્તમ્યન્ત નામને 'काकादि' ગણપાઠમાંના काक વગેરે નામની સાથે તત્પુરુષ સમાસ થાય છે. તેથી 'तीर्थे काकोऽस्ति' અહીં નિન્દા અર્થ ગમ્યમાન ન હોવાથી तीर्थ નામને काक નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - તીર્થમાં કાગડો છે. ॥૯૦॥

● ● ●

## पात्रेसमितेत्यादयः ३/१/९१//

નિન્દા અર્થ ગમ્યમાન હોય તો; पात्रेसमिता... ઈત્યાદિ सप्तमीतत्पुरुष સમાસનું નિપાતન કરાય છે. पात्रे एव समिताः અને गेहे एव शूरः આ વિગ્રહમાં

સપ્તમ્યન્ત पात्र અને गेह નામને અનુક્રમે समित અને शूर નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિપાતનના કારણે નિષેધ થવાથી पात्रेसमिताः અને गेहेशूरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ભોજનના પાત્રમાં જ અર્થાદ્ જમતી વખતે જ મળનારા. ઘરમાં જ શૂર. पात्रेसमित ઈત્યાદિ નામને અથવા पात्रेसमित ઈત્યદિ નામની સાથે સમાસાન્તરનો નિષેધ કરવા માટે સૂત્રમાં इति શબ્દનો પ્રયોગ છે. તેથી परमाः पात्रेसमिताः અને पात्रेसमितानां पुत्रः અહીં સમાસ થતો નથી. અન્યથા અહીં कर्मधारय અને षष्ठीतत्पुरुष સમાસ થયો હોત - એ યાદ રાખવું. ॥૯૧॥

● ● ●

## क्तेन ३।१।९२॥

નિન્દા અર્થ ગમ્યમાન હોય તો सप्तम्यन्त નામને क्त प्रत्ययान्त નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. भस्मनि हुतम् અને अवतप्ते नकुलस्थितम् આ વિગ્રહમાં सप्तम्यन्त भस्मन् અને अवतप्त નામને क्त प्रत्ययान्त हुत અને नकुलस्थित નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપ નો 'तत्पुरुषे० ૩-૨-૨૦' થી નિષેધ થવાથી भस्मनिहुतम् અને अवतप्तेनकुलस्थितम् આવો પ્રયોગ થાય છે.અર્થક્રમશઃ - રાખમાં હોમ્યું. સન્તપ્ત ભૂમિ ઉપર નોળીયાનું રહેવું. નિષ્ફળ કાર્ય કરનારની भस्मनिहुतम् આ પ્રયોગ દ્વારા નિન્દા સૂચિત થાય છે. નોળીયા સન્તપ્ત ભૂમિ ઉપર રહી શકતા નથી. તેની અનવસ્થિતિની જેમ; ચંચલ સ્વભાવવાલાની કોઈ પણ કાર્યમાં સ્થિરતા ન હોવાથી તેની અનવસ્થિતિને જણાવવા દ્વારા अवतप्तेनकुलस्थितम् આ પ્રયોગથી નિન્દા કરાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે - अवतप्तेनकुलस्थितम् અહીં सप्तम्यन्त નામને नकुलस्थित નામની સાથે યદ્યપિ સમાસ થાય છે, પરન્તુ તે નામ क्त प्रत्ययान्त નથી. स्था ધાતુને અહીં क्त પ્રત્યય વિહિત હોવાથી स्थित નામ क्त प्रत्ययान्त છે. તેથી અહીં આ સૂત્રથી સમાસ થવો જોઈએ નહીં. પરન્તુ 'कृत् सगतिकारकस्याऽपि ૭-૪-૧૧૭' થી नकुलस्थित નામ પણ क्त प्रत्ययान्त મનાતું હોવાથી અહીં સમાસ અનુપપન્ન નથી.. ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું ॥૯૨॥

● ● ●

सप्तम्यन्त तत्र આ નામને તેમ જ દિવસ અને રાત્રિના અંશ વાચક સપ્તમ્યન્ત નામને क्त પ્રતયયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. આ સૂત્રનું પૃથગ્ નિર્માણ હોવાથી આ સૂત્રમાં क्षेपे ની અનુવૃત્તિ નથી. तत्र कृतम्; पूर्णाह्णे कृतम् અને पूर्वरात्रे कृतम् (अह्नः पूर्वम् અને रात्रेः पूर्वम् આ વિગ્રહમાં 'पूर्वापरा० ३-१-५२' થી तत्पुरुष સમાસાદિ કાર્યથી નિષ્પન્ન पूर्वाहन् નામને 'सर्वांश० ७-३-११८' થી સમાસાન્ત अट् પ્રત્યય; अहन् ને अह्न આદેશ. 'अतो० २-३-७२' થી अह्न ના न् ને ण् આદેશાદિ કાર્ય થવાથી पूर्वाह्ण નામ બને છે. અને पूर्वरात्रि નામને 'संख्यातै० ७-३-११९' થી સમાસાન્ત अत् પ્રત્યય; તેની પૂર્વેના इ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ થવાથી पूर्वरात्र નામ બને છે.) આ વિગ્રહમાં આ સૂત્રથી तत्र; पूर्वाह्ण અને पूर्वरात्र નામને कृत નામની સાથે તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી तत्रकृतम् पूर्वाह्णकृतम् અને पूर्वरात्रकृतम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ત્યાં કરેલું. દિવસના પૂર્વભાગમાં કરેલું. રાત્રિના પૂર્વ ભાગમાં કરેલું. तत्राहोरात्रांशमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સપ્તમ્યન્ત तत्र અને દિવસ તથા રાત્રિના જ અંશ વાચક નામને જ क्त પ્રત્યયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. તેથી घटे कृतम् અહીં घट નામને कृत નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - ઘટમાં કરેલું. अहोरात्रग्रहणं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સપ્તમ્યન્ત तत्र અને દિવસ તથા રાત્રિના જ અંશ વાચક નામને क्त પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરુષ સમાસ. તેથી शुक्लपक्षे कृतम् આ વિગ્રહમાં માસના અંશવાચક સપ્તમ્યન્ત शुक्लपक्ष નામને कृत નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - શુક્લપક્ષમાં કરેલું. अंशमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सप्तम्यन्त तत्र અને દિવસ તથા રાત્રિના અંશવાચક જ નામને क्त પ્રત્યયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. તેથી अह्नि भुक्तम् અને रात्रौ नृत्तम् અહીં सप्तम्यन्त अहन् અને रात्रि નામ તદંશવાચક ન હોવાથી તેને क्त પ્રત્યયાન્ત भुक्त અને नृत्त નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થક્રમશઃ - દિવસે ખાધું. રાત્રે નચાયું. बहुलाधिंकार આ સૂત્રમાં પણ હોવાથી रात्रिवृत्तम् सन्ध्यागर्जितम्... ઇત્યાદિ સ્થળે સપ્તમ્યન્ત નામ अहोरात्रांश વાચક ન હોવા છતાં તેને क्त પ્રત્યયાન્ત वृत्त અને गर्जित નામની સાથે

આ સૂત્રથી સમાસ થાય છે... ઇત્યાદિ અન્યત્રથી જાણી લેવું. ॥૯૩॥

● ● ●

## *नाम्नि ३/१/९४॥*

सप्तम्यन्त નામને નામની સાથે સંજ્ઞાના વિષયમાં तत्पुरुष સમાસ થાય છે. अरण्ये तिलकाः અને अरण्ये माषकाः આ વિગ્રહમાં (સમાસના કારણે જ સંજ્ઞા ગમ્યમાન હોવાથી વાક્યથી તે પ્રતીત થતી નથી. જેથી **અહીં નિત્ય** સમાસ છે. વિગ્રહવાક્ય માત્ર પૂર્વોત્તર પદનો વિભાગ જણાવવા માટે છે.) સપ્તમ્યન્ત अरण्य નામને અનુક્રમે तिलक અને माषक નામની સાથે આ સૂત્રથી સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો 'अदूव्यञ्जनात्० ३-२-१८' થી નિષેધ થવાથી अरण्येतिलकाः અને अरण्येमाषकाः આવો પ્રયોગ થાય છે. બંન્ને ઔષધિ વિશેષનાં નામ છે. ॥૯૪॥

● ● ●

## *कृत्येनाऽऽवश्यके ३/१/९५॥*

अवश्यम्भाव અર્થ ગમ્યમાન હોય તો सप्तम्यन्त નામને; 'य एच्चाऽऽतः ५-१-२८' થી વિહિત कृद् य પ્રત્યયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. मासे ऽवश्यं देयम् આ વિગ્રહમાં સપ્તમ્યન્ત मास નામને ઉપર જણાવ્યા મુજબ સૂ.નં. ૫-૧-૨૮ થી વિહિત कृद् य પ્રત્યયાન્ત देय નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી मासदेयम् આવો પ્રયોગ થાય છે. અર્થ - મહિનામાં અવશ્ય આપવા યોગ્ય. कृदिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अवश्यम्भाव ગમ્યમાન હોય તો सप्तम्यन्त નામને, તાદશ કૃદ્ જ य પ્રત્યયાન્ત નામની સાથે तत्पुरुष સમાસ થાય છે. તેથી मासे पित्र्यम् અહીં पितृ નામને 'तस्मै हिते ७-१-३५' થી વિહિત તદ્ધિત य પ્રત્યયાન્ત पित्र्य નામની સાથે સપ્તમ્યન્ત मास નામને આ સૂત્રથી તત્પુરુષ સમાસ થતો નથી. અર્થ - મહિનામાં અવશ્ય કરવા યોગ્ય પિતા સમ્બન્ધી કર્મ. बहुलाधिकार वर्त्तमान

હોવાથી संवत्सरे कर्त्तव्यम् આ વિગ્રહમાં અવશ્યંભાવ ગમ્યમાન હોવાથી तव्य પ્રત્યયા (कृद् य પ્રત્યયાન્ત નામ ન હોવા છતાં) कर्त्तव्य નામની સાથે સપ્તમ્યન્ત संवत्सर નામને આ સૂત્રથી तत्पुरुष સમાસાદિ કાર્ય થવાથી संवत्सरकर्त्तव्यम् આવો પ્રયોગ થાય છે. ॥૯૫॥

● ● ●

## *विशेषणं विशेष्येणैकार्थं कर्मधारयश्च ३।१।९६॥*

એકાર્થક (સમાનાર્થક) વિશેષણ વાચક નામને વિશેષ્ય વાચક નામની સાથે ऐकार्थ्य રૂપ સામર્થ્યમાં तत्पुरुष અને कर्मधारय સમાસ થાય છે. અર્થાદ્ આ तत्पुरुष સમાસને कर्मधारय સમાસ પણ કહેવાય છે. જેથી સંજ્ઞાદ્વય પ્રયુક્ત કાર્ય યથાપ્રાપ્ત થાય છે. અહીં સૂત્રમાં च નું ગ્રહણ तत्पुरुष અને कर्मधारय - આ બંન્નેનો સમાવેશ કરવા માટે છે. અન્યથા च ના ગ્રહણથી तत्पुरुष સંજ્ઞાનું અનુકર્ષણ કર્યું હોત તો ઉત્તરસૂત્રોમાં 'चानुकृष्टं नानुवर्त्तेत' આ ન્યાયથી તેની અનવૃત્તિ જાત નહીં.

શબ્દના પ્રયોગમાં જે ગુણાદિ નિમિત્ત બને છે તેને તે શબ્દનું પ્રવૃત્તિ નિમિત્ત કહેવાય છે. શબ્દના પ્રકૃતિ - પ્રત્યય રૂપ અવયવોના અર્થના અનુસન્ધાનથી પ્રતીત થતો અર્થ; શબ્દનું व्युत्पत्तिनिमित्त કહેવાય છે ક્વચિત્ શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત અને વ્યુત્પત્તિનિમિત્ત એક જ હોય છે. દા.ત. कारक વગેરે અન્વર્થ શબ્દો; અને ક્વચિત્ શબ્દોનું પ્રવૃત્તિનિમિત્ત; વ્યુત્પત્તિનિમિત્તથી ભિન્ન હોય છે. દા.ત. गो વગેરે. गो શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત गोत्व जाति છે. અને વ્યુત્પત્તિનિમિત્ત (गच्छतीति गौः (गम् + डो) આ વ્યુત્પત્તિથી) ગમન ક્રિયા છે. જે શબ્દોનું પ્રવૃત્તિનિમિત્ત ભિન્ન ભિન્ન છે પરંતુ તે એક અર્થને જણાવતા હોય તો તે શબ્દોને एकार्थ (एकार्थक) કહેવાય છે. શબ્દોના એકાર્થવાચકત્વને જ એકાધિકરણ (વાચ્યતા સંબંધથી સમાનાધિકરણ) વૃત્તિત્વ સ્વરૂપ सामानाधिकरण्य અથવા ऐकार्थ्य કહેવાય છે. આથી સ્પષ્ટ છે કે - भिन्नप्रवृत्तिनिमित्तयोः शब्दयोरेकस्मिन्नर्थे वृत्तिरैकार्थ्यम् અર્થાદ્ ભિન્ન ભિન્ન પ્રવૃત્તિનિમિત્તવાલા બે શબ્દોનું એક પદાર્થમાં રહેવું (વાચ્યતા સમ્બન્ધથી રહેવું એટલે કે એક અર્થનું વાચક થવું) - એ ऐकार्थ्य છે.

અનેક પ્રકારવાળી વસ્તુને જેના વડે વિશેષિત કરાય છે - અર્થાત્

પ્રકારાન્તરથી વ્યાવૃત્ત કરાય છે; તેને विशेषण - व्यावर्त्तक કહેવાય છે. नीलत्व पीतत्वादि પ્રકારાપન્ન उत्पलेने; नीलोत्पलम् આ પ્રમાણે नील પદના પ્રયોગથી; પીતત્વાદિ પ્રકારોથી વ્યાવૃત્ત કરાય છે. તેથી અહીં नील પદ વિશેષણ વાચક છે; અને विशेषण થી व्यवछेद्य उत्पल विशेष्य છે... ઇત્યાદિ સ્પષ્ટ પ્રાયઃ છે. विशेषण વાચક નામ અને विशेष्य વાચક નામ पिता - पुत्रादि ની જેમ નિત્ય સાપેક્ષ હોવાથી સૂત્રમાં વિશેષણ અને વિશેષ્ય - એ બેમાંથી કોઈ એકના જ ઉપાદાનથી બીજાનું ઉપાદાન શક્ય છે; તેથી ઉભયનું ઉપાદાન યદ્યપિ આવશ્યક નથી. પરંતુ વિશેષણ અને વિશેષ્ય પ્રત્યેક, જ્યારે વ્યવચ્છેદ્ય અને વ્યવચ્છેદક હોય છે, ત્યારે જ ઉપર જણાવ્યા મુજબ તાદશ વિશેષણવાચક નામને વિશેષ્યવાચક નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ થાય છે - એ જણાવવાં માટે પ્રકૃત સૂત્રમાં विशेषण અને विशेष्य ઉભયનું ગ્રહણ કર્યું છે. नील પદાર્થ उत्पल અને उत्पलेतर घटादि પણ હોય છે. તેમ જ उत्पल પદાર્થ नीलरूपाश्रय અને तदिरपीत्तादिरूपाश्रय પણ હોય છે. તેથી नील પદ પીતાદિનું વ્યાવર્ત્તક બને છે અને उत्पल પદ ઘટાદિનું વ્યાવર્ત્તક બને છે. આવા સ્થળે આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસનું વિધાન છે. પરંતુ तक्षको लोहितः અહીં तक्षक ભિન્ન; લોહિત હોવા છતાં तक्षक लोहित ભિન્ન ન હોવાથી પ્રત્યેકમાં વ્યવચ્છેદ્ય - વ્યવચ્છેદકત્વ નથી. જેથી આવા સ્થળે સમાસનું વિધાન ન થાય - એ માટે આ સૂત્રમાં विशेषण - विशेष्य ઉભયનું ગ્રહણ છે... ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે.

नीलञ्च तदुत्पलम्; खञ्जश्चासौ कुण्टः અને कुण्टश्चासौ खञ्जः આ વિગ્રહમાં વિશેષણવાચક नील खञ्ज અને कुण्ट નામને અનુક્રમે વિશેષ્યવાચક उत्पल कुण्ट અને खञ्ज નામની સાથે આ સૂત્રથી तत्पुरुष - कर्मधारय સમાસાદિ કાર્ય થવાથી नीलोत्पलम् खञ्जकुण्टः અને कुण्टखञ्जः આવો પ્રયોગ થાય છે. नीलोत्पलम् અહીં ઉપર જણાવ્યા મુજબ नील અને उत्पल - પ્રત્યેકમાં વ્યવચ્છેદ્યવ્યવચ્છેદકત્વ હોવાથી नील પદાર્થમાં વિશેષણત્વના તાત્પર્યથી જેમ नीलोत्पलम् આવો પ્રયોગ થાય છે, તેમ उत्पल પદાર્થમાં વિશેષણત્વના તાત્પર્યથી उत्पलनीलम् આવા પ્રયોગનો પ્રસઙ્ગ યદ્યપિ સંભવે છે. પરન્તુ 'प्रधानानुयाय्यप्रधानम्' અર્થાત્ 'અપ્રધાન પ્રધાનની સાથે અન્વિત થાય છે.' આ ન્યાયના સામર્થ્યથી અહીં કર્મધારય સમાસમાં પ્રધાન નામનો परनिपात (ઉત્તરપદ રૂપે પ્રયોગ) જ થાય છે. દ્રવ્યવાચક નામનો ક્રિયાપદની સાથે

સાક્ષાદન્વય થતો હોવાથી ગુણવાચકાદિ નામોની અપેક્ષાએ દ્રવ્યવાચક નામમાં પ્રાધાન્ય મનાય છે. તેથી नीलोत्पलम् અહીં દ્રવ્યવાચક ઉત્પલ નામનો સમાસમાં परनिपात જ થશે, પૂર્વમાં નિપાત નહીં થાય... ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ત્યાં સુધી આ વિષયમાં યાદ રાખવું જોઇએ કે - 'जातितद्भिन्नप्रवृत्तिनिमित्तकानां शब्दानां मध्ये जातिप्रवृत्तिनिमित्तकमेव विशेष्यवाचकम्' અર્થાદ્ 'જાતિપ્રવૃત્તિનિમિત્તક શબ્દ અને જાતિથી ઇતર ગુણાદિ પ્રવૃત્તિનિમિત્તક શબ્દોમાં જાતિપ્રવૃત્તિનિમિત્તક જ શબ્દ વિશેષ્યવાચક બને છે. આ નિયમથી नीलोत्पलम् અહીં ગુણપ્રવૃત્તિનિમિત્તક नील અને उत्पलत्व જાતિપ્રવૃત્તિનિમિત્તક उत्पल શબ્દમાં; उत्पल જ શબ્દ વિશેષ્યવાચક મનાય છે. नील પદમાં વિશેષ્યવાચકત્વ મનાતું નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી વિહિત कर्मधारय - तत्पुरुष સમાસમાં नील પદનો પૂર્વ જ પ્રયોગ થાય છે. खञ्जकुण्टः અને कुण्टखञ्जः અહીં खञ्ज અને कुण्ट શબ્દ ગુણપ્રવૃત્તિનિમિત્તક હોવાથી વક્તાની ઇચ્છાનુસાર પ્રત્યેકમાં વિશેષણત્વ અને વિશેષ્યત્વના તાત્પર્યથી खञ्ज અને कुण्ट નામનો ક્રમિક પૂર્વ પ્રયોગ થાય છે - એ સ્પષ્ટ છે. અર્થક્રમશઃ- નીલકમળ. લંગડો લુલો. લુલો લંગડો.

एकार्थमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એકાર્થક જ विशेषण વાચક નામને વિશેષ્યવાચક નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. તેથી वृद्धस्योक्षा આ વિગ્રહમાં वृद्ध નામને उक्षन् નામની સાથે આ સૂત્રથી तत्पुरुष - कर्मधारय સમાસ થતો નથી. અહીં वृद्ध અને उक्षन् ને ભેદ સમ્બન્ધથી વિશેષણ - વિશેષ્યભાવ છે, અભેદ સમ્બન્ધથી નથી. તેથી વિશેષણવાચક वृद्ध નામ અહીં સમાનાર્થક (વિશેષ્ય સમાનાર્થક) ન હોવાથી આ સૂત્રથી તેને વિશેષ્યવાચક उक्षन् નામની સાથે कर्मधारय સમાસ થતો નથી. પરન્તુ 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી ષષ્ઠીતત્પુરુષ સમાસાદિ કાર્ય થાય છે. જેથી वृद्धोक्षा આવો પ્રયોગ થાય છે. અર્થ - વૃદ્ધનો બળદ. वृद्धोक्षा અહીં कर्मधारय સમાસ થતો ન હોવાથી 'जातमहद्० ७-३-९५' થી સમાસાન્ત अत् પ્રત્યય પણ થતો નથી. અન્યથા वृद्धस्योक्षा આ વિગ્રહમાં પણ वृद्धोक्षः આવો પ્રયોગ થયો હોત. આ સૂત્રથી બહુલાધિકારના કારણે रामो जामदग्न्यः अर्जुनः कार्त्तवीर्यः... ઇત્યાદિ સ્થળે સમાસ થતો નથી. તેમ જ कृष्णसर्पः नरसिंहः... ઇત્યાદિ સ્થળે નિત્ય સમાસ થાય છે. ઇત્યાદિ બૃહદ્વૃત્તિથી જાણવું... ॥૯૬॥

● ● ●

## पूर्वकालैक - सर्व - जरत् - पुराण - नव - केवलम् ३।१।९७॥

पूर्व છે કાલ જેનો पूर्वकालार्थक એવા एकार्थ નામને તેમ જ एकार्थ - एक, सर्व, जरत्, पुराण, नव અને केवल નામને; નામની સાથે तत्पुरुष - कर्मधारय સમાસ થાય છે. पूर्वं स्नातः पश्चादनुलिप्तः આ વિગ્રહમાં પૂર્વકાલાર્થક (પૂર્વકાલીન સ્નાન ક્રિયા વિશિષ્ટાર્થક) स्नात નામને, अनुलिप्त નામની સાથે; एका चासौ शाटी, सर्वञ्च तदन्नम्; जरंश्चासौ गौः; पुराणश्चासौ कविः; नवा चासावुक्तिः અને केवलञ्च तद् ज्ञानम् આ વિગ્રહમાં एका जरद् पुराण नवा અને केवल નામને અનુક્રમે शाटी अन्न गो उक्ति અને ज्ञान નામની સાથે આ સૂત્રથી तत्पुरुषकर्मधारय સમાસ. एका અને नवा નામને 'पुम्वत्कर्मधारये ३-२-५७' થી પુમ્વદ્ભાવ થવાથી आप् પ્રત્યયની નિવૃત્તિ. जरद्गो નામને 'गोस्तत्पुरुषाद् ७-३-१०५' થી સમાસાન્ત अट् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી स्नातानुलिप्तः; एकशाटी ; सर्वान्नम् ; जरद्गवः ; पुराणकविः; नवोक्तिः અને केवलज्ञानम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પહેલા સ્નાન કરેલો પછી ચન્દનાદિનો લેપ કરનારો. એક સાડી (કેવલ સાડી.....). સર્વ - સમ્પૂર્ણ અન્ન. ઘરડો બળદ. પ્રાચીન કવિ. નવી વાણી. કેવલજ્ઞાન. एकार्थ इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ एकार्थक જ पूर्वकाल વાચક અને एक વગેરે નામને નામની સાથે तत्पुरुष - कर्मधारय સમાસ થાય છે. તેથી स्नात्वानुलिप्तः અહીં પૂર્વકાલીન સ્નાનવાચક स्नात्वा નામ अनुलिप्त નામના અર્થનું વાચક ન હોવાથી स्नात्वा નામને अनुलिप्त નામની સાથે આ સૂત્રથી तत्पुरुषकर्मधारय સમાસ થતો નથી. स्नात्वा નામ ક્રિયાવાચક છે અને अनुलिप्त નામ કર્તૃવાચક છે. આથી બંન્ને નામ एकार्थक નથી - એ સમજી શકાય છે. યદ્યપિ स्नातानुलिप्त ઇત્યાદિ સ્થળે 'विशेषणं० ३-१-९६' થી

કર્મધારય સમાસ સિદ્ધ જ છે. પરંતુ જ્યાં પૂર્વાપરીભાવમાં નિયમિતતા નથી, ત્યાં પૂર્વાપરીભાવનું નિયમન કરવા વગેરે માટે આ સૂત્રનો આરંભ છે. તેથી स्नातानुलिप्तः ઇત્યાદિ સ્થળે પ્રત્યેકમાં વ્યવચ્છેદ્ય વ્યવચ્છેદકત્વ હોય તો પણ સૂત્રોક્ત પૂર્વકાલાર્થક અને एकादि નામનો જ સમાસમાં પૂર્વનિપાત થાય છે...ઇત્યાદિ બરાબર સમજી લેવું. ॥૧૭॥

● ● ●

## *दिगधिकं संज्ञा - तद्धितोत्तरपदे ३।१।१८॥*

एकार्थक દિશાવાચક અને अधिक નામને નામની સાથે સંજ્ઞાના વિષયમાં, તદ્ધિત પ્રત્યયના વિષયમાં તેમ જ કોઇ પણ ઉત્તરપદ પરમાં હોય તો तत्पुरुष - कर्मधारय સમાસ થાય છે. संज्ञा ના વિષયમાં - दक्षिणाश्च ते कोशलाः અને पूर्वा चासाविषुकामशमी અહીં દિગ્વાચક दक्षिण અને पूर्वा નામને અનુક્રમે कोशल અને इषुकामशमी નામની સાથે આ સૂત્રથી तत्पुरुष - कर्मधारय સમાસ. 'पुम्वत् कर्म० ३-२-५७' થી पूर्वा નામને પુંવદ્ભાવ (आप् પ્રત્યયની નિવૃત્તિ) વગેરે કાર્ય થવાથી दक्षिणकोशलाः અને पूर्वेषुकामशमी આવો પ્રયોગ થાય છે. બંન્ને દેશવિશેષના નામો છે. અહીં યાદ રાખવું જોઇએ કે दक्षिणकोशला વગેરે સમાસ સ્થળે સમાસ વિના વાક્યથી સંજ્ઞાની પ્રતીતિ થતી નથી; તેથી નિત્યસમાસ છે. માત્ર પૂર્વોત્તરપદનો વિભાગ બતાવવાં માટે ઉપર વાક્યનું પ્રદર્શન છે. तद्धितप्रत्यय ના વિષયમાં - दक्षिणस्यां शालायां भवः અને अधिकया षष्ट्या क्रीतः આ અર્થમાં તદ્ધિત પ્રત્યયના વિધાનના વિષયમાં આ સૂત્રથી દિશા વાચક दक्षिणा નામને शाला નામની સાથે અને अधिका નામને षष्टि નામની સાથે तत्पुरुष - कर्मधारय સમાસ. ઉપર જણાવ્યા મુજબ दक्षिणा

અને अधिका નામને પુંવદ્ભાવ વગેરે કાર્ય થવાથી दक्षिणशाला અને अधिकषष्टि આવા નામ બને છે. ત્યાર બાદ दक्षिणशाला નામને 'भवे ६-३-१२३' ની સહાયથી 'दिक्पूर्वा० ६-३-२३' થી ण (अ) પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી ण ની પૂર્વેના आ નો લોપ. 'वृद्धिः स्वरे० ७-४-१' થી આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ....વગેરે કાર્ય થવાથી दाक्षिणशालः આવો પ્રયોગ થાય છે. 'मूल्यैः क्रीते ६-४-१५०' થી अधिकषष्टि નામને इकण् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી તેની પૂર્વેના इ નો લોપ. 'मान संवत्सर० ७-४-१९' થી षष्टि ના अ ને વૃદ્ધિ आ આદેશ.....વગેરે કાર્ય થવાથી अधिकषाष्टिकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દક્ષિણ દિશાની શાળામાં રહેનાર. એકસો સાઠ આદિથી ખરીદેલો. उत्तरपद પરમાં - उत्तरो गौ र्धनमस्य અને अधिको गौः प्रियोऽस्य આ વિગ્રહમાં 'एकार्थं चा० ३-१-२२' થી ત્રિપદ બહુવ્રીહિ સમાસ. उत्तर અને अधिक નામને અનુક્રમે આ સૂત્રથી तत्पुरुष - कर्मधारय સમાસ. 'गोस्तत्पुरुषात् ७-३-१०५' થી સમાસાન્ત अट् પ્રત્યયાદિ કાર્ય થવાથી उत्तरगवधनः અને अधिकगवप्रियः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઉત્તરનો બળદ છે ધન જેનું તે. અધિક બળદનો પ્રેમી. ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી વિહિત સમાસ; તદ્ધિત પ્રત્યયના વિષયમાં અને ઉત્તરપદ પરમાં પણ નિત્ય સમાસ છે - એ સ્વયં સમજી લેવું.....दक्षिणकोशला ઇત્યાદિ સ્થળે 'विशेषणं० ३-१-९६' થી સમાસ સિદ્ધ હોવા છતાં 'દિશા વાચક નામને અને अधिक નામને સંજ્ઞા અને તદ્ધિતપ્રત્યયના વિષયમાં તથા ઉત્તરપદ પરમાં હોય તો જ तत्पुरुष कर्मधारय સમાસ થાય છે' - એતાદશ નિયમ માટે આ સૂત્રનો આરંભ છે. તેથી સૂ.નં. ૩-૧-૯૬ માં દિશા વાચક નામ અને अधिक નામ એતદતિરિક્તત્વેન સઙ્કોચ થવાથી उत्तरा वृक्षाः ઇત્યાદિ સ્થળે संज्ञातद्धितोत्तरपद સ્વરૂપ નિમિત્તના અભાવમાં સૂ.નં. ૩-૧-૯૬ થી પણ સમાસ થતો નથી.. ઇત્યાદિ અન્યત્રથી સમજી લેવું... ||૯૮||

● ● ●

## सङ्ख्या समाहारे च द्विगुश्चाऽनाम्न्ययम् ३/१/९९॥

समाहारना विषयमां; संज्ञाना विषयमां; तद्धित प्रत्ययना विषयमां अने उत्तरपद परमां होय तो संख्यावाचक नामने नामनी साथे तत्पुरुष कर्मधारय समास थाय छे. आ सूत्रथी विहित आ समासने; संज्ञानो विषय न होय तो द्विगु समास पण कहेवाय छे. संज्ञा ना विषयमां - पञ्च च ते आम्राः अने सप्त च ते ऋषयः आ विग्रहमां आ सूत्रथी संज्ञाना विषयमां सङ्ख्यावाचक पञ्चन् अने सप्तन् नामने; आम्र अने ऋषि नामनी साथे तत्पुरुष कर्मधारय समासादि कार्य थवाथी पञ्चाम्राः अने सप्तर्षयः आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- सन्निवेश (स्थान विशेष) विशेषनुं नाम. नक्षत्रविशेषनुं नाम. तद्धित प्रत्ययना विषयमां - द्वयो र्मात्रो र्भवः अने अध्यर्द्धेन (अर्द्धेन सहितेनैकेनेत्यर्थः) कंसेन क्रीतः आ अर्थमां तद्धित प्रत्ययना विषयमां सङ्ख्यावाचक द्वि नामने अने अध्यर्द्ध नामने (जुओ सू.नं. १-१-४१) अनुक्रमे मातृ नामनी साथे अने कंस नामनी साथे आ सूत्रथी तत्पुरुष - कर्मधारय समासादि कार्यथी निष्पन्न द्विमातृ अने अध्यर्द्ध कंस नामने अनुक्रमे 'संख्या संभद्रा० ६-१-६६' थी अण् प्रत्यय तथा मातृ नामने मातुर् आदेश अने 'मूल्यैः क्रीते ६-४-१५०' नी सहायथी 'कंसाऽर्धात् ६-४-१३५' थी इकट् प्रत्यय. 'वृद्धिः स्वरे० ७-४-१' थी द्वि ना इ ने वृद्धि ऐ आदेश.... वगेरे कार्य थवाथी द्वैमातुरः आवो प्रयोग थाय छे. अने आ सूत्रथी विहित समास असंज्ञाना विषयमां द्विगु होवाथी अध्यर्द्धकंस नामथी विहित इकट् प्रत्ययनो 'अनाम्न्यद्विः प्लुप् ६-४-१४१' थी लोप वगेरे थवाथी अध्यर्द्धकंसः आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- बे माताओनुं सन्तान. दोढ कांसानां पात्रथी खरीदेल. उत्तरपद परमां - पञ्च गावो धनमस्य अने पञ्च नावः प्रिया अस्य आ विग्रहमां 'एकार्थं चानेकञ्च ३-१-२२' थी त्रिपद

બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી ધન અને પ્રિય ઉત્તરપદ પરમાં હોવાથી સઙ્ખ્યાવાચક पञ्चन् નામને અનુક્રમે गो અને नौ નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ. 'गोस्तत्पुरुषात् ૭-૩-૧૦૫' થી गो નામના અન્તમાં સમાસાન્ત अट् પ્રત્યય. 'नावः ૭-૩-૧૦૪' થી नौ નામના અન્તમાં अट् સમાસાન્ત પ્રત્યય વગેરે કાર્ય થવાથી पञ्चगवधनः અને पञ्चवप्रियः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પાંચ ગાયો ધન છે જેનું. પાંચ નૌકાઓ (હોડીઓ) નો પ્રેમી. समाहार ના વિષયમાં - पञ्चानां राज्ञां समाहारः આ અર્થમાં સમાહારના વિષયમાં સઙ્ખ્યાવાચક पञ्चन् નામને राजन् નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय - द्विगु સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સ્યાદિનો લોપ. 'नाम्नो नो० ૨-૧-૯૧' થી पञ्चन् ના न् નો લોપ. 'राजन सखेः ૭-૩-૧૦૬' થી સમાસાન્ત अट् પ્રત્યય. 'नोऽपदस्य० ૭-૪-૬૧' થી राजन् ના अन् નો લોપ. 'द्विगोः समाहारात् ૨-૪-૨૨' થી पञ्चराज નામને ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી पञ्चराजी આવો પ્રયોગ થાય છે. અર્થ - પાંચ રાજાઓનો સમુદાય.

समाहारे चेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાહાર, સંજ્ઞા અને તદ્ધિતપ્રત્યયના વિષયમાં તેમજ ઉત્તરપદ પરમાં હોય તો જ સઙ્ખ્યાવાચક નામને, નામની સાથે तपुरुष कर्मधारय સમાસ થાય છે અને આ સૂત્રથી વિહિત આ સમાસને અસંજ્ઞામાં द्विगु સમાસ પણ કહેવાય છે. તેથી अष्टौ प्रवचनमातरः અહીં संज्ञा तद्धितप्रत्यय અને समाहार નો વિષય ન હોવાથી તેમ જ ઉત્તરપદ પરમાં ન હોવાથી સઙ્ખ્યાવાચક अष्टन् નામને प्रवचनमातृ નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. અર્થ - આઠ પ્રવચન માતા. अनाम्नीति किम् ? = આ સૂત્ર થી ઉપર જણાવ્યા મુજબ समाहार संज्ञा અને तद्धितप्रत्यय ના વિષયમાં તેમજ ઉત્તરપદ પરમાં હોય તો સઙ્ખ્યાવાચક નામને નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસાદિ કાર્યથી નિષ્પન્ન पञ्चर्षि નામને 'तस्येदम् ૬-૩-૧૬૦' થી अण् પ્રત્યય. 'वृद्धिः स्वरे० ૭-૪-૧' થી આદ્ય સ્વર

अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી इ નો લોપ વગેરે કાર્ય થવાથી पाञ्चर्षम् આવો પ્રયોગ થાય છે. અહીં સંજ્ઞાનો વિષય હોવાથી આ સૂત્રથી તેને द्विगु સંજ્ઞા ન થવાથી 'द्विगोरनपत्ये० ६-१-२४' થી अण् પ્રત્યયનો લોપ થયો નથી. અર્થ - पाञ्चर्ष નામની વસ્તુ વિશેષ. अष्टौ प्रवचनमातरः અહીં આ સૂત્રથી સમાસની પ્રાપ્તિ ન હોવા છતાં 'विशेषणं० ३-१-९६' થી સમાસની પ્રાપ્તિ યદ્યપિ છે. પરંતુ આ સૂત્ર "સઙ્ખ્યાવાચક નામનેસમાहार संज्ञा तद्धितप्रत्यय અને उत्तरपद ના વિષયમાં જ (ઉપર જણાવ્યા મુજબ) સમાસ થાય છે." - આ પ્રમાણે નિયમ કરે છે. તેથી अष्टौ प्रवचनमातरः અહીં આ સૂત્રથી કે 'विशेषणं० ३-१-९६' થી સમાસ થતો નથી....... ઇત્યાદિ યાદ રાખવું. ॥९९॥

● ● ●

## निन्द्यं कुत्सनैरपापाद्यैः ३/१/१००॥

निन्द्य વાચક નામને; पापादि ગણપાઠમાંના નામોથી ભિન્ન નિન્દાના હેતુવાચક નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. वैयाकरणश्चासौ खसूची અને मीमांसकश्चासौ दुर्दुरूढः આ વિગ્રહમાં निन्द्य વાચક वैयाकरण અને मीमांसक નામને તેની નિન્દાના હેતુવાચક અનુક્રમે खसूचिन् અને दुर्दुरूढ નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ વગેરે કાર્ય થવાથી वैयाकरणखसूची અને मीमांसकदुर्दुरूढः આવો પ્રયોગ થાય છે. અહીં સામાન્યથી શબ્દશાસ્ત્રના વેત્તાને वैयाकरण કહેવાય છે. કોઈ વૈયાકરણ; શબ્દશાસ્ત્ર સમ્બન્ધી પુછાએલા પ્રશ્નનો પ્રતિભાદિ - વિકલતાના કારણે; જવાબ આપવાના બદલે આકાશ તરફ જોયા કરે છે ત્યારે તે વૈયાકરણને खसूची કહેવાય છે. તેમજ સામાન્યથી પરમ આસ્તિક તરીકે પ્રસિદ્ધ मीमांसक યજ્ઞાદિ અનુષ્ઠાનથી જ્યારે વિમુખ બને છે

ત્યારે તે મીમાંસકને दुर्दुरूढ (नास्तिक) કહેવાય છે. આ રીતે ઉભયત્ર નિન્દાનું હેતુવાચકત્વ સ્પષ્ટ છે. અર્થક્રમશઃ- શબ્દપ્રયોગોનો અનભિજ્ઞ વૈયાકરણ. નાસ્તિક મીમાંસક. निन्द्यमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ पापादि ગણપાઠમાંના નામથી ભિન્ન નિન્દાના હેતુવાચક નામની સાથે निन्द्य વાચક જ નામને तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. તેથી वैयाकरणश्चौरः અહીં पापादि ગણપાઠમાંના નામથી ભિન્ન નિન્દાના હેતુ વાચક चौर નામની સાથે अनिन्द्य વાચક वैयाकरण નામને આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. અર્થ - ચોર એવો વૈયાકરણ. અહીં આશય એ છે કે નિન્દાના હેતુવાચક चौर નામના પ્રયોગથી અહીં वैयाकरणની નિન્દા થવા છતાં એના વ્યાકરણ વિષયક જ્ઞાન કે અધ્યયનની નિન્દા થતી નથી. खसूची ના પ્રયોગથી વૈયાકરણના वैयाकरणत्व ની અર્થાદ્ વ્યાકરણાધ્યેતૃત્વની અથવા વ્યાકરણવેત્તૃત્વની નિન્દા થાય છે. આવી નિન્દા चौर પદના પ્રયોગથી વૈયાકરણની થતી નથી. આથી સમજી શકાશે કે 'નિન્દાના હેતુવાચક તાદૃશ (अपापादि) નામના પ્રયોગથી જેનું પ્રવૃત્તિનિમિત્ત निन्द्यं (નિન્દાયોગ્ય) બને છે; એવા निन्द्य વાચક નામને ઉપર જણાવ્યા મુજબ નિન્દાના હેતુવાચક अपापादि નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ થાય છે.' - આ પ્રમાણે સૂત્રાર્થ છે.

अपापाद्यैरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિન્દ્યવાચક નામને पापादि ગણપાઠમાંના નામથી ભિન્ન જ નિન્દાના હેતુવાચક નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. તેથી पापश्चासौ वैयाकरणः અને हतश्चासौ विधिः આ વિગ્રહમાં पापादि ગણપાઠમાંના નિન્દાહેતુવાચક पाप અને हत નામની સાથે નિન્દ્યવાચક वैयाकरण અને विधि નામને આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. તેથી 'विशेषणं० ३-१-९६' થી વિશેષણવાચક पाप અને हत નામને વિશેષ્યવાચક वैयाकरण અને विधि નામની સાથે तत्पुरुषकर्मधारय સમાસાદિ કાર્ય થવાથી

पापवैयाकरणः અને हतविधिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પાપી વૈયાકરણ. ફલની પ્રત્યે અસમર્થ વિધિ (અદૃષ્ટ - ધર્માધર્મ). અહીં આશય એ છે કે અપશબ્દનો પ્રયોગ કરનારા વૈયાકરણને पापवैयाकरण કહેવાય છે. વૈયાકરણત્વની નિન્દાનો હેતુ, અપશબ્દ પ્રયોગજન્ય पाप છે; તેથી पाप નામ નિન્દાના હેતુનું વાચક છે. આવી જ રીતે ચોક્કસ પણે શુભાશુભફલને આપનાર વિધિ (અદૃષ્ટ) માં ગમે તે કારણે ફલની પ્રત્યે અતિશય વિલંબને જણાવવાં हत શબ્દનો પ્રયોગ કરી વિધિની નિન્દા કરાય છે. અવશ્યફલપ્રદ વિધિમાં अवरुद्धत्व (अवरुद्धफलत्व) ના જ્ઞાનથી વિધિમાં નિન્દ્યત્વનું જ્ઞાન થાય છે. ||૧૦૦||

● ● ●

## उपमानं सामान्यैः ३/१/१०१//

એકાર્થક - ઉપમાન વાચક નામને સામાન્યવાચક નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. જેના વડે ઉપમા અપાય છે અર્થાદ્ જેની સાથે સરખામણી કરાય છે, તેને ઉપમાન કહેવાય છે. ઉપમાન અને ઉપમેય (જેની સરખામણી થાય છે તે) ઉભયવૃતિ ધર્મને સામાન્ય કહેવાય છે. शस्त्री (शस्त्रीव) चासौ श्यामा અને मृगी (मृगीव) चासौ चपला આ વિગ્રહમાં આ સૂત્રથી ઉપમાન વાચક शस्त्री અને मृगी નામને સામાન્યવાચક श्यामा અને चपला નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસાદિ કાર્ય થવાથી शस्त्रीश्यामा અને मृगचपला આવો પ્રયોગ થાય છે. અહીં मृगी નામને 'पुम्वत्कर्मधारये ૩-૨-૫૭' થી પુંવદ્ભાવ થવાથી ङी પ્રત્યયની નિવૃત્તિ થાય છે. शस्त्री અને मृगी શબ્દો તત્સદૃશ અર્થના વાચક છે અને श्यामा અને चपला નામ શ્યામત્વાશ્રય અને ચાપલ્યાશ્રય સ્ત્રીના વાચક છે. આથી

સ્પષ્ટ છે કે શસ્ત્રી અને શ્યામા તથા મૃગી અને ચપલા નામ એકાર્થક છે. અર્થક્રમશઃ- છરી જેવી કાળી સ્ત્રી. હરણી જેવી ચપળ સ્ત્રી. उपमानमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપમાન વાચક જ નામને સામાન્ય વાચક નામની સાથે તત્પુરુષ કર્મધારય સમાસ થાય છે. તેથી देवदत्ता श्यामा અહીં देवदत्ता નામ ઉપમાન વાચક ન હોવાથી તેને श्यामा નામની સાથે આ સૂત્રથી તત્પુરુષ કર્મધારય સમાસ થતો નથી. અર્થ - દેવદત્તા નામની કાળી સ્ત્રી. सामान्यैरिति किम् ? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપમાન વાચક એકાર્થ નામને સામાન્યવાચક જ નામની સાથે તત્પુરુષ કર્મધારય સમાસ થાય છે. તેથી अग्निर्माणवकः અહીં ઉપમાન વાચક अग्नि નામને माणवक (ઉપમેય વાચક) નામની સાથે તત્પુરુષ કર્મધારય સમાસ આ સૂત્રથી થતો નથી. અર્થ - અગ્નિ જેવો માણવક. (છોકરો વિશેષ.) અહીં યાદ રાખવું જોઈએ કે शस्त्रीश्यामा અને मृगचपला....ઇત્યાદિ સ્થળે श्यामा અને चपला વગેરે વિશેષણવાચક નામને વિશેષ્યવાચક शस्त्री અને मृगी ઇત્યાદિ નામોની સાથે તત્પુરુષ કર્મધારય સમાસ 'विशेषणं० ३-१-९६' થી થઈ શકે છે. તેમ જ 'प्रथमोक्तं प्राक् ३-१-१४८' થી વિશેષણવાચક श्यामा અને चपला નામને સમાસમાં પૂર્વ નિપાત થાય તો श्यामशस्त्री અને चपलमृगी વગેરે પ્રયોગોથી ઉપર્યુક્ત વિવક્ષિત (शस्त्रीव श्यामा અને मृगीव चपला) અર્થની પ્રતીતિ અનુપપન્ન થવાથી ઉપર જણાવ્યા મુજબ વિશેષણવાચક श्यामा અને चपला વગેરે નામોનો તાદશ સમાસમાં; સૂ.નં.૩-૧-૧૪૮ નો બાધ કરીને પરનિપાત પણ સિદ્ધ જ છે. તેથી યદ્યપિ शस्त्रीश्यामा અને मृगचपला વગેરે પ્રયોગોની સિદ્ધિ માટે આ સૂત્રના આરંભની જરૂર નથી. પરન્તુ આ રીતે વ્યર્થ બનીને આ સૂત્ર નિયમ કરે છે કે - ઉપમાન વાચક નામને તત્પુરુષ કર્મધારય સમાસ માત્ર સામાન્ય વાચક જ નામની સાથે થાય છે, અન્ય નામની સાથે નહીં. તેથી આ સૂત્રથી કે 'विशेषणं० ३-१-९६' થી अग्नि र्माणवकः અહીં તત્પુરુષ

કર્મધારય સમાસ થતો નથી....ઈત્યાદિ બરાબર સમજી લેવું. ॥૧૦૧॥

● ● ●

***उपमेयं व्याघ्राद्यैः साम्यानुक्तौ ३।१।१०२॥***

उपमेय વાચક એકાર્થ નામને उपमान વાચક व्याघ्रादि ગણપાઠમાંના व्याघ्र વગેરે નામની સાથે; साम्य (उपमानोपमेय वृत्ति ધર્મ) વાચક નામનો પ્રયોગ ન હોય તો तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. पुरुषश्चासौ व्याघ्रः (व्याघ्र इव व्याघ्रः) અને शुनी चासौ सिंही (सिंहीव सिंही) આ વિગ્રહમાં उपमेय વાચક पुरुष અને सिंही નામને उपमान વાચક व्याघ्र અને सिंही નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. शुनी નામને 'पुंवत्कर्मधारये ३-२-५७' થી પુંવદ્ભાવ. 'नाम्नो नो० २-१-९१' થી श्वन् નામના न् નો લોપ વગેરે કાર્ય થવાથી पुरुषव्याघ्रः અને श्वसिंही આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ :- પુરુષ વાઘ જેવો (શૂર છે). કુતરી સિંહણ જેવી. (શૂર છે). અહીં व्याघ्र અને सिंही નામ તત્સદૃશ અર્થને જણાવનારા હોવાથી એકાર્થક છે - એ સમજી શકાય છે, साम्यानुक्ताविति किम् ? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ उपमानोपमेय ઉભયવૃત્તિ સામ્ય (સાધારણ ધર્મ) વાચક નામને પ્રયોગ ન હોય તો જ उपमेय વાચક નામને उपमान व्याघ्रादि ગણપાઠમાંના નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. તેથી पुरुषव्याघ्रः शूरः આ પ્રમાણે शूरत्वं સ્વરૂપ સામ્યવાચક शूर નામનો પ્રયોગ હોય ત્યારે पुरुषव्याघ्रः આવો પ્રયોગ થતો નથી. પૂર્વ સૂત્રથી (૩-૧-૧૦૧થી) 'उपमान વાચક નામને સામાન્યવાચક જ નામની સાથે तत्पुरुषकर्मधारय સમાસ થાય છે' - આ પ્રમાણે નિયમ

થયો હોવાથી ઉપમાન વાચક નામ અને ઉપમેય વાચક નામનો तत्पुरुष कर्मधारय સમાસ; विशेषणं० ३-१-९६' થી થઈ શકશે નહીં. તેથી આ સૂત્રનું નિમાર્ણ છે. તેમજ ઉપમેય વાચક જ નામનો पुरुषव्याघ्रः......ઈત્યાદિ પ્રયોગોમાં પૂર્વ પ્રયોગ થાય - એ માટે આ સૂત્રનું પ્રણયન છે......ઈત્યાદિ સમજી લેવું. ||૧૦૨||

● ● ●

## पूर्वाऽपर-प्रथम-चरम-जघन्य-समान-मध्य-मध्यम-वीरम् ३/१/१०३//

એકાર્થક 'पूर्व अपर प्रथम चरम जघन्य समान मध्य मध्यम અને वीर નામને નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. पूर्वश्चासौ पुरुषः, अपरश्चासौ पुरुषः; प्रथमश्चासौ पुरुषः; चरमश्चासौ पुरुषः; जधन्यश्चासौ पुरुषः; समानश्चासौ पुरुषः; मध्यश्चासौ पुरुषः; मध्यमश्चासौ पुरुषः અને वीरश्चासौ पुरुषः આ વિગ્રહમાં અનુક્રમે पूर्व अपर प्रथम चरम जघन्य समान मध्य मध्यम અને वीर નામને पुरुष નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ વગેરે કાર્ય થવાથી पूर्वपुरुषः; अपर पुरुषः; प्रथमपुरुषः; चरमपुरुषः; जघन्यपुरुषः; समानपुरुषः; मध्यपुरुषः; मध्यमपुरुषः અને वीरपुरुषः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પૂર્વ પુરુષ. બીજો પુરુષ. પ્રથમ પુરુષ. ચરમ - છેલ્લો પુરુષ. નીચ પુરુષ. સમાન પુરુષ. મધ્ય પુરુષ. મધ્યમ પુરુષ. વીર પુરુષ. पूर्वपुरुषः.......ઈત્યાદિ સ્થળે 'विशेषणं० ३-१-९६' થી तत्पुरुष कर्मधारय સમાસ યદ્યપિ સિદ્ધ હોવા છતાં સમાસમાં पूर्वादि નામોનો જ પૂર્વ પ્રયોગ થાય - એ માટે તેમજ तत्पुरुष - कर्मधारय સમાસ વિધાયક સૂત્રોમાં જે નામોનો ઉલ્લેખ છે, તે નામોના तत्पुरुष

कर्मधारय સમાસ સ્થળે 'स्पर्द्धे परः'આ પરિભાષાથી पर નામનો જ પૂર્વ પ્રયોગ થાય - એ માટે આ સૂત્રનું પ્રણયન છે. તેથી वीरपूर्वः......ઈત્યાદિ પ્રયોગો થાય છે. पूर्ववीरः.... આવા અનિષ્ટ પ્રયોગો થતા નથી. બહુલતયા જ આ સૂત્રથી પણ વિવક્ષિત કાર્ય થતું હોવાથી एकवीरः.. ઈત્યાદિ સ્થળે સૂ.નં. ૩-૧-૯૭ માં નિર્દિષ્ટ एक નામની અપેક્ષાએ આ સૂત્રમાં નિર્દિષ્ટ वीर નામ पर હોવા છતાં તેનો પૂર્વપ્રયોગ થતો નથી....ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું. ||૧૦૩||

● ● ●

## श्रेण्यादि कृताद्यैश्च्व्यर्थे ३/१/१०४//

च्वि (०) પ્રત્યયનો અર્થ ગમ્યમાન હોય તો श्रेण्यादि ગણપાઠમાંના श्रेणि વગેરે एकार्थ નામને कृतादि ગણપાઠમાંના कृत વગેરે નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. अश्रेणयः (न श्रेणय इति अश्रेणयः) श्रेणयः कृताः અને अनूका ऊकाः कृताः આ અર્થમાં श्रेणि અને ऊक નામને कृत નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસાદિ કાર્ય થવાથી श्रेणीकृताः અને ऊककृताः આવો પ્રયોગ થાય છે. સમાસથી જ च्वि પ્રત્યયનો અર્થ ગમ્યમાન હોવાથી उक्तार्थानामप्रयोगः આ ન્યાયથી च्वि પ્રત્યય થતો નથી. અર્થક્રમશઃ- શ્રેણિભિન્ન ને શ્રેણિઓ કરી. અરક્ષક ને રક્ષક બનાવ્યા. च्व्यर्थ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ च्वि પ્રત્યયનો અર્થ ગમ્યમાન હોય તો જ श्रेण्यादि ગણપાઠમાંના નામને कृतादि ગણપાઠમાંના નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. તેથી श्रेणयः कृताः किञ्चित् અહીં च्व्यर्थ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી श्रेणि નામને कृत નામની સાથે तत्पुरुष-कर्मधारय સમાસ

થતો નથી. અર્થ - કાંઈક શ્રેણિઓ કરી. (સામાન્યથી શ્રેણીઓ જેવી ગોઠવણ કરી.). ॥૧૦૪॥

● ● ●

## क्तं नञादिभिन्नैः ३।१।१०५॥

एकार्थक क्त પ્રત્યયાન્ત નામને; માત્ર नञ् વગેરેના પ્રયોગના કારણે ભિન્ન એવા નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. नञ् અવ્યય ईषदसमाप्तिनुं દ્યોતક હોવાથી नञ् ના સાહચર્યના કારણે इषदसमाप्ति ના જ દ્યોતક नञ् વગેરે અવ્યયો અહીં नञादि પદથી વિવક્ષિત છે. कृतञ्चाकृतञ्च અને पीतञ्चावपीतञ्च આ વિગ્રહમાં कृत અને पीत - આ क्त પ્રત્યયાન્ત નામને; અનુક્રમે માત્ર नञ् અને अव ના પ્રયોગના કારણે ભિન્ન એવા अकृत અને अवपीत નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસાદિ કાર્ય થવાથી कृताकृतम् અને पीतावपीतम् આવો પ્રયોગ થાય છે. અહીં સમજી શકાય છે કે - कृत અને अकृत નામમાં માત્ર नञ् ના પ્રયોગના કારણે તેમ જ पीत અને अवपीत નામમાં अव ના પ્રયોગના કારણે જ ભેદ છે. જે कृत છે, તે જ अकृत છે અને જે पीत છે, તે જ अवपीत છે. તેથી कृत અને पीत નામ एकार्थ છે. અર્થક્રમશઃ- કર્યું ન કર્યું. (થોડું કર્યું.) પીધું ન પીધું (થોડું પીધું). क्तमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ માત્ર नञ् વગેરેના પ્રયોગના કારણે ભિન્ન એવા નામની સાથે क्त પ્રત્યયાન્ત જ નામને तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. कर्त्तव्यमकर्त्तव्यं च અહીં तव्य પ્રત્યયાન્ત कर्त्तव्य નામને માત્ર नञ् ના કારણે ભિન્ન એવા अकर्त्तव्य નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ આ સૂત્રથી થતો નથી. અહીં આ સૂત્રથી જ વિહિત સમાસ થતો નથી. સૂ.નં. ૩-૧-૯૬ થી યથાપ્રાપ્ત

સમાસ થવામાં કોઈ બાધ નથી. તેથી વિશેષણવાચક નામનો પૂર્વનિપાત ક્રમિક થવાથી कर्त्तव्याकर्त्तव्यम् અને अकर्त्तव्यकर्त्तव्यम् આવો પ્રયોગ પણ યથાસંભવ થઈ શકે છે. આથી સમજી શકાશે કે कृताकृतम्........ઈત્યાદિ સ્થળે 'विशेषणं० ३-१-९६' થી कर्मधारय સમાસ સિદ્ધ હોવા છતાં તાદૃશ क्त પ્રત્યયાન્ત જ નામનો એ સમાસમાં પૂર્વનિપાત થાય - એ માટે આ સૂત્રનો આરંભ છે. જેથી अकृताकृतम्.....ઈત્યાદિ પ્રયોગો થતા નથી. અર્થ - કરવા યોગ્ય નહીં કરવા યોગ્ય. (થોડું કરવા યોગ્ય). नञादिभिन्नैरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યયાન્ત નામને માત્ર नञ् વગેરેના પ્રયોગના કારણે જ ભિન્ન એવા નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. તેથી कृतञ्च प्रकृतञ्च અહીં क्त પ્રત્યયાન્ત कृत નામને; प्र ના પ્રયોગના કારણે ભિન્ન प्रकृत નામની સાથે અને कृतञ्चाविहितञ्च અહીં धा ધાતુસ્વરૂપ क्त પ્રત્યયની પ્રકૃતિના ભેદથી પણ ભિન્ન એવા अविहित નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. અર્થક્રમશઃ- કર્યું સારું કર્યું. કર્યું ન કર્યું (થોડું કર્યું.) ||૧૦૫||

● ● ●

## *सेट् नाऽनिटा ३/१/१०६//*

इट् આગમ સહિત क्त પ્રત્યયાન્ત નામને; इट् આગમ રહિત માત્ર नञ् વગેરેના પ્રયોગથી ભિન્ન એવા નામની (क्त પ્રત્યયાન્ત તાદૃશ નામની) સાથે तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. क्लिशितमक्लिष्टम् અહીં 'पूङ्क्लिशिभ्यो नवा ४-४-४५' થી વિહિત इट् આગમ સહિત (सेट्) क्त પ્રત્યયાન્ત क्लिशित નામને अनिट् માત્ર नञ् ના પ્રયોગના કારણે ભિન્ન अक्लिष्ट નામની સાથે 'क्तं नञादिभिन्नैः ३-१-१०५' થી तत्पुरुष कर्मधारय સમાસની

પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. આવી રીતે शितमशातम् અહીં 'छा शो र्वा ૪-૪-૧૨' થી વિહિત इ થી સહિત शित નામને इ થી રહિત માત્ર नञ् ભિન્ન अशात નામની સાથે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત तत्पुरुष- कर्मधारय સમાસનો આ સૂત્રથી નિષેધ થાય છે. અર્થક્રમશઃ- ક્લિષ્ટ અક્લિષ્ટ. (થોડું ક્લિષ્ટ). તીક્ષ્ણ કર્યું ન કર્યું (થોડું તીક્ષ્ણ કર્યું).

અહીં યાદ રાખવું જોઈએ કે સૂત્રમાં इट् નું ગ્રહણ હોવાથી ઉપર જણાવ્યા મુજબ क्लिशितमक्लिष्टम् અહીં સમાસનો (तत्पुरुष कर्मधारय સમાસનો) નિષેધ આ સૂત્રથી થાય - એ બરાબર છે. પરન્તુ *शितमशातम्* અહીં इट् નો આગમ થયો ન હોવાથી આ સૂત્રથી યદ્યપિ સમાસનો નિષેધ થવો જોઈએ નહીં. પરન્તુ સૂત્રમાં इट् ના ગ્રહણથી એ જણાવવામાં આવ્યું છે કે - इट् આગમથી જેવી રીતે क्तान्त નામના અર્થમાં કોઈ પણ ફેરફાર થતો નથી, એવી રીતે જે આગમાદિના કારણે क्तान्त નામના અર્થમાં ફેરફાર થતો ન હોય એવા આગમાદિનું પણ ગ્રહણ અહીં इट् થી કરાયું છે. અર્થાદ્ આ સૂત્રમાં इट् ગ્રહણ; અર્થભેદમાં કારણ ન બનનાર વિકાર (इ વગેરે પ્રત્યયાદિ) નું ઉપલક્ષણ છે. તેથી સમજી શકાશે કે - જેનાથી क्त પ્રત્યયાન્ત નામના અર્થમાં ફેરફાર ન થતો હોય એવા इट् આગમાદિ સહિત क्त પ્રત્યયાન્ત एकार्थ નામને; એવા इट् આગમાદિ રહિત માત્ર नञ् વગેરેના પ્રયોગના કારણે ભિન્ન નામની સાથે तत्पुरुषकर्मधारय સમાસ થતો નથી. અહીં એ પણ યાદ રાખવું કે - क्लिशितमक्लिष्टम् ઈત્યાદિ સ્થળે अक्लिष्टादि નામ; માત્ર नञादि ભિન્ન નથી, પરન્તુ इट् ના આગમના અભાવના (इट्ना - અપ્રયોગના) કારણે પણ ભિન્ન છે. તેથી 'क्तं नञादि० ૩-૧-૧૦૫' થી સમાસની પ્રાપ્તિના અભાવમાં આ સૂત્રથી સમાસનો નિષેધ આવશ્યક નથી. પરન્તુ 'एकदेशविकृतमनन्यवत्' આ ન્યાયથી તાદૃશાગમ રહિત પણ આગમસહિત મનાતાં હોવાથી ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી સમાસનો નિષેધ કરવો આવશ્યક છે......ઈત્યાદિ

અન્યત્ર અનુસન્ધેય છે.

सेडिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इट् આગમાદિ સહિત જ क्त પ્રત્યયાન્ત નામને; તાદૃશ इट् આગમાદિ રહિત માત્ર नञ् વગેરેના પ્રયોગના કારણે ભિન્ન એવા નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. તેથી कृतञ्चाकृतञ्च આ વિગ્રહમાં अनिट् क्त પ્રત્યયાન્ત कृत નામને अकृत (अनिट् नञादिभिन्न) નામની સાથે આ સૂત્રથી સમાસનો નિષેધ ન થવાથી 'क्तं नञादिभिन्नैः ३-१-१०५' થી तत्पुरुष कर्मधारय સમાસાદિ કાર્ય થવાથી कृताकृतम् આવો પ્રયોગ થાય છે. અર્થ - કર્યું ન કર્યું. अनिटेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ इट् આગમાદિ સહિત क्तं પ્રત્યયાન્ત નામને; इट् આગમાદિ રહિત જ નઞાદિભિન્ન નામની સાથે तत्पुरुष-कर्मधारय સમાસ થતો નથી. તેથી अशितञ्चानशितञ्च આ વિગ્રહમાં 'सेट् क्त પ્રત્યયાન્ત अशित નામને अनशित આ सेट् नञादिभिन्न નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસનો નિષેધ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ तत्पुरुष-कर्मधारय સમાસાદિ કાર્ય થાય છે. જેથી अशितानशितम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ખાધું ન ખાધું. (થોડું ખાધું. થોડા માટે રહેવા દીધું.) ||૧૦૬||

● ● ●

### सन्महत् परमोत्तमोत्कृष्टं पूजायाम् ३/१/१०७//

પૂજા અર્થ ગમ્યમાન હોય તો एकार्थक सत् महत् परम उत्तम અને उत्कृष्ट નામને પૂજ્યવાચક નામની સાથે तत्पुरुष-कर्मधारय સમાસ થાય છે. संश्चासौ पुरुषः; महांश्चासौ पुरुषः; परमश्चासौ पुरुषः; उत्तमश्चासौ पुरुषः; અને उत्कृष्टश्चासौ पुरुषः આ વિગ્રહમાં અનુક્રમે सत् महत् परम उत्तम અને उत्कृष्ट નામને पुरुष નામની

સાથે આ સૂત્રથી तत्पुरुष-कर्मधारय સમાસાદિ કાર્ય થવાથી सत्पुरुषः महापुरुषः परमपुरुषः उत्तमपुरुषः અને उत्कृष्टपुरुषः આવો પ્રયોગ થાય છે. महत् + पुरुष આ અવસ્થામાં महत् નામના અન્તમાં 'जातीयै० ३-२-७०' થી डा નો આગમ. 'डित्यन्त्य० २-१-११४' થી अत् નો લોપ વગેરે કાર્ય થવાથી महापुरुषः આવો પ્રયોગ થયો છે. અર્થક્રમશઃ- સારો પુરુષ. મહાન પુરુષ. શ્રેષ્ઠ પુરુષ. ઉત્તમ પુરુષ. ઉત્કૃષ્ટ પુરુષ. पूजायामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂજા અર્થ ગમ્યમાન હોય તો જ एकार्थक सत् महत् परम उत्तम અને उत्कृष्ट નામને નામની સાથે (પૂજ્યવાચક નામની સાથે) तत्पुरुष-कर्मधारय સમાસ થાય છે. તેથી सन् घटोऽस्तीत्यर्थः અહીં પૂજા અર્થ ગમ્યમાન ન હોવાથી सत् નામને घट નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. અર્થ - ઘટ છે.

सत्पुरुषः महापुरुषः ઇત્યાદિ સ્થળે યદ્યપિ 'विशेषणं० ३-१-९६' થી तत्पुरुष-कर्मधारय સમાસ સિદ્ધ હોવાથી આ સૂત્રનો આરંભ આવશ્યક નથી. પરંતુ પૂજા અર્થ ગમ્યમાન હોય તો જ सत् महत् વગેરે નામને પૂજ્યવાચક નામની સાથે तत्पुरुष-कर्मधारय સમાસ થાય - આ નિયમ માટે સૂત્રનો આરંભ છે. તેથી - પૂજા અર્થ ગમ્યમાન ન હોવાથી सन् घटो ऽ स्तीत्यर्थः અહીં આ સૂત્રથી અથવા 'विशेषणं० ३-१-९६' થી પણ कर्मधारय સમાસ થતો નથી. તેમ જ तत्पुरुष સમાસ (तत्पुरुष - कर्मधारय સમાસ) ના આ સૂત્રથી વિધાન વખતે પ્રાપ્ત પણ सत् વગેરે નામોનો પરનિપાત થાય નહીં - એ માટે આ સૂત્રનો આરંભ છે. અને પૂર્વે જણાવ્યા મુજબ तत्पुरुष - कर्मधारय સમાસ વિધાયક સૂત્રોમાં જેનો ઉલ્લેખ છે એ નામોના પરસ્પર કર્મધારય સમાસમાં યથાપ્રાપ્ત પણ પરનિપાત, પૂર્વપૂર્વ નામનો જ થાય - એ માટે પણ આ સૂત્રનો આરંભ આવશ્યક છે. તેથી सच्छुक्लः અને महावीरः परममहान्......... ઇત્યાદિ પ્રયોગો જ બને છે......વગેરે બરાબર સમજી લેવું. ||૧૦૭||

● ● ●

## वृन्दारक-नाग-कुञ्जरैः ३।१।१०८।।

પૂજા અર્થ ગમ્યમાન હોય તો वृन्दारक नाग અને कुञ्जर નામની સાથે एकार्थक પૂજ્યવાચક નામને तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. गौश्चासौ वृन्दारकः; गौश्चासौ नागः અને गौश्चासौ कुञ्जरः આ વિગ્રહમાં પૂજ્યવાચક गो નામને वृन्दारक नाग અને कुञ्जर નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસાદિ કાર્ય થવાથી गोवृन्दारकः गोनागः અને गोकुञ्जरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દેવ જેવો બળદ. નાગ જેવો બળદ. હાથી જેવો બળદ. पूजायामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂજા અર્થ ગમ્યમાન હોય તો જ वृन्दारक नाग અને कुञ्जर નામની સાથે પૂજ્યવાચક નામને तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. તેથી सुसीमो नागः અહીં सुसीम નામને नाग નામની સાથે આ સૂત્રથી तत्पुरुष - कर्मधारय સમાસ; પૂજા અર્થ ગમ્યમાન ન હોવાથી થતો નથી. અર્થ - સારી ફણાવાલો નાગ. वृन्दारकः ઈત્યાદિ સ્થળે યદ્યપિ 'उपमेय० ३-१-१०२' થી तत्पुरुष कर्मधारय સમાસ સિદ્ધ હોવા છતાં પૂજારૂપ અર્થ ગમ્યમાન હોય તો જ वृन्दारक વગેરે નામની સાથે (પૂજ્યવાચક) નામને तत्पुरुष कर्मधारय સમાસ થાય છે - એ નિયમ માટે અને સામ્યની ઉક્તિમાં પણ તાદૃશ સમાસ થાય - એ માટે આ સૂત્રનો પ્રારંભ છે. તેથી देवदत्त नाग इव અહીં નિન્દા અર્થમાં 'उपमेयं० ३-१-१०२' થી પણ तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. તેમ જ गोनागो बलवान् ઈત્યાદિ સ્થળે સામ્યોક્તિ હોવા છતાં આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. જે 'उपमेयं० ३-१-१०२' થી શક્ય ન હતું. ।।१०८।।

● ● ●

## कतर-कतमौ जातिप्रश्ने ३।१।१०९॥

જાતિ સમ્બન્ધી પ્રશ્ન ગમ્યમાન હોય તો एकार्थक कतर અને कतम નામને જાતિ વાચક નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. (भवतोः) कतरश्चासौ कठः અને (भवताम्) कतमश्चासौ गार्ग्यः આ વિગ્રહમાં कतर નામને कठ નામની સાથે અને कतम નામને गार्ग्य નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ વગેરે કાર્ય થવાથી कतरकठः અને कतमगार्ग्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- (તમારા બેમાં) કઠ કોણ છે ?. (તમારામાં) ગાર્ગ્ય કોણ છે ?. जातिप्रश्न इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कतर અને कतम નામને (જાતિવાચક) નામની સાથે જાતિ સમ્બન્ધી પ્રશ્ન ગમ્યમાન હોય તો જ तत्पुरुष - कर्मधारय સમાસ થાય છે. તેથી कतरः शुक्लः ? અને कतमो गन्ता ? અહીં આ સૂત્રથી कतर નામને शुक्ल નામની સાથે અને कतम નામને गन्तृ નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. કારણ કે અહીં અનુક્રમે ગુણ અને ક્રિયા સમ્બન્ધી પ્રશ્ન છે, જાતિ સમ્બન્ધી નથી. અર્થક્રમશઃ- કોણ સફેદ છે ? કોણ જનાર છે ? कतरकठः અને कतमगार्ग्यः ઈત્યાદિ સ્થળે 'विशेषणं० ३-१-९६' થી યદ્યપિ સમાસ સિદ્ધ છે. પરન્તુ कतर અને कतम નામને જાતિ ભિન્ન સમ્બન્ધી પ્રશ્ન ગમ્યમાન હોય તો; તે નામની સાથે સમાસ ન થાય અને જાતિ સમ્બન્ધી જ પ્રશ્ન ગમ્યમાન હોય ત્યારે तत्पुरुष कर्मधारय સમાસ થાય - આ નિયમ માટે આ સૂત્રનો આરંભ છે જેથી कतरः शुक्लः ? ઈત્યાદિ સ્થળે 'विशेषणं० ३-१-९६' થી પણ तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. ॥૧૦૯॥

● ● ●

## किं क्षेपे ३।१।११०॥

निन्दा અર્થ ગમ્યમાન હોય તો એકાર્થક किम् નામને નિન્દ્યવાચક નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. को राजा (यो न रक्षति) અને को गौः (यो न वहति) આ વિગ્રહમાં આ સૂત્રથી किम् નામને राजन् અને गो નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસાદિ કાર્ય થવાથી किंराजा અને किंगौः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પ્રજાનું રક્ષણ ન કરનાર ખરાબ રાજા. ભારાદિને વહન ન કરનાર ખરાબ બળદ. क्षेप इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्षेप - निन्दा અર્થ ગમ્યમાન હોય તો જ किम् નામને નિન્દ્યવાચક નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે, તેથી को राजा तत्र ?અહીં નિંદા' અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી किम् નામને राजन् નામની સાથે तत्पुरुष-कर्मधारय સમાસ થતો નથી. તેમ જ નિન્દા અર્થમાં જ किम् નામને तत्पुरुष-कर्मधारय સમાસ ઉપર જણાવ્યા મુજબ થાય - આ પ્રમાણે નિયમના વિધાન માટે આ સૂત્રનો આરંભ હોવાથી 'विशेषणं० ३-१-९६' થી પણ को राजा तत्र અહીં किम् નામને राजन् નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. किंराजन् અને किंगो નામને અનુક્રમે 'राजन्सखेः ७-३-१०६' થી અને 'गोस्त० ७-३-१०५' થી પ્રાપ્ત સમાસાન્ત अट् પ્રત્યયનો 'न किमः क्षेपे ७-३-७०' થી નિષેધ થાય છે. - એ યાદ રાખવું. ॥११०॥

• • •

**पोटा - युवति - स्तोक - कतिपय - गृष्टि - धेनु - वशा - वेहद् - बष्कयणी - प्रवक्तृ - श्रोत्रियाऽ - ध्यायक - धूर्त्त - प्रशंसारूढै र्जातिः ३/१/१११॥**

જાતિવાચક એકાર્થ નામને पोटा युवति स्तोक कतिपय गृष्टि धेनु वशा वेहद् बष्कयणी प्रवक्तृ श्रोत्रिय अध्यायक धूर्त અને પ્રશંસામાં રૂઢ એવા मत्तल्लिका વગેરે નામની સાથે तत्पुरुष-कर्मधारय સમાસ થાય છે. इभ्या च

१ २ ३ ४

सा पोटा च; नागी चासौ युवतिश्च; अग्निश्चासौ स्तोकञ्च; दधि च तत्कतिपयञ्च;

५ ६ ७

गौश्चासौ गृष्टिश्च; गौश्चासौ धेनुश्च; गौश्चासौ वशा च;

८ ९ १०

गौश्चासौ वेहच्च; गौश्चासौ बष्कयणी च; कठश्चासौ प्रवक्ता च; कठश्चासौ

११ १२ १३ १४

श्रोत्रियश्च;कठश्चासौ अध्यायकश्च; मृगश्चासौ धूर्त्तश्च; गौश्चासौ मत्तल्लिका

१५

च અને गोश्चासौ प्रकाण्डञ्च આ વિગ્રહમાં અનુક્રમે જાતિવાચક इभ्या नागी अग्नि વગેરે નામને पोटा युवति स्तोक વગેરે નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'पुंवत्कर्मधारये ३-२-५७' થી इभ्या અને नागी નામને પુંવદ્ભાવ થવાથી आप् અને ङी પ્રત્યયની નિવૃત્તિ વગેરે કાર્ય થવાથી

१ २ ३ ४ ५ ६
इभ्यपोटा; नागयुवतिः; अग्निस्तोकम्; दधिकतिपयम्; गोगृष्टिः; गोधेनुः;
७ ८ ९ १० ११
गोवशा; गोवेहत्; गोबष्कयणी; कठप्रवक्ता; कठश्रोत्रियः;
१२ १३
कठाध्यायकः; मृगधूर्त्तः
१४ १५
गोमत्तल्लिका અને गोप्रकाण्डम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પુરુષવેશને

૧ ૨ ૩
ધરનારી વાણીયા (વૈશ્ય) ની છોકરી. સપિણી યુવાન્. થોડો અગ્નિ.
૪ ૫ ૬ ૭
કેટલું દહીંઃ એકવાર વીયાએલી ગાયઃ તાજી વીયાએલી ગાય. વન્ધ્યા ગાય.

૮ ૯ ૧૦
ગર્ભને નષ્ટ કરનારી ગાય. જુની વીયાએલી ગાય. સારું બોલનાર કઠ.

૧૧ ૧૨ ૧૩ ૧૪
વેદ ભણનાર કઠ. ધ્યાન ધરનાર કઠ. ધૂર્ત્તમૃગ. સારી ગાય. સારી
૧૫
ગાય.

અહીં યાદ રાખવું જોઈએ કે मत्तल्लिका प्रकाण्ड વગેરે પ્રશંસામાં રૂઢ (સ્વભાવતઃ પ્રશંસા અર્થમાં પ્રસિદ્ધ.) નામો આવિષ્ટ (નિત્ય) લિઙ્ગી છે. તેથી તેના લિઙ્ગીમાં વિશેષ્યાનુસાર ફેરફાર થતો નથી. 'निन्द्यं कुत्सनै० ३-१-१००' થી શબ્દપ્રવૃત્તિનિમિત્તની કુત્સામાં સમાસ સિદ્ધ હતો. પરંતુ શબ્દ પ્રવૃત્તિનિમિત્તાશ્રયની કુત્સામાં તે સૂત્રથી સમાસ સિદ્ધ ન હતો. તેથી આ સૂત્રમાં તાદૃશ સમાસનાં વિધાન માટે અહીં ધૂર્ત્ત નું ઉપાદાન છે. જાંતિવાચક તાદૃશ

વિશેષ્યવાચક નામને સમાસમાં (तत्पुरुष कर्मधारय સમાસમાં) પૂર્વ નિપાત કરવા માટે આ સૂત્રનો આરંભ છે. - એ સ્પષ્ટ છે. ॥૧૧૧॥

● ● ●

## *चतुष्पाद् गर्भिण्या ३/१/११२॥*

ચાર પગવાળા જાતિવાચક એકાર્થ નામને गर्भिणी નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. गोश्चासौ गर्भिणी અને महिषी चासौ गर्भिणी આ વિગ્રહમાં गो અને महिषी નામને गर्भिणी નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિનો લોપ. 'पुंवत् कर्मधारये ३-२-५७' થી महिषी નામને પુંવદ્‌ભાવ થવાથી ङी પ્રત્યયની નિવૃત્તિ વગેરે કાર્ય થવાથી गोगर्भिणी અને महिषगर्भिणी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગર્ભિણી ગાય. ગર્ભિણી ભેંસ. जातिरित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ચાર પગવાળા જાતિવાચક જ નામને गर्भिणी નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. તેથી कालाक्षी गर्भिणी અહીં चतुष्पाद ગાય વિશેષવાચક कालाक्षी નામને गर्भिणी નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. અર્થ - ગર્ભિણી કાલાક્ષી નામની ગાય. અહીં 'विशेषणं० ३-१-९६' થી સમાસ થવામાં કોઈ બાધ નથી. જાતિવાચક નામનો (વિશેષ્યવાચક નામનો) સમાસમાં પૂર્વ નિપાત થાય - એ માટે આ સૂત્રનો આરંભ છે. ॥૧૧૨॥

● ● ●

## *युवा खलति - पलित - जरद् - वलिनैः ३/१/११३॥*

એકાર્થ युवन् નામને खलति, पलित, जरत् અને वलिन નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. युवा चासौ खलतिः; युवा चासौ पलितः; युवा चासौ जरन्; અને युवा चासौ वलिनः આ વિગ્રહમાં युवन् નામને અનુક્રમે खलति पलित जरत् અને वलिन નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસાદિ કાર્ય થવાથી युवखलतिः युवपलितः युवजरन् અને युववलिनः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દુષ્ટયુવાન્. વૃદ્ધયુવાન્. વૃદ્ધયુવાન્. પૂજ્યયુવાન્. नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् આ ન્યાયથી युवतिश्चासौ वलिना આ વિગ્રહમાં આ સૂત્રથી युवति નામને वलिना નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ. 'पुंवत्कर्मधारये ३-२-५७' થી युवति નામને પુંવદ્ભાવ થવાથી ति પ્રત્યયની નિવૃત્તિ વગેરે કાર્ય થવાથી युववलिना આવો પ્રયોગ થાય છે. અર્થ - પૂજ્ય યુવતિ. અહીં ઉપર જણાવેલા પ્રયોગોમાં खञ्जकुण्टः અને कुण्टखञ्जः ની જેમ અનિયમે પૂર્વનિપાત ન થાય પરન્તુ युवन् નામનો જ પૂર્વ - નિપાત નિયમિત થાય - એ માટે આ સૂત્રનો આરંભ છે. ॥૧૧૩॥

● ● ●

## *कृत्य - तुल्याऽऽख्यमजात्या ३/१/११४॥*

એકાર્થ कृत्य પ્રત્યયાન્ત નામને તેમ જ तुल्यार्थक નામને જાતિવાચક નામથી ભિન્ન નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. भोज्यञ्च तदुष्णम्; स्तुत्यश्चासौ पटुः; तुल्यश्चासौ सन् અને सदृशश्चासौ महान् આ વિગ્રહમાં कृत्य - પ્રત્યયાન્ત भोज्य અને स्तुत्य નામને उष्ण અને पटु નામની સાથે તેમ જ तुल्यार्थक तुल्य

અને सदृश નામને सत् અને महत् નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસાદિ કાર્ય થવાથી भोज्योष्णम्; स्तुत्यपटुः; तुल्यसन् અને सदृश्महान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ખાવા યોગ્ય ગરમ. પ્રંશસા યોગ્ય હોંશિયાર. સમાન સત્ત્વવાળો. સમાન મહાન્. अजात्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कृत्य પ્રત્યયાન્ત અને તુલ્યાર્થક એકાર્થ નામને અજાતિવાચક જ નામની સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. તેથી भोज्य ओदनः અહીં कृत्य પ્રત્યયાન્ત भोज्य નામને જાતિવાચક ओदन નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ થતો નથી. અર્થ - ખાવા યોગ્ય ભાત. આથી સમજી શકાશે કે भोज्य ओदनः.........ઈત્યાદિ સ્થળે 'विशेषणं० ३-१-९६' થી પણ तत्पुरुष कर्मधारय સમાસ નો નિષેધ કરવા અને भोज्योष्णम्......ઈત્યાદિ સ્થળે कृत्य પ્રત્યયાન્ત અને તુલ્યાર્થક નામનો પૂર્વમાં જ પ્રયોગ થાય - એ માટે આ સૂત્રનો આરંભ છે. ॥૧૧૪॥

● ● ●

## कुमारः श्रमणादिना ३/१/११५//

એકાર્થ कुमार નામને श्रमणादि ગણપાઠમાંના श्रमणा વગેરે નામ સાથે तत्पुरुष कर्मधारय સમાસ થાય છે. कुमारी चासौ श्रमणा અને कुमारी चासौ प्रव्रजिता આ વિગ્રહમાં कुमारी નામને श्रमणा અને प्रव्रजिता નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસાદિ કાર્ય થવાથી कुमारश्रमणा ('पुंवत् कर्मधारये ૩-૨-૫૭' થી પુંવદ્ભાવ થવાથી कुमारी નામના ङी પ્રત્યયની નિવૃત્તિ.) અને

કુમાર प्रव्रजिता આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કુમારી સાધ્વી. કુમારી સંન્યાસિની. અહીં श्रमणा વગેરે ની અપેક્ષાએ વિશેષ્યવાચક કુમાર નામના પૂર્વનિપાત માટે આ સૂત્રનો આરંભ છે. અન્યથા અહીં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારય સમાસ સિદ્ધ જ હતો. ॥૧૧૫॥

● ● ●

## मयूरव्यंसकेत्यादयः ३/१/११६//

मयूरव्यंसकादि ગણપાઠમાંના मयूरव्यंसक વગેરે નામોમાં कर्मधारय - तत्पुरुष સમાસનું નિપાતન કરાય છે. व्यंसकश्चासौ मयूरः અને मुण्डश्चासौ कम्बोजः આ વિગ્રહમાં व्यंसक નામને मयूर નામની સાથે અને मुण्ड નામને कम्बोज નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસ. નિપાતન કારણે સમાસમાં વિશેષ્યવાચક मयूर અને कम्बोज નામનો પૂર્વનિપાત વગેરે કાર્ય થવાથી मयूरव्यंसकः અને कम्बोजमुण्डः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ધૂર્ત મયૂર. માથું મૂંડાવેલ કમ્બોજ વંશીય ક્ષત્રિય.

एहि ईडे एवं जल्पो यस्मिन्; अश्नीत पिबत एवं जल्पो यस्यां क्रियायाम् અને कुरु कटम् एवं जल्पो यस्य આ વિગ્રહમાં નિપાતનના કારણે અન્ય પદાર્થના પ્રાધાન્યમાં આ સૂત્રથી एहि (ક્રિયાપદ) ને ईडा નામની સાથે; अश्नीत શબ્દ ને पिबत શબ્દ સાથે અને कुरु શબ્દને कट નામની સાથે આ સૂત્રથી तत्पुरुष-कर्मधारय સમાસ. 'एकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'क्लीबे २-४-९७' થી ईडा નામના અન્ત્ય आ ને -હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી एहीडं कर्म, अश्नीत पिबता क्रिया અને कुरुकटो वक्ता આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- હે સ્ત્રિ ! આવ - આવું બોલવાનું

છે, જેમાં એવું કર્મ - કાર્ય. ખાવ, પીઓ આવું બોલવાનું છે જેમાં તે ક્રિયા. સાદડી - ચટાઈ કર - એવું બોલનારો.

गतञ्च तत् प्रत्यागतञ्च અને क्रयश्चासौ क्रयिका च આ વિગ્રહમાં गत અને क्रय નામને प्रत्यागत અને क्रयिका નામની સાથે આ સૂત્રથી तत्पुरुष-कर्मधारय સમાસ. નિપાતનના કારણે गत અને क्रय નામનો જ સમાસમાં પૂર્વનિપાત. क्रय ના અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી गतप्रत्यागतम् અને क्रयाक्रयिका આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગયું, પાછું આવ્યું. ખરીદવું, થોડું ખરીદવું.

शाकप्रियः पार्थिवः; तृतीयो भागः અને सर्वेषां श्वेततरः આ વિગ્રહમાં शाकप्रिय નામને पार्थिव નામની સાથે; तृतीय નામને भाग નામની સાથે અને सर्व નામને श्वेततर નામની સાથે આ સૂત્રથી तत्पुरुष-कर्मधारय સમાસ. નિપાતનના કારણે प्रिय પદનો, तीय પ્રત્યયનો અને तरप् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી शाकपार्थिवः; त्रिभागः અને सर्वश्वेतः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- શાકપ્રિય રાજા. ત્રીજો ભાગ. બધામાં અધિક સફેદ. આવી રીતે કોઈ પણ સૂત્રથી વિહિત ન હોય એવા તત્પુરુષ સમાસનો સમાવેશ, આ मयूरव्यंसकादि ગણપાઠમાં સમજવો. ॥૧૧૬॥

● ● ●

## चार्थे द्वन्द्वः सहोक्तौ ३/१/११७॥

સહોક્તિના વિષયમાં चार्थ વાચક નામને નામની સાથે સમાસ થાય છે. તે સમાસને द्वन्द्व સમાસ કહેવાય છે. 'नाम नाम्नैका० ૩-૧-૧૮' થી આ સૂત્રમાં नाम नाम्ना ની અનુવૃત્તિ ચાલું.

હોવા છતાં 'लघ्वक्षरा० ૩-૧-૧૬૦' આ સૂત્રમાં एक પદનું ગ્રહણ હોવાથી બે નામનો જ द्वन्द्व સમાસ થાય છે - એવું નથી. પરન્તુ અનેક નામોનો પણ द्वन्द्व સમાસ આ સૂત્રથી વિહિત છે. આશય એ છે કે સામાન્યતઃ ઉપર જણાવ્યા મુજબ નામને નામની (એક જ નામની) સાથે द्वन्द्व સમાસ થાય તો એક નામનો પૂર્વપ્રયોગ અને બીજાનો ઉત્તરમાં પ્રયોગ સિદ્ધ હોવાથી સૂ.નં. ૩-૧-૧૬૦ માં एक જ નામનો પૂર્વપ્રયોગ થાય છે, અનેક નામોનો નહીં - આ પ્રમાણે કહેવાની વસ્તુતઃ જરૂર ન હતી. પરંતુ अनेक નામોનો પણ દ્વન્દ્વ સમાસ ઈષ્ટ હોવાથી પૂર્વ પ્રયોગનું નિયમન કરવા ત્યાં સૂત્રમાં (૩-૧-૧૬૦ માં) एक પદનું ગ્રહણ કર્યું છે. જેથી અનેક નામોનો પણ દ્વન્દ્વ સમાસ આ સૂત્રથી થાય છે.

समुच्चय अन्वाचय इतरेतरयोग અને समाहार આ ચાર પ્રકારનો चार्थ છે. સામાન્યતઃ પરસ્પર નિરપેક્ષ પદાર્થોનો અન્વય જ્યારે એક પદાર્થમાં કરાય છે ત્યારે ત્યાં च् નો અર્થ समुच्चय મનાય છે. घटवत् पटवच्च भूतलम् અહીં પરસ્પર અપેક્ષા રહિત એવા घट અને पट નો (घटवत्व અને पटवत्व નો) અન્વય भूतल માં છે. તેથી અહીં च નો અર્થ समुच्चय મનાય છે. વસ્તુતઃ एकमर्थं प्रति द्व्यादीनां क्रिया-कारक-द्रव्य-गुणानां तुल्यबलानामविरोधिनामनियतक्रम - यौगपद्यानामात्मरूपभेदेन चीयमानता પદાર્થ સમુચ્ચય છે. તુલ્યબળવાલા અવિરોધિ અને નિયતક્રમ કે યૌગપદ્યથી રહિત એવા બે ત્રણ વગેરે ક્રિયા કારક દ્રવ્ય અથવા ગુણોનો એક અર્થની પ્રત્યે તે તે પદાર્થના સ્વરૂપની ભિન્નતાએ (તે તે પદના પ્રવૃત્તિ નિમિત્તની ભિન્નતાએ) જે અન્વય છે - તેને समुच्चय કહેવાય છે. દા.ત. चैत्रः पचति पठति च અહીં એક અર્થ चैत्र માં બે ક્રિયાનો અન્વય છે. બંન્ને ક્રિયાઓમાં ગૌણ મુખ્યભાવ ન હોવાથી તુલ્યબલત્વ છે. शीत અને उष्ण ની જેમ બંન્ને ક્રિયા વિરોધિ નથી. તેમ જ બાલ્ય અને યૌવનાવસ્થાની જેમ નિયતક્રમ તથા શબ્દ રૂપરસ ગન્ધ સ્પર્શની જેમ નિયત યૌગપદ્ય પણ બંન્ને ક્રિયાનું घट અને कलशनी

જેમ સ્વરૂપ એક નથી અર્થાદ્ ભિન્ન છે. આથી સ્પષ્ટ પણે સમજી શકાશે કે चैत्रः पचति पठति च અહીં બે ક્રિયા (પચન અને પઠન ક્રિયા) નો समुच्चय છે. અતુલ્યબળવાલા વિરોધિ અને નિયતક્રમ કે યૌગપદ્ય સહિત ક્રિયા વગેરેનો સમુચ્ચય થતો નથી. તેમ જ સ્વરૂપની એકતાએ (અભિન્નતાએ) પણ સમુચ્ચય થતો નથી. આવી જ રીતે चैत्रो मैत्रश्च पठति અહીં એક પઠનક્રિયામાં चैत्र અને मैत्र સ્વરૂપ બે कर्तृकारक નો સમુચ્ચય છે. राज्ञो गौश्चाश्वश्च અહીં એક સ્વામી (રાજા) માં गो અને अश्व સ્વરૂપ બે દ્રવ્યોનો समुच्चय છે. राज्ञो ब्राह्मणस्य च गौः અહીં બે સ્વામી સ્વરૂપ દ્રવ્યનો गो સ્વરૂપ એક દ્રવ્યમાં समुच्चय છે. અને शुक्लश्चायं कृष्णश्च તેમ જ नीलञ्च तदुत्पलम् અહીં એક દ્રવ્યમાં शुक्ल અને कृष्ण રૂપાત્મક ગુણદ્વયનો समुच्चय છે; તેમ જ એક ઉત્પલમાં नील અને उत्पलत्व સ્વરૂપ ગુણ - ધર્મદ્વયનો समुच्चय છે - એ ઉપર જણાવ્યા મુજબ વિચારવું. સામાન્યપણે च ના સ્થાને अपि શબ્દનો પ્રયોગ કરવાથી વિવક્ષિત અર્થની પ્રતીતિ બાધિત ન થતી હોય એવા સથળે चार्थ समुच्चय હોય છે - એ યાદ રાંખવાથી પ્રાયઃ समुच्चय સ્વરૂપ चार्थ સમજી શકાશે.

अन्वाचय :- गुणप्रधानभावमात्रविशिष्टः समुच्चय एवान्वाचयः માત્ર ગૌણમુખ્યભાવવિશિષ્ટ समुच्चय ને જ अन्वाचय કહેવાય છે. અન્વાચય; સમુચ્ચય વિશેષ જ છે. માત્ર એ બેમાં ભેદ એટલો છે કે समुच्चय ની જેમ अन्वाचय સ્થળે તુલ્યબલતા હોતી નથી, પરંતુ ગૌણ મુખ્ય ભાવ હોય છે. દા.ત. भिक्षामट गाञ्चानय અહીં એક કર્તામાં ભિક્ષાટન અને ગવાનયન ક્રિયાદ્વયનો અન્વય છે. સ્વતંત્રપણે અન્વીયમાન એ બે ક્રિયામાં भिक्षाटन ક્રિયા મુખ્ય છે અને गवानयन ક્રિયા ગૌણ છે. વક્તાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે ભિક્ષાએ તો જવાનું જ છે. અને ગાય મળે તો લાવવાની છે. આથી સમજી શકાશે કે મુખ્યે ભિક્ષાટન ક્રિયા અને ગૌણ ગવાનયન ક્રિયાનો સમુચ્ચય અહીં अन्वाचय સ્વરૂપ चार्थ છે.

इतरेतरयोगः- સામાન્યતઃ અન્વીયમાન દ્રવ્યોના સમુદાયનો અન્વય જ્યારે કોઇ પણ અન્યપદાર્થમાં કરાય છે ત્યારે चार्थ इतरेतरयोग સ્વરૂપ કહેવાય છે. આશય એ છે કે સમુચ્ચય સ્થળે ક્રિયા કારકાદિનો અન્વય સ્વતંત્રપણે કરાય છે. અહીં इतरेतरयोग સ્થળે દ્રવ્યોના સમુદાયનો જ અન્વય કરાય છે. સમુદાય ઘટક દ્રવ્યોનો સ્વતંત્રપણે અન્વય કરાતો નથી. તેથી અન્વયીમાન સમુદાયઘટક દ્રવ્યો समुच्चय સ્થળની જેમ પરસ્પર નિરપેક્ષ હોતા નથી, પણ સાપેક્ષ હોય છે. અહીં યાદ રાખવું જોઇએ કે દ્રવ્યોના (પરસ્પર સાપેક્ષદ્રવ્યોના) સમુદાયનો અન્વય થતો હોવા છતાં વાક્યમાં અથવા તો દ્વન્દ્વ સમાસમાં સમુદાયગત એકત્વ સંખ્યાનું ભાન થતું નથી. પરંતુ સમુદાયઘટક દ્રવ્ય વૃત્તિ द्वित्वादि સંખ્યાનું જ ભાન થાય છે. સમાસનું લિઙ્ગ; परलिङ्गो द्वन्द्वोऽशी - આ લિઙ્ગાનુશાસનનાં વચનથી દ્વન્દ્વસમાસમાંના પર નામના (છેલ્લા નામના) લિઙ્ગ મુજબ મનાય છે. આથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે -'द्रव्याणामेव परस्परसव्यपेक्षाणामुद्भूतावयवभेदः समूह इतरेतरयोगः - આ इतरेतरयोगનું સ્વરૂપ છે. દા.ત. चैत्रमैत्रौ गच्छतः અહીં એક ગમનક્રિયામાં સમુદાયની અપેક્ષાએ પરસ્પર સાપેક્ષ દ્રવ્ય સ્વરૂપ चैत्र અને मैत्र ના સમુદાયનો અન્વય છે. તેમજ સમુદાયઘટક દ્રવ્યગત द्वित्व સંખ્યાનું ભાન થાય છે. તેથી અહીં સમાસમાં અને चैत्रश्चमैत्रश्च गच्छतः આ વાક્યમાં चार्थ इतरेतरयोग છે.

समाहार :- इतरेतरयोग જેવો જ समाहार સ્વરૂપ चार्थ છે. इतरेतरयोग માં અને समाहार માં માત્ર એટલો જ ભેદ છે કે ઈતરેતર યોગ સ્થળે સમુદાય ગૌણ હોય છે અને અવયવો પ્રધાન હોય છે. જ્યારે સમાહારસ્થળે સમુદાન પ્રધાન હોય છે અને અવયવો ગૌણ હોય છે. તેથી સમુદાયગત એકત્વનું જ ભાન समाहार સ્થળે થાય છે. સમાસનું લિઙ્ગ નપુસંક હોય છે. આથી સ્પષ્ટપણે સમજી શકાશે કે स (समाहरः) एव तिरोहितावयवभेदः संहतिप्रधानः समाहारः- આ પ્રમાણે चार्थ સમાહારનું સ્વરૂપ છે. દા.ત. वाक् च

त्वक् च અહીં વાક્યમાં અને वाक्त्वचम् સમાસમાં ચાર્થ સમાહાર સ્વરૂપ છે. આથી વિશેષ ચાર્થ નું સ્વરૂપ અન્યત્ર જોવું જોઈએ.

ઉપર્યુક્ત ચાર્થ ના ચાર પ્રકારમાંથી પ્રથમ અને દ્વિતીય समुच्चय અને अन्वाचय સ્વરૂપ ચાર્થ સ્થળે સહોક્તિ ગમ્યમાન ન હોવાથી દ્વન્દ્વ સમાસ થતો નથી. છેલ્લા બે इतरेतरयोग અને समाहार સ્વરૂપ ચાર્થ સ્થળે ઉપર જણાવ્યા મુજબ દ્વન્દ્વ સમાસ થાય છે કારણ કે ત્યાં સહોક્તિ ગમ્યમાન હોય છે. 'यद् वर्त्तिपदैः प्रत्येक पदार्थानां युगपदभिधानं सहोक्तिः' સમાસ ઘટક પદથી દ્વન્દ્વ સમાસ સ્થળે સમુદાયનું અભિધાન થાય છે. તે તે પદથી અતિરિક્ત સહવર્તિ સમાસ ઘટક પદ; માત્ર તાત્પર્યનું જ ગ્રહણ કરાવે છે. ...... ઈત્યાદિ ભણાવનાર પાસેથી બરાબર સમજી લેવું જોઈએ. ત્યાં સુધી એટલું યાદ રાખવું કે इतरेतर योग અને समाहार સ્થળે સહોક્તિ ગમ્યમાન હોય છે.

प्लक्षश्च न्यग्रोधश्च આ વિગ્રહમાં प्लक्ष નામને न्यग्रोध નામની સાથે આ સૂત્ર થી इतरेतरयोग સ્વરૂપ ચાર્થ માં द्वन्द्व સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. प्लक्षन्यग्रोध નામને औ પ્રત્યયાદિ કાર્ય થવાથી प्लक्षन्यग्रोधौ આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્લક્ષ અને ન્યગ્રોધ નામના બે વૃક્ષો.

वाक् च त्वक् च આ વિગ્રહમાં वाच् નામને त्वच् નામની સાથે આ સૂત્રથી સમાહાર સ્વરૂપ ચાર્થ માં દ્વન્દ્વ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'चवर्ग - द - ष - हः० ७-३-९८' થી સમાસના અન્તે अ પ્રત્યય...વગેરે કાર્ય થવાથી वाक्त्वचम् આવો પ્રયોગ થાય છે. અર્થ - વાણી અને ચામડી.

धवश्च खदिरश्च पलाशश्च આ વિગ્રહમાં આ સૂત્રથી इतरेतरयोग સ્વરૂપ ચાર્થ માં અનેક નામોનો દ્વન્દ્વ સમાસ વગેરે કાર્ય થવાથી धवखदिरपलाशाः આવો પ્રયોગ થાય છે. (આવી જ રીતે समाहार ના વિષયમાં पीठच्छत्रोपानहम् આ અનેકપદોના द्वन्द्व સમાસનું ઉદાહરણ સમજી લેવું.) અર્થ - ધવ ખદિર અને પલાશ

નામના વૃક્ષો.

चार्थ इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સહોક્તિ ગમ્યમાન હોય તો चार्थ માં જ નામ ને નામની સાથે द्वन्द्व સમાસ થાય છે. તેથી વીપ્સામાં સહોક્તિ ગમ્યમાન હોય ત્યારે ग्रामो ग्रामो रमणीयः અહીં ग्राम નામને ग्राम નામની સાથે આ સૂત્રથી द्वन्द्व સમાસ થતો નથી. અર્થ - પ્રત્યેક ગામ રમણીય છે. सहोक्ताविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સહોક્તિ ગમ્યમાન હોય તો જ चार्थ માં નામને નામની સાથે द्वन्द्व સમાસ થાય છે. તેથી प्लक्षश्च न्यग्रोधश्च वीक्ष्यताम् અહીં समुच्चय સ્વરૂપ चार्थ સ્થળે સહોક્તિ ગમ્યમાન ન હોવાથી प्लक्ष નામને न्यग्रोध નામની સાથે આ સૂત્રથી द्वन्द्व સમાસ થતો નથી. અર્થ - પ્લક્ષ અને ન્યગ્રોધને જુઓ. ॥૧૧૭ ॥

• • •

### *समानामर्थेनैकः शेषः ३/१/११८//*

સહોક્તિ ગમ્યમાન હોય તો સમાનાર્થક નામોમાં એક નામનો શેષ થાય છે. અર્થાદ્ બીજા નામોનો લોપ થાય છે. અહીં ચોક્કસ કોઈ નામના શેષનું વિધાન ન હોવાથી ક્રમે કરીને બધા નામોનો શેષ થાય છે. ત્યારે તદન્ય નામનો અથવા નામોનો લોપ થાય છે. સૂત્રમાં समानाम् આ પ્રમાણે બહુવચનના નિર્દેશનું ખાસ કોઈ પ્રયોજન નથી. તેથી અર્થથી સમાન એવા સમાનાર્થક બે નામોમાંના પણ એક નામનો સહોક્તિ ગમ્યમાન હોય તો શેષ થાય છે. - એ યાદ રાખવું. वक्रश्च कुटिलश्च આ વિગ્રહમાં અર્થથી સમાન वक्र અને कुटिल નામમાં અનુક્રમે वक्र અને कुटिल નામનો આ

સૂત્રથી શેષ થવાથી અર્થાત્ કુટિલ અને वक्र નામનો લોપ થવાથી; અનુક્રમે સ્યાદિ પ્રત્યયાદિ કાર્ય બાદ वक्रौ અને कुटिलौ આવો પ્રયોગ થાય છે, આવી જ રીતે सितश्च शुक्लश्च श्वेतश्च આ વિગ્રહમાં અર્થથી સમાન એવા सित शुक्ल અને श्वेत નામમાં આ સૂત્રથી ક્રમશઃ सित शुक्ल અને श्वेत નામનો શેષ વગેરે કાર્ય થવાથી सिताः शुक्लाः અને श्वेताः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બે વાંકા. ત્રણ સફેદ. अर्थेन समानामिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સહોક્તિ ગમ્યમાન હોય તો અર્થથી સમાન જ એવા નામોમાં એક નામનો શેષ થાય છે. તેથી प्लक्षश्च न्याग्रोधश्च આ વિગ્રહમાં અર્થથી અસમાન એવા प्लक्षઅને न्यग्रोध નામમાં એક નામનો આ સૂત્રથી શેષ ન થવાથી 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી प्लक्ष નામને न्यग्रोध નામની સાથે દ્વન્દ્વ સમાસાદિ કાર્ય થાય છે. જેથી प्लक्षन्यग्रोधौ આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્લક્ષ અને ન્યગ્રોધ વૃક્ષો. सहोक्ताविल्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અર્થથી સમાન એવા નામોમાં એક નામનો; સહોક્તિ ગમ્યમાન હોય તો જ શેષ થાય છે. તેથી वक्रश्च कुटिलश्च दृश्यः અહીં સમુચ્ચય સ્થળે સહોક્તિ ગમ્યમાન'ન હોવાથી સમાનાર્થક वक्र કે कुटिल નામનો આ સૂત્રથી શેષ થતો નથી. અર્થ - વક્ર અને કુટિલ દૃશ્ય. ॥૧૧૮॥

● ● ●

## ***स्यादावसंख्येयः ३/१/११९//***

સર્વ स्यादि વિભક્તિમાં જેના રૂપો સમાન છે - એવા સમાન રૂપવાલા નામોમાં સઙ્ખ્યેયવાચક નામથી ભિન્ન એક નામનો; સહોક્તિ ગમ્યમાન હોય તો શેષ થાય છે. अक्षश्च (शकटस्य)

अक्षश्च (देवनः) अक्षश्च (बिभीतकः) આ વિગ્રહમાં સર્વ स्यादि વિભક્તિમાં સમાન રૂપવાલા ત્રણ अक्ष નામોમાં એક अक्ष નામનો આ સૂત્રથી શેષ થવાથી અર્થાદ્ બે अक्ष નો લોપ વગેરે કાર્ય થવાથી अक्षाः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાડાનું પૈડું; જુગારનો પાસો અને દવા વિશેષ. स्यादाविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સહોક્તિ ગમ્યમાન હોય તો સર્વ स्यादि વિભક્તિમાં જેના સરખા રૂપો થાય છે - એવાજ સમાન રૂપવાલા (માત્ર વર્ણાવલી જેમાં સમાન છે, એવા નહીં) નામોમાં સઙ્ખ્યેયવાચક નામથી ભિન્ન એક નામનો શેષ થાય છે. તેથી माता च जननी, माता च धान्यस्य અહીં વર્ણાવલીથી સામન હોવા છતાં સર્વસ્યાદિ-વિભક્તિમાં સમાન રૂપ થતું ન હોવાથી બે मातृ નામમાં એક मातृ નામનો શેષ આ સૂત્રથી થતો ન હોવાથી 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી मातृ નામને मातृ નામની સાથે द्वन्द्व સમાસાદિ કાર્ય થાય છે. તેથી मातृमातारौ આવો પ્રયોગ થાય છે. (જનની વાચક मातृ નામના माता मातरौ मातरः .... વગેરે રૂપો થાય છે. અને ધાન્યનું વજન કરનાર અર્થવાલા मातृ નામના माता मातारौ मातारः .... વગેરે રૂપો થાય છે.... એ કહેવાની ખરેખર જરૂર નથી.) અર્થ - માતા અને ધાન્યનો પ્રમાતા. असङ्ख्येय इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સહોક્તિ ગમ્યમાન હોય તો જ સર્વ स्यादि વિભક્તિમાં સમાન રૂપવાલા નામોમાંથી સઙ્ખ્યેયવાચક નામથી ભિન્ન જ એક નામનો શેષ થાય છે. તેથી एकश्चैकश्च અહીં સહોક્તિ ગમ્યમાન હોવા છતાં સર્વ स्यादि વિભક્તિમાં સમાન રૂપવાલા સઙ્ખ્યેયવાચક નામમાંથી એક નામનો આ સૂત્રથી શેષ થતો નથી. તેમ જ અહીં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી પ્રાપ્ત પણ द्वन्द्व સમાસ શિષ્ટસંમત ન હોવાથી થતો નથી. અર્થ - એક (ઘટાદિ) અને એક. (પટાદિ.) ||૧૧૯||

● ● ●

## त्यदादिः ३/१/१२०//

त्यदादि नामने त्यदादि भिन्न नामनी साथे सहोक्ति गम्यमान होय तो त्यदादि गणपाठमांना नामनो शेष थाय छे. तेमज त्यदादि नामनी साथे सहोक्ति गम्यमान होय तो त्यदादि गणपाठमां जेनो निर्देश पर छे, ते नामनो शेष थाय छे. त्यद् तद् यद् अदस् इदम् एतद् एक द्वि युष्मद् अस्मद् भवतु अने किम् आ प्रमाणे त्यदादि गणपाठ; सर्वादि गणपाठान्तगर्त छे. स च चैत्रश्च आ विग्रहमां त्यदादि भिन्न चैत्र नामनी साथे सहोक्ति गम्यमान होवाथी आ सूत्रथी त्यदादि गणपाठमांना तद् नामनो शेष वगेरे कार्य थवाथी तौ आवो प्रयाग थाय छे. अर्थ - ते अने चैत्र. स च यश्च आ विग्रहमां त्यदादि गणपाठमांना यद् नामनी सहोक्ति गम्यमान होवाथी त्यदादि गणपाठमां तद् नामनी अपेक्षाए यद् नामनो निर्देश पर होवाथी आ सूत्रथी यद् नामनो शेष थाय छे. जेथी औ प्रत्ययादि कार्य बाद यौ आवो प्रयोग थाय छे. अर्थ - ते अने जे. आवी रीते अहञ्च स च त्वञ्च आ विग्रहमां उपर जणाव्या मुजब त्यदादि गणपाठमां पर निर्दिष्ट अस्मद् नामनो आ सूत्रथी शेष वगेरे कार्य थवाथी वयम् आवो प्रयोग थाय छे. अर्थ - हुं ते अने तुं. ॥१२०॥

● ● ●

## भ्रातृ-पुत्राः स्वसृ-दुहितृभिः ३/१/१२१//

स्वसृ (बेन) अर्थवाला नामनी साथे सहोक्ति गम्यमान होय तो भ्रातृ अर्थवाला एक नामनो शेष थाय छे. अने दुहितृ

(છોકરી-પુત્રી) અર્થવાલા નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો પુત્રાર્થક એક નામનો શેષ થાય છે भ्राता च स्वसा च આ વિગ્રહમાં એક भ्रातृ નામનો આ સૂત્રથી શેષ થવાથી औ પ્રત્યયાદિ કાર્ય થવાથી भ्रातरौ આવો પ્રયોગ થાય છે. અને पुत्रश्च दुहिता च આ વિગ્રહમાં આ સૂત્રથી पुत्र નામનો શેષ વગેરે કાર્ય થવાથી पुत्रौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ભાઈ - બેન. પુત્ર - પુત્રી. સૂત્રમાં બહુવચનનો નિર્દેશ તદર્થક નામોનાં ગ્રહણ માટે છે. ॥૧૨૧॥

● ● ●

## पिता मात्रा वा ३/१/१२२//

मातृ નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો એક पितृ નામનો શેષ વિકલ્પથી થાય છે. पिता च माता च આ વિગ્રહમાં આ સૂત્રથી એક पितृ નામનો શેષ વગેરે કાર્ય થવાથી पितरौ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી पितृ નામનો શેષ ન થાય ત્યારે पितृ નામને मातृ નામની સાથે 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી द्वन्द्व સમાસ. 'लघ्वक्षरास० ૩-૧-૧૬૦' થી પૂજ્યવાચક मातृ નામનો સમાસમાં પૂર્વનિપાત. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'आ द्वन्द्वे ૩-૨-૩૯' થી मातृ નામના ऋ ને आ આદેશાદિ કાર્ય થવાથી मातापितरौ આવો પ્રયોગ થાય છે. અર્થ - માતા અને પિતા. ॥૧૨૨॥

● ● ●

## *श्वशुरः श्वश्रूभ्यां वा ३/१/१२३//*

श्वश्रू શબ્દની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો એક श्वशुर નામનો વિકલ્પથી શેષ થાય છે. श्वशुरश्च श्वश्रूश्च આ વિગ્રહમાં આ સૂત્રથી એક श्वशुर શબ્દનો શેષ વગેરે કાર્ય થવાથી श्वशुरौ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી શેષ ન થાય ત્યારે 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી श्वशुर નામને श्वश्रू નામની સાથે द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી श्वश्रूश्वशुरौ આવો પ્રયોગ થાય છે. અર્થ - સાસુ અને સસરો. સૂત્રમાં श्वश्रूभ्याम् આ પ્રમાણે દ્વિવચન નો નિર્દેશ બંન્ને श्वश्रू શબ્દના સંગ્રહ માટે છે. श्वशूर ની પત્ની વાચક અને श्वश्रू જાતિવાચક આ બંન્ને નામનો સંગ્રહ; સૂત્રમાં દ્વિવચનથી કર્યો છે. અન્યથા જાતિવાચક श्वश्रू ના પ્રયોગ સ્થળે श्वशुरौ આવો પ્રયોગ; 'पुरुषः स्त्रिया ३-१-१२६' થી નિત્ય થાત. ॥૧૨૩॥

● ● ●

## *वृद्धो यूना तन्मात्रभेदे ३/१/१२४//*

યુવ પ્રત્યયાન્ત નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો વૃદ્ધ પ્રત્યયાન્ત નામનો; એ બંન્ને નામોમાં માત્ર પ્રત્યયકૃત જ (પ્રકૃતિ કે અર્થકૃત નહીં) ભેદ હોય તો એક શેષ થાય છે. (યુવ અને વૃદ્ધ પ્રત્યયના સ્વરૂપ માટે જુઓ સૂ.નં. ૬-૧-૨-અને ૩) गार्ग्यश्च गार्ग्यायणश्च અહીં યુવ પ્રત્યયાન્ત गार्ग्यायण નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી વૃદ્ધ પ્રત્યયાન્ત गार्ग्य

નામનો એક શેષ વગેરે કાર્ય થવાથી गार्ग्यौ આવો પ્રયોગ થાય છે. અર્થ - ગર્ગ ઋષિનું વૃદ્ધ અને યુવાન સન્તાન. वृद्ध इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ युव પ્રત્યયાન્ત નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો વૃદ્ધ પ્રત્યયાન્ત જ નામનો; એ બન્ને નામમાં માત્ર પ્રત્યયકૃત ભેદ હોય તો એક શેષ થાય છે. તેથી गर्गश्च गार्ग्यायणश्च આ વિગ્રહમાં આ સૂત્રથી गर्ग કે गार्ग्यायण નામનો શેષ ન થવાથી 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી गर्ग નામને गार्ग्यायण નામની સાથે द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી गर्गगार्ग्यायणौ આવો પ્રયોગ થાય છે. અર્થ - ગર્ગ ઋષિ અને તેમનું યુવાન સન્તાન. यूनेति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યુવપ્રત્યયાન્ત જ નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો; વૃદ્ધ પ્રત્યયાન્ત એક નામનો; એ બંન્ને નામમાં માત્ર પ્રત્યયકૃત ભેદ હોય તો એક શેષ થાય છે. તેથી गार्ग्यश्च गर्गश्च આ વિગ્રહમાં गर्ग નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોવાથી અર્થાદ્ યુવ પ્રત્યયાન્ત નામની સાથે સહોક્તિ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી વૃદ્ધ પ્રત્યયાન્ત गार्ग्य નામનો શેષ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી गार्ग्यगर्गौ આવો પ્રયોગ થાય છે. અર્થ - ગર્ગ ઋષિનું વૃદ્ધ સંતાન અને ગર્ગ ઋષિ. तन्मात्रभेद इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધ પ્રત્યયાન્ત નામનો; યુવ પ્રત્યયાન્ત નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો એક શેષ થાય છે. પરન્તુ એ બંન્ને નામોમાં માત્ર પ્રત્યયકૃત જ ભેદ હોવો જોઈએ. જો તદતિરિક્ત પ્રકૃતિ કે અર્થનો ભેદ હોય તો, તે વૃદ્ધ પ્રત્યયાન્ત નામનો એક શેષ થતો નથી. તેથી गार्ग्यश्च वात्सायनश्च આ વિગ્રહમાં યુવ પ્રત્યયાન્ત वात्सायन નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોવા છતાં વૃદ્ધપ્રત્યયાન્ત गार्ग्य નામનો; એ બંન્ને નામમાં પ્રકૃતિ (गर्ग અને वत्स) પ્રયુક્ત પણ ભેદ હોવાથી આ સૂત્રથી એક શેષ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી गार्ग्यवात्सायनौ આવો પ્રયોગ

થાય છે. અર્થ - ગર્ગ ઋષિનું વૃદ્ધ સંતાન અને વત્સ ઋષિનું યુવાન સન્તાન. (प्रकृति નો ભેદ ન હોય અને अर्थ નો ભેદ હોય એવું પ્રત્યુદાહરણ भागवित्तिभागवित्तिकौ આ પ્રમાણે છે. અર્થ - ભાગવિત્તનું વૃદ્ધ સન્તાન અને ભાગવિત્તનું સૌવીરદેશમાં રહેનારું નિન્દિત યુવાન સન્તાન.) ॥૧૨૪॥

● ● ●

## स्त्री पुंवच्च ३/१/१२५//

વૃદ્ધ પ્રત્યયાન્ત અને યુવપ્રત્યયાન્ત નામમાં માત્ર પ્રત્યયંકૃત જ ભેદ હોય તો; યુવપ્રત્યયાન્ત નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો; વૃદ્ધ પ્રત્યયાન્ત સ્ત્રીવાચક નામનો એક શેષ થાય છે અને એ વૃદ્ધપ્રત્યયાન્ત સ્ત્રીવાચક નામ; પુલ્લિંગ મનાય છે. गार्गी च गार्ग्यायणश्च આ વિગ્રહમાં યુવ પ્રત્યયાન્ત गार्ग्यायण નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી તાદૃશ વૃદ્ધપ્રત્યયાન્ત સ્ત્રીવાચક गार्गी નામનો એક શેષ અને તે गार्गी નામને પુવંદ્ ભાવ. જેથી गार्गी નામના ङी પ્રત્યયની નિવૃત્તિ થવાથી તેના કારણે થયેલા य् લોપની અને अ લોપની પણ નિવૃત્તિ. गार्ग्य નામને औ પ્રત્યયાદિ કાર્ય થવાથી गार्ग्यौ આવો પ્રયોગ થાય છે. અર્થ - ગર્ગઋષિનું વૃદ્ધ સ્ત્રી સન્તાન અને ગર્ગનું યુવાન સન્તાન. गार्गी च गार्ग्यायणौ च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ गार्गी નામનો એક શેષ અને गार्गी નામને પુંવદ્ભાવ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન गार्ग्य નામને शस् (द्वि.ब.व.) પ્રત્યય. 'यञञोऽश्याप० ६-१-१२६' થી यञ् (य) પ્રત્યયનો લોપ. તેના કારણે 'निमित्तापाये नैमित्तिकस्याप्यपायः' આ ન્યાયથી ञित् પ્રત્યયનિમિત્તક વૃદ્ધિની નિવૃત્તિ વગેરે કાર્ય થવાથી गर्गान् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગર્ગનું વૃદ્ધાપત્ય સ્ત્રી અને

ગર્ગનાં બે યુવાન અપત્ય. અહીં ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધપ્રત્યયાન્ત સ્ત્રી વાચક નામનો એક શેષ કરીને તેને પુંવદ્ભાવ થવાથી इमौ गार्ग्यौ આવો અનુપ્રયોગ પણ પુલ્લિંગનો થાય છે એ યાદ રાખવું. ॥૧૨૫॥

● ● ●

## पुरुषः स्त्रिया ३/१/१२६॥

પુરુષ પ્રાણી સ્વરૂપ અર્થમાં પુરુષ નામ રૂઢ છે. સ્ત્રી વાચક નામ અને પુરુષ વાચક નામ - એ બેમાં માત્ર સ્ત્રીલિંગ અને પુલ્લિંગનો જ ભેદ હોય તો (પ્રકૃતિ કે અર્થનો ભેદ હોય તો નહીં.) પુરુષ વાચક એક નામનો; સ્ત્રી વાચક નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો એક શેષ થાય છે. ब्राह्मणश्च ब्राह्मणी च આ વિગ્રહમાં આ સૂત્રથી પુરુષ વાચક ब्राह्मण નામનો એક શેષ વગેરે કાર્ય થવાથી ब्राह्मणौ આવો પ્રયોગ થાય છે. અર્થ - બ્રાહ્મણ અને બ્રાહ્મણી. पुरुष इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્ત્રી વાચક નામ અને પુરુષ વાચક નામ - એ બેમાં માત્ર લિઙ્ગનો જ ભેદ હોય તો; સ્ત્રી વાચક નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો પુરુષ વાચક જ એક નામનો (સામાન્યતઃ પુલ્લિંગ નામ માત્રનો નહીં) શેષ થાય છે. તેથી नदश्चनदी च આ વિગ્રહમાં પુરુષવાચક नद (પુલ્લિંગ હોવા છતાં) નામ ન હોવાથી તેનો આ સૂત્રથી એક શેષ થતો નથી. પરન્તુ नद નામને नदी નામની સાથે 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી द्वन्द्व સમાસાદિ કાર્ય થાય છે. જેથી नदनदी શબ્દ બને છે. ત્યારબાદ नदनद्योः पतिः આ વિગ્રહમાં 'षष्ठ्ययत्ना० ૩-૧-૭૬' થી तत्पुरुष समासादि કાર્ય થવાથી तीरं नदनदीपतेः આવો પ્રયોગ થાય છે. અર્થ - નદ (મોટી નદી) અને નદીના પતિ -

સમુદ્રનું તીર. तन्मात्रभेद इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્ત્રીવાચક અને પુરુષવાચક નામમાં માત્ર લિઙ્ગનો જ ભેદ હોય (સ્વરૂપાદિનો ભેદ ન હોય) તો જ પુરુષવાચક એક નામનો; સ્ત્રીવાચક નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો એક શેષ થાય છે. તેથી स्त्री च पुमांश्च આ વિગ્રહમાં સ્ત્રી અને પુરુષ નામમાં સ્વરૂપ-વર્ણાવલીનો પણ ભેદ હોવાથી આ સૂત્રથી પુરુષ વાચક પુરુષ નામનો એક શેષ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી स्त्रीपुंसौ આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્ત્રી અને પુરુષ. ||૧૨૬||

● ● ●

**ग्राम्याऽशिशुद्विशफसङ्घे स्त्री प्रायः ३/१/१२७||**

ग्रामीण (ગામમાં વસનારા) अशिशु (નાના બચ્ચાને છોડીને અન્ય) એવા બે ખરીવાલા પશુઓનો સમુદાય સ્વરૂપ અર્થ ગમ્યમાન હોય તો; સહોક્તિના વિષયમાં સ્ત્રીવાચક અને પુરુષવાચક નામમાં માત્ર સ્ત્રી અને પુરુષનો ભેદ હોય (સ્વરૂપાદિનો ભેદ ન હોય) તો પ્રાયઃ સ્ત્રીવાચક એક નામનો શેષ થાય છે. गावश्च स्त्रियो गावश्च नराः આ વિગ્રહમાં ગ્રામીણ શિશુભિન્ન બે ખરીવાલા પશુ સ્વરૂપ ગોજાતીયનો સમુદાય સ્વરૂપ અર્થ ગમ્યમાન હોવાથી સ્ત્રીવાચક गो નામનો આ સૂત્રથી એક શેષ વગરે કાર્ય થવાથી इमा गावः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાયો અને બળદો.

ग्राम्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગ્રામીણ જ અશિશુ બે ખરીવાલા પશુઓનો સમુદાય સ્વરૂપ અર્થ ગમ્યમાન હોય તો સહોક્તિમાં સ્ત્રીવાચક અને પુરુષવાચક નામમાં માત્ર સ્ત્રી અને પુરુષનો ભેદ હોય તો પ્રાયઃ સ્ત્રી વાચક એક નામનો

શેષ થાય છે. તેથી रुरवश्चेमे रुरवश्चेमाः આ વિગ્રહમાં વન્ય પશુઓનો સમુદાય સ્વરૂપ અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી સ્ત્રી વાચક रुरु નામનો એક શેષ ન થવાથી 'पुरुषः स्त्रिया ૩-૧-૧૨૬' થી પુરુષ વાચક रुरु નામનો એક શેષ વગેરે કાર્ય થાય છે. જેથી इमे रुरवः આવો પ્રયોગ થાય છે. અર્થ - રુરુ નામના હરણો અને હરણીઓ.

अशिश्विति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગ્રામીણ અશિશુ જ બે ખરીવાલા પશુઓનો સમુદાય સ્વરૂપ અર્થ ગમ્યમાન હોય તો સહોક્તિમાં સ્ત્રીવાચક અને પુરુષવાચક નામમાં માત્ર સ્ત્રી અને પુરુષ નો ભેદ હોય તો પ્રાયઃ સ્ત્રીવાચક એક નામનો શેષ થાય છે. તેથી बर्क्कर्यश्च बर्क्कराश्च આ વિગ્રહમાં આ સૂત્રથી સ્ત્રી વાચક बर्क्करी નામનો એક શેષ થતો નથી. કારણ કે અહીં બે ખરીવાલા ગ્રામીણ પણ શિશુ સ્વરૂપ પશુઓનો સમુદાય રૂપ અર્થ ગમ્યમાન છે. શિશુ ભિન્ન પશુઓનો સમુદાય સ્વરૂપ અર્થ ગમ્યમાન નથી. તેથી અહીં ઉપર જણાવ્યા મુજબ 'पुरुषः स्त्रिया ૩-૧-૧૨૬' થી પુરુષ વાચક बर्क्कर નામનો એક શેષ વગેરે કાર્ય થવાથી बर्क्कराः આવો પ્રયોગ થાય છે. અર્થ - નાની બકરીઓ અને નાના બકરા.

द्विशफेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સહોક્તિમાં સ્ત્રી વાચક અને પુરુષ વાચક નામમાં માત્ર સ્ત્રી અને પુરુષનો ભેદ હોય તો; બે ખરીવાલા જ ગ્રામીણ શિશુભિન્ન પશુઓનો સમુદાય સ્વરૂપ અર્થ ગમ્યમાન હોય તો પ્રાયઃ સ્ત્રી વાચક એક નામનો શેષ થાય છે. તેથી गर्दभाश्च गर्दभ्यश्च આ વિગ્રહમાં ગ્રામીણ શિશુભિન્ન એક ખરીવાલા પશુઓનો સમુદાય સ્વરૂપ અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી સ્ત્રીવાચક गर्दभ નામનો એક શેષ થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ પુરુષ વાચક गर्दभ નામનો એક શેષ થવાથી गर्दभाः આવો પ્રયોગ થાય છે. અર્થઃ- ગધેડા અને ગધેડીઓ.

सङ्घ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સહોક્તિમાં સ્ત્રી વાચક અને પુરુષ વાચક નામમાં માત્ર સ્ત્રી અને પુરુષનો ભેદ હોય તો, ગ્રામીણ અશિશુ બે ખરીવાલા પશુઓનો સમુદાય સ્વરૂપ જ અર્થ ગમ્યમાન હોય તો પ્રાયઃ સ્ત્રી વાચક એક નામનો શેષ થાય છે. તેથી गौश्चायं गौश्चेयम् આ વિગ્રહમાં તાદૃશ પશુઓનો સમુદાય સ્વરૂપ અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી સ્ત્રી વાચક गो નામનો એક શેષ થતો નથી. તેથી 'पुरुषः स्त्रिया ३-१-१२६' થી પુરુષ વાચક गो નામનો એક શેષ વગેરે કાર્ય થવાથી इमौ गावौ આવો પ્રયોગ થાય છે. અર્થ - એક બળદ અને એક ગાય.

प्राय इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સહોક્તિમાં સ્ત્રી વાચક અને પુરુષ વાચક નામમાં માત્ર સ્ત્રી અને પુરુષ નો ભેદ હોય તો ગ્રામીણ શિશુભિન્ન બે ખરીવાલા પશુઓનો સમુદાય સ્વરૂપ અર્થ ગમ્યમાન હોય તો પ્રાયઃ જ સ્ત્રી વાચક એક નામનો શેષ થાય છે, તેથી उष्ट्राश्च उष्ट्रयश्च આ વિગ્રહમાં તાદૃશ ગ્રામીણ અશિશુ બે ખરીવાલા પશુઓનો સમુદાય સ્વરૂપ અર્થ ગમ્યમાન હોવા છતાં સ્ત્રી વાચક એક उष्ट्री નામનો શેષ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ પુરુષ વાચક उष्ट्र નામનો એક શેષ વગેરે કાર્ય થવાથી उष्ट्राः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઊંટડીઓ અને ઊંટો. પ્રત્યુદાહરણો ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે આ સૂત્ર પૂર્વસૂત્રનું અપવાદ છે. ॥૧૨૭॥

● ● ●

**क्लीबमन्येनैकं च वा ३/१/१२८//**

નપુંસક નામને નપુંસક ભિન્ન નામની સાથે સહોક્તિ

ગમ્યમાન હોય ત્યારે; એ બંન્ને નામોમાં માત્ર લિંગભેદ હોય (સ્વરૂપાદિનો ભેદ ન હોય) તો नपुंसक એક નામનો શેષ થાય છે. અને આ રીતે જેનો શેષ થઈ રહ્યો છે - તે નપુંસક લિંગવાળું નામ એકવદ્ભાવને (એકત્વ વિશિષ્ટભાવને) વિકલ્પથી પામે છે. शुक्लञ्च शुक्लश्च આ વિગ્રહમાં નપુંસક शुक्ल નામને પુલ્લિંગ शुक्ल નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોવાથી તન્માત્ર (લિંગમાત્ર) - ભેદવિશિષ્ટ એ બે નામોમાંથી નપુંસક शुक्ल નામનો આ સૂત્રથી એક શેષ થવાથી તેમજ એ शुक्ल નામને એકવદ્ભાવ થવાથી सि પ્રત્યયાદિ કાર્ય બાદ शुक्लम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી એકવદ્ભાવ ન થાય ત્યારે औ પ્રત્યયાદિ કાર્ય થવાથી शुक्ले આવો પ્રયોગ થાય છે. અર્થ - ધોળું અને ધોળો. આવી જ રીતે शुक्लञ्च शुक्लश्च शुक्ला च આ વિગ્રહમાં આ સૂત્રથી નપુંસકલિઙ્ગવાલા शुक्ल નામનો એક શેષ થવાથી અને તે નામને એકવદ્ભાવ થવાથી शुक्लम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી એકવદ્ભાવ ન થાય ત્યારે जस् પ્રત્યયાદિ કાર્ય થવાથી शुक्लानि આવો પ્રયોગ થાય છે. અર્થ - ધોળું, ધોળો અને ધોળી.

अन्येनेति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नपुंसक લિંગવાલા નામને નપુંસકલિંગથી ભિન્ન જ પુલ્લિંગાદિ નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો તન્માત્રભેદ વિશિષ્ટ એ નામોમાંથી નપુંસક લિંગવાલા નામનો એક શેષ થાય છે. અને એ નામને વિકલ્પથી એકવદ્ભાવ થાય છે. તેથી शुक्लञ्च शुक्लञ्च અહીં નપુંસક शुक्ल નામને અન્ય (નપુંસક ભિન્ન) નામની સાથે સહોક્તિ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી शुक्ल નામનો એક શેષ થતો નથી. તેમજ વિકલ્પથી તેને એકવદ્ભાવ પણ થતો નથી જેથી 'स्यादावसंख्येयः ३-१-११९' થી शुक्ल નામનો એક શેષ વગેરે કાર્ય થવાથી शुक्ले આવો પ્રયોગ થાય છે. અર્થ - ધોળું (વસ્ત્રાદિ). અને ધોળું (રૂપાદિ).

तन्मात्रभेद इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ

નપુંસક લિંગવાલા નામને તદ્‌ભિન્નપુલ્લિંગાદિ નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય. તો માત્ર લિઙ્ગભેદ વિશિષ્ટ જ (સ્વરૂપાદિ ભેદવિશિષ્ટ નહીં) એ નામોમાંથી નપુંસક નામનો એક શેષ થાય છે. અને એ નામને વિકલ્પથી એકવદ્‌ભાવ થાય છે. તેથી हिमञ्च हिमानी च આ વિગ્રહમાં નપુંસક हिम નામને તદ્‌ભિન્ન સ્ત્રીલિંગ हिमानी નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોવા છતાં બંન્ને નામોમાં અર્થભેદ પણ હોવાથી અર્થાત્ બંન્ને નામો તન્માત્ર (લિંગમાત્ર) ભેદ વિશિષ્ટ ન હોવાથી આ સૂત્રથી નપુંસક हिम નામનો એક શેષ થતો નથી. જેથી 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી हिमहिमान्यौ આવો પ્રયોગ થાય છે. અર્થ - નાનું હિમ (બરફ) અને મોટું હિમ. ॥૧૨૮॥

● ● ●

## पुष्यार्थाद् भे पुनर्वसुः ३/१/१२९//

નક્ષત્રવાચક પુષ્યાર્થક નામથી પરમાં રહેલા નક્ષત્રવાચક पुनर्वसु નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો; તે દ્વિત્વ વિશિષ્ટાર્થક पुनर्वसु નામને એકવદ્‌ભાવ થાય છે અર્થાત્ તે નામ એકવચનાન્ત મનાય છે. पुष्यश्च पुनर्वसू च અને तिष्यश्च पुनर्वसू च આ વિગ્રહમાં નક્ષત્ર વાચક પુષ્યાર્થક पुष्य નામને તેમજ तिष्य નામને નક્ષત્રાર્થક पुनर्वसु નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોવાથી 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી द्वन्द्व સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી દ્વિત્વવિશિષ્ટાર્થક पुनर्वसु નામને એકવદ્‌ભાવ વગેરે કાર્ય થવાથી उदितौ पुष्यपुनर्वसू અને उदितौ तिष्यपुनर्वसू આવો પ્રયોગ થાય છે. અર્થ બંન્નેનો - એક પુષ્ય અને બે પુનર્વસુ નક્ષત્ર ઉદય પામ્યા છે.

पुष्यार्थादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નક્ષત્રવાચક પુષ્યાર્થક જ નામથી પરમાં રહેલા નક્ષત્રાર્થક પુનર્વસુ નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો; તે દ્વિત્વવિશિષ્ટાર્થક પુનર્વસુ નામને એકવદ્ભાવ થાય છે. તેથી आर्द्रा च पनर्वसू च આ વિગ્રહમાં નક્ષત્રાર્થક आर्द्रा નામથી પરમાં રહેલા તાદૃશ પુનર્વસૂ નામને આ સૂત્રથી એકવદ્ ભાવ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી आर्द्रापुनर्वसवः આવો પ્રયોગ થાય છે. અર્થ - આર્દ્રાનક્ષત્ર અને બે પનર્વસુ નક્ષત્ર.

पुनर्वसुरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નક્ષત્ર - વાચક પુષ્યાર્થક નામથી પરમાં રહેલા નક્ષત્રવાચક પુનર્વસુ જ નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો; તે દ્વિત્વવિશિષ્ટાર્થક પુનર્વસુ નામને એકવદ્ભાવ થાય છે. તેથી पुष्यश्च मघे च આ વિગ્રહમાં તાદૃશ દ્વિત્વવિશિષ્ટ मघा નામને આ સૂત્રથી એકવદ્ ભાવ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી पुष्यमघाः આવો પ્રયોગ થાય છે. અર્થ - પુષ્ય અને બે મઘા નક્ષત્ર.

भ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નક્ષત્રવાચક જ પુષ્યાર્થક નામથી પરમાં રહેલા નક્ષત્રાર્થક જ પુનર્વસુ નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો; તે દ્વિત્વવિશિષ્ટાર્થક પુનવર્સુ નામને એકવદ્ભાવ થાય છે. તેથી तिष्यश्च पुनर्वसू च આ વિગ્રહમાં તે તે નક્ષત્રમાં જન્મેલા બાળક - અર્થના વાચક દ્વિત્વવિશિષ્ટાર્થક પુનર્વસુ નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી तिष्यपुनर्वसवो बालाः આવો પ્રયોગ થાય છે. અર્થ - પુષ્યનક્ષત્રમાં જન્મેલો એક છોકરો અને પુનર્વસુ નક્ષત્રમાં જન્મેલા બે છોકરા. (पुष्ये जातः અને पुनर्वस्वोर्जातौ આ અર્થમાં 'भर्तु-सन्ध्यादेरण्० ६-३-८९' થી पुष्य અને पुनर्वसु નામને अण् પ્રત્યય. 'बहुलाऽनुराधा० ६-३-१०७' થી अण् નો લોપ વગેરે કાર્ય થવાથી पुष्य અને पुनर्वसु

નામ બને છે.... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે.) ॥૧૨૯॥

## *विरोधिनामद्रव्याणां नवा द्वन्द्व स्वैः ३/१/१३०//*

ગુણક્રિયાદિના આશ્રયને દ્રવ્ય કહેવાય છે. અદ્રવ્યવાચક અર્થાદ્ (अतदाश्रय) ગુણ-ક્રિયાદિના અનાશ્રય વાચક વિરોધિવાચક નામોનો द्वन्द्व સમાસ જો स्व - સજાતીય અર્થાદ્ વિરોધિવાચક જ નામોથી (વિરોધિ-અવિરોધિ નામોથી નહીં) આરબ્ધ હોય તો તે द्वन्द्व સામાસિક નામને વિકલ્પથી એકવદ્‌ભાવ થાય છે. सुखञ्च दुःखञ्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી द्वन्द्व સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ દ્વન્દ્વ સમાસ વિરોધિવાચક અને અદ્રવ્ય - ગુણવાચક सुख અને दुःख નામથી આરબ્ધ હોવાથી આ સૂત્રથી एकवद् ભાવ વગેરે કાર્ય થવાથી सुखदुःखम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી એકવદ્‌ભાવ ન થાય ત્યારે सुखदुःखे આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે लाभश्चालाभश्च આ વિગ્રહમાં વિરોધિ અદ્રવ્ય - ક્રિયાવાચક लाभ અને अलाभ નામને ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી लाभालाभम् અને लाभालाभौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સુખ અને દુઃખ. લાભ અને અલાભ. અહીં સુખ અને દુઃખમાં વિરુદ્ધત્વ અને ગુણરૂપે સમાન જાતીયત્વ સ્પષ્ટ છે. આવી જ રીતે લાભ અને અલાભમાં પણ વિરુદ્ધત્વ અને ક્રિયારૂપે સાજાત્ય સ્પષ્ટ છે. યદ્યપિ सुखदुःखम् અને लाभालाभम् ઈત્યાદિ સ્થળે 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી સમાહારની વિવક્ષામાં એકવદ્‌ભાવ અને નપુંસક લિઙ્ગત્વ સિદ્ધ જ છે; પરન્તુ અવિરોધિવાચક નામોના द्वन्द्व સમાસ સ્થળે અને દ્રવ્યવાચક નામોના द्वन्द्व સમાસ સ્થળે એકવદ્‌ભાવાદિ 'चार्थे० ३-१-११७' થી ન થાય એ માટે અર્થાદ્ વિરોધિવાચક - અદ્રવ્યવાચક જ નામોના તાદૃશ द्वन्द्व સમાસ સ્થળે

એકવદ્‌ભાવ થાય - એતાદૃશ નિમય માટે આ સૂત્રનું પ્રણયન છે. તેથી સમાહારની વિવક્ષામાં 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી અવિરોધિવાચક નામોનો અને દ્રવ્યવાચક નામોનો द्वन्द्व સમાસ થતો નથી, પરન્તુ યથાપ્રાપ્ત ઈતરેતર યોગ સ્વરૂપ જ चार्थ માં તે નામોનો द्वन्द्व સમાસ થાય છે.... ઈત્યાદિ ઉપયોગપૂર્વક સમજી લેવું.

विरोधिनामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अद्रव्यवाचक વિરોધિવાચક જ નામોનો द्वन्द्व સમાસ સજાતીય નામોથી જ આરબ્ધ હોય તો; તે द्वन्द्व સામાસિક નામને વિકલ્પથી એકવદ્‌ભાવ થાય છે. તેથી कामश्च क्रोधश्च આ વિગ્રહમાં अद्रव्य વાચક પણ અવિરોધિ વાચક काम અને क्रोध નામોના ઉપર જણાવ્યા મુજબ થયેલ द्वन्द्व સમાસને આ સૂત્રથી એકવદ્‌ભાવ થતો નથી. જેથી कामक्रोधौ આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વિહિત નિયમના કારણે સમાહારની વિવક્ષા પ્રયુક્ત;'चार्थे० ૩-૧-૧૧૭' થી પણ એકવદ્‌ભાવ થતો નથી. અર્થ - કામ અને ક્રોધ.

अद्रव्याणामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિરોધિવાચક અદ્રવ્ય વાચક જ નામોનો द्वन्द्व સમાસ જો સજાતીય નામોથી જ આરબ્ધ હોય તો; તે द्वन्द्व સામાસિક નામને વિકલ્પથી એકવદ્‌ભાવ થાય છે. તેથી शीतञ्चोष्णञ्च (जलम्) આ વિગ્રહમાં વિરોધિ વાચક પણ દ્રવ્યવાચક નામોના ઉપર જણાવ્યા મુજબ થયેલા द्वन्द्व સામાસિક નામને આ સૂત્રથી એકવદ્‌ભાવ થતો નથી. જેથી शीतोष्णे जले આવો પ્રયોગ થાય છે. અર્થ - ઠંડું અને ગરમ પાણી. અહીં પણ ઉપર જણાવ્યા મુજબ 'चार्थे० ૩-૧-૧૧૭' થી સામાહારની વિવક્ષા પ્રયુક્ત એકવદ્‌ભાવ થતો નથી.

स्वैरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિરોધિવાચક અદ્રવ્યવાચક નામોનો द्वन्द्व સમાસ જો સજાતીય (વિરોધિ વાચક) જ નામોથી આરબ્ધ હોય તો વિકલ્પથી એકવદ્‌ભાવ થાય છે. તેથી बुद्धिश्च सुखञ्च दुःखञ्च આ વિગ્રહમાં बुद्धि सुख અને दुःख નામનો 'चार्थे द्वन्द्वः०૩-૧-૧૧૭' થી द्वन्द्व સમાસ વગેરે

કાર્ય થવાથી बुद्धिसुखदुःखानि આવો પ્રયોગ થાય છે. અહીં सुख અને दुःख નામ વિરોધિવાચક અને અદ્રવ્યવાચક હોવા છતાં बुद्धि નામ વિરોધિવાચક નથી. જેથી આ સમાસ; માત્ર સજાતીય નામોથી જ આરબ્ધ ન હોવાથી અહીં આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. તેમ જ ઉપર જણાવ્યા મુજબ 'चार्थे० ३-१-११७' થી પણ સમાહાર પ્રયુક્ત એકવદ્ભાવ થતો નથી. અર્થ - બુદ્ધિ, સુખ અને દુઃખ. ॥૧૩૦॥

● ● ●

## अश्ववडव - पूर्वापरा - ऽधरोत्तराः ३/१/१३१//

अश्ववडव पूर्वापर અને अधरोत्तर આ द्वन्द्व સમાસમાં નિષ્પન્ન નામને વિકલ્પથી એકવદ્ભાવ થાય છે. પરન્તુ આ द्वन्द्व સમાસ યથાનિર્દિષ્ટ अश्वादि નામોથી જ આરબ્ધ હોવા જોઈએ. अश्वश्च वडवा च આ વિગ્રહમાં अश्व નામને वडवा નામની સાથે 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી द्वन्द्व સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી अश्ववडवा નામના અન્ત્ય आ ને; अश्ववडव આ પ્રમાણેના નિર્દેશથી -हस्व अ આદેશ, તથા એકવદ્ભાવ વગેરે કાર્ય થવાથી अश्ववडवम् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી अश्ववडवा નામને વિકલ્પપક્ષમાં એકવદ્ભાવ ન થાય ત્યારે अश्ववडवौ આવો પ્રયોગ થાય છે. (સમાહારથી ભિન્ન સ્થળે अश्ववडवा આ द्वन्द्व સમાસ પુલ્લિંગ મનાય છે.) पूर्वञ्चापरञ्च अधरञ्चोत्तरञ्च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી નિષ્પન્ન पूर्वापर અને अधरोत्तर નામને આ સૂત્રથી એકવદ્ભાવાદિ કાર્ય થવાથી पूर्वापरम् અને अधरोत्तरम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી એકવદ્ભાવ ન થાય ત્યારે पूर्वापरे અને अधरोत्तरे આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઘોડો અને ઘોડી. પૂર્વ અને પશ્ચિમ. નીચે અને ઉપર.

યદ્યપિ अश्ववडवम् અહીં 'पशुव्यञ्जनानाम् ३-१-१३२' થી વૈકલ્પિક એકવદ્ભાવ સિદ્ધ જ છે તેમજ पूर्वापरम् અને अधरोत्तरम् અહીં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી वाक्त्वचम् ની જેમ વૈકલ્પિક એકવદ્ભાવ સિદ્ધ જ છે. પરન્તુ 'पशुव्यञ्जनानाम् ३-१-१३२' થી अश्वના પર્યાયવાચક हयादि નામોથી આરબ્ધ દ્વન્દ્વ સમાસ સ્થળે વૈકલ્પિક એકવદ્ભાવ ન થાય- એ માટે તેમજ पूर्व અને अधर નામને अपर અને उत्तर નામથી ભિન્ન નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસ સ્થળે 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી वाक्त्वचम् ની જેમ એકવદ્ભાવ ન થાય - એ માટે અર્થાદ્ ઉપર જણાવ્યા મુજબ अश्ववडवम् અને पूर्वापरम् તથા अधरोत्तरम् સ્થળે જ સમાહાર પ્રયુક્ત વિકલ્પે એકવદ્ભાવ થાય - એ માટે (એતાદૃશ નિયમ માટે) આ સૂત્રનો આરંભ છે. તેથી हयवडवे पूर्वपश्चिमौ दक्षिणापरौ अधरमध्यमौ उत्तरदक्षिणौ ઈત્યાદિ સ્થળે કોઈ પણ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ स्व - સજાતીય નામોથી જ આરબ્ધ द्वन्द्व સમાસમાં વિકલ્પથી એકવદ્ભાવ થતો હોવાથી સૂ.નં. ૩-૧-૧૩૦ માં જણાવ્યા મુજબ बुद्धिसुखदुःखानि ની જેમ अजाऽश्ववडवाः અહીં પણ આ સૂત્રથી વિકલ્પે એકવદ્ભાવ થતો નથી... ઈત્યાદિ યાદ રાખવું. ॥૧૩૧॥

● ● ●

## *पशुव्यञ्जनानाम् ३/१/१३२//*

પશુવાચક નામોના द्वन्द्व સમાસથી નિષ્પન્ન નામને તેમ જ વ્યઞ્જનવાચક નામોના द्वन्द्व સમાસથી નિષ્પન્ન નામને; તે द्वन्द्व સમાસ स्व - સજાતીય નામોથી જ આરબ્ધ હોય તો વિકલ્પથી એકવદ્ભાવ થાય છે. गौश्च महिषश्च અને दधि च घृतञ्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી द्वन्द्व સમાસાદિ કાર્યથી

નિષ્પન્ન गोमहिष અને दधिघृत નામને આ સૂત્રથી એકવદ્ભાવ થવાથી गोमहिषम् અને दधिघृतम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી એકવદ્ભાવ ન થાય ત્યારેगौमहिषौ અને दधिघृते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગાય અને ભેંશ. દહીં અને ઘીં. યદ્યપિ गोमहिषम् અને दधिघृतम् ઈત્યાદિ સ્થળે પણ વિકલ્પપક્ષમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી સમાસ સિદ્ધ જ હતો, પરન્તુ ઉપર જણાવ્યા મુજબ પશુ વાચક અને व्यञ्जन (ઘીં. દાળ. શાક વગેરે) વાચક નામને સ્વ - સજાતીય નામથી જ આરબ્ધ द्वन्द्व સમાસ સ્થળે તાદૃશ દ્વન્દ્વ સામાસિક નામને એકવદ્ભાવ થાય અને સ્વભિન્ન નામથી આરબ્ધ द्वन्द्व સમાસ સ્થળે તાદૃશ સામાસિક નામને એકવદ્ભાવ ન થાય એ માટે આ સૂત્રનું પ્રણયન છે. તેથી गोनरौ અને दधिवारिणी ઈત્યાદિ સ્થળે કોઈ પણ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. ॥૧૩૨॥

● ● ●

## *तरु - तृण - धान्य - मृग - पक्षिणां बहुत्वे ३/१/१३३//*

બહુત્વવિશિષ્ટાર્થક વૃક્ષ વાચક, તૃણ વાચક; ધાન્ય વાચક; મૃગ વાચક અને પક્ષી વાચક નામના બહુત્વવિશિષ્ટાર્થક સ્વ - સજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમાસથી નિષ્પન્ન નામને વિકલ્પથી એકવદ્ભાવ થાય છે. प्लक्षाश्च न्यग्रोधाश्च; कुशाश्च काशाश्च; तिलाश्च माषाश्च; ऋश्याश्चैणाश्च અને हंसाश्च चक्रवाकाश्च આ વિગ્રહમાં અનુક્રમે બહુત્વવિશિષ્ટાર્થક વૃક્ષ તૃણ ધાન્ય મૃગ અને પક્ષી વાચક प्लक्ष कुश तिल ऋश्य અને हंस નામના સ્વ - સજાતીય બહુત્વવિશિષ્ટાર્થક न्यग्रोध काश माष एण અને चक्रवाक નામથી આરબ્ધ ('चार्थे द्वन्द्वः० ३-१-११७' થી વિહિત) द्वन्द्व સમાસથી

નિષ્પન્ન प्लक्षन्यग्रोध; कुशकाश; तिलमाष; ऋश्यैण અને हंसचक्रवाक નામને આ સૂત્રથી એકવદ્ભાવ થવાથી प्लक्षन्यग्रोधम्;कुशकाशम्; तिलमाषम्; ऋश्यैणम् અને हंसचक्रवाकम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી એકવદ્ભાવ ન થાય ત્યારે प्लक्षन्यग्रोधाः; कुशकाशाः; तिलमाषाः; ऋश्यैणाः અને हंसचक्रवाकाः આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બહુત્વવિશિષ્ટાર્થક નામોના द्वन्द्व સમાસ સ્થળે તાદૃશ નામને એકવદ્ભાવ થાય છે ત્યાં द्वन्द्व સમાસારંભક બધા જ પદો બહુત્વવિશિષ્ટાર્થક હોવા જોઇએ - એવો નિયમ નથી. એક પદ પણ બહુત્વવિશિષ્ટાર્થક હોય તો પણ આ સૂત્રથી યથાપ્રાપ્ત એકવદ્ભાવ થાય છે. તેથી प्लक्षश्च न्यग्रोधाश्च અને प्लक्षौ च न्यग्रोधाश्च આ વિગ્રહમાં प्लक्षन्यग्रोधम् प्लक्षन्यग्रोधाः આ પ્રમાણે આ સૂત્રથી વિકલ્પથી એકવદ્ભાવ થાય છે. - એ યાદ રાખવું. અર્થક્રમશઃ- પ્લક્ષવૃક્ષો અને ન્યગ્રોધવૃક્ષો. કુશતૃણો. અને કાશતૃણો. તલ અને અડદ ધાન્ય. ઋશ્ય મૃગો અને એણ નામના મૃગો. હંસ પક્ષીઓ અને ચક્રવાક પક્ષીઓ.

યદ્યપિ 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી प्लक्षन्यग्रोधम् વગેરે પ્રયોગો વિકલ્પ પક્ષમાં સિદ્ધ જ છે. પરન્તુ એકત્વ કે દ્વિત્વ વિશિષ્ટાર્થક તાદૃશ વૃક્ષાદિવાચક નામોના સ્વ - સજાતીય નામોથી આરબ્ધ પણ દ્વન્દ્વ સમાસ સ્થળે અને બહુત્વવિશિષ્ટાર્થક તાદૃશ વૃક્ષાદિ વાચક નામોના વિજાતીય નામોથી આરબ્ધ દ્વન્દ્વ સમાસ સ્થળે તાદૃશ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ ન થાય - એ માટે અર્થાદ્ બહુત્વવિશિષ્ટાર્થક તાદૃશ વૃક્ષાદિવાચક નામોના સ્વ - સજાતીય નામોથી આરબ્ધ દ્વન્દ્વ સમાસ સ્થળે તાદૃશ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને જ એકવદ્ભાવ થાય - એ નિયમ માટે આ સૂત્રનું પ્રણયન છે. તેથી प्लक्षश्च न्यग्रोधश्च प्लक्षौ च न्यग्रोधौ च........ ઈત્યાદિ વિગ્રહમાં કોઈપણ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. તેમ જ प्लक्षाश्च यवाश्च ઈત્યાદિ વિગ્રહમાં વિજાતીય

નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસ સ્થળે પણ કોઈ પણ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. આવી જ રીતે ऋश्यैणम् અહીં આરણ્યપશુ સ્વરૂપ મૃગ વાચક તાદૃશ બહુત્વવિશિષ્ટાર્થક સ્વ - સજાતીય નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસ સ્થળે યદ્યપિ 'पशुव्यञ्जनानाम् ૩-૧-૧૩૨' થી વૈકલ્પિક એકવદ્ભાવ સિદ્ધ છે, પરન્તુ मृगवाचक નામના अमृग (પશુ) વાચક નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસ સ્થળે તેમજ એકત્વવિશિષ્ટાર્થક અથવા દ્વિત્વ વિશિષ્ટાર્થક મૃગ વાચક નામના મૃગ વાચક નામની સાથે આરબ્ધ દ્વન્દ્વ સમાસ સ્થળે તાદૃશ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ ન થાય - એ માટે અર્થાદ્ બહુત્વવિશિષ્ટાર્થક જ મૃગ વાચક નામના મૃગ વાચક જ નામથી આરબ્ધ દ્વન્દ્વ સામસ સ્થળે તાદૃશ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને જ એકવદ્ભાવ થાય - એ નિયમ માટે આ સૂત્રનો આરંભ છે. તેથી ऋश्यश्चैणश्च... ઈત્યાદિ વિગ્રહ સ્થળે કોઈ પણ સૂત્રથી; દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થતો નથી ....... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ।।૧૩૩।।

● ● ●

## सेनाङ्गक्षुद्रजन्तूनाम् ३/१/१३४//

બહુત્વવિશિષ્ટાર્થક સેનાના અંગ રથ અશ્વ વગેરે વાચક નામોના તેમજ ક્ષુદ્ર જંતુવાચક નામોના સ્વ - સજાતીય નામોથી આરબ્ધ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન તાદૃશ સામાસિક નામને નિત્ય એકવદ્ભાવ થાય છે. अश्वाश्च रथाश्च અને यूकाश्च लिक्षाश्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી બહુત્વવિશિષ્ટાર્થક સેનાઙ્ગવાચક अश्व અને ક્ષુદ્ર જન્તુ વાચક यूका નામના સ્વ - સજાતીય रथ અને लिक्षा નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अश्वरथ અને यूकालिक्ष નામને આ સૂત્રથી એકવદ્ભાવ

થવાથી अश्वरथम् અને यूकालिक्षम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઘોડા અને રથો. જૂં અને લીખ. નોળીયા સુધીના જીવોને સામાન્યતઃ ક્ષુદ્ર જન્તુ કહેવાય છે. ||૧૩૪||

• • •

## फलस्य जातौ ३/१/१३५||

સમાસથી જાતિરૂપ અર્થની વિવક્ષા હોય તો બહુત્વવિશિષ્ટાર્થક ફલવાચક નામના સ્વ - સજાતીય નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન તાદૃશ સામાસિક નામને એકવદ્ભાવ થાય છે. बदराणि चामलकानि च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી જાતિની વિવક્ષામાં બહુત્વવિશિષ્ટાર્થક ફલવાચક बदर નામના સ્વ - સજાતીય आमलक નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન बदरामलक નામને આ સૂત્રથી એકવદ્ભાવ થવાથી बदरामलकम् આવો પ્રયોગ થાય છે. અર્થ - બોર (સામાન્ય) અને આમળા (સામાન્ય). जाताविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાતિરૂપ અર્થની વિવક્ષા હોય તો જ બહુત્વવિશિષ્ટાર્થક ફલવાચક નામના સ્વ - સજાતીય નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન તાદૃશ સામાસિક નામને એકવદ્ભાવ થાય છે. તેથી एतानि बदरामलकानि सन्ति અહીં જાતિની વિવક્ષા ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન बदरामलक નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. અર્થ - આ બોર અને આમળાં. (અહીં સન્મુખવર્તિ જ ફલનું અભિધાન હોવાથી જાતિની વિવક્ષા નથી - એ સ્પષ્ટ છે.) અહીં યાદ રાખવું કે જાતિની વિવક્ષા ન હોય ત્યારે અને અબહુત્વવિશિષ્ટાર્થક નામ હોય ત્યારે આ સૂત્રથી એકવદ્ભાવ ન

થાય ત્યારે સમાહારની વિવક્ષામાં સામાન્ય સૂત્ર (૩-૧-૧૧૭) થી સમાહારની વિવક્ષામાં વૈકલ્પિક એકવદ્ભાવ થાય છે..... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ||૧૩૫||

## अप्राणि - पश्वादेः ३/१/१३६//

પ્રાણીવાચક નામોને છોડીને તેમજ 'पशुव्यञ्जनानाम् ३-१-१३२' થી 'फलस्य जातौ ३-१-१३५' સુધીના ચાર સૂત્રમાં જણાવેલા નામોને છોડીને અન્ય દ્રવ્ય વાચક નામના; જાતિની વિવક્ષામાં સ્વ - સજાતીય નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે . आरा च शस्त्री च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી आरा નામને शस्त्री નામની સાથે થયેલા દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન आराशस्त्री નામને આ સૂત્રથી એકવદ્ભાવ. 'क्लीबे २-४-९७' થી અન્ત્ય ई ને -હસ્વ इ આદેશ વગેરે કાર્ય થવાથી आराशस्त्रि આવો પ્રયોગ થાય છે. અર્થ - આરા અને શસ્ત્રી નામના હથિયારો.

जातावित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાણિવાચક નામ અને સૂ.નં. ३-१-१३२ થી १३६ સુધીના ચાર સૂત્રોમાં જણાવેલા નામથી ભિન્ન દ્રવ્યવાચક નાંમના જાતિની વિવક્ષામાં જ સ્વ - સજાતીય નામની સાથે આરબ્ધ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. તેથી सह्यश्च विन्ध्यश्च આ વિગ્રહમાં એક વ્યક્તિ સ્વરૂપ દ્રવ્યવાચક सह्य નામના विन्ध्य વાચક નામની સાથે આરબ્ધ ઉપર જણાવ્યા મુજબ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન सह्यविन्ध्य નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. તેથી सह्यविन्ध्यौ આવો પ્રયોગ થાય છે. અર્થ - સહ્ય અને વિન્ધ્ય પર્વત.

प्राण्यादिवर्जनं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાણીવાચક નામ અને पश्वादि સૂત્રોક્ત (૩-૧-૧૩૨ થી ૧૩૫ સુધીના ચાર સૂત્રોમાં જણાવેલા) નામોથી ભિન્ન જ દ્રવ્યવાચક નામના; જાતિની વિવક્ષામાં સ્વ - સજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમામાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. તેથી ब्राह्मणश्च क्षत्रियश्च विट् च शूद्रश्च આ વિગ્રહમાં પ્રાણીવાચક તાદૃશ (દ્રવ્યવાચક) ब्राह्मण क्षत्रिय વગેરે નામના જાતિવિવક્ષામાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી સ્વ - સજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન ब्राह्मणक्षत्रियविट्शूद्र નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. જેથી 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી અનુક્રમે ઈતરેયોગ અને સમાહાર સ્વરૂપ चार्थ ની વિવક્ષામાં ब्राह्मणक्षत्रियविट्शूद्राः बाह्मणक्षत्रियविट्शूद्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ - બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્ર. गौश्च महिषश्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી 'पशुव्यञ्जनानाम् ३-१-१३२' માં ઉક્ત પશુવાચક गो નામના, સ્વ - સજાતીય નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન गोमहिष નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. 'पशुव्यञ्जनानाम् ૩-૧-૧૩૨' થી વિકલ્પે એકવદ્ભાવ થવાથી गोमहिषौ અને गोमहिषम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાય અને ભેંસ. આવી જ રીતે प्लक्षश्च न्यग्रोधश्च; अश्वश्च रथश्च અને बदरञ्चामलकञ्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી 'तरु - तृण० ३-१-१३३' માં ઉક્ત વૃક્ષવાચક प्लक्ष નામના; 'सेनाङ्ग० ३-१-१३४' માં ઉક્ત સેનાઙ્ગવાચક अश्व નામના અને 'फलस्य० ३-१-१३५' માં ઉક્ત ફલવાચક बदर નામના; અનુક્રમે સ્વ - સજાતીય न्यग्रोध रथ અને आमलक નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન प्लक्षन्यग्रोध (એકત્વવિશિષ્ટ જાત્યર્થક); अश्वरथ (એકત્વવિશિષ્ટ જાત્યર્થક); અને बदरामलक (એકત્વવિશિષ્ટ જાત્યર્થક); નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. જેથી 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી ઈતરેતર યોગમાં

प्लक्षन्यग्रोधौ अश्वरथौ અને बदरामलके આવો પ્રયોગ થાય છે. અને સમાહારની વિવક્ષામાં प्लक्षन्यग्रोधम् अश्वरथम् અને बदरामलकम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પ્લક્ષ અને ન્યગ્રોધ નામનું વૃક્ષ. અશ્વ અને રથ. બોર અને આમળો.

અહીં યાદ રાખવું જોઈએ કે આ સૂત્રમાં पश्वादेः પદથી; સૂ.નં. ३-१-१३२ થી ૧૩૫ સુધીના જે પશ્વાદિ વાચક નામોનો ઉલ્લેખ છે, તે નામોનો જ સંગ્રહ છે. પરન્તુ તે તે સૂત્રમાં ઉદ્દિષ્ટ બહુત્વાદિ વિશિષ્ટ પશ્વાદિ વાચક નામોનો સંગ્રહ નથી. અન્યથા प्लक्षन्यग्रोधौ प्लक्षन्यग्रोधम् .... ઈત્યાદિ પ્રત્યુદાહરણો અસઙ્ગત જણાશે.... વગેરે ભણાવનાર પાસેથી સમજી લેવું જોઈએ. ||१३६||

● ● ●

## *प्राणि - तूर्याङ्गाणाम् ३/१/१३७//*

પ્રાણીના અઙ્ગ (અવયવ) વાચક નામના તેમજ તૂર્ય (વાજીંત્ર અને વાદ્ય વગાડનારાઓનો સમુદાય) ના અઙ્ગવાચક નામના સ્વ - સજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. પ્રાણીના અવયવો અને તૂર્યના અવયવો પ્રાણી ન હોવાથી 'अप्राणि-पश्वादेः ३-१-१३६' થી આ સૂત્રના ઉદ્દેશ્ય સ્થળે એકવદ્ભાવ યદ્યપિ સિદ્ધ જ છે. પરન્તુ પૂર્વ સૂત્રથી (૩-૧-૧૩૬થી) જાતિની વિવક્ષામાં એકવદ્ભાવ વિહિત છે. આ સૂત્ર વ્યક્તિવિવક્ષામાં પણ એકવદ્ભાવના વિધાન માટે આરબ્ધ છે. તેમ જ પ્રાણી અને તૂર્યના અવયવવાચક નામના અપ્રાણ્યઙ્ગ વાચક નામની સાથે આરબ્ધ द्वन्द्व સમાસ સ્થળે જાતિની વિવક્ષામાં એકવદ્ભાવનું નિરાકરણ કરવા માટે પણ આ સૂત્રનો આરંભ છે.

- આ વાત સૂત્રમાં બહુવચનના પ્રયોગથી જણાવાયી છે. कर्णौ च नासिका च અને मार्दङ्गिकश्च पाणविकश्च આ વિગ્રહમાં પ્રાણ્યઙ્ગવાચક कर्ण નામના પ્રાણ્યઙ્ગવાચક नासिका નામની સાથે અને તૂર્યાઙ્ગવાચક मार्दङ्गिक નામના તૂર્યાઙ્ગવાચક पाणविक નામની સાથે 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન कर्णनासिका અને मार्दङ्गिकपाणविक નામને આ સૂત્રથી એકવદ્ભાવ. 'क्लीबे २-४-९७' થી कर्णनासिका નામના અન્ત્ય સ્વર आ ને -હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી कर्णनासिकम् અને मार्दङ्गिकपाणविकम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કાન અને નાક. મૃદઙ્ગ વગાડનાર અને પણવ (વાદ્યવિશેષ) વગાડનાર.

स्वैरित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાણ્યઙ્ગવાચક નામના પ્રાણ્યઙ્ગવાચક નામથી જ અને તૂર્યાઙ્ગવાચક નામના તૂર્યાઙ્ગવાચક નામથી જ આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. તેથી- पाणिश्च गृध्रश्च આ વિગ્રહમાં પ્રાણ્યઙ્ગવાચક पाणि નામના गृध्र (પક્ષીવાચક) નામની સાથે આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન पाणिगृध्र નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. જેથી पाणिगृध्रौ આવો પ્રયોગ થાય છે. અર્થ - હાથ અને ગૃધ્ર પક્ષી. ||૧૩૭||

● ● ●

**चरणस्य स्थेणोऽद्यतन्यामनुवादे ३/१/१३८||**

કઠ વગેરે ઋષિઓ દ્વારા પ્રતિપાદિત વેદની શાખા વિશેષનું અધ્યયન કરનારા બ્રાહ્મણોને પણ કઠાદિ - ચરણ કહેવાય છે. પ્રસિદ્ધ અર્થના કથનને અનુવાદ કહેવાય છે.अद्यतनी નો પ્રત્યય અન્તમાં છે જેના એવા સ્થા અને इण् (इ) ધાતુ સમ્બન્ધી कर्तृ

વાચક चरण વાચી નામના સ્વ - સજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને अनुवाद ના વિષયમાં એકવદ્ભાવ થાય છે. प्रत्यष्ठात् कठकालापम् અને उदगात् कठकौथुमम् અહીં અદ્યતની વિભક્તિ પ્રત્યયાન્ત प्रति + स्था ધાતુના કર્તૃવાચક कठ અને कालाप સ્વરૂપ ચરણ વાચક નામના તેમ જ उद् + इण् ધાતુના કર્તૃવાચક कठ અને कौथुम સ્વરૂપ ચરણવાચક નામના 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી વિહિત द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન कठकालाप અને कठकौथुम નામને આ સૂત્રથી એકવદ્ભાવ થયો છે. અર્થક્રમશઃ- કઠ ઋષિ પ્રોક્ત વેદ શાખાને ભણનાર અને કલાપિ પ્રોક્ત વેદની શાખાને ભણનાર - પ્રતિષ્ઠિત હતા. કઠ અને કુથુમિન્ ઋષિ પ્રોક્ત વેદ શાખાને ભણનાર પ્રગટ થયા.

अनुवाद इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અદ્યતનીનો પ્રત્યય જેના અન્તમાં છે એવા स्था અને इण् ધાતુ સમ્બન્ધી कर्तृવાચક ચરણવાચી નામના સ્વ - સજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને अनुवाद ના જ વિષયમાં એકવદ્ભાવ થાય છે. તેથી उदगुः कठकालापाः- अप्रसिद्धं कथयन्ति અહીં અનુવાદનો વિષય ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ દ્વન્દ્વ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન कठकालाप નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. અર્થ - કઠ કલાપિ ઋષિ પ્રોક્ત વેદની શાખાને ભણનારા પ્રગટ થયા - આ અપ્રસિદ્ધ કથન છે. ||૧૩૬||

● ● ●

### अक्लीबेऽध्वर्युक्रतोः ३/१/१३९//

अध्वर्यु અર્થાદ્ યજુર્વેદમાં વિહિત क्रतु (જે યજ્ઞમાં સોમરસ પીવાય છે તે યજ્ઞ વિશેષ) વાચક નામનું નપુંસક લિઙ્ગ

ન હોય તો; તે નામના સ્વ - સજાતીય નામની સાથે આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. अर्कश्चाश्वमेधश्च આ વિગ્રહમાં अर्क નામના તાદૃશ अश्वमेध નામની સાથે 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अर्काश्वमेध નામને આ સૂત્રથી એકવદ્ભાવ થવાથી अर्काश्वमेधम् આવો પ્રયોગ થાય છે. અર્થ - અર્ક અને અશ્વમેધ નામનો યજુર્વેદમાં વિહિત યજ્ઞવિશેષ.

अक्लीब इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અધ્વર્યુ વિહિત ક્રતુ વાચક નામ; નપુંસક લિઙ્ગી ન હોય તો જ તે નામના સ્વ - સંજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. તેથી गवामयनञ्चादित्यानामयनञ्च આ વિગ્રહમાં નપુંસક લિઙ્ગી તાદૃશ ક્રતુવાચક गवामयन નામના તાદૃશ જ ક્રતુ વાચક आदित्यानामयन નામની સાથે 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન गवामयनादित्यानामयन નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. જેથી गवामयनादित्यानामयने આવો પ્રયોગ થાય છે. અર્થ - ગવામયન અને આદિત્યાનામયન નામનો યજુર્વેદ વિહિત યજ્ઞ.

अध्वर्य्विति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અધ્વર્યુ માં જ વિહિત ક્રતુવાચક નપુંસક લિઙ્ગ વિનાના નામના સ્વ - સજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. તેથી इषुश्च वज्रश्च આ વિગ્રહમાં સામવેદમાં વિહિત તાદૃશ ક્રતુ વાચક નામના સ્વસજાતીય वज्र નામની સાથે 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન इषुवज्र નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. જેથી इषुवज्रौ આવો પ્રયોગ થાય છે. અર્થ - इषु અને वज्र નામનો સામવેદ વિહિત ક્રતુ. (યજ્ઞ વિશેષ).

क्रतोरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ

अध्वर्यु - यजुर्वेद વિહિત क्रतु વાચક જ તાદૃશ (નપુંસક લિઙ્ગ સિવાયના) નામના स्व સજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. તેથી दर्शश्च पौर्णमासश्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી આરબ્ધ અધ્વર્યુ વિહિત સામાન્ય યજ્ઞ (क्रतुभिन्न) વાચક दर्श નામના पौर्णमास નામની સાથેના द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન दर्शपौर्णमास નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. જેથી दर्शपौर्णमासौ આવો પ્રયોગ થાય છે. અર્થ - અમાસે અને પુનમે થતા યજુર્વેદ વિહિત યજ્ઞ. ॥૧૩૯॥

● ● ●

## *निकटपाठस्य ३/१/१४०॥*

જેનો નિકટ - સમીપમાં પાઠ (બોલવું... વગેરે) છે એવા પદાદિના ભણનારા સ્વરૂપ અર્થના વાચક નામના; स्व - સજાતીય નામની સાથે આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. पदकश्च (पदमधीते) क्रमकश्च (क्रममधीते) આ વિગ્રહમાં पदक નામના 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી क्रमक નામની સાથે આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન पदकक्रमक નામને આ સૂત્રથી એકવદ્ભાવ થવાથી पदकक्रमकम् આવો પ્રયોગ થાય છે. અર્થ - પદને અને ક્રમને ભણનાર. वैदिको એક જ મન્ત્ર ત્રણવાર पद क्रम અને संहिता ના ક્રમે બોલે છે. એમાં પદો પ્રસિદ્ધ છે. અર્થના અનુસંધાન પૂર્વક પદોના અન્વયને ક્રમ કહેવાય છે અને પરિનિષ્ઠિત સ્વરૂપને સંહિતા કહેવાય છે. પ્રથમ પદપાઠ હોય છે. ત્યારબાદ ક્રમપાઠ હોય છે અને અન્તે સંહિતાપાઠ હોય છે. આથી સમજી શકાશે કે पदपाठ માં અને

क्रमपाठ मां निકટत्व છે. ॥१४०॥

● ● ●

## *नित्य वैरस्य ३।१।१४१॥*

नित्य અર્થાત્ કોઈ પણ કારણ વિના માત્ર જાતિના કારણે વૈર છે જેમને એવા પ્રાણીવાચક નામના સ્વ - સંજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. अहिश्च नकुलश्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી વિહિત નિત્ય વૈરવાળા પ્રાણીવાચક अहि અને नकुल નામના द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अहिनकुल નામને આ સૂત્રથી એકવદ્ભાવ થવાથી अहिनकुलम् આવો પ્રયોગ થાય છે. અર્થ - સર્પ અને નોળીયો. नित्यवैरस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિત્યવૈરવાળા જ પ્રાણીવાચક નામના સ્વ - સજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. તેથી देवाश्चासुराश्च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ રાજયની ઈચ્છાદિના કારણે વૈરવાળા પ્રાણીવાચક देव નામને असुर નામની સાથે આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન देवासुर નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો નથી. જેથી इतरेतरयोग અને समाहार ની વિવક્ષામાં અનુક્રમે देवासुराः અને देवासुरम् આવો પ્રયોગ થાય છે. અર્થ - દેવો અને અસુરો. અહીં સમજી શકાય છે કે સર્પ અને નોળીયાની જેમ જનમજાત વૈર નથી, પરન્તુ સંયોગવશ વૈર છે. ॥१४१॥

● ● ●

જુદા જુદા લિઙ્ગવાળા નદી વાચક; દેશ વાચક અને પુર્ (નગર) વાચક નામોના સ્વ - સજાતીય નામથી આરબ્ધ द्वन्द्व સમાસમાં નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. गङ्गा च शोणश्च (નદીવાચક સ્ત્રી૦ અને પુ૦ ); कुरवश्च कुरुक्षेत्रञ्च (દેશવાચક પુ૦ અને નપું૦)અને मथुरा च पाटलिपुत्रञ्च (પુર્ વાચક સ્ત્રી૦અને નપું૦) આ વિગ્રહમાં તાદૃશ નદી વાચક; દેશ વાચક અને પુર્ વાચક નામના; સ્વ - સજાતીય નામથી આરબ્ધ (चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭ થી આરબ્ધ) द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન गङ्गाशोण; कुरुकुरुक्षेत्र અને पाटलिपुत्र નામને આ સૂત્રથી એકવદ્ભાવ થવાથી અનુક્રમે गङ्गाशोणम्; कुरुकुरुक्षेत्रम्અને मथुरापाटलिपुत्रम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- गङ्गा અને શોણ નદી. કુરુદેશ અને કુરુક્ષેત્ર સ્વરૂપ દેશ. મથુરા અને પાટલિપુત્ર નામની નગરી.

विलिङ्गानामिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જુદા જુદા જ લિઙ્ગવાળા નદી વાચક દેશ વાચક અને પુર્ વાચક નામના; સ્વ -સજાતીય નામથી થયેલા द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે.તેથી गङ्गा च यमुना च આ વિગ્રહમાં 'चार्थ० ૩-૧-૧૧૭' થી નદી વાચક गङ्गा નામને સમાન લિઙ્ગવાળા નદી વાચક यमुना નામની સાથે થયેલા द्वन्द्व સમાસમાં નિષ્પન્ન गङ्गायमुना નામને આ સૂત્રથી એકવદ્ભાવ થતો થતો નથી. જેથી સ્યાદિ - औ પ્રત્યયાદિ કાર્ય થવાથી गङ्गायमुने આવો પ્રયોગ થાય છે. અર્થ - ગઙ્ગા અને યમુના નદી. આ સૂત્રમાં દેશ ના ગ્રહણથી જ પુર્ (નગર) નું ગ્રહણ સિદ્ધ હોવા છતાં દેશ ના ગ્રહણથી પુર્ ની જેમ ग्राम નું ગ્રહણ ન થાય - એ માટે પુર્ નું પૃથગ્ ઉપાદાન છે. તેથી जाम्बवशालुकिन्यौ ग्रामौ અહીં આ સૂત્રથી ग्राम સ્વરૂપ તાદૃશ દેશ વાચક નામથી આરબ્ધ द्वन्द्व સમાસ સ્થળે

એકવદ્ભાવ થતો નથી.....ઈત્યાદિ યાદ રાખવું. ॥૧૪૨॥

● ● ●

## पात्र्यशूद्रस्य ३।१।१४३॥

જે શૂદ્ર માણસે કોઈ પણ ભાજનમાં ભોજન કર્યા પછી એ ભાજનને સાફ કર્યા બાદ (રાખ વગેરેથી સાફ કર્યા બાદ) તે ભાજન શુદ્ધ મનાય છે - તે શૂદ્ર માણસને पात्र्य અર્થાત્ पात्रार्ह શૂદ્ર કહેવાય છે. पात्रार्ह શૂદ્ર વાચક નામના पात्रार्ह - શૂદ્ર વાચક (સ્વ - સજાતીય) નામથી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. तक्षा चायस्कारश्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી આરબ્ધ પાત્રાર્હ શૂદ્ર વાચક तक्षन् નામના अयस्कार નામની સાથેના द्वन्द्व સમાસમાં નિષ્પન્ન तक्षायस्कार નામને આ સૂત્રથી એકવદ્ભાવ થવાથી तक्षायस्कारम् આવો પ્રયોગ થાય છે. અર્થ - સુથાર અને લુહાર. पात्र्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પાત્ર્ય જ શૂદ્ર વાચક નામના સ્વ સજાતીય નામની સાથે આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામને એકવદ્ભાવ થાય છે. તેથી जनङ्गमाश्च बुक्कसाश्च આ વિગ્રહમાં अपात्र्य - શૂદ્ર વાચક जनङ्गम નામના बुक्कस નામથી આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન जनङ्गम - बुक्कस નામને આ સૂત્રથી એકવદ્ભાવ ન થવાથી जनङ्गमबुक्कसाः આવો પ્રયોગ થાય છે. અર્થ - જનઙ્ગમ અને બુક્કસ નામના અપાત્ર્ય શૂદ્રો. ॥૧૪૩॥

● ● ●

## गवाश्वादिः ३।१।१४४॥

गवाश्वादि गણપાઠમાંના द्वन्द्व સમાસમાં નિષ્પન્ન गौश्चाऽविकश्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી गो નામને अश्व નામની સાથે અને अविक નામની સાથે द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન गवाश्व અને गवाविक નામને આ સૂત્રથી એકવદ્ભાવ થવાથી गवाश्वम् અને गवाविकम् આવો પ્રયોગ થાય છે. (અહીં 'स्वरे वाऽनक्षे १-२-२९' થી गो ના ओ ને अव આદેશ થયો છે.) અર્થક્રમશઃ- ગાય અને ઘોડો. ગાય અને ઘેંટો. ॥૧૪૪॥

● ● ●

## न दधिपय आदिः ३।१।१४५॥

दधिपयस् આદિ ગણપાઠમાંના द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન નામોને એકવદ્ભાવ થતો નથી. दधि च पयश्च અને सर्पिश्च मधु च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી થયેલ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન दधिपयस् અને सर्पिर्मधु નામને 'पशुव्य० ३-१-१३२' થી એકવદ્ભાવની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી स्यादि औ પ્રત્યયાદિ કાર્ય થાય છે. જેથી दधिपयसी અને सर्पिर्मधुनी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દહીં અને દુધ. ઘીં અને મધ. ॥૧૪૫॥

● ● ●

## संख्याने ३/१/१४६//

સમસ્યમાન પદોના અર્થની ગણના (સંખ્યા) સ્વરૂપ અર્થ ગમ્યમાન હોય તો તે द्वन्द्व સામાસિક નામને એકવદ્ભાવ થતો નથી. गावश्च महिषाश्च અને पाणी च पादौ च આ વિગ્રહમાં गो અને पाणि નામને અનુક્રમે महिष અને पाद નામની સાથે 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન गोमहिष અને पाणिपाद નામને અનુક્રમે 'पशुव्य० ૩-૧-૧૩૨' થી અને 'प्राणितूर्यां० ૩-૧-૧૩૭' થી એકવદ્ભાવ પ્રાપ્ત હતો, તેનો આ સૂત્રથી સંખ્યાન (ઈયત્તા - પરિચ્છેદ) ની ગમ્યતામાં નિષેધ થવાથી સ્યાદિ - जस् પ્રત્યયાદિ કાર્ય થવાથી दश गोमहिषाः અને बहवः पाणिपादाः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દશ ગાય અને પાડા. ઘણા હાથ અને પગ. ॥૧૪૬॥

● ● ●

## याऽन्तिके ३/१/१४७//

સમસ્યમાન પદોના અર્થની ગણનાનું સામીપ્ય આસપાસ - લગભગ) ગમ્યમાન હોય તો તે ( स्व - સજાતીય નામોથી આરબ્ધ) द्वन्द्व સમાસમાં નિષ્પન્ન નામને વિકલ્પથી એકવૃદભાવ થાય છે. गावश्च महिषाश्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી गो નામને महिष નામની સાથે આરબ્ધ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન गोमहिष નામને આ સૂત્રથી એકવદ્ભાવ થવાથી उपदशम् (उपगता दश येषाम्) गोमहिषम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી એકવદ્ભાવ ન થાય ત્યારે उपदशा गोमहिषाः આવો પ્રયોગ થાય છે. અર્થ - દશની આસપાસ ગાય અને પાડા. ॥૧૪૭॥

● ● ●

## प्रथमोक्तं प्राक् ३/१/१४८//

અહીં સમાસ પ્રકરણમાં સમાસ વિધાયક સૂત્રોમાં જેનો પ્રથમાન્ત (પ્રથમા વિભક્ત્યન્ત) પદથી નિર્દેશ કર્યો છે; તેનો સમાસમાં પૂર્વ પ્રયોગ થાય છે. आसन्ना दश येषाम् આ વિગ્રહમાં 'आसन्ना० ૩-૧-૨૦' થી आसन्न નામને સઙ્ખ્યાવાચક दशन् નામની સાથે બહુવ્રીહિ સમાસ. સમાસ વિધાયક એ સૂત્રમાં आसन्न વગેરે નોમોનો પ્રથમાન્ત પદથી નિર્દેશ હોવાથી આ સૂત્રની સહાયથી બહુવ્રીહિ સમાસમાં आसन्न નામનો પૂર્વ પ્રયોગ થાય છે. જેથી आसन्नदशाः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે सप्तानां गङ्गानाम् समाहारः આ વિગ્રહમાં 'सङ्ख्या समाहारे ૩-૧-૨૮' થી સઙ્ખ્યાવાચક નામને નદીવાચક નામની સાથે અવ્યયીભાવ સમાસનું વિધાન છે. તે સૂત્રમાં પ્રથમાન્ત પદથી નિર્દિષ્ટ; સઙ્ખ્યાવાચક નામ હોવાથી સઙ્ખ્યાવાચક सप्तन् નામનો આ સૂત્રની સહાયથી અવ્યયીભાવ સમાસમાં પૂર્વ પ્રયોગ થાય છે. જેથી सप्तगङ्गम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમર્શઃ- નવ અથવા અગ્યાર. સાત ગંગાઓનો સમુદાય. ॥૧૪૮॥

● ● ●

## राजदन्तादिषु ३/१/१४९//

राजदन्तादि ગણપાઠમાંના राजदन्त વગેરે સામાસિક નામોમાં જે નામને (જે પદને) પૂર્વ પ્રયોગની પ્રાપ્તિ નથી, તેનો પૂર્વ પ્રયોગ થાય છે. दन्तानां राजा આ વિગ્રહમાં તત્પુરુષ સમાસ વિધાયક 'षष्ठ्ययत्ना० ૩-૧-૭૬' આ સૂત્રમાં षष्ठ्यन्त નામનો પ્રથમાન્ત પદથી નિર્દેશ હોવાથી 'प्रथमोक्तं प्राक् ૩-૧-૧૪૮' થી ષષ્ઠ્યન્ત दन्त નામને તાદૃશ (૩ - ૧ - ૭૬ થી વિહિત) ષષ્ઠી

તત્પુરુષ સમાસમાં પૂર્વ પ્રયોગની પ્રાપ્તિ છે. राजन् નામને પૂર્વ પ્રયોગની પ્રાપ્તિ નથી. જેથી આ સૂત્રની સહાયથી राजन् નામનો અહીં પૂર્વ પ્રયોગ થવાથી राजदन्तः આવો પ્રયોગ થાય છે. અર્થ - દાંતોનો રાજા. આવી જ રીતે पूर्वं वासितम् पश्चाल्लिप्तम् આ વિગ્રહમાં 'पूर्वकालैक० ३-१-९७' થી વિહિત કર્મધારય સામાસમાં ઉપર જણાવ્યા મુજબ वासित નામને પૂર્વ પ્રયોગની પ્રાપ્તિ હતી. लिप्त નામને તેવી પ્રાપ્તિ નથી. જેથી આ સૂત્રની સહાયથી लिप्त નામનો તાદૃશ કર્મધારય સમાસમાં પૂર્વ પ્રયોગ થવાથી लिप्तवासितम् આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રથમ સુગંધી દ્રવ્યોથી વાસિત કર્યું પછી લેપ કર્યો. ॥૧૪૯॥

● ● ●

## विशेषण - सर्वादि - सङ्ख्यं बहुव्रीहौ ३।१।१५०॥

બહુવ્રીહિ સમાસમાં વિશેષણવાચક નામનો; सर्वादि ગણપાઠમાંના सर्व વગેરે નામનો અને સઙ્ખ્યાવાચક નામનો પૂર્વ પ્રયોગ થાય છે. चित्रा गौ र्यस्य; सर्वं शुक्लमस्य અને द्वौ कृष्णौ (गुणौ) यस्य આ વિગ્રહમાં 'एकार्थञ्चा० ३-१-२२' થી વિહિત બહુવ્રીહિ સમાસમાં આ સૂત્રની સહાયથી અનુક્રમે વિશેષણવાચક चित्रा નામનો; सर्वादि ગણપાઠમાંના सर्व નામનો અને સઙ્ખ્યાવાચક द्वि નામનો પૂર્વ પ્રયોગ થવાથી चित्रगुः; सर्वशुक्लः અને द्विकृष्णः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ચિત્ર રૂપવાળી ગાય છે જેની તે. સંપૂર્ણ સફેદ વર્ણવાળો. ડબલ કૃષ્ણરૂપવાળો. ॥૧૫૦ ॥

● ● ●

## क्तः ३।१।१५१॥

क्त પ્રત્યયાન્ત સર્વ (વિશેષણ અને વિશેષ્યવાચક) નામનો બહુવ્રીહિ સમાસમાં પૂર્વનિપાત (પ્રયોગ) થાય છે. कृतः कटोऽनेन આ વિગ્રહમાં 'एकार्थञ्चा० ३-१-२२' થી વિહિત બહુવ્રીહિ સમાસમાં તેમજ कटे कृतमनेन આ વિગ્રહમાં 'उष्ट्रमुखादयः ३-१-२३' થી વિહિત બહુવ્રીહિ સમાસમાં અનુક્રમે વિશેષણવાચક વિશેષ્યવાચક क्त પ્રત્યયાન્ત कृत નામનો આ સૂત્રથી પૂર્વપ્રયોગ થવાથી कृतकटः આવો પ્રયોગ થાય છે. વિશેષણવાચક क्त પ્રત્યયાન્ત નામનો પૂર્વપ્રયોગ 'विशेषण ० ३-१-१५०' થી સિદ્ધ હોવા છતાં તાદૃશ क्त પ્રત્યયાન્ત વિશેષ્યવાચક નામના પૂર્વ પ્રયોગ માટે આ સુત્રનો આરંભ છે. સૂત્રમાંના બહુવચનના નિર્દેશથી क्त પ્રત્યયાન્ત નામ માત્રનો બુહુવ્રીહિ સમાસમાં પૂર્વપ્રયોગ થાય છે. આ પ્રમાણે વ્યાપ્તિ જણાય છે. તેથી कृतं प्रियमनेन આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ વિહિત બહુવ્રીહિ સમાસમાં 'प्रियः ३-१-१५७' આ પર સૂત્રથી પણ प्रिय નામનો પૂર્વ પ્રયોગ થતો નથી. પરન્તુ આ સૂત્રની સહાયથી कृत નામનો જ (क्त પ્રત્યયાન્ત નામનો જ ) પૂર્વ પ્રયોગ થાય છે. જેથી कृतप्रियः આવો જ પ્રયોગ થાય છે.... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ॥૧૫૧॥

• • •

## जाति - काल - सुखादे र्नवा ३।१।१५२॥

જાતિવાચક નામને; કાલવાચક નામને અને सुखादि ગણપાઠમાંના सुख વગેરે નામને क्त પ્રત્યયાન્ત નામની સાથે વિહિત બહુવ્રીહિ સમાસમાં क्त પ્રત્યયાન્ત નામનો વિકલ્પે પૂર્વ પ્રયોગ થાય છે. शाङ्गरो (शाङ्गरं) जग्धो (जग्धम्) ऽ नया આ વિગ્રહમાં

जाति વાચક शाङ्गर નામને क्त પ્રત્યયાન્ત जग्ध નામની સાથે 'एकार्थञ्चा० ३-१-२२' થી વિહિત બહુવ્રીહિ સમાસમાં આ સૂત્રની સહાયથી शाङ्गर નામનો પૂર્વપ્રયોગ. 'अनाच्छाद० २-४-४७' થી शाङ्गरजग्ध નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી शाङ्गरजग्धी આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં 'क्ताः ३-१-१५१' થી क्त પ્રત્યયાન્ત जग्धा નામનો પૂર્વ પ્રયોગ થવાથી નિષ્પન્ન जग्धशाङ्गर નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી जग्धशाङ्गरा આવો પ્રયોગ થાય છે. અર્થ- શાઙ્ગર (કન્દ અથવા ફળ વિશેષ) ખાધો છે જેણીએ તે. આવી જ રીતે मासं जातो (બૃહદ્‌વૃત્ત્યનુસારે यातो) यस्याः આ વિગ્રહમાં કાલવાચક मास નામને क्त પ્રત્યયાન્ત जात નામની સાથે ઉપર જણાવ્યા મુજબ વિહિત બહુવ્રીહિ સમાસમાં આ સૂત્રની સહાયથી કાલવાચક मास નામનો પૂર્વપ્રયોગ થવાથી मासजाता(मासयाता) આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં क्त પ્રત્યયાન્ત નામ (जात) નો પૂર્વ પ્રયોગ થવાથી जातमासा આવો પ્રયોગ થાય છે. અર્થ - એક મહિનો થયો છે (વીત્યો છે) જેણીને તે સ્ત્રી. सुखं जातं (यातं) यस्याः અને दुःखं हीनमस्याः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ सुखादि ગણપાઠમાંના सुख અને दुःख નામને અનુક્રમે क्त પ્રત્યયાન્ત जात (यात) અને हीन નામની સાથેના બહુવ્રીહિ સમાસમાં આ સૂત્રની સહાયથી सुख અને दुःख નામનો પૂર્વ પ્રયોગથી सुखजाता (सुखयाता) અને दुःखहीना આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યયાન્ત जात (यात) અને हीन નામનો પૂર્વપ્રયોગ થવાથી जात (यात)सुखा અને हीनदुःखा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સુખી છોકરી. દુઃખી છોકરી. ॥ ૧૫૨ ॥

● ● ●

## आहिताग्न्यादिषु ३।१।१५३॥

आहिताग्न्यादि ગણપાઠમાંના બહુવ્રીહિ સમાસમાં નિષ્પન્ન आहिताग्नि વગેરે નામોમાં क्त પ્રત્યયાન્ત નામનો વિકલ્પથી પૂર્વપ્રયોગ થાય છે. आहितोऽग्निर्येन અને जाता दन्ता यस्य આ વિગ્રહમાં 'एकार्थञ्चानेकञ्च ૩-૧-૨૨' થી आहित અને जात નામને અનુક્રમે अग्नि અને दन्त નામની સાથે વિહિત બહુવ્રીહિ સમાસમાં આ સૂત્રની સહાયથી अग्नि અને दन्त નામનો પૂર્વ પ્રયોગ થવાથી अग्न्याहितः અને दन्तजातः આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં 'क्ताः ૩-૧-૧૫૧' ની સહાયથી क्त પ્રત્યયાન્ત आहित અને जात નામનો પૂર્વપ્રયોગ થવાથી आहिताग्निः અને जातदन्तः આવો પ્રયોગ થાય છે. પૂર્વ સૂત્રથી તેમ જ આ સૂત્રથી જ્યાં જ્યાં વૈકલ્પિક રીતે क्त પ્રત્યયાન્ત નામના પૂર્વ પ્રયોગનું વિધાન કરાયું છે, ત્યાં સર્વત્ર 'क्ताः ૩-૧-૧૫૧' થી क्त પ્રત્યયાન્ત નામના પૂર્વ પ્રયોગની નિત્ય પ્રાપ્તિ હતી. વિકલ્પ પક્ષમાં તેનો બાધ કરીને क्त પ્રત્યયાન્ત નામથી ભિન્ન નામના પૂર્વ પ્રયોગનું વિધાન કરવા માટે પૂર્વ (૩-૧-૧૫૨) અને આ સૂત્રનો આરંભ છે. તેમજ વ્યક્તિવાચક अग्नि વગેરે નામના પૂર્વપ્રયોગનું પણ વિધાન કરવા માટે આ સૂત્રનો આરંભ છે. જાત્યાદિ વાચક તાદૃશ નામનો પૂર્વ પ્રયોગ તો સૂ.નં. ૩-૧-૧૫૨ થી સિદ્ધ જ છે......ઈત્યાદિ સ્પષ્ટ છે. અર્થક્રમશઃ- અગ્નિની પૂજા કરનાર. ઉત્પન્ન દાંતવાલો. ॥૧૫૩॥

● ● ●

## प्रहरणात् ३।१।१५४॥

प्रहरण (प्रह्रियतेऽनेन) (મારવાનું સાધન) અર્થવાલા નામને क्त પ્રત્યયાન્ત નામની સાથે વિહિત બહુવ્રીહિ

સમાસમાં क्त પ્રત્યયાન્ત નામનો વિકલ્પથી પ્રયોગ થાય છે. उद्यतोऽसिर्येन આ વિગ્રહમાં 'एकार्थ० ३-१-२२' થી પ્રહરણાર્થક असि નામને क्त પ્રત્યયાન્ત उद्यत નામની સાથે વિહિત બહુવ્રીહિ સમાસમાં આ સૂત્રની સહાયથી પૂર્વ (૩-૧-૧૫૩) સૂત્રમાં જણાવ્યા મુજબ असि નામનો પૂર્વપ્રયોગ થવાથી अस्युद्यतः આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં 'क्ताः ३-१-१५१' ની સહાયથી क्त પ્રત્યયાન્ત उद्यत નામનો પૂર્વ પ્રયોગ થવાથી उद्यतासिः આવો પ્રયોગ થાય છે. અર્થ - તૈયાર છે તલવાર જેની તે પુરુષ. ॥૧૫૪ ॥

● ● ●

## न सप्तमीन्द्वादिभ्यश्च ३।१।१५५॥

બહુવ્રીહિ સમાસમાં इन्द्वादि ગણપાઠમાંના इन्दु વગેરે નામોની પૂર્વમાં તેમ જ પ્રહરણ વાચક નામની પૂર્વમાં; सप्तम्यन्त નામનો પ્રયોગ થતો નથી. इन्दु मौलौ यस्य; पद्मं नाभौ यस्य અને असिः पाणौ यस्य આ વિગ્રહમાં 'उष्ट्रमुखादयः ३-१-२३' થી इन्दु નામને मौलि નામની સાથે; पद्म નામને नाभि નામની સાથે અને असि નામને पाणि નામની સાથે વિહિત બહુવ્રીહિ સમાસમાં સપ્તમ્યન્ત मौलि; नाभि અને पाणि નામના પૂર્વ પ્રયોગની 'विशेषण० ३-१-१५०'થી પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી બાધ થવાથી इन्दु पद्म અને असि નામનો પૂર્વ પ્રયોગ થવાથી અનુક્રમે इन्दुमौलिः; पद्मनाभः અને असिपाणिः આવો પ્રયોગ થાય છે. पद्मनाभः અહીં 'नाभे र्नाम्नि ७-३-१३४'થી સમાસાન્ત अ પ્રત્યય અને 'अवर्णे० ७-४-६८' થી नाभि ના इ નો લોપ થયો છે. અર્થક્રમશઃ- શંકર. શંકર. હાથમાં તલવાર વાલો. ॥૧૫૫॥

● ● ●

## गड्वादिभ्यः ३/१/१५६//

बहुव्रीहि સમાસમાં गड्वादि ગણપાઠમાંના गडु વગેરે નામોથી પૂર્વમાં સપ્તમ્યન્ત નામનો વિકલ્પથી પ્રયોગ થાય છે. गडुः कण्ठे यस्य અને. मध्ये गुरु र्यस्य આ વિગ્રહમાં 'उष्ट्रमुखादयः ३-१-२३' થી गडु અને गुरु નામને સપ્તમ્યન્ત कण्ठ અને मध्य નામની સાથે વિહિત બહુવ્રીહિ સમાસમાં 'विशेषण० ३--१-१५०' થી સપ્તમ્યન્ત कण्ठ અને मध्य નામના પૂર્વ પ્રયોગની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રની સહાયથી નિષેધ થવાથી गडु અને गुरु નામનો પૂર્વ પ્રયોગ થાય છે. જેથી गडुकण्ठः અને गुरुमध्यः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સપ્તમ્યન્ત તાદૃશ નામના પૂર્વપ્રયોગ નો નિષેધ ન થાય ત્યારે સપ્તમ્યન્ત कण्ठ અને मध्य નામનો 'विशेषण० ३--१-१५०' થી પૂર્વ પ્રયોગ થવાથી कण्ठगडुः અને मध्यगुरुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કંઠમાં ગાંઠવાલો.મધ્યમાં ગુરુતા વાલો. ॥૧૫૬॥

● ● ●

## प्रियः ३/१/१५७//

બહુવ્રીહિ સમાસમાં प्रिय નામનો પૂર્વપ્રયોગ વિકલ્પથી થાય છે. प्रिय गुडो यस्य આ વિગ્રહમાં 'एकार्थ० ३-१-२२' થી प्रिय નામનો गुड નામની સાથે વિહિત બહુવ્રીહિ સમાસમાં આ સૂત્રની સહાયથી गुड નામનો પૂર્વ પ્રયોગ થવાથી गुडप्रियः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રની સહાયથી गुड નામનો પૂર્વ પ્રયોગ ન થાય ત્યારે 'विशेषण०३-१-१५०' થી प्रिय નામનો

પૂર્વ પ્રયોગ થવાથી प्रियगुडः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગોળનો પ્રેમી.॥૧૫૭ ॥

● ● ●

## कडारादयः कर्मधारये ३/१/१५८॥

કડારાદિ ગણપાઠમાંના कडार વગેરે નામનો કર્મધારય સમાસમાં વિકલ્પથી પૂર્વપ્રયોગ થાય છે. कडारश्चासौ जैमिनिश्च અને काणश्चासौ द्रोणश्च આ વિગ્રહમાં कडार નામને जैमीनि નામની સાથે અને काण નામને द्रोण નામની સાથે 'विशेषणं० ૩-૧-૯૬' થી વિહિત કર્મધારય સમાસમાં 'प्रथमोक्तं प्राक् ૩-૧-૧૪૮' થી વિશેષણ વાચક कडार અને काण નામના પૂર્વ પ્રયોગની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી આ સૂત્રની સહાયથી વિશેષ્યવાચક जैमिनि અને द्रोण નામનો પૂર્વ પ્રયોગ થાય છે જેથી जैमिनिकडारः અને द्रोणकाणः આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રની સહાયના અભાવમાં 'प्रथमोक्तं प्राक् ૩-૧-૧૪૮'ની સહાયથી વિશેષણ વાચક कडार અને काण નામનો પૂર્વ પ્રયોગ થવાથી कडारजैमिनिः અને काणद्रोणः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કડાર વર્ણનો જૈમિનિ (ઋષિ).ફુટેલું દ્રોણ. (માપ વિશેષ.) ॥૧૫૮॥

● ● ●

## धर्मार्थादिषु द्वन्द्वे ३/१/१५९॥

द्वन्द्व સમાસમાં નિષ્પન્ન धर्मार्थादि ગણપાઠમાંના નામોમાં 'लघ्वक्षरा०૩-૧-૧૬૦'થી જે નામોને પૂર્વ પ્રયોગની પ્રાપ્તિ

નથી તે નામોનો તે द्वन्द्व સમાસમાં વિકલ્પથી પૂર્વપ્રયોગ થાય છે ધર્મશ્ચાર્થશ્ચ આ વિગ્રહમાં 'चार्थे० ३-१-११७'થી धर्म નામનો अर्थ નામની સાથે વિહિત द्वन्द्व સમાસમાં 'लघ्वक्षरा० ३-१-१६०' ની સહાયથી अर्थ નામને તે નામ સ્વરાદિ અને અકારાન્ત હોવાથી પૂર્વપ્રયોગની પ્રાપ્તિ છે. धर्म નામને તેવી પ્રાપ્તિ નથી. તેથી આ સૂત્રની સહાયથી धर्म નામનો પૂર્વ પ્રયોગ થવાથી धर्मार्थौ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રની સહાયના અભાવમાં 'लघ्वक्षरा० ३-१-१६०' થી अर्थ નામનો પૂર્વપ્રયોગ થવાથી अर्थधर्म्मौ આવો પ્રયોગ થાય છે. સૂ.નં. ૩-૧-૧૬૦ ની સહાયથી; धर्म्म નામ અર્ચ્ય (પૂજ્ય) વાચક હોવાથી धर्म નામના જ પૂર્વ પ્રયોગની પ્રાપ્તિ છે. - એમ માનીએ તો अर्थ નામનો પૂર્વપ્રયોગ; આ સૂત્રની સહાયથી થાય છે - એમ સમજવું. આવી જ રીતે शब्दश्चार्थश्च આ વિગ્રહમાં शब्द નામને अर्थ નામની સાથે 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી વિહિત द्वन्द्व સમાસમાં ઉપર જણાવ્યા મુજબ अर्थ નામને પૂર્વપ્રયોગની પ્રાપ્તિ હોવાથી આ સૂત્રની સહાયથી शब्द નામનો પૂર્વ પ્રયોગ થાય છે. જેથી शब्दार्थौ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રની સહાયના અભાવમાં अर्थशब्दौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ધર્મ અને અર્થ. શબ્દ અને અર્થ. ॥૧૫૯॥

● ● ●

***लघ्वक्षराऽसखीदुत् स्वराद्यदल्पस्वरार्च्यमेकम् ३/१/१६०//***

द्वन्द्व સમાસમાં લઘુઅક્ષરવાળા નામનો; सखि નમિને છોડીને અન્ય इकारान्त તથા उकारान्त નામનો; સ્વરાદિ - અકારાન્ત નામનો; અલ્પસ્વરવાળા નામનો અને પૂજ્યવાચક એક નામનો

પૂર્વપ્રયોગ થાય છે. બાકીના નામોનો પ્રયોગ પ્રયોક્તાની ઈચ્છા મુજબ થાય છે. लघ्वक्षरः- शराश्च सीर्याश्च આ વિગ્રહમાં 'चार्थे० ३-१-११७' થી शर નામને सीर्य નામની સાથે द्वन्द्व સમાસ. આ સૂત્રથી લઘ્વક્ષરવાળા शर નામનો પૂર્વ પ્રયોગ. 'तरु-तृण० ३-१-१३३' થી शरसीर्य નામને એકવદભાવ ... વગેરે કાર્ય થવાથી शरसीर्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ - શર અને સીર્ય નામના ઘાસ વિશેષ. सखिभिन्न इकरान्त उकारान्तः - अग्निश्च सोमश्च આ વિગ્રહમાં अग्नि નામને सोम નામની સાથે ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસ. આ સૂત્ર ની સહાયથી सखिभिन्न इकारान्त अग्नि નામનો પૂર્વપ્રયોગ. 'ईः षोम० ३-२-४२' થી अग्नि ના इ ને દીર્ઘ ई આદેશ. सोम ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अग्नीषैमौ આવો પ્રયોગ થાય છે. वायुश्चतोयश्च આ વિગ્રહમાં वायु નામને तोय નામની સાથે ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસ. આ સૂત્રની સહાયથી उकारान्त वायु નમનો પૂર્વપ્રયોગ. 'अप्राणि० ३-१-१३६' થી वायुतोय નામને એકવદ્ભાવ વગેરે કાર્ય થવાથી वायुतोयम् આવો પ્રયોગ થાય છે. असखीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सखि નામને છોડીને જ અન્ય इकारान्त નામનો द्वन्द्व સમાસમાં પૂર્વ પ્રયોગ થાય છે. તેથી सुतश्च सखा च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ सुत નામને सखी નામની સાથે द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી सुतसखायौ આવો પ્રયોગ થાય છે. અહીંइकरान्तसखि નામનો પૂર્વપ્રયોગ થતો નથી. અર્થક્રમશઃ- અગ્નિ અને ચન્દ્ર. વાયુ અને પાણી. પુત્ર અને મિત્ર.

स्वरादि - अकारान्त :- अस्त्रश्च शस्त्रश्च આ વિગ્રહમાં अस्त्र નામને शस्त्र નામની સાથે ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસ. આ સૂત્રની સહાયથી સ્વરાદિ - અકારાન્ત अस्त्र નામનો પૂર્વ પ્રયોગ. 'अप्राणि० ३-१-१३६' થી अस्त्रशस्त्र નામને એકવદ્ભાવ વગેરે કાર્ય થવાથી अस्त्रशस्त्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ - અસ્ત્ર અને શસ્ત્ર.

अल्पस्वरः- प्लक्षश्च न्यग्रोधश्च આ વિગ્રહમાં प्लक्ष નામને न्यग्रोध નામની સાથે ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસ. આ સૂત્રની સહાયથી અલ્પ સ્વરવાળા (न्यग्रोध નામની અપેક્ષાએ અલ્પ સ્વરવાળા) प्लक्ष નામનો પૂર્વ પ્રયોગ થવાથી प्लक्षन्यग्रोधौ આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્લક્ષ અને ન્યગ્રોધ નામના બે વૃક્ષો.

अर्च्यवाचक :- श्रद्धा च मेधा च આ વિગ્રહમાં श्रद्धा નામને मेधा નામની સાથે ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસ.આ સૂત્રથી પૂજ્ય વાચક श्रद्धा નામનો પૂર્વ પ્રયોગ થવાથી श्रद्धामेधे આવો પ્રયોગ થાય છે. અર્થ - શ્રધા અને બુદ્ધિ.

लघ्वादीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસમાં લઘુ અક્ષરવાળા નામનો; સખિ ભિન્ન इकारान्त - उकारान्त નામનો; સ્વરાદિ અકારાન્ત નામનો; અલ્પ સ્વરવાળા નામનો અને પૂજ્ય વાચક જ એક નામનો પૂર્વ પ્રયોગ થાય છે.તેથી कुक्कुटश्च मयूरश्च આ વિગ્રહમાં कुक्कुट અને मयूर નામ; લઘુઅક્ષરવાળું કે સખિ ભિન્ન इकारान्त........... વગેરે સ્વરૂપ ન હોવાથી; कुक्कुट નામને मयूर નામની સાથે ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસમાં આપણી ઈચ્છાનુસાર कुक्कुट અને मयूर નામનો ક્રમિક પૂર્વ પ્રયોગ થાય છે.જેથી कुक्कुटमयूरौ અને मयूरकुक्कुटौ આવો પ્રયોગ થાય છે.અર્થ - કુકડો અને મોર.

एकमिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જ્યાં ત્રણ ચાર વગેરે બેથી અધિક પદોનો द्वन्द्व સમાસ હોય છે, ત્યાં द्वन्द्व સમાસમાં લઘુ અક્ષરવાળા નામનો; सखि ભિન્ન इकारान्त - उकारान्त નામનો; સ્વરાદિ અકારન્ત નામનો; અલ્પસ્વરવાળા નામનો તેમજ પૂજ્ય વાચક એક જ નામનો પૂર્વપ્રયોગ થાય છે. બાકીના નામનો આપણી ઈચ્છા મુજબ પ્રયોગ થાય છે. તેથી शङ्-खश्च दुन्दुभिश्च वीणा च આ વિગ્રહમાં शङ्ख નામને दुन्दुभि અને वीणा નામની સાથે 'चार्थे० ૩-૧-૧૧૭' થી द्वन्द्व સમાસ. આ

સૂત્રની સહાયથી અનુક્રમે અલ્પસ્વરવાળા शङ्ख નામનો અને वीणा નામનો (એક જ નામનો) પૂર્વપ્રયોગ થવાથી शङ्खदुन्दुभिवीणाः; शङ्खवीणादुन्दुभयः અને वीणादुन्दुभिशङ्खाः; वीणाशङ्खदुन्दुभयः આવા પ્રયોગો થાય છે. અર્થ - શઙ્ખ વીણા અને દુદંભિ. અહીં યાદ રાખવું જોઈએ કે -शङ्ख અને वीणा નામને જેમ અલ્પસ્વરત્વના કારણે પૂર્વપ્રયોગની પ્રાપ્તિ છે, તેમ सखि ભિન્ન इकारान्तत्वના કારણે दुन्दुभि નામને પણ પૂર્વ પ્રયોગની પ્રાપ્તિ છે ; પરન્તુ लघ्वक्षर - सखिभिन्न इकारन्त - उकारन्त - स्वरादि अकारन्त - अल्पस्वर અને પૂજ્યવાચક નામોને ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસમાં પૂર્વ પ્રયોગોનું આ સૂત્રથી વિધાન કરતી વખતે જે રીતે લઘ્વક્ષરાદિ નામોનો ક્રમ વ્યવસ્થિત છે તેમાં सखि भिन्न - इकारान्त નામની અપેક્ષાએ અલ્પસ્વરવાળા નામનો ઉલ્લેખ પરમાં હોવાથી અલ્પસ્વરી शङ्ख અને वीणा નામનો જ પૂર્વ પ્રયોગ परत्व ના કારણે થાય છે. सखि ભિન્ન इकारन्त दुन्दुभि નામનો પૂર્વ પ્રયોગ થતો નથી.... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે.

द्वन्द्व इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસમાં જ લઘ્વક્ષરવાળા; सखि ભિન્ન इकारान्त; उकारान्त; સ્વરાદિ અકારાન્ત; અલ્પસ્વરવાળા અને પૂજયવાચક નામોનો પૂર્વપ્રયોગો થાય છે. તેથી विस्पष्टं पटुः આ વિગ્રહમાં 'नाम नाम्ना० ૩-૧-૧૮' થી विस्पष्ट નામને पटु નામની સાથે વિહિત સમાસમાં તે द्वन्द्व સમાસ ન હોવાથી उकारान्त પણ पटु નામનો પૂર્વ પ્રયોગ થતો નથી. અર્થ - સારી હોંશાયારી. ॥૧૬૦॥

● ● ●

માસવાચક નામોના બ્રાહ્મણાદિ વર્ણવાચક નામોના ભ્રાતૃવાચક નામોના द्वन्द्व સમાસમાં मास वर्ण અને भ्रातૃઓના ક્રમાનુસાર પૂર્વ પ્રયોગ થાય છે. फाल्गुनश्च चैत्रश्च આ વિગ્રહમાં તેમ જ ब्राह्मणश्च क्षत्रियश्च; ब्राह्मणश्च क्षत्रियश्च विट् च અને बलदेवश्च वासुदेवश्च આ વિગ્રહમાં અનુક્રમે फाल्गुन નામને चैत्र નામની સાથે, ब्राह्मण નામને क्षत्रिय નામની સાથે તેમજ क्षत्रिय અને विश् નામની સાથે અને बलदेव નામને वासुदेव નામની સાથે 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી द्वन्द्व સમાસ. આ સૂત્રની સહાયથી માસાદિના અનુક્રમે फाल्गुन ब्राह्मण વગેરે નામનો પૂર્વ પ્રયોગ થવાથી फाल्गुनचैत्रौ; ब्राह्मणक्षत्रियौ; ब्राह्मणक्षत्रियविशः અને बलदेववासुदेवौ આવો પ્રયોગ થાય છે. અહીં चैत्र મહિનાથી માસની ગણત્રી શરું થતી હોવા છતાં અવ્યવહિત પૂર્વાપરી ભાવ મુજબ ચૈત્રની પૂર્વે ફાલ્ગુનમાસ હોવાથી તદ્વાચક फाल्गुन નામનો પૂર્વપ્રયોગ થયો છે. ब्राह्मण क्षत्रिय वैश्य અને शूद्र આ વર્ણના ક્રમ મુજબ બ્રાહ્મણ અને ક્ષત્રિય પૂર્વે હોવાથી તદ્વાચક ब्राह्मण અને क्षत्रिय નામનો પૂર્વ પ્રયોગ થયો છે. ભાઈયોમાં વાસુદેવની અપેક્ષાએ બલદેવ પૂર્વે (મોટા) હોવાથી તદ્વાચક बलदेव નામનો પૂર્વ પ્રયોગ થાય છે - એ સમજી શકાય છે. અર્થક્રમશઃ-ફાગણ અને ચૈત્ર માસ. બ્રાહ્મણ અને ક્ષત્રિય. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય. બલદેવ અને વાસુદેવ. ॥૧૬૧॥

● ● ●

## भर्तुतुल्यस्वरम् ३/१/१६२//

સમાન સ્વરવાલા (સરખા સ્વરવાલા) નક્ષત્રવાચક નામોના द्वन्द्व સમાસમાં તેમજ સમાન સ્વરવાલા ऋतुવાચક નામોના द्वन्द्व સમાસમાં નક્ષત્ર અને ઋતુઓના ક્રમ મુજબ તે તે નક્ષત્ર અને ઋતુવાચક નામનો પૂર્વ પ્રયોગ થાય છે. अश्विनी च भरणी च कृत्तिका च અને हेमन्तश्च शिशिरश्च वसन्तश्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः ० ३-१-११७' થી નક્ષત્ર વાચક अश्विनी નામને નક્ષત્રવાચક भरणी અને कृत्तिका નામની સાથે વિહિત द्वन्द्व સમાસમાં નક્ષત્રોના અનુક્રમે આ સૂત્રની સહાયથી તદ્દવાચક નામનો પૂર્વપ્રયોગ થવાથી अश्विनीभरणीकृत्तिकाः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે ઋતુવાચક हेमन्त નામને ઋતુવાચક शिशिर અને वसन्त નામની સાથે વિહિત द्वन्द्व સમાસમાં ઋતુઓના ક્રમે આ સૂત્રની સહાયથી તદ્દવાચક નામનો પૂર્વપ્રયોગ થવાથી हेमन्तशिशिरवसन्ताः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અશ્વિની, ભરણી અને કૃત્તિકા નક્ષત્ર. હેમન્ત, શિશિર અને વસન્ત ઋતુ. तुल्यस्वरमिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તુલ્ય-સમાન સ્વરવાળા જ નક્ષત્ર વાચક નામોના અને તાદૃશ ऋतु વાચક નામનો द्वन्द्व સમાસમાં નક્ષત્ર અને ઋતુઓના ક્રમ મુજબ તે તે નક્ષત્ર અને ઋતુવાચક વાચક નામનો પૂર્વપ્રયોગ થાય છે. તેથી आर्द्रा च मृगशिरश्च અને ग्रीष्मश्च वसन्तश्च આ વિગ્રહમાં નક્ષત્ર વાચક आर्द्रा નામને मृगशिरस् નામની સાથે અને ऋतु વાચક ग्रीष्म નામને वसन्त નામની સાથે 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી વિહિત द्वन्द्व સમાસમાં 'लघ्वक्षरा० ३-१-१६०' થી અલ્પસ્વરવાળા आर्द्रा અને ग्रीष्म નામનો પૂર્વપ્રયોગ થવાથી आर्द्रामृगशिरसी અને ग्रीष्मवसन्तौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- આર્દ્રા અને મૃગશિર નક્ષત્ર. ગ્રીષ્મ અને વસન્ત ઋતુ અહીં. તુલ્યસ્વરવાળા નક્ષત્ર અને ઋતુવાચક નામોનો द्वन्द्व સમાસ ન

હોવાથી આ સૂત્રથી नक्षत्र અને ऋतु ના ક્રમે તદ્વાચક નામનો પૂર્વ પ્રયોગ થતો નથી. ॥૧૬૨॥

● ● ●

## संख्या समासे ३/१/१६३//

સમાસમાં સંખ્યાવાચક નામનો સઙ્ખ્યાના અનુક્રમે પ્રયોગ થાય છે. द्वौ वा त्रयो वा આ વિગ્રહમાં द्वि નામને त्रि નામની સાથે 'सुज्वाऽर्थे ० ३-१-१९' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રની સહાયથી द्वि નામનો પૂર્વપ્રયોગ વગેરે કાર્ય થવાથી द्वित्राः આવો પ્રયોગ થાય છે. (જુઓ સૂ.નં. ३-१-१९) અર્થ - બે અથવા ત્રણ. द्वे शते समाहृते આ વિગ્રહમાં द्वि નામને शत નામની સાથે '*सङ्ख्या समाहारे०* ३-१-९९' થી દ્વિગુ સમાસ. આ સૂત્રની સહાયથી द्वि નામનો પૂર્વ પ્રયોગ. द्विशत નામને 'द्विगोः समाहारात् २-४-२२' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી द्विशती આવો પ્રયોગ થાય છે. અર્થ - બસો. (२००) एकश्च दश च આ વિગ્રહમાં एक નામને दशन् નામની સાથે ' चार्थे द्वन्द्वः० ३-१-११७' થી द्वन्द्व સમાસ. આ સૂત્રની સહાયથી एक નામનો પૂર્વપ્રયોગ. 'एकादश ० ३-२-९१' થી एक નામના अ ને आ આદેશાદિ કાર્ય થવાથી एकादश આવો પ્રયોગ થાય છે. અર્થ - એક અને દશ (અગ્યાર). ॥૧૬૩ ॥

● ● ●

**॥ इति श्री सिद्धहेमचन्द्र शब्दानुशासनलघुवृत्तिविवरणे तृतीयेऽध्याये प्रथमः पादः ॥**

असंरब्धा अपि..... ચામુણ્ડારાજના અર્થાત્ સિદ્ધરાજના અત્યન્તતીક્ષ્ણ પ્રતાપ સ્વરૂપ અગ્નિના કણો પ્રયત્ન વિનાના પણ સદા માટે શત્રુ રાજાઓને અસહ્ય હતા. અર્થાત્ સિદ્ધરાજનો પ્રયત્ન ન હોવા છતાં માત્ર તેના પ્રતાપથી જ શત્રુ રાજાઓ સદા માટે ડરતા હતા.

• • •

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

## *अथ प्रारभ्यते तृतीये ऽ ध्याये द्वितीयः पादः ।*

### *परस्पराऽन्योऽन्येतरतस्याम् स्यादे र्वा ऽ पुंसि ३।२।१।।*

परस्पर अन्योन्य અને इतरेतर શબ્દનો પુલ્લિંગમાં પ્રયોગ ન હોય તો તત્સમ્બન્ધી સ્યાદિ વિભક્તિના સ્થાને आम् આદેશ વિકલ્પથી થાય છે. આ સૂત્રમાં परस्पर अन्योन्य અને इतरेतर - આ પ્રમાણે નિર્દેશ હોવાથી જ पर अन्य અને इतर નામને દ્વિત્વ વગેરે કાર્ય થવાથી અનુક્રમે परस्पर अन्योन्य અને इतरेतर શબ્દો સિદ્ધ છે. આ परस्परादि શબ્દોનો સ્વભાવતઃ ; પુલ્લિંગમાં એકવચનમાં અને ક્રિયાવ્યતિહારમાં પ્રયોગ થાય છે. આથી સમજી શકાશે કે સૂત્રસ્થ अपुंसि પદનો અર્થ એ છે કે - परस्परादि શબ્દથી જે અર્થનું જ્ઞાન થતું હોય તે અર્થવાચક પદોનું લિઙ્ગ પુલ્લિંગ ન હોય તો.

इमे सख्यौ कुले वा परस्परां परस्परम् ; अन्योऽन्याम् अन्योऽन्यम् इतरेतरामितरेतरं भोजयतः અહીં परस्पर अन्योन्य અને इतरेतर નામથી सखी અને कुल નું જ્ઞાન થાજય છે. तद्‌બોધક सखी અને कुल નામ પુલ્લિંગ ન હોવાથી परस्पर अन्योन्य અને इतरेतर નામથી વિહિત દ્વિતીયા વિભક્તિના अम् પ્રત્યયના સ્થાને આ સૂત્રથી आम् આદેશ વગેરે કાર્ય થવાથી परस्पराम् अन्योन्याम् અને इतरेतराम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आम् આદેશ ન થાય ત્યારે अम् ના अ નો 'समाना० ૧-૪-૪૬' થી લોપ થવાથી परस्परम् अन्योन्यम् અને इतरेतरम् આવો પ્રયોગ થાય છે. અર્થ - આ બે સખીઓ અથવા આ બે કુલો પરસ્પર (એક બીજાને) જમાડે છે. આવી જ રીતે आभिः सखीभिः कुलै र्वा परस्परां परस्परेण ; अन्योन्यामन्योऽन्येन ; इतरेतरामितरेण भोज्यते ;અહીં परस्पर अन्योन्य અને इतरेतर નામથી વિહિત ('हेतु-कर्तृ०२-२-४४'થી

વિહિત) તૃતીયા વિભક્તિના टा (आ) પ્રત્યયના સ્થાને आम् આદેશ થવાથી परस्पराम् अन्योन्याम् અને इतरेतराम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી टा ને आम् આદેશ ન થાય ત્યારે टा ને 'टाङसो० ૧-૪-૫' થી इन આદેશ વગેરે કાર્ય થવાથી परस्परेण अन्योऽन्येन અને इतरेतरेण આવો પ્રયોગ થાય છે. અર્થ - આ સખીઓ અથવા કુલો પરસ્પર એક બીજાની સહાયથી જમાડે છે.

अपुंसीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પુલ્લિંગમાં પ્રયોગ ન હોય તો જ परस्पर अन्योन्य અને इतरेतर શબ્દ સમ્બન્ધી સ્યાદિ વિભક્તિના સ્થાને आम् આદેશ વિકલ્પથી થાય છે. તેથી इमे नराः परस्परं भोजयन्ति અહીં પુલ્લિંગમાં પ્રયોગ હોવાથી આ સૂત્રથી ; परस्पर નામથી વિહિત દ્વિતીયા વિભક્તિના अम् પ્રત્યયના સ્થાને आम् આદેશ થતો નથી.અર્થ - આ પુરુષો પરસ્પર જમાડે છે.

અહીં યાદ રાખવું જોઈએ કે - આ સૂત્રનું સ્વરૂપ; परस्परान्योन्येतरस्याऽऽम् स्यादे र्वा ऽ पुंसि ; परस्परान्योन्येतरस्याऽम् स्यादे र्वा ऽ पुंसि અને परस्परान्योन्येतरस्याऽम् स्यादे र्वा पुंसि - આ રીતે ત્રણ પ્રકારે સમજી શકાય છે. પ્રથમ સ્વરૂપે આ સૂત્રની વ્યાખ્યા લઘુવૃત્તિના આધારે ઉપર જણાવી છે. દ્વિતીય સ્વરૂપે આ સૂત્રની વ્યાખ્યા - પુલ્લિંગમાં પ્રયોગ ન હોય તો परस्पर अन्योन्य અને इतरेतर શબ્દ સમ્બન્ધી સ્યાદિ વિભક્તિના સ્થાને अम् આદેશ વિકલ્પ થાય છે. - આ પ્રમાણે છે. તેથી इमे रव्यौ कुले वा परस्परम् परस्परस्य वा स्मरतः અહીં परस्पर નામથી વિહિત ષષ્ઠી વિભક્તિના ङस् પ્રત્યયના સ્થાને આ સૂત્રથી વિકલ્પે अम् આદેશ થાય છે. તૃતીય સ્વરૂપે આ સૂત્રની વ્યાખ્યા - પુલ્લિંગમાં પ્રયોગ હોય તો परस्पर अन्योऽन्य અને इतरेतर નામ સમ્બન્ધી સ્યાદિ વિભક્તિના સ્થાને अम् આદેશ વિકલ્પથી થાય છે. તેથી इमौ नरौ परस्परं परस्परस्य वा स्मरतः - આવો પ્રયોગ સઙ્ગત થઈ શકે છે......ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥ ૧ ॥

અકારાન્ત अव्ययीभाव સમાસ સમ્બન્ધી પઞ્ચમી વિભક્તિને છોડીને અન્ય સ્યાદિ વિભક્તિના સ્થાને अम् આદેશ થાય છે. कुम्भस्य समीपः આ વિગ્રહમાં उप અવ્યયને कुम्भ નામની સાથે 'विभक्ति-समीप० ३-१-३९' થી અવ્યયીભાાવ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન उपकुम्भ નામને અનુક્રમે सि અને ङे (ए) પ્રત્યય. આ સૂત્રથી सि અને ङे પ્રત્યયને अम् આદેશ. 'समाना० १-४-४६' થી अम् ના अ નો લોપ થવાથી उपकुम्भमस्ति અને उपकुम्भं देहि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઘડાની પાસે છે. ઘડાની પાસે રહેનારને આપ.

अव्ययीभावस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યયીભાવ સમ્બન્ધી જ અકારાન્ત નામ સમ્બન્ધી પઞ્ચમી વિભક્તિને છોડીને અન્ય સ્યાદિ વિભક્તિના સ્થાને अम् આદેશ થાય છે. તેથી प्रियमुपकुम्भं यस्य આ વિગ્રહમાં प्रिय નામને उपकुम्भ નામની સાથે 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન प्रियोपकुम्भ આ અકારાન્ત બહુવ્રીહિ સમાસને વિહિત सि પ્રત્યયને આ સૂત્રથી अम् આદેશ થતો નથી. જેથી प्रियोपकुम्भोऽयम् આવો પ્રયોગ થાય છે. અર્થ - કુંભ સમીપની વસ્તુ પ્રિય છે જેને તે.

अत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકારાન્ત જ અવ્યયીભાવ સમ્બન્ધી પઞ્ચમી વિભક્તિને છોડીને અન્ય વિભક્તિ (સ્યાદિ-વિભક્તિ)ના સ્થાને अम् આદેશ થયો છે. તેથી स्त्रियाम् આ અર્થમાં अधि અવ્યયને स्त्री નામની સાથે ઉપર જણાવ્યા મુજબ अव्ययीभाव સમાસાદિ કાર્યથી નિષ્પન્ન ઈકારાન્ત अधिस्त्रि નામને વિહિત सि પ્રત્યયને આ સૂત્રથી अम् આદેશ થતો નથી. જેથી सि પ્રત્યયનો 'अनतो लुप् ३-२-६' થી લોપ થવાથી

अधिस्त्रि આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્ત્રીમાં. ('क्लीबे ૨-૪-૯૭' થી अधिस्त्रि અહીં स्त्री ના ई ને -હ્રસ્વ इ આદેશ થયો છે.) अपञ्चम्या इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકારાન્ત અવ્યયીભાવ સમ્બન્ધી પઞ્ચમી ભિન્ન જ સ્યાદિ વિભક્તિના સ્થાને अम् આદેશ થાય છે. તેથી उपकुम्भ નામને વિહિત પઞ્ચમીના ङसि પ્રત્યયના સ્થાને આ સૂત્રથી अम् આદેશ થતો નથી. જેથી 'ङे ङस्यो र्यातौ ૧-૪-૬' થી ङसि પ્રત્યયને आत् આદેશાદિ કાર્ય થવાથી उपकुम्भात् આવો પ્રયોગ થાય છે: અર્થ - ઘડાની સમીપે રહેલાથી. અહીં યાદ રાખવું જોઈએ કે - ઉપર જણાવ્યા મુજબ અવ્યયીભાવ સમબન્ધી જ તાદૃશ અકારાન્ત નામ સમ્બન્ધી પઞ્ચમી ભિન્ન સ્યાદિ વિભક્તિને આ સૂત્રથી अम् આદેશ થાય છે. અકારાન્ત અવ્યયીભાવ સમાસથી પરમાં રહેલી પઞ્ચમી ભિન્ન સ્યાદિ વિભક્તિને નહીં, તેથી प्रियोपकुम्भोऽयम् અહીં प्रियोपकुम्भ નામથી વિહિત सि પ્રત્યય उपकुम्भ આ અવ્યયીભાવ સમાસથી પરમાં હોવા છતાં આ સૂત્રથી તેને (सि ને) अम् આદેશ થતો નથી..ઈત્યાદિ સ્વયં વિચારવું.॥૨॥

● ● ●

### *वा तृतीयायाः ३ । २ । ३ ॥*

અકારાન્ત अव्ययीभाव સમ્બન્ધી તૃતીયા વિભક્તિના સ્થાને વિકલ્પથી अम् આદેશ થાય છે. कुम्भस्य समीपः આ અર્થમાં अव्ययीभाव સમાસાદિ કાર્યથી નિષ્પન્ન उपकुम्भ નામને 'कृताद्यैः ૨-૨-૪૭' થી વિહિત તૃતીયા વિભક્તિના टा પ્રત્યયના સ્થાને આ સૂત્રથી अम् આદેશાદિ કાર્ય થવાથી किं न उपकुम्भम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अम् આદેશ ન થાય ત્યારે टा

ને 'टाङसो० १-४-५' થી इन આદેશાદિ કાર્ય થવાથી किं न उपकुम्भेन આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘડાની સમીપે રહેલાથી અમારે શું ? ।

अव्ययीभावस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકારાન્ત અવ્યયીભાવ સમ્બન્ધી જ તૃતીયા વિભક્તિના સ્થાને વિકલ્પથી अम् આદેશ થાય છે. તેથી प्रियोपकुम्भ આ બહુવ્રીહિ (જુઓ સૂ.નં. ૩-૨-૨) સમાસથી વિહિત टा પ્રત્યયના સ્થાને આ સૂત્રથી अम् આદેશ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ प्रियोपकुम्भेन આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રિય છે ઉપકુંભ જેને તેનાથી. ।।૩।।

● ● ●

## सप्तम्या वा ३ । २ । ४ ॥

અકારાન્ત અવ્યયીભાવ સમ્બન્ધી સપ્તમી વિભક્તિના સ્થાને વિકલ્પથી अम् આદેશ થાય છે. उपकुम्भ નામને (જુઓ સૂ. નં. ૩-૨-૨) વિહિત સપ્તમી વિભક્તિના ङि પ્રત્યયના સ્થાને આ સૂત્રથી अम् આદેશાદિ કાર્ય થવાથી उपकुम्भम् આવો પ્રયોગ થાય છે. અને વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अम् આદેશાદિ કાર્ય ન થાય ત્યારે उपकुम्भे निधेहि આવો થાય છે. અર્થ - ઘડાની પાસે મુક !.

अव्ययीभावस्येत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકારાન્ત अव्ययीभाव સમ્બન્ધી જ સપ્તમી વિભક્તિના સ્થાને વિકલ્પથી अम् આદેશ થાય છે. તેથી प्रियोपकुम्भ + ङि આ અવસ્થામાં બહુવ્રીહિ સમ્બન્ધી સપ્તમી વિભક્તિના ङि પ્રત્યયને આ સૂત્રથી अम् આદેશ ન થવાથી प्रियोपकुम्भे આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘડાની સમીપનું પ્રિય છે જેને તેમાં. સૂ.નં. ૩-૨-૩ અને ૩-૨-૪ આ બંન્ને સૂત્રોનું સ્વતન્ત્ર નિર્માણ સૂ.નં. ૩-૨-૫ માં सप्तम्याः ની અનુવૃત્તિ માટે છે - એ યાદ રાખવું. ।।૪।।

## ऋद्ध - नदी - वंश्यस्य ३ । २ । ५ ॥

ऋद्ध (ऋद्धियुक्त) વાચક ; નદી વાચક અને વંશ્ય વાચક નામ જેના અન્તે છે એવા અકારાન્ત अव्ययीभाव સમાસ સમ્બન્ધી સપ્તમી વિભક્તિના સ્થાને નિત્ય अम् આદેશ થાય છે. मगधानां समृद्धिः આ વિગ્રહમાં सु અવ્યયને ઋદ્ધવાચક मगध નામની સાથે 'विभक्ति - समीप० ३-१-३९' થી અવ્યયીભાવ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન सुमगध નામને સપ્તમીનો ङि પ્રત્યય. આ સૂત્રથી ङि ને अम् આદેશાદિ કાર્ય થવાથી सुमगधम् આવો પ્રયોગ થાય છે. અર્થ - મગધ દેશમાં રહેનારની સમૃદ્ધિમાં. उन्मत्ता गङ्गा यस्मिन् देशे આ વિગ્રહમાં उन्मत्त નામને નદીવાચક गङ्गा નામની સાથે 'नदीभि र्नाम्नि ३-१-२७' થી અવ્યયીભાવ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'परतः० ३-२-४९' થી उन्मत्ता નામને પુંવદ્ભાવ થવાથી आप् પ્રત્યયની નિવૃત્તિ. 'क्लीबे २-४-९७' થી उन्मत्तगङ्गा નામના आ ને -હ્રસ્વ अ આદેશ. उन्मत्तगङ्ग નામને સપ્તમીનો ङि પ્રત્યય. આ સૂત્રથી ङि ને अम् આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી उन्मत्तगङ्गम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉન્મત્તગઙ્ગ નામના દેશમાં. एकविंशति र्भारद्वाजाः (वंश्याः) આ વિગ્રહમાં एकविंशति નામને વંશ્ય વાચક भारद्वाज નામની સાથે 'वंशेन० ३-१-२९' થી અવ્યયીભાવ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન અકારાન્ત एकविंशतिभारद्वाज નામને સપ્તમીનો ङि પ્રત્યય. આ સૂત્રથી તેને अम् આદેશાદિ કાર્ય થવાથી एकविंशतिभारद्वाजं वसति આવો પ્રયોગ થાય છે. અર્થ - એકવીસ ભરદ્વાજના શિષ્યોમાં રહે છે. ॥૫॥

• • •

## अनतो लुप् ३ । २ । ६ ॥

અકારાન્ત अव्ययीभाव સમાસને છોડીને અન્ય અવ્યયીભાવ સમાસ સમ્બન્ધી સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે. वधवाः समीपम् અને कर्त्तुः समीपम् આ અર્થમાં उप અવ્યયને અનુક્રમે वधू અને कर्त्तृ નામની સાથે 'विभक्ति - समीप० ३-१-३९' થી અવ્યયીભાવ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન उपवधु ('क्लीबे २-४-१७' થી वधू નામના ऊ ને -હ્સ્વ उ આદેશ.) અને उपकर्त्तृ નામને सि પ્રત્યય. તેનો આ સૂત્રથી લોપ થવાથી उपवधु અને उपकर्त्तृ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વહુની નજીક. કર્તાની નજીક.

अनत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકારાન્ત अव्ययीभाव સમાસથી ભિન્ન જ અવ્યયીભાવ સમાસ સમ્બન્ધી સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે. તેથી उपकुम्भात् (જુઓ સૂ.નં. ૩-૨-૨) અહીં અકારાન્ત અવ્યયીભાવ સમાસ સમ્બન્ધી પઞ્ચમી વિભક્તિના ङसि પ્રત્યયનો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ-ઘડાની સમીપથી. अव्ययीभावस्येत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અકારાન્ત અવ્યયીભાવ સમાસથી ભિન્ન अव्ययीभाव સમાસ જ સમ્બન્ધી સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે. તેથી प्रियमुपवधु यस्य આ વિગ્રહમાં प्रिय નામને उपवधु નામની સાથે 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન प्रियोपवधु નામને વિહિત सि પ્રત્યયનો લોપ આ સૂત્રથી થતો નથી. જેથી प्रियोपवधुः આવો પ્રયોગ થાય છે. અર્થ - વહુની પાસેની વસ્તુ પ્રિય છે જેને તે અથવા વહુની પાસે રહેવાનું પ્રિય છે જેને તે. ॥૬॥

● ● ●

## अव्ययस्य ३ । २ । ७ ॥

अव्यय सम्બन्धी સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે. 'स्वरादयोऽव्ययम् ૧-૧-30' થી स्वर् અને प्रातर् ને અવ્યય સંજ્ઞા થવાથી અવ્યયરૂપ स्वर् અને प्रातर् નામથી વિહિત सि પ્રત્યયનો આ સૂત્રથી લોપ થાય છે. જેથી स्वःઅને प्रातः આવો પ્રયોગ થાય છે. अव्ययस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યય સમ્બન્ધી જ સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે. માત્ર અવ્યયથી પરમાં રહેલી સ્યાદિ વિભક્તિનો લોપ થતો નથી. તેથી उच्चैरतिक्रान्तस्य આ અર્થમાં अति અવ્યયને उच्चैस् અવ્યયની સાથે 'प्रात्यव० ૩-૧-૪૭' થી તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अत्युच्चैस् નામને ङस् (अस्) પ્રત્યય. અહીં उच्चैस् અવ્યયથી પરમાં ङस् પ્રત્યય હોવા છતાં તે તત્સમ્બન્ધી નથી. પરન્તુ अत्युच्चैस् સમ્બન્ધી છે. તેથી આ સૂત્રથી ङस् પ્રત્યયનો લોપ ન થવાથી अत्युच्चैसः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સ્વર્ગ. સવાર. ઉંચાઇને જિતનારનું. ॥૭॥

● ● ●

## ऐकार्थ्ये ३ । २ । ८ ॥

ऐकार्थ्य ના નિમિત્તભૂત સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે. આશય એ છે કે - સમાસ તદ્ધિત કૃત્ અને નામધાતુ થયા પછી અનેક પદોનો અર્થ એકપદ સમજાવે છે. તેથી સામાસિકાદિ પદોના પૂર્વે જણાવ્યા મુજબના ऐकार्थ्य ને ऐकपद्य કહેવાય છે. તાદૃશ ऐकपद्य ના નિમિત્તભૂત સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે.

સૂત્રમાં ऐकार्थ्ये આ પ્રમાણે નિમિત્ત સપ્તમીનો નિર્દેશ હોવાથી ऐकार्थ्य ના નિમિત્તભૂત જ સ્યાદિ વિભક્તિનો આ સૂત્રથી લોપ થાય છે. પરન્તુ તદુત્તર (ऐकार्थ्योत्तर) કાલમાં થનારી સામાસિકાદિ નામો સંમ્બન્ધી સ્યાદિ વિભક્તિના પ્રત્યયનો આ સૂત્રથી લોપ થતો નથી. - એ યાદ રાખવું. चित्रा गौ र्यस्य આ વિગ્રહમાં चित्रा + सि અને गो + सि આ અવસ્થામાં 'एकार्थं चा० ૩-૧-૨૨' થી બહુવ્રીહિ સમાસ. બહુવ્રીહિ સમાસના નિમિત્તભૂત सि પ્રત્યય સ્વરૂપ સ્યાદિ વિભક્તિનો આ સૂત્રથી લોપ. 'परतः स्त्री० ३-२-४९' થી चित्रा નામને પુંવદ્ભાવ થવાથી आप् પ્રત્યયની નિવૃત્તિ. 'गोश्चान्ते० २-४-९६' થી गो નામના ओ ને -હસ્વ उ આદેશ વગેરે કાર્ય થવાથી चित्रगुः આવો પ્રયોગ થાય છે. અર્થ - ચિત્ર રૂપવાળી ગાયવાળો. पुत्रमिच्छति આ અર્થમાં पुत्र + अम् આ અવસ્થામાં पुत्रम् ને (દ્વિતીયાન્ત पुत्र નામને) 'अमाव्यया० ૩-૪-૨૩' થી क्यन् (य) પ્રત્યય. આ સૂત્રથી નામધાતુ સ્વરૂપ વૃત્તિના કારણભૂત अम् સ્વરૂપ સ્યાદિ વિભક્તિનો લોપ. 'क्यनि ४-३-११२' થી पुत्र ના अ ને ई આદેશ વગેરે કાર્ય થવાથી पुत्रीयति આવો પ્રયોગ થાય છે. અર્થ- પુત્રની ઈચ્છા કરે છે. उपगोरपत्यम् આ અર્થમાં ષષ્ઠ્યન્ત उपगु નામને 'ङसोऽपत्ये ६-१-२८' થી તદ્ધિતનો अण् (अ) પ્રત્યય. તદ્ધિત વૃત્તિના નિમિત્તભૂત સ્યાદિ વિભક્તિ સ્વરૂપ ङस् પ્રત્યયનો આ સૂત્રથી લોપ. 'वृद्धिः स्वरे० ७-४-१' થી उपगु નામના આદ્ય उ ને વૃદ્ધિ औ આદેશ. 'अस्वय० ७-४-७०' થી અન્ત્ય उ ને अव् આદેશાદિ કાર્ય થવાથી औपगवः આવો પ્રયોગ થાય છે. અર્થ - જેની પાસે ગાય છે તેનું સન્તાન.

अत एव लुब्०......... આશય સ્પષ્ટ છે કે 'नाम नाम्ना० ૩-૧-૧૮'......વગેરે સમાસ વિધાયક સૂત્રોથી नाम ને नाम ની સાથે સમાસનું વિધાન હોવા છતાં આ સૂત્રથી તાદૃશ સમાસાદિ વૃત્તિના નિમિત્તભૂત સ્યાદિ વિભક્તિના લોપનું વિધાન કર્યું હોવાથી આ સૂત્રના સામર્થ્યથી જ સમાસવિધાયક તે તે સૂત્રો સ્યાદિ

વિભક્ત્યન્ત જ નામને; સ્યાદિ વિભક્ત્યન્ત જ નામની સાથે સમાસનું વિધાન કરે છે. પરન્તુ કેવલ નામને નામની સાથે સમાસનું વિધાન કરતા નથી. અન્યથા આ સૂત્રથી કરાએલ લુબ્નું વિધાન નિરર્થક બનશે.

ऐकार्थ्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऐकार्थ्य - ऐकपद्य ના નિમિત્તભૂત જ સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે. તેથી चित्रा गावो यस्य ઈત્યાદિ વાક્યોમાં ऐकार्थ्य સ્વરૂપ સામર્થ્ય ન હોવાથી અર્થાદ્ व्यपेक्षा સ્વરૂપ સામર્થ્ય હોવાથી આ સૂત્રથી અહીં વાક્ય ઘટક તે તે પદ સમ્બન્ધી સ્યાદિ વિભક્તિનો લોપ થતો નથી. ॥૮॥

● ● ●

***न नाम्येकस्वरात् खित्युत्तरपदेऽमः ३ । २ । ९ ॥***

સમાસારંભક અન્ત્ય પદને उत्तरपद કહેવાય છે. તેની પૂર્વેના પદોને પૂર્વપદ કહેવાય છે. खित् પ્રત્યયાન્ત ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા-એક સ્વરવાલા નામીસ્વરાન્ત પૂર્વ પદથી પરમાં રહેલા अम् પ્રત્યયનો લોપ થતો નથી. स्त्रियमात्मानं मन्यते અને नावमात्मानं मन्यते આ અર્થમાં अम् પ્રત્યયાન્ત ક્રમશઃ स्त्री અને नौ નામથી પરમાં રહેલા मन् ધાતુને 'कर्त्तुः खश् ૫-૧-૧૧૭' થી खश् (अ) પ્રત્યય. 'दिवादेः श्यः ૩-૪-૭૨' થી खश् પ્રત્યયની પૂર્વે श्य (य) પ્રત્યય. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી य ના अ નો લોપ. स्त्री + अम् + मन्य અને नौ + अम् + मन्य આ અવસ્થામાં 'ङस्युक्तं कृता ૩-૧-૪૯' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત अम् ના લોપનો આ સૂત્રથી નિષેધ થવાથી स्त्रियंमन्य અને नावंमन्य નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી स्त्रियंमन्यः અને नावंमन्यः આવો

પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પોતાને સ્ત્રી માનનાર. પોતાન નૌકા માનનાર.

नामीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ खित् પ્રત્યયાન્ત ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા એકસ્વરવાલા નામી સ્વરાન્ત જ પૂર્વપદથી પરમાં अम् પ્રત્યયનો લોપ થતો નથી. તેથી क्ष्मामात्मानं मन्यते આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ खश् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન क्ष्मा +ङस् + मन्य આ અવસ્થામાં તત્પુરુષ સમાસ થયા બાદ क्ष्मा આ પૂર્વપદ નામી સ્વરાન્ત ન હોવાથી તેનાથી પરમાં રહેલા (अम् પ્રત્યયનો અર્થાદ્) ङस् પ્રત્યયનો 'ऐकार्थ्ये ૩-૨-૮' થી લોપ થાય છે. પરન્તુ આ સૂત્રથી લોપનો નિષેધ થતો નથી. જેથી क्ष्मा + मन्य આ અવસ્થામાં 'खित्यनव्यया० ૩-૨-૧૧૧' થી आ ને -હસ્વ अ આદેશ અને તેના અન્તે म् નો આગમ........ વગેરે કાર્ય થવાથી क्ष्मंमन्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - પોતાને પૃથ્વી માનનાર. एकस्वरादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ खित् પ્રત્યયાન્ત ઉત્તરપદ પરમાં હોય તો નામી સ્વરાન્ત એકસ્વરવાલા જ પૂર્વપદથી પરમાં રહેલા अम् પ્રત્યયનો લોપ થતો નથી. તેથી वधूमात्मानं मन्यते આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ खश् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન वधू + ङस् + मन्य આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ અનેકસ્વરી પૂર્વપદથી પરમાં રહેલા ङस् પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ ન થવાથી 'ऐकार्थ्ये ૩-૨-૮' થી તેનો લોપ વગેરે કાર્ય થવાથી वधुंमन्या આવો પ્રયોગ થાય છે. અર્થ - પોતાને વહુ માનનારી. खितीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ खित् પ્રત્યયાન્ત જ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા એકસ્વરવાલા નામીસ્વરાન્ત પૂર્વપદથી પરમાં રહેલા अम् પ્રત્યયનો લોપ થતો નથી. તેથી स्त्रियं मन्यते આ અર્થમાં ષષ્ઠ્યન્ત स्त्री નામથી પરમાં રહેલા मन् ધાતુને 'मन्याण्णिन् ૫-૧-૧૧૬' થી णिन् (इन्) પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી मन् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. स्त्री + ङस् +

मानिन् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી स्त्रीमानी આવો પ્રયોગ થાય છે. અહીં खित् પ્રત્યયાન્ત ઉત્તરપદ પરમાં ન હોવાથી આ સૂત્રથી ङस् પ્રત્યયના લોપનો નિષેધ થતો નથી. અન્યથા स्त्रियम्मानी આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસઙ્ગ આવત. અર્થ - બીજાને સ્ત્રી માનનાર.

અહીં સમજવું જોઈએ કે - આ સૂત્રના ઉદાહરણોમાં અને પ્રત્યુદાહરણોમાં खित्प्रत्ययान्त અને णिन् વગેરે પ્રત્યયાન્ત ઉત્તરપદ પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા કર્મવાચક તે તે પૂર્વપદને 'कर्मणि कृतः ૨-૨-૮૩' થી દ્વિતીયાના બદલે ષષ્ઠી વિભક્તિ થાય છે. આથી આવા સ્થળે તે તે પૂર્વપદ (એકસ્વરી - નામીસ્વરાન્ત) થી પરમાં अम् પ્રત્યયનો સંભવ ન હોવાથી આ સૂત્રની પ્રવૃત્ત્યપ્રવૃત્તિનું પ્રદર્શન યદ્યપિ સઙ્ગત નથી જણાતું, પરન્તુ આ સૂત્રથી જ્યાં अम् ના લોપના નિષેધનું વિધાન કર્યું છે ત્યાં આ સૂત્રારંભના કારણે જ તાદૃશ પૂર્વપદને अम् ના બદલે ષષ્ઠીનું વિધાન થતું નથી. તેથી જ પ્રત્યુદાહરણ સ્થળે તે તે પદોનું સૂત્રમાં ઉપાદાન ન હોય તો; તે તે સ્થળે પણ દ્વિતીયાના બદલે (अम् ના બદલે) ષષ્ઠીનું વિધાન, ન થાય ત્યારે अम् ના લોપના નિષેધનો પ્રસઙ્ગ આવત - એ સ્પષ્ટ છે. ॥૯॥

● ● ●

## *असत्त्वे ङसेः ३ । २ । १० ॥*

ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા असत्त्व વાચક નામથી વિધાન કરાએલા ङसि પ્રત્યયનો લોપ થતો નથી. 'स्तोकाल्प० ૨-૨-૭૯' થી વિધાન કરાએલા ङसि પ્રત્યયાન્ત स्तोक નામને स्तोकान्मुक्तः આ વિગ્રહમાં 'क्तेनाऽसत्त्वे ૩-૧-૭૪' થી मुक्त

નામની સાથે તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત ङसि પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ.. વગેરે કાર્ય થવાથી स्तोकान्मुक्तः આવો પ્રયોગ થાય છે. અર્થ - થોડાથી છૂટકારો થયો.

असत्त्व इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા असत्त्व વાચક જ નામથી વિધાન કરાએલા ङसि પ્રત્યયનો લોપ થતો નથી. તેથી स्तोकाद् (व्याघ्रादेः) भयम् આ વિગ્રહમાં 'पञ्चम्यपादाने ૨-૨-૬૯' થી સત્ત્વ વાચક નામથી વિહિત ङसि પ્રત્યયાન્ત स्तोक નામને भय નામની સાથે 'पञ्चमी भयाद्यैः ૩-૧-૭૩' થી તત્પુરુષ સમાસ. સત્ત્વ વાચક નામથી વિહિત ङसि પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ ન થવાથી 'ऐकार्थ्ये ३-२-८' થી ङसि પ્રત્યયાદિનો લોપ વગેરે કાર્ય થવાથી स्तोकभयम् આવો પ્રયોગ થાય છે. અર્થ - થોડા વાઘ વગેરેથી ભય. (सत्त्वाऽसत्त्व ની વ્યાખ્યા માટે જુઓ સૂ.નં. ૨-૨-૭૯)

उत्तरपद इत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉત્તરપદ પરમાં હોય તો જ અસત્ત્વ વાચક નામથી વિધાન કરાએલા ङसि પ્રત્યયનો લોપ થતો નથી.તેથી निर्गतः स्तोकाद् આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ અસત્ત્વવાચક નામથી વિહિત ङसि પ્રત્યયાન્ત स्तोक નામની સાથે निर् અવ્યયને 'प्रात्यव० ૩-૧-૪૭' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સ્યાદિ વિભક્તિનો લોપ વગેરે કાર્ય થવાથી निःस्तोकः આવો પ્રયોગ થાય છે. અહીં ङसि પ્રત્યયાન્ત નામથી પરમાં ઉત્તરપદ ન હોવાથી આ સૂત્રથી ङसि પ્રત્યયના લોપનો નિષેધ થતો નથી. અર્થ - થોડાથી નીકળેલો. ॥૧૦॥

• • •

## ब्राह्मणाच्छंसी ३ । २ । ११ ॥

ब्राह्मणाच्छंसी - આ સમાસમાં ङसि પ્રત્યયના લોપના અભાવનું નિપાતન કરાય છે. ब्राह्मणात् शंसी આ વિગ્રહમાં 'पञ्चमी भयाद्यैः ૩-૧-૭૩' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી વિગ્રહવાક્યસ્થ ङसि પ્રત્યયના લોપની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી ब्राह्मणाच्छंसिन् નામને सि પ્રત્યયાદિ કાર્ય બાદ ब्राह्मणाच्छंसी આવો પ્રયોગ થાય છે. અર્થ - બ્રાહ્મણગ્રન્થથી ગ્રહણ કરીને ઉપદેશ આપનાર હોતા - ગોર. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ब्राह्मणाच्छंसी આ સમાસમાં ङसि પ્રત્યયના લોપના અભાવનું; ऋत्विग् (હોતા - ગોર) વિશેષ અર્થમાં જ નિપાતન કરાય છે. તેથી ऋत्विग् વિશેષથી અન્યત્ર આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ङसि પ્રત્યયના લોપનો નિષેધ ન થવાથી ब्राह्मणशंसिनी स्त्री આવો પ્રયોગ થાય છે. અર્થ - બ્રાહ્મણ ગ્રન્થથી લઈને ઉપદેશ આપનારી સ્ત્રી. ॥૧૧॥

● ● ●

## ओजोऽञ्जः - सहोऽम्भस् - तमस् - तपसष्टः ३ । २ । १२ ॥

ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા (પૂર્વપદ) ओजस् अञ्जस् सहस् अम्भस् तमस् અને तपस् નામથી પરમાં રહેલા टा (आ) પ્રત્યયનો લોપ થતો નથી. ओजसा कृतम्; अञ्जसा कृतम्; सहसा कृतम; अम्भसा कृतम्; तमसा कृतम् અને तपसा कृतम् આ વિગ્રહમાં 'कारकं कृता ३-१-६८' થી कृत નામની સાથે અનુક્રમે ओजस् अञ्जस् सहस् अम्भस् तमस् અને तपस् નામને तत्पुरुष

સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી વિગ્રહવાક્યસ્થ टा પ્રત્યયના લોપની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી અનુક્રમે ओजसाकृतम् अञ्जसाकृतम् सहसाकृतम् अम्भसाकृतम् तमसाकृतम् અને तपसाकृतम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - શક્તિથી કરેલું. વિના પ્રયત્ને કરેલું. સાહસથી કરેલું. પાણીથી કરેલું. અન્ધકારથી કરેલું. તપથી કરેલું.

ट इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉત્તરપદ પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા ओजस् अञ्जस् सहस् अम्भस् तमस् અને तपस् નામથી પરમાં રહેલા टा (आ) જ પ્રત્યયનો લોપ થતો નથી. તેથી ओजसो भावः આ વિગ્રહમાં ओजस् નામને 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી भाव નામની સાથે તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી ओज़ोभावः આવો પ્રયોગ થાય છે. અહીં ओजस् આ પૂર્વપદથી પરમાં રહેલા ષષ્ઠી વિભક્તિના ङस् પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ થતો નથી. તેથી 'ऐकार्थ्ये ૩-૨-૮' થી તેનો લોપ થયો છે. અર્થ - શક્તિત્વ. ॥૧૨॥

● ● ●

## *पुंजनुषोऽनुजाऽन्धे ३ । २ । १३ ॥*

*अनुज - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા* पुम्स् નામથી પરમાં રહેલા टा પ્રત્યયનો તેમ જ अन्ध - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા जनुष् નામથી પરમાં રહેલા टा પ્રત્યયનો લોપ થતો નથી. पुंसाऽनुजः અને जनुषाऽन्धः આ વિગ્રહમાં 'कारकं कृता ३-१-६८' થી पुम्स् અને जनुष् નામને અનુક્રમે अनुज અને अन्ध નામની સાથે તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી પ્રાપ્ત टा પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી

पुंसाऽनुजः અને जनुषाऽन्धः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પુરુષથી નાનો. જન્મથી અન્ધ. ट इत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अनुज અને अन्ध ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અનુક્રમે पुम्स् અને जनुष् નામથી પરમાં રહેલા टा જ પ્રત્યયના લોપનો નિષેધ થાય છે. તેથી पुंसो ऽ नुजा આ વિગ્રહમાં पुम्स् નામને अनुजा નામની સાથે 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી ષષ્ઠી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી पुमनुजा આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી ङस् પ્રત્યયના લોપનો નિષેધ થતો ન હોવાથી 'ऐकार्थ्ये ३-२-८' થી તેનો લોપ થયો છે. અર્થ - પુરુષની નાની બેન. ॥ ૧૩ ॥

● ● ●

## *आत्मनः पूरणे ३ । २ । १४ ॥*

પૂરણ પ્રત્યયાન્ત નામ - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા आत्मन् નામથી પરમાં રહેલા टा પ્રત્યયનો લોપ થતો નથી. आत्मना द्वितीयः અને आत्मना षष्ठः આ વિગ્રહમાં आत्मन् નામને द्वितीय અને षष्ठ નામની સાથે 'ऊनार्थपूर्वाद्यैः ३-१-६७' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી પ્રાપ્ત टा પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી आत्मनाद्वितीयः અને आत्मनाषष्ठः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પોતાથી સિદ્ધ કરાએલો બીજો. પોતાથી સિદ્ધ કરાએલો છટ્ઠો. અહીં आत्मन् નામને 'यद्भेदैस्त० २-२-४६'થી તૃતીયા વિભક્તિ થઈ છે. ॥૧૪॥

● ● ●

## मनसश्चाज्ञायिनि ३ । २ । १५ ॥

आज्ञायिन् - ઉત્તરપદ પરમાં હોય તો; मनस् અને आत्मन् (સ્વરૂપ પૂર્વપદ) નામથી પરમાં રહેલા टा પ્રત્યયનો લોપ થતો નથી. मनसाऽऽज्ञायी અને आत्मनाऽऽज्ञायी આ વિગ્રહમાં मनस् અને आत्मन् નામને आज्ञायिन् નામની સાથે 'कारकं कृता ३-१-६८' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત टा પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી मनसाज्ञायी અને आत्मनाज्ञायी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - મનથી થોડું અથવા બધું જાણનાર. પોતાથી થોડું અથવા બધું જાણનાર. ॥૧૫॥

● ● ●

## नाम्नि ३ । २ । १६ ॥

સંજ્ઞાના વિષયમાં (અર્થાત્ સમાસ કોઈનું નામ હોય તો) ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા मनस् નામથી પરમાં રહેલા टा પ્રત્યયનો લોપ થતો નથી. मनसा देवी આ વિગ્રહમાં मनस् નામને देवी નામની સાથે 'कारकं कृता ३-१-६८' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી પ્રાપ્ત टा પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી मनसादेवी આવો પ્રયોગ થાય છે. અર્થ - મનસાદેવી નામની દેવી. नाम्नीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં જ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા मनस् નામથી પરમાં રહેલા टा પ્રત્યયનો લોપ થતો નથી. તેથી मनसा दत्ता આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી मनोदत्ता कन्या આવો પ્રયોગ થાય છે.

અહીં સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી टा પ્રત્યયના લોપનો નિષેધ થતો નથી. તેથી 'ऐकार्थ्ये ૩-૨-૮' થી टा પ્રત્યયનો લોપ થયો છે. (दिव् ધાતુને लिहादिभ्यः ૫-૧-૫૦ થી अच् પ્રત્યય. અને તદન્ત दैव નામને 'गौरादिभ्यो० ૨-૪-૧૯' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી देवी નામ બને છે.) અર્થ - મનથી અપાએલી કન્યા. ||૧૬||

● ● ●

## पराऽऽत्मभ्यां ङेः ३ । २ । १७ ॥

સંજ્ઞાના વિષયમાં ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા पर અને आत्मन् નામથી પરમાં રહેલા ङे (ए ચતુ. એ. વ.) પ્રત્યયનો લોપ થતો નથી. परस्मै पदम् અને आत्मने पदम् આ વિગ્રહમાં 'तादर्थ्ये ૨-૨-૫૪' થી વિહિત ચતુર્થ્યન્ત पर અને आत्मन् નામને 'हितादिभिः ३-१-७१' થી पद નામની સાથે तत्पुरुष समास. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત ચતુર્થીના ङे પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી परस्मैपदम् અને आत्मनेपदम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - तिव् વગેરે પ્રત્યયોની સંજ્ઞા. ते વગેરે પ્રત્યયોની સંજ્ઞા. नाम्नीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના જ વિષયમાં ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા पर અને आत्मन् નામથી પરમાં રહેલા ङे પ્રત્યયનો લોપ થતો નથી. તેથી परस्मै हितम् આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી ચતુર્થીના ङे પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી परहितम् આવો પ્રયોગ થાય છે. અહીં સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ङे પ્રત્યયના લોપનો નિષેધ થતો નથી. અર્થ - બીજાને હિત. ||૧૭||

● ● ●

## अद्-व्यञ्जनात् सप्तम्या बहुलम् ३ । २ । १८ ॥

સંજ્ઞાના વિષયમાં; ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અકારાન્ત અને વ્યઞ્જનાન્ત નામથી પરમાં રહેલી સપ્તમીનો બહુલતયા (મોટેભાગે) લોપ થતો નથી. अरण्ये तिलकाः અને युधि स्थिरः આ વિગ્રહમાં 'नाम्नि ३-१-९४' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના ङि પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ. 'गवियुधेः० २-३-२५' થી स् ને ष् આદેશ. 'तवर्गस्य० १-३-६०' થી थ् ને ठ् આદેશ.. વગેરે કાર્ય થવાથી अरण्येतिलका અને युधिष्ठिरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઔષધિ વિશેષનું નામ છે. પાણ્ડવોમાં સૌથી મોટાનું નામ છે.

अद्व्यञ्जनादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં ઉત્તરપદ પરમાં હોય તો; અકારાન્ત જ અને વ્યઞ્જનાન્ત જ પૂર્વપદથી પરમાં રહેલા સપ્તમી વિભક્તિના પ્રત્યયનો લોપ થતો નથી. તેથી भूमौ पाशः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીના ङि પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી भूमिपाशः આવો પ્રયોગ થાય છે. અર્થ - વ્યક્તિ વિશેષનું નામ છે. અહીં સંજ્ઞાનો વિષય હોવા છતાં અકારાન્ત અથવા વ્યઞ્જનાન્ત પૂર્વપદ ન હોવાથી ઈકારાન્ત પૂર્વ પદથી પરમાં રહેલા તાદૃશ સપ્તમીના ङि પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ થતો નથી. नाम्नीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં જ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વ રહેલા અકારાન્ત અને વ્યઞ્જનાન્ત નામથી પરમાં રહેલા સપ્તમી વિભક્તિના પ્રત્યયનો લોપ થતો નથી. તેથી तीर्थे काक इव આ વિગ્રહમાં સપ્તમ્યન્ત तीर्थ નામને काक નામની સાથે 'काकाद्यैः क्षेपे ३-१-९०' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮'થી પ્રાપ્ત સપ્તમીના ङि પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી तीर्थकाकः આવો પ્રયોગ થાય

છે. અર્થ - તીર્થમાં કાગડા જેવો. અહીં સંજ્ઞાનો વિષય ન હોવાથી અકારાન્ત પૂર્વપદથી પરમાં રહેલા સપ્તમીના ङि પ્રત્યયના લોપનો આ સૂત્રથી નિષેધ થતો નથી.આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સપ્તમીનો લોપ બહુલતયા જ થતો નથી. તેથી त्वचिसारः त्वक्सारः ઈત્યાદિ સ્થળે વિકલ્પથી સપ્તમીના લોપનો નિષેધ થાય છે. અને ग्रामसूकरः ઈત્યાદિ સ્થળે સપ્તમીના લોપનો નિષેધ થતો પણ નથી.......ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥ ૧૮ ॥

• • •

## *प्राक्कारस्य व्यञ्जने ३ । २ । १९ ॥*

રાજ્યની રક્ષા માટે રાજાઓ જે કર લે છે; તેને कार કહેવાય છે. प्राच्य દેશ સમ્બંધી कार ની સંજ્ઞાના વિષયમાં, વ્યઞ્જનાદિ ઉત્તરપદ પરમાં હોય તો; અકારાન્ત અને વ્યઞ્જનાન્ત પૂર્વપદથી પરમાં રહેલા સપ્તમી વિભક્તિના પ્રત્યયનો લોપ થતો નથી. मुकुटे कार्षापणः અને समिधि माषकः આ વિગ્રહમાં સપ્તમ્યન્ત मुकुट અને समिध् નામને અનુક્રમે વ્યંજનાદિ कार्षापण અને माषक નામની સાથે 'नाम्नि ३-१-९४' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી मुकुटेकार्षापणः અને समिधिमाषकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પ્રાચ્ય દેશમાં લેવાતો કર વિશેષ. પ્રાચ્ય દેશમાં લેવાતો કર વિશેષ.

प्रागिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ प्राच्य જ દેશ સમ્બન્ધી कार ની સંજ્ઞાના વિષયમાં વ્યઞ્જનાદિ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અકારાન્ત અને વ્યઞ્જનાન્ત પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો લોપ થતો નથી. તેથી यूथे पशुः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીનો લોપ વગેરે કાર્ય થવાથી यूथपशुः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉત્તર દેશમાં લેવાતો કર વિશેષ.

અહીં પ્રાચ્ય દેશ સમ્બન્ધી કરની સંજ્ઞાનો વિષય ન હોવાથી સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ થતો નથી.

कार इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રાચ્ય દેશ સમ્બન્ધી कारની જ સંજ્ઞાનો વિષય હોય તો; વ્યઞ્જનાદિ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અકારાન્ત અને વ્યઞ્જનાન્ત પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમીનો લોપ થતો નથી. તેથી` अभ्यर्हिते देयः पशुः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી यूथपशुःની જેમ अभ्यर्हितपशुः આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રાચ્ય દેશ પ્રસિદ્ધ આપવા યોગ્ય વસ્તુ વિશેષ. અહીં कार ની સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી સપ્તમીના લોપનો નિષેધ થતો નથી.

व्यञ्जन इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ प्राच्य દેશ સમ્બન્ધી कार ની સંજ્ઞાનો વિષય હોય તો; વ્યઞ્જનાદિ જ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અકારાન્ત અથવા વ્યઞ્જનાન્ત નામથી પરમાં રહેલા સપ્તમીનો લોપ થતો નથી. તેથી अविकटे उरणः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી अविकटोरणः આવો પ્રયોગ થાય છે. અહીં સ્વરાદિ ઉત્તરપદ પરમાં હોવાથી આ સૂત્રથી સપ્તમીના લોપનો નિષેધ થતો નથી. અર્થ - प्राच्य દેશમાં લેવાતો કર વિશેષ.

અહીં યાદ રાખવું જોઈએ કે - मुकुटेकार्षापणः ઈત્યાદિ સ્થળે યદ્યપિ પૂર્વસૂત્રથી (૩-૨-૧૮ થી) સપ્તમીના લોપનો નિષેધ સિદ્ધ જ છે. પરન્તુ प्राच्य દેશ સમ્બન્ધી कार ની જ સંજ્ઞાના વિષયમાં અને વ્યઞ્જનાદિ જ ઉત્તરપદ પરમાં હોય તો તાદૃશ સપ્તમીના લોપનો નિષેધ થાય - આવા નિયમ માટે આ સૂત્રનું પ્રણયન છે. તેથી अभ्यर्हितपशुः અને अविकटोरणः.......ઈત્યાદિ સ્થળે આ સૂત્રથી અથવા તો પૂર્વસૂત્રથી પણ સપ્તમીના લોપનો નિષેધ થતો નથી....... ઈત્યાદિ સ્વયં વિચારવું....... ॥ ૧૯ ॥

● ● ●

## तत्पुरुषे कृतिः ३ । २ । २० ॥

कृत्प्रत्ययान्त ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અકારાન્ત અને વ્યઞ્જનાન્ત નામથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો તત્પુરુષ સમાસમાં લોપ થતો નથી. स्तम्बे रमते આ અર્થમાં સપ્તમ્યન્ત स्तम्ब નામને रम નામની સાથે 'सप्तमी० ૩-૧-૮૮' થી તત્પુરુષ સમાસ અને भस्मनि हुतम् આ વિગ્રહમાં भस्मन् નામને हुत નામની સાથે 'क्तेन ३-१-९२' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી स्तम्बेरमः અને भस्मनिहुतम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હાથી. રાખમાં હોમ્યા જેવું. तत्पुरुष इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કૃત્પ્રત્યય અન્તમાં છે જેના - એવું ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અકારાન્ત અને વ્યઞ્જનાન્ત નામથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો તત્પુરુષ સમાસમાં જ લોપ થતો નથી. તેથી धन्वनि कारका यस्य આ વિગ્રહમાં 'उष्ट्रमुखादयः ૩-૧-૨૩' થી બહુવ્રીહિ સમાસ વગેરે કાર્ય થવાથી धन्वकारकः આવો પ્રયોગ થાય છે. અહીં તત્પુરુષ સમાસ ન હોવાથી કૃત્પ્રત્યયાન્ત कारक ઉત્તરપદ પરમાં હોવા છતાં તેની પૂર્વે રહેલા વ્યઞ્જનાન્ત પૂર્વપદ धन्वन् થી પરમાં રહેલી સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ થતો નથી. તેથી 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીનો લોપ થાય છે. અર્થ - ધન્વન્ દેશમાં જેના કારક છે તે.

अद्व्यञ्जनादित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસમાં કૃત્પ્રત્યયાન્ત ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અકારાન્ત જ અને વ્યઞ્જનાન્ત જ નામથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો લોપ થતો નથી. તેથી कुरुषु चरः આ વિગ્રહમાં 'सप्तमी शौण्डाद्यैः ૩-૧-૮૮' થી कुरु નામને चर નામની સાથે તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી कुरुचरः આવો પ્રયોગ

થાય છે. અહીં તત્પુરુષ સમાસમાં કૃદન્ત ઉત્તરપદ પરમાં હોવા છતાં ઉકારાન્ત પૂર્વપદ कुरु થી પરમાં રહેલી સપ્તમીનો 'ऐकार्थ्ये ૩-૨-૮' થી લોપ થાય છે. આ સૂત્રથી તેનો (લોપનો) નિષેધ થતો નથી. અર્થ - કુરુ દેશમાં વિચરનાર. અહીં યાદ રાખવું કે उत्तमकारके तिष्ठति ઈત્યાદિ સ્થળે उत्तमे च कारके આ વિગ્રહમાં તત્પુરુષ કર્મધારય સમાસમાં કૃત્પ્રત્યય નિમિત્તક સપ્તમી उत्तम પદથી પરમાં ન હોવાથી તેના લોપનો આ સૂત્રથી નિષેધ થતો નથી......ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું. ॥ ૨૦ ॥

● ● ●

## मध्याऽन्ताद् गुरौ ३ / २ / २१ //

गुरु - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા मध्य અને अन्त નામથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો લોપ થતો નથી. मध्ये गुरुः અને अन्ते गुरुः આ વિગ્રહમાં 'सप्तमी० ૩-૧-૮૮' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી मध्येगुरुः અને अन्तेगुरुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વચ્ચે મોટું. છેડે મોટું. ॥૨૧॥

● ● ●

## अमूदर्ध - मस्तकात् स्वाङ्गादकामे ३ / २ / २२ //

काम - આ ઉત્તરપદને છોડીને અન્ય ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા मूर्धन् અને मस्तक નામને છોડીને અન્ય

અકારાન્ત અને વ્યઞ્જનાન્ત એવા સ્વાઙ્ગવાચક પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો લોપ થતો નથી. कण्ठे कालो यस्य આ વિગ્રહમાં 'उष्ट्रमुखादयः ૩-૧-૨૩' થી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી कण्ठेकालः આવો પ્રયોગ થાય છે. અર્થ - કંઠમાં જેના વિષ છે તે. अमूर्द्धमस्तकादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ काम ભિન્ન ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા मूर्द्धन् અને मस्तक ભિન્ન જ અકારાન્ત અને વ્યઞ્જનાન્ત સ્વાઙ્ગવાચક નામની પરમાં રહેલી સપ્તમીનો લોપ થતો નથી. તેથી मूर्द्धनि शिखा यस्य અને मस्तके शिखा यस्य આ વિગ્રહામં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીનો લોપ. 'गोश्चान्ते० ૨-૪-૯૬' થી शिखा ના आ ને હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી मूर्द्धशिखः અને मस्तकशिखः આવો પ્રયોગ થાય છે. અહીં मूर्द्धन् અને मस्तक નામથી પરમાં રહેલી સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ થતો નથી. અર્થક્રમશઃ- માથે શિખા છે જેને તે. માથે શિખા છે જેને તે. अकाम इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ काम ભિન્ન જ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા સ્વાઙ્ગવાચક અકારાન્ત અને વ્યઞ્જનાન્ત मूर्द्धन् તથા मस्तक થી ભિન્ન નામથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો લોપ થતો નથી. તેથી मुखे कामो यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી मुखकामः આવો પ્રયોગ થાય છે. અર્થ - મુખમાં કામવાલો અથવા સૌંદર્યવાલો. અહીં काम ભિન્ન ઉત્તરપદ પરમાં ન હોવાથી આ સૂત્રથી તાદૃશ સપ્તમીના લોપનો નિષેધ થતો નથી. આ સૂત્રમાં પણ 'अद्व्यञ्ज० ૩-૨-૧૮' થી બહુલાધિકાર ચાલુ હોવાથી गलरोगः गलव्रणः........ઈત્યાદિ સ્થળે આ સૂત્રથી સપ્તમીના લોપનો નિષેધ થતો નથી. ॥ ૨૨ ॥

● ● ●

## बन्धे घञि नवा ३ । २ । २३ ॥

घञ् પ્રત્યયાન્ત बन्ध નામ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અકારાન્ત અને વ્યઞ્જનાન્ત પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો વિકલ્પથી લોપ થતો નથી. हस्ते बन्धो यस्य અને चक्रे बन्धो यस्य આ વિગ્રહમાં 'उष्ट्रमुखादयः ३-१-२३' થી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી हस्तेबन्धः અને चक्रेबन्धः આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી સપ્તમીના લોપનો નિષેધ ન થાય ત્યારે 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીનો લોપ વગેરે કાર્ય થવાથી हस्तबन्धः અને चक्रबन्धः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હસ્તમાં બન્ધનવાલો. ચક્રમાં બન્ધનવાલો. घञिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ घञ् પ્રત્યયાન્ત જ बन्ध ઉત્તરપદ પરમાં હોય તો; અકારાન્ત અને વ્યઞ્જનાન્ત પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમીનો વિકલ્પથી લોપ થતો નથી. તેથી हस्ते बन्धः આ વિગ્રહમાં 'सप्तमी० ૩-૧-૮૮' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સ્યાદિ વિભક્તિનો લોપ વગેરે કાર્ય થવાથી हस्तबन्धः આવો પ્રયોગ થાય છે. અહીં अच् પ્રત્યયાન્ત बन्ध - ઉત્તરપદ પરમાં હોવાથી આ સૂત્રથી સપ્તમીના લોપનો વિકલ્પથી નિષેધ થતો નથી. અર્થ - હાથમાં બાંધનાર. સૂત્રના ઉદાહરણોથી સમજી શકાશે કે આ સૂત્ર; ઉપર જણાવ્યા મુજબ સ્વાઙ્ગવાચક અથવા તો અસ્વાઙ્ગવાચક તાદૃશ પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિના લોપનો વિકલ્પથી નિષેધ કરે છે. ॥ ૨૩ ॥

● ● ●

# कालात् तन - तर - तम - काले ३ । २ । २४ ॥

तन तर અને तम પ્રત્યય પરમાં હોય અથવા काल - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અકારાન્ત અને વ્યઞ્જનાન્ત કાલવાચક પૂર્વપદથી (નામથી) પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો વિકલ્પથી લોપ થતો નથી. पूर्वाह्णे भवः આ અર્થમાં સપ્તમ્યન્ત पूर्वाह्ण નામને 'पूर्वाह्णा० ६-३-८७' થી तनट् (तन) પ્રત્યય. 'ऐकार्थ्ये ૩-૨-૮'થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી पूर्वाह्णेतनः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સપ્તમીના લોપનો નિષેધ ન થાય ત્યારે 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીનો લોપ વગેરે કાર્ય થવાથી पूर्वाह्णतनः આવો પ્રયોગ થાય છે. અર્થ - દિવસના પૂર્વભાગમાં થનાર. द्वयोः प्रकृष्टे पूर्वाह्णे અને बहुषु प्रकृष्टे पूर्वाह्णे આ અર્થમાં સપ્તમ્યન્ત पूर्वाह्ण નામને ક્રમશઃ 'द्वयो र्विभज्ये च तरप् ७-३-६' થી तरप् અને અને 'प्रकृष्टे तमप् ७-३-५' થી तमप् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી पूर्वाह्णेतराम् અને पूर्वाह्णेतमाम् આવો પ્રયોગ થાય છે. અહીં 'किं त्याद्येऽव्य० ७-३-८' થી तर અને तम ના અન્ત્ય अ ને आम् આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સપ્તમીના લોપનો નિષેધ ન થાય ત્યારે 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીનો લોપ વગેરે કાર્યથી નિષ્પન્ન पूर्वाह्णतर અને पूर्वाह्णतम નામને ङि પ્રત્યયાદિ કાર્ય થવાથી पूर्वाह्णतरे અને पूर्वाह्णतमे આવો પ્રયોગ થાય છે. અહીં एकारान्त નામથી પરમાં तर અને तम પ્રત્યય ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ अ ને आम् આદેશ થતો નથી. અર્થક્રમશઃ-બેમાંથી સારા પૂર્વાહ્ણમાં. ઘણામાંથી સારા પૂર્વાહ્ણમાં. અહીં એ યાદ રાખવું જોઈએ કે - पूर्वाह्णेतराम् અને पूर्वाह्णेतमाम् અહીં સપ્તમીનો લોપ થયો ન

હોવાથી સપ્તમ્યર્થ તેનાથી જ પ્રતીત થતો હોવાથી पूर्वाह्णेतराम् અને पूर्वाह्णेतमाम् નામને सि પ્રત્યયાદિ કાર્ય થયું છે. પરન્તુ पूर्वाह्णतरे અને पूर्वाह्णतमे અહીં સપ્તમીનો લોપ થયો હોવાથી સપ્તમ્યર્થની પ્રતીતિ માટે पूर्वाह्णतर અને पूर्वाह्णतम નામને ङि પ્રત્યયાદિ કાર્ય થયું છે. - ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. पूर्वाह्णे च तस्मिन् काले આ વિગ્રહમાં સપ્તમ્યન્ત पूर्वाह्ण નામને काल નામની સાથે 'विशेषणं० ३-१-९६' થી કર્મધારય સમાસ. पूर्वाह्ण નામથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિના લોપની 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી पूर्वाह्णेकाले આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી તાદૃશ સપ્તમી વિભક્તિના લોપનો નિષેધ ન થાય ત્યારે 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીનો લોપ વગેરે કાર્ય થવાથી पूर्वाह्णकाले આવો પ્રયોગ થાય છે. અર્થ - દિવસના પૂર્વભાગ સ્વરૂપ કાલમાં.

कालादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तन तर અને तम પ્રત્યય પરમાં હોય અથવા काल - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અકારાન્ત અને વ્યઞ્જનાન્ત કાલવાચક જ પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો વિકલ્પથી લોપ થતો નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ द्वयोः प्रकृष्टे शुक्ले આ અર્થમાં સપ્તમ્યન્ત शुक्ल નામને અનુક્રમે तरप् અને तमप् પ્રત્યય. शुक्ल શબ્દ કાલવાચક ન હોવાથી તેનાથી પરમાં રહેલી સપ્તમીના લોપનો આ સૂત્રથી વિકલ્પથી નિષેધ ન થવાથી 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીનો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે शुक्लतरे અને शुक्लतमे આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બેમાં અધિક સફેદમાં. ઘણામાં અધિક સફેદમાં. अद्व्यञ्जनादित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तन तर અને तम પ્રત્યય પરમાં હોય તથા काल- આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા કાલવાચક આકારાન્ત જ અને વ્યઞ્જનાન્ત જ પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમીનો વિકલ્પથી લોપ થતો નથી. તેથી द्वयोः प्रकृष्टायां रात्रौ આ અર્થમાં ઉપર

જણાવ્યા મુજબ સપ્તમ્યન્ત रात्रि નામને तरप् પ્રત્યયાદિ કાર્ય થવાથી रात्रितरायाम् આવો પ્રયોગ થાય છે. અહીં ઈકારાન્ત रात्रि નામથી પરમાં રહેલી સપ્તમીના લોપનો વિકલ્પથી આ સૂત્રથી નિષેધ ન થવાથી 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીનો લોપ થાય છે. અર્થ - બેમાં શ્રેષ્ઠ રાતમાં.

યદ્યપિ સૂત્રમાં तन तर વગેરે પ્રત્યયોના ગ્રહણથી તે તે પ્રત્યયાન્ત નામના ગ્રહણનો જ પ્રસઙ્ગ છે. પરન્તુ 'संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणं न तदन्तस्य' અર્થાત્ સંજ્ઞા વિધાયક સૂત્રોમાં અને જ્યાં उत्तरपद નો અધિકાર છે (સૂ.નં. ૩-૨-૯ વગેરે) ત્યાં પ્રત્યયના ગ્રહણથી પ્રત્યયમાત્રનું જ ગ્રહણ થાય છે, પ્રત્યયાન્તનું નહીં. - આ ન્યાયથી, અહીં उत्तरपद ના અધિકારમાં तन तर અને तम પ્રત્યયનું જ ગ્રહણ થાય છે. તદન્ત નામનું નહીં.......વગેરે ભણાવનાર પાસેથી સમજી લેવું. ॥ ૨૪ ॥

● ● ●

## शय - वासि - वासेष्वकालात् ३ । २ । २५ ॥

शय वासिन् અને वास ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા કાલવાચક નામથી ભિન્ન અકારાન્ત અને વ્યઞ્જનાન્ત પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમીનો વિકલ્પથી લોપ થતો નથી. बिले शयः वने वासी અને ग्रामे वासः આ વિગ્રહમાં 'सप्तमी० ૩-૧-૮૮' થી સપ્તમ્યન્ત बिल वन અને ग्राम નામને અનુક્રમે शय वासिन् અને वास નામની સાથે તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી અનુક્રમે बिलेशयः वनेवासी અને ग्रामेवासः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સપ્તમીના લોપનો નિષેધ ન થાય ત્યારે

'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીનો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે बिलशयः वनवासी અને ग्रामवासःઆવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બિળમાં સૂનાર. વનમાં રહેનાર. ગામમાં રહેવું તે.

अकालादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शय वासिन् અને वास ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા કાલવાચક નામથી ભિન્ન જ અકારાન્ત અને વ્યઞ્જનાન્ત પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો લોપ વિકલ્પથી થતો નથી. તેથી पूर्वाह्णेशयः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી पूर्वाह्णशयः આવો પ્રયોગ થાય છે. અહીં કાલવાચક पूर्वाह्ण નામથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિના લોપનો આ સૂત્રથી વિકલ્પથી નિષેધ ન થવાથી 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમી વિભક્તિનો લોપ થયો છે. અર્થ- દિવસના પૂર્વભાગમાં ઉંઘનાર. આ સૂત્રમાં પણ બહુલાધિકાર ચાલુ હોવાથી मनसिशयः कुशेशयम् ઈત્યાદિ સ્થળે નિત્ય સપ્તમીનો લોપ થતો નથી. અને हृच्छयः चित्तशयः ઈત્યાદિ સ્થળે નિત્ય સપ્તમીનો લોપ થાય છે....... ઈત્યાદિ યાદ રાખવું.......॥૨૫॥

● ● ●

## *वर्ष - क्षर - वराऽप् - सरः-*
## *शरोरोमनसो जे ३ / २ / २६ //*

ज - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા वर्ष क्षर वर अप् सरस् शर उरस् અને मनस् પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો વિકલ્પથી લોપ થતો નથી. वर्षे जातः; क्षरे जातः ; वरे जातः ; अप्सु जातम्; सरसि जातम् ; शरे जातः; उरसि जातः અને मनसि जातः આ અર્થમાં સપ્તમ્યન્ત वर्षादि ઉપપદ છે જેનું એવા जन् ધાતુને 'सप्तम्याः ૫-૧-૧૬૯' થી ड (अ) પ્રત્યયાદિ

કાર્યથી નિષ્પન્ન જ નામની સાથે 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી અનુક્રમે वर्षेजः क्षरेजः वरेज़ः अप्सुजम् सरसिजम् शरेजः उरसिजः અને मनसिजः આવો પ્રયોગ થાય છે.વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સપ્તમી વિભક્તિના લોપનો નિષેધ ન થાય ત્યારે 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સપ્તમીનો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે वर्षजः क्षरजः वरजः अब्जम् सरोजम् शरजः उरोजः અને मनोजः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વર્ષામાં ઉત્પન્ન. જલમાં ઉત્પન્ન. સારાસ્થાનમાં ઉત્પન્ન. કમલ. કમલ. ઘાસ વિશેષ અથવા બાણમાં ઉત્પન્ન. સ્તન. કામદેવ. ॥૨૬॥

● ● ●

## द्यु - प्रावृड् - वर्षा - शरत् - कालात्
## ३ । २ । २७ ॥

ज - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા दिव् प्रावृष् वर्षा शरत् અને काल - પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો લોપ થતો નથી. પૂર્વ સૂત્રથી આ સૂત્રનો પૃથગ્ આરંભ હોવાથી वा નો અધિકાર નિવૃત્ત છે. दिवि जातः ; प्रावृषि जातः; वर्षासु जातः ; शरदि जातः અને काले जातः આ અર્થમાં સૂત્ર નં. ૩-૨-૨૬ માં જણાવ્યા મુજબ તાદૃશ जन् ધાતુને ड પ્રત્યયાદિ અને સમાસાદિ કાર્ય બાદ 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ થવાથી અનુક્રમે दिविजः प्रावृषिजः वर्षासुजः शरदिजः અને कालेजः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સ્વર્ગમાં ઉત્પન્ન. વર્ષામાં ઉત્પન્ન. વર્ષામાં ઉત્પન્ન. શરદ ઋતુમાં ઉત્પન્ન. કાળમાં ઉત્પન્ન. ॥૨૭॥

● ● ●

## अपो य - योनि - मति - चरे ३ । २ । २८ ॥

य પ્રત્યય તેમ જ योनि मति અને चर - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા अप् નામની પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો લોપ થતો નથી. अप्सु भवः આ અર્થમા 'दिगादि० ६-३-१२४' થી સપ્તમ્યન્ત अप् નામને य પ્રત્યય.'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ. 'अस्वयम्भुवोऽव् ૭-૪-૭૦' થી उ ને अव् આદેશ વગેરે કાર્ય થવાથી अप्सव्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - પાણીમાં રહેનાર અથવા ડાબું અંગ.अप्सु योनि र्यस्य અને अप्सु मति र्यस्य આ વિગ્રહમાં સપ્તમ્યન્ત अप् નામને અનુક્રમે योनि અને मति નામની સાથે 'उष्ट्रमुखादयः ૩-૧-૨૩' થી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી अप्सुयोनिः અને अप्सुमतिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- માછલા વગેરે. ધીવર વગેરે. अप्सु चरति આ અર્થમાં સપ્તમ્યન્ત अप् નામથી પરમાં રહેલા चर् ધાતુને 'चरेष्टः ૫-૧-૧૩૮' થી ट (अ) પ્રત્યયથી નિષ્પન્ન चर નામની સાથે 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સપ્તમી વિભક્તિના લોપનો નિષેધ વગેરે કાર્ય થવાથી अप्सुचरः આવો પ્રયોગ થાય છે. અર્થ - પાણીમાં વિચરનાર. ॥ ૨૮ ॥

● ● ●

## नेन् - सिद्ध - स्थे ३ । २ । २९ ॥

इन् प्रत्ययान्त; सिद्ध અને स्थ આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા પૂર્વપદથી પરમાં રહેલી સપ્તમીનો લોપ નથી થતો - એવું નથી. અર્થાત્ તે સપ્તમીનો લોપ થાય છે જ.

स्थण्डिले वर्त्तते આ અર્થમાં તેમ જ साङ्काश्ये असिध्यत् અને समे तिष्ठति આ અર્થમાં અનુક્રમે સપ્તમ્યન્ત स्थण्डिल साङ्काश्य અને सम નામને वर्त्तिन् -('व्रताभीक्ष्ण्ये ૫-૧-૧૫૭' થી णिन् (इन्) પ્રત્યય.); सिद्ध અને स्थ ('स्था-पा-स्ना-त्रः कः ૫-૧-૧૪૨' क પ્રત્યય.) નામની સાથે 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત સપ્તમીના લોપના 'तत्पुरुषे० ३-२-२०' થી પ્રાપ્ત નિષેધનો આ સૂત્રથી નિષેધ થવાથી તે સૂત્રથી (૩-૨-૮ થી) સપ્તમીનો લોપ વગેરે કાર્ય થવાથી स्थण्डिलवर्त्ती; साङ्काश्यसिद्धः અને समस्थः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નિરવદ્ય - નિર્દોષ જગ્યામાં રહેનાર. સાઙ્કાશ્ય દેશમાં સિદ્ધ. સમસ્થાન પર રહેનાર. અહીં યાદ રાખવું કે - संज्ञोत्तरपदाधिकारे..... (જુઓ સૂ.નં. ૩-૨-૨૪) આ ન્યાય અનિત્ય હોવાથી આ સૂત્રમાં इन् પ્રત્યયના ગ્રહણથી કેવલ इन् પ્રત્યયનું ગ્રહણ થતું નથી. પરન્તુ તદન્ત નામનું જ ગ્રહણ થાય છે. ॥૨૯॥

● ● ●

## षष्ठ्याः क्षेपे ३ । २ । ३० ॥

નિન્દા અર્થ ગમ્યમાન હોય તો; ઉત્તરપદ પરમાં હોય તો તેનાથી પૂર્વે રહેલા પૂર્વપદથી પરમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી. चौरस्य कुलम् આ વિગ્રહમાં ષષ્ઠ્યન્ત चौर નામને कुल નામની સાથે 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત ષષ્ઠી વિભક્તિના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી चौरस्यकुलम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ચોરનું કુલ. અહીં જે કુલ વસ્તુતઃ ચોરનું કુલ નથી, એ કુલ માટે એવો પ્રયોગ હોવાથી નિન્દા અર્થ ગમ્યમાન છે. ॥૩૦॥

● ● ●

## पुत्रे वा ३ । २ । ३१ ॥

निन्हा अर्थ गम्यमान होय तो; पुत्र शब्द उत्तरपद परमां होय तो तेनी पूर्वे रहेला पूर्वपदथी परमां रहेली षष्ठी विभक्तिनो विकल्पथी लोप थतो नथी. दास्याः पुत्रः आ विग्रहमां दासी नामने पुत्र नामनी साथे 'षष्ठ्ययत्ला० ३-१-७६' थी तत्पुरुष समास. 'ऐकार्थ्ये ३-२-८' थी प्राप्त षष्ठी विभक्तिना लोपनो आ सूत्रथी निषेध वगेरे कार्य थवाथी दास्याःपुत्रः आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी षष्ठी विभक्तिना लोपनो निषेध न थाय त्यारे 'ऐकार्थ्ये ३-२-८' थी षष्ठीनो लोप वगेरे कार्य थवाथी दासीपुत्रः आवो प्रयोग थाय छे. अर्थ - दासीनो पुत्र. अहीं दासी भिन्नना पुत्रमां प्रयोग होवाथी निन्दा गम्यमान छे. ॥३१॥

● ● ●

## पश्यद् - वाग् - दिशो हर - युक्ति - दण्डे ३ । २ । ३२ ॥

हर युक्ति अने दण्ड - आ उत्तरपद परमां होय तो अनुक्रमे तेनी पूर्वे रहेला पश्यद् वाग् अने दिश् - आ पूर्वपदथी परमां रहेली षष्ठी विभक्तिनो लोप थतो नथी. पश्यतो हरः आ विग्रहमां पश्यद् नामने हर नामनी साथे कोई पण सूत्रथी समासनी प्राप्ति न होवाथी ऐकार्थ्य ना अभावमां पण आ सूत्रथी विहित षष्ठी विभक्तिना लोपना निषेधसामर्थ्यथी 'नाम नाम्ना० ३-१-१८' थी समास. 'ऐकार्थ्ये ३-२-८' थी प्राप्त षष्ठी विभक्तिना लोपनो आ सूत्रथी निषेध वगेरे कार्य थवाथी पश्यतोहरः आवो प्रयोग थाय छे. अर्थ - जोवा छतां चोरी करनार - सोनी. वाचो युक्तिः अने

दिशो दण्डः આ વિગ્રહમાં वाच् નામને युक्ति નામની સાથે અને दिश् નામને दण्ड નામની સાથે 'षष्ठ्य० ३-१-७६' થી તત્પુરુષ સમાસ. ઉપર જણાવ્યા મુજબ ષષ્ઠી વિભક્તિના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી वाचोयुक्तिः અને दिशोदण्डः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વાણીની યુક્તિ. દિશા સમ્બન્ધી દંડ. पश्यतोहरः અહીં અનાદરમાં 'षष्ठी वा० २-२-१०८' થી ષષ્ઠી વિભક્તિ થઈ છે. ॥૩૨॥

● ● ●

## *अदसोऽकञायनणोः ३/२/३३//*

अकञ् પ્રત્યયના વિષયમાં ઉત્તરપદ પરમાં હોય તો, તેમજ आयनण् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા अदस् શબ્દથી પરમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી. अमुष्य पुत्रस्य भावः આ અર્થમાં 'चौरादेः ७-१-७३' થી अकञ् (अक) પ્રત્યયના વિષયમાં; ષષ્ઠ્યન્ત अदस् નામને पुत्र નામની સાથે 'षष्ठ्ययत्ला० ३-१-७६' થી તત્પુરુષ સમાસ બાદ 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત ષષ્ઠી વિભક્તિના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી ઉપર જણાવ્યા મુજબ अमुष्यपुत्र નામને अकञ् પ્રત્યય. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી अमुष्यपुत्र નામથી પરમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો લોપ.'वृद्धिः स्वरेष्वा० ७-४-१' થી આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન आमुष्यपुत्रक નામને સ્ત્રીલિઙ્ગમાં आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી आमुष्यपुत्रिका આવો પ્રયોગ થાય છે. અર્થ - એના પુત્રોનો સ્વભાવ. अमुष्यापत्यम् આ અર્થમાં ષષ્ઠ્યન્ત अदस् નામને 'नडादिभ्य० ६-१-५३' થી आयनण् (आयन) પ્રત્યય. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત ષષ્ઠી વિભક્તિના

લોપનો આ સૂત્રથી નિષેધ. ઉપર જણાવ્યા મુજબ આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી आमुष्यायणः આવો પ્રયોગ થાય છે. અર્થ - એનું વૃદ્ધ સન્તાન. ॥૩૩॥

● ● ●

## देवानांप्रियः ३/२/३४//

देवानांप्रियः - આ પ્રયોગમાં ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી. देवानां प्रियः આ વિગ્રહમાં ષષ્ઠ્યન્ત देव નામને प्रिय નામની સાથે 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત ષષ્ઠી વિભક્તિના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી देवानांप्रियः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઋજુ - મૂર્ખ. ॥૩૪ ॥

● ● ●

## शेप - पुच्छ - लाङ्गूलेषु नाम्नि शुनः ३/२/३५//

સંજ્ઞાના વિષયમાં शेप पुच्छ અને लाङ्गूल - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા श्वन् નામથી પરમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી. शुनः शेपमिव शेपमस्य; शुनः पुच्छमिव पुच्छमस्य અને शुनो लाङ्गूलमिव लाङ्गूलमस्य આ વિગ્રહમાં 'उष्ट्रमुखादयः ३-१-२३' થી ષષ્ઠ્યન્ત श्वन् નામને અનુક્રમે शेप पुच्छ અને लाङ्गूल નામની સાથે મધ્યમપદલોપી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી પ્રાપ્ત ષષ્ઠી વિભક્તિના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી शुनःशेपम् शुनःपुच्छम् અને

शुनोलाङ्गूलम् આવો પ્રયોગ થાય છે. અર્થ (બધાનો) - તે તે ●મની વ્યક્તિ વિશેષ. આ સૂત્રમાં लाङ्गूलेषु આ પ્રમાણે જે બહુવચનનો નિર્દેશ છે, તે सिंहस्यशेपम् सिंहस्यपुच्छम्... ઈત્યાદિ અન્ય વૈયાકરણોના ઈષ્ટ પ્રયોગની સિદ્ધિ માટે તેમજ સંજ્ઞાનો વિષય ન હોય તો પણ शुनःशेपम् ઈત્યાદિ પ્રયોગની સિદ્ધિ માટે છે... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૩૫ ॥

● ● ●

## *वाचस्पति-वास्तोष्पति-दिवस्पति - दिवोदासम् ३/२/३६//*

સંજ્ઞાના વિષયમાં वाचस्पति वास्तोष्पति दिवस्पति અને दिवोदास આ સમાસોમાં ષષ્ઠી વિભક્તિના લોપના અભાવનું નિપાતન કરાય છે. वाचः पतिः; वास्तोः पतिः; दिवः पतिः અને दिवो दासः આ વિગ્રહમાં 'षष्ठ्ययत्ला० ३-१-७६' થી યથાપ્રાપ્ત તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સર્વત્ર પ્રાપ્ત ષષ્ઠી વિભક્તિના લોપનો આ સૂત્રથી નિષેધ. પ્રથમ ત્રણ પ્રયોગમાં र् ને નિપાતનના કારણે અનુક્રમે स् ष् અને स् વગેરે કાર્ય થવાથી અનુક્રમે वचस्पतिः वास्तोष्पतिः दिवस्पतिः અને दिवोदासः આ પ્રમાણે પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દેવ વિશેષ. દેવ વિશેષ. દેવ વિશેષ. ઋષિ વિશેષ. ॥३६॥

● ● ●

## ऋतां विद्या-योनिसम्बन्धे ३/२/३७//

विद्या અથવા योनि (જન્મ-ઉત્પત્તિ) કૃત સમ્બન્ધ; જેની પ્રવૃત્તિ (પ્રયોગ)માં નિમિત્ત છે - એવા ઋકારાન્ત નામની (નામથી પરમાં રહેલી) ષષ્ઠી વિભક્તિનો; તેનાથી પરમાં વિદ્યા અથવા યોનિકૃતસમ્બન્ધ જેની પ્રવૃત્તિમાં હેતુ છે - એવું નામ ઉત્તરપદ હોય તો લોપ થતો નથી. होतुः पुत्रः (અહીં વિદ્યાકૃત સમ્બન્ધ પ્રવૃત્તિનિમિત્તક ઋકારાન્ત નામ होतृ પૂર્વપદ છે અને યોનિકૃત સમ્બન્ધ પ્રવૃત્તિનિમિત્તક નામ पुत्र ઉત્તરપદ છે.); पितुः पुत्रः (અહીં ઋકારાન્ત નામ पितृ આ પૂર્વપદ અને पुत्र ઉત્તરપદ - બંન્ને યોનિકૃત સમ્બન્ધ પ્રવૃત્તિનિમિત્તક છે.) અને पितुरन्तेवासी (અહીં ઋકારાન્ત નામ पितृ આ પૂર્વપદ યોનિકૃતસમ્બન્ધ પ્રવૃત્તિનિમિત્તક છે અને ઉત્તરપદ अन्तेवासिन् વિદ્યાકૃત સમ્બન્ધ પ્રવૃત્તિનિમિત્તક છે.) આ વિગ્રહમાં 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી યથાપ્રાપ્ત તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત ષષ્ઠી વિભક્તિના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી અનુક્રમે होतुः पुत्रः; पितुः पुत्रः અને पितुरन्तेवासी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- હોમ કરનારનો પુત્ર. પિતાનો પુત્ર. પિતાનો શિષ્ય.

ऋतामिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિદ્યા કે યોનિકૃત સમ્બન્ધ પ્રવૃત્તિનિમિત્તક ઋકારાન્ત જ નામ સ્વરૂપ પૂર્વપદ સમ્બન્ધી (તેનાથી પરમાં રહેલી) ષષ્ઠી વિભક્તિનો; તેનાથી પરમાં વિદ્યા કે યોનિકૃત સમ્બન્ધ પ્રવૃત્તિનિમિત્તક નામ - ઉત્તરપદ હોય તો લોપ થતો નથી. તેથી आचार्यस्य पुत्रः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી आचार्यपुत्रः આવો પ્રયોગ થાય છે. અહીં યોનિકૃત સમ્બન્ધ પ્રવૃત્તિનિમિત્તક पुत्र ઉત્તરપદની પૂર્વે રહેલું વિદ્યાકૃત સમ્બન્ધ પ્રવૃત્તિનિમિત્તક आचार्य આ

પૂર્વપદ ઋકારાન્ત ન હોવાથી તેની પરમાં રહેલી ષષ્ઠી વિભક્તિના લોપનો આ સૂત્રથી નિષેધ થતો નથી. જેથી તેનો (ષષ્ઠી વિભક્તિનો) 'ऐकार्थ्ये ૩-૨-૮' થી લોપ થાય છે. અર્થ - આચાર્યનો પુત્ર.

विद्यायोनिसम्बन्ध इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિદ્યા અથવા યોનિકૃતસમ્બન્ધપ્રવૃત્તિનિમિત્તક જ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ઋકારાન્ત તાદૃશ (વિદ્યા અથવા યોનિકૃત સમ્બન્ધ પ્રવૃત્તિનિમિત્તક) જ પૂર્વપદથી પરમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી. તેથી भर्तु र्गृहम् આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી भर्तृगृहम् આવો પ્રયોગ થાય છે. અહીં સ્વામીવાચક પૂર્વપદ ઋકારાન્ત હોવા છતાં તે અને ઉત્તરપદગૃહ બંન્ને વિદ્યા અથવા યોનિકૃતસમ્બન્ધપ્રવૃત્તિનિમિત્તક ન હોવાથી આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિના લોપનો નિષેધ થતો નથી. જેથી તેનો ઉપર જણાવ્યા મુજબ લોપ થાય છે. અર્થ - સ્વામીનું ઘર.

સૂત્રમાં ऋताम् આ પ્રમાણે બહુવચનનો નિર્દેશ; પૂર્વપદ અને ઉત્તરપદની સાથે વિદ્યાકૃતસમ્બન્ધપ્રવૃત્તિનિમિત્તકત્વ અને યોનિકૃતસમ્બન્ધપ્રવૃત્તિનિમિત્તકત્વનો અન્વય અનુક્રમે ન થાય - એ માટે છે. તેમજ ऋताम् આ પ્રમાણે; ऋद्भ्यः આ પ્રમાણે પઞ્ચમીના બદલે જે ષષ્ઠીનો નિર્દેશ છે, તે 'आ द्वन्द्वे ३-२-३९' આ સૂત્ર માટે છે... ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ. ॥૩૭ ॥

• • •

## स्वसृ - पत्यो र्वा ३/२/३८॥

योनि કૃત સમ્બન્ધ જેનું પ્રવૃત્તિનિમિત્ત છે - એવું स्वसृ અને पति શબ્દ સ્વરૂપ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા

વિદ્યા અથવા યોનિકૃતસમ્બન્ધપ્રવૃત્તિનિમિત્તક ઋકારાન્ત પૂર્વપદથી પરમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો વિકલ્પથી લોપ થતો નથી. होतुःस्वसा અને स्वसुःपतिः આ વિગ્રહમાં યથાપ્રાપ્ત 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી પ્રાપ્ત ષષ્ઠી વિભક્તિના લોપનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી होतुःस्वसा અને स्वसुःपतिः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિના લોપનો નિષેધ ન થાય ત્યારે તેનો 'ऐकार्थ्ये ૩-૨-૮' થી લોપ વગેરે કાર્ય થવાથી होतृस्वसा અને स्वसृपतिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- હવન કરનાર - ગોરની બેન. બનેવી.

विद्यायोनिसम्बन्ध इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યોનિકૃતસમ્બન્ધપ્રવૃત્તિનિમિત્તક स्वसृ અને पति - આ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રેહેલા વિદ્યા અથવા યોનિકૃતસમ્બન્ધ પ્રવૃત્તિનિમિત્તક જ ઋકારાન્ત પૂર્વપદથી પરમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો વિકલ્પથી લોપ થતો નથી. તેથી भर्त्तुः स्वसा અને होतुः पतिः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી भर्तृस्वसा અને होतृपतिः આવો પ્રયોગ થાય છે. અહીં भर्तृ અને पति આ પૂર્વપદ અને ઉત્તરપદ વિદ્યા અથવા યોનિકૃતસમ્બન્ધપ્રવૃત્તિનિમિત્તક ન હોવાથી આ સૂત્રથી વિકલ્પથી ષષ્ઠી વિભક્તિના લોપનો નિષેધ થતો નથી. જેથી 'ऐकार्थ्ये ૩-૨-૮' થી ષષ્ઠી વિભક્તિનો લોપ થાય છે. અર્થક્રમશઃ- સ્વામીની બેન. હવન કરનારનો સ્વામી. ॥ ૩૮ ॥

● ● ●

## *आ द्वन्द्वे ३ / २ / ३९ //*

વિદ્યા અથવા યોનિકૃતસમ્બન્ધપ્રવૃત્તિનિમિત્ત છે જેના એવા ઋકારાન્ત નામોથી આરબ્ધ દ્વન્દ્વ સમાસમાં ઉત્તરપદ પરમાં

હોય તો; તેની પૂર્વે રહેલા પૂર્વપદના અન્ત્ય ऋ ને आ આદેશ થાય છે. होता च पोता च અને माता च पिता च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१--११७' થી होतृ નામને पोतृ નામની સાથે અને मातृ નામને पितृ નામની સાથે द्वन्द्व સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી सि પ્રત્યયનો લોપ. આ સૂત્રથી પૂર્વપદ होतृ અને मातृ નામના અન્ત્ય ऋ ને आ આદેશ. औ પ્રત્યયાદિ કાર્ય થવાથી होतापोतारौ અને मातापितरौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હવન કરનાર અને છોકરાનો છોકરો. માતા અને પિતા.

ऋतामित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિદ્યા અથવા યોનિકૃતસમ્બન્ધપ્રવૃત્તિનિમિત્તક ઋકારાન્ત જ નામોથી આરબ્ધ દ્વન્દ્વ સમાસમાં ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા પૂર્વપદના અન્ત્ય ऋ ને आ આદેશ થાય છે. તેથી गुरुश्च शिष्यश्च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી गुरुशिष्यौ આવો પ્રયોગ થાય છે. અહીં વિદ્યાકૃત-સમ્બન્ધપ્રવૃત્તિનિમિત્તક गुरु અને शिष्य નામથી આરબ્ધ द्वन्द्व સમાસ; ઋકારાન્ત નામોનો ન હોવાથી પૂર્વપદના અન્ત્ય વર્ણ उ ને આ સૂત્રથી आ આદેશ થતો નથી. અર્થ - ગુરુ અને શિષ્ય.

विद्यायोनिसम्बन्ध इत्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યાં મુજબ વિદ્યા કે યોનિકૃતસમ્બન્ધપ્રવૃત્તિનિમિત્તક જ ઋકારાન્ત નામોથી થયેલા દ્વન્દ્વ સમાસમાં ઉત્તરપદ પરમાં હોય તો; તેનાથી પૂર્વે રહેલા પૂર્વપદના અન્ત્ય વર્ણ ऋ ને आ આદેશ થાય છે. તેથી कर्त्ता च कारयिता च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી कर्त्तृकारयितारौ આવો પ્રયોગ થાય છે. અહીં ઋકારાન્ત નામો વિદ્યા અથવા યોનિકૃતસમ્બન્ધપ્રવૃત્તિનિમિત્તક ન હોવાથી તદારબ્ધ દ્વન્દ્વ સમાસમાં તાદૃશ પૂર્વપદના અન્ત્ય ऋ ને આ સૂત્રથી आ આદેશ થતો નથી. અર્થ - કરનાર અને કરાવનાર.

અહીં યાદ રાખવું જોઈએ કે - વિદ્યાયોનિકૃતસમ્બન્ધ; ઋકારાન્ત નામોથી આરબ્ધ દ્વન્દ્વ સમાસમાં સમસ્યમાન પદાર્થોનો જ

હોવો જોઈએ. સમસ્યમાન પદાર્થાતિરિક્ત પદાર્થની અપેક્ષાએ નહીં. તેથી चैत्रस्य स्वसृदुहितारौ અહીં ऋ ને આ સૂત્રથી आ આદેશ થતો નથી. બેન અને દીકરીને પરસ્પર યોનિકૃતસમ્બન્ધ નથી - એ સમજી શકાય છે. સમાસારમ્ભક અન્ત્ય પદને જ उत्तर પદ કહેવાય છે. તેથી होतृपोतृनेष्टोद्गातारः અહીં ऋ ને આ સૂત્રથી आ આદેશ થતો નથી.... વગેરે અન્યત્ર અનુસન્ધેય છે. ।। ૩૯ ।।

● ● ●

## पुत्रे ३ / २ / ४० //

વિદ્યા અથવા યોનિકૃતસમ્બન્ધ જેની પ્રવૃત્તિમાં નિમિત્ત છે - એવાં નામોથી થયેલા द्वन्द्व સમાસમાં पुत्र ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ऋકારાન્ત પૂર્વપદના અન્ત્ય ऋ ને आ આદેશ થાય છે. माता च पुत्रश्च અને होता च पुत्रश्च આ વિગ્રહમાં અનુક્રમે मातृ અને होतृ નામને पुत्र નામની સાથે 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી द्वन्द्व સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી सि નો લોપ. આ સૂત્રથી ऋ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી मातापुत्रौ અને होतापुत्रौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - માતા અને પુત્ર. હવન કરનાર અને પુત્ર. ।। ૪૦ ।।

● ● ●

## वेदसहश्रुताऽवायुदेवतानाम् ३ / २ / ४१ //

વેદમાં જેનો સાથે પાઠ છે- એવા વાયુથી અન્ય જે દેવતા વાચક નામો, તેનાથી થયેલા द्वन्द्व સમાસમાં ઉત્તરપદ પરમાં

હોય તો; પૂર્વપદના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. इन्द्रश्च सोमश्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી વાયુભિન્ન વેદસહશ્રુતદેવતાવાચક इन्द्र નામને તાદૃશ દેવતાવાચક सोम નામની સાથે द्वन्द्व સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી सि નો લોપ. આ સૂત્રથી પૂર્વપદ इन्द्र ના અન્ત્ય अ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી इन्द्रासोमौ આવો પ્રયોગ થાય છે. અર્થ - ઈન્દ્ર અને ચન્દ્ર.

वेदेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વાયુભિન્ન વેદમાં જ જેનો સાથે પાઠ છે - એવા દેવતાવાચક નામોથી આરબ્ધ દ્વન્દ્વ સમાસમાં ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા પૂર્વપદના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. તેથી ब्रह्मा च प्रजापतिश्च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ દ્વન્દ્વ સમાસાદિ કાર્ય થવાથી ब्रह्मप्रजापती આવો પ્રયોગ થાય છે. અહીં વાયુભિન્ન પણ પુરાણમાં (વેદમાં નહીં) સહશ્રુત એવા દેવતાવાચક નામોથી આરબ્ધ द्वन्द्व સમાસમાં તાદૃશ પૂર્વપદ ब्रह्मन् ના અન્ત્ય વર્ણને આ સૂત્રથી आ આદેશ થતો નથી. અર્થ - બ્રહ્મા અને પ્રજાપતિ. सहेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વેદમાં સહશ્રુત જ (માત્ર ઉક્ત નહીં) વાયુભિન્ન દેવતાવાચક નામોથી આરબ્ધ द्वन्द्व સમાસમાં ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા પૂર્વપદના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. તેથી विष्णुश्च शक्रश्च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી विष्णुशक्रौ આવો પ્રયોગ થાય છે. અહીં વાયુભિન્ન તાદૃશ વેદસહશ્રુતદેવતાવાચક નામોનો द्वन्द्व સમાસ ન હોવાથી તાદૃશ પૂર્વપદના અન્ત્ય વર્ણને આ સૂત્રથી आ આદેશ થતો નથી. અર્થ - વિષ્ણુ અને ઈન્દ્ર.

श्रुतेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વાયુભિન્ન - વેદમાં જેનો સાથે પાઠ જ છે (સહોક્તાર્થવાચક નહીં) એવા દેવતાવાચક નામોના द्वन्द्व સમાસમાં ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા પૂર્વપદના અન્ત્યવર્ણને आ આદેશ થાય છે. તેથી चन्द्रश्च सूर्यश्च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ द्वन्द्वं સમાસાદિ

કાર્ય થવાથી चन्द्रसूर्यौ આવો પ્રયોગ થાય છે. અહીં વેદમાં સહશ્રુત તાદૃશ વાયુભિન્ન દેવતાવાચક सूर्य અને चन्द्रमस् નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસ નથી. પરન્તુ તદર્થવાચક નામોથી આરબ્ધ દ્વન્દ્વ સમાસ છે. તેથી આ સૂત્રથી તાદૃશ પૂર્વપદના અન્ત્ય વર્ણને सूर्याचन्द्रमसौ ની જેમ आ આદેશ થતો નથી. અન્યથા અહીં चन्द्रासूर्यौ આવો અનિષ્ટ પ્રયોગ થાત - એ સમજી શકાય છે. અર્થ - ચન્દ્ર અને સૂર્ય.

वायुवर्जनं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વેદસહશ્રુત વાયુભિન્ન જ દેવતાવાચક નામોથી આરબ્ધ દ્વન્દ્વ સમાસમાં ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા પૂર્વપદના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. તેથી वायुश्चाग्निश्च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ દ્વન્દ્વ સમાસાદિ કાર્ય થવાથી वाय्वग्नी આવો પ્રયોગ થાય છે. અહીં વેદસહશ્રુત પણ વાયુભિન્ન દેવતાવાચક નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસ ન હોવાથી આ સૂત્રથી પૂર્વપદના અન્ત્યવર્ણને आ આદેશ થતો નથી. અર્થ - વાયુ અને અગ્નિ.

देवतानामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વેદમાં જેનો સાથે પાઠ છે - એવા વાયુભિન્ન દેવતાના જ વાચક નામથી (દેવતા વાચક નામથી ભિન્ન નામથી નહીં) આરબ્ધ દ્વન્દ્વ સમાસમાં ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા પૂર્વપદના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. તેથી यूपश्च चषालश्च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ દ્વન્દ્વ સમાસાદિ કાર્ય થવાથી यूपचषालौ આવો પ્રયોગ થાય છે. અહીં તાદૃશ દેવતાવાચક નામથી આરબ્ધ દ્વન્દ્વ સમાસ ન હોવાથી આ સૂત્રથી તાદૃશ પૂર્વપદના અન્ત્ય વર્ણને आ આદેશ થતો નથી.અર્થ - લાકડાની સ્થાપના વિશેષ અને મદિરાનું પાત્ર વિશેષ. ॥૪૧ ॥

● ● ●

## ई: षोम - वरुणे ऽग्नेः ३ । २ । ४२ ॥

વેદમાં સાથે પાઠ છે જેનો એવા વાયુથી ભિન્ન દેવતાવાચક નામોથી આરબ્ધ द्वन्द्व સમાસમાં षोम અને वरुण ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા પૂર્વપદअग्नि નામના અન્ત્ય વર્ણને ई આદેશ થાય છે. સૂત્રમાં षोम આ પ્રમાણે નિર્દેશ હોવાથી ई આદેશના યોગમાં सोम નામના स् ને ष् આદેશ થાય છે. अग्निश्च सोमश्च અને अग्निश्च वरुणश्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી द्वन्द्व સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી सि નો લોપ. આ સૂત્રથી अग्नि ના इ ને ई આદેશ. તેમજ सोम નામના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अग्नीषोमौ અને अग्नीवरुणौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અગ્નિ અને ચંદ્ર. અગ્નિ અને વરુણ. देवताद्वन्द्व इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વેદમાં સહશ્રુત વાયુભિન્ન દેવતાવાચક જ નામોથી આરબ્ધ द्वन्द्व સમાસમાં षोम અને वरुण ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા પૂર્વપદ अग्नि ના અન્ત્ય વર્ણને ई આદેશ થાય છે. તેથી अग्निश्च सोमश्च આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્ય થવાથી अग्निसोमौ આવો પ્રયોગ થાય છે. અહીં अग्नि અને सोम નામ વેદમાં સહશ્રુત હોવા છતાં તે તાદૃશ દેવતાવાચક ન હોવાથી अग्नि ના इ ને આ સૂત્રથી ई આદેશાદિ કાર્ય થતું નથી. અર્થ - અગ્નિ નામનો છોકરો અને સોમ નામનો છોકરો. ॥૪૨॥

● ● ●

## इर्वृद्धिमत्यविष्णौ ३।२।४३॥

देवतावायक नामोथी आरब्ध द्वन्द्व समासमां विष्णु नामने छोडीने अन्य वृद्धिमत् (जे पदना कोई पण स्वरनी वृद्धि थई होय ते) कोई पण उत्तरपद परमां होय तो; तेनी पूर्वे रहेला पूर्वपद अग्नि नामना अन्त्य वर्णने इ आदेश थाय छे. ई अने आ आदेशनां विधाननुं आ सूत्र अपवाद छे.अग्निश्च वरुणश्च (अग्नीवरुणौ) देवते अस्याः आ अर्थमां 'चार्थे द्वन्द्वः० ३-१-११७' थी द्वन्द्व समासादि कार्यथी निष्पन्न अग्नि + वरुण आ अवस्थामां 'देवता ६-२-१०१' थी अण् (अ) प्रत्यय. 'देवतानामात्वादौ ७-४-२८' थी अग्नि अने वरुण नामना आद्यस्वर अ ने वृद्धि आ आदेश. 'अवर्णे० ७-४-६८' थी अण् प्रत्ययनी पूर्वेना अनो लोप. आ सूत्रथी वृद्धिमत् वारुण उत्तरपद परमां होवाथी अग्नि नामना अन्त्य इ ने इ आदेश. (अन्यथा सू.नं. ३-२-४२ थी ई आदेश थात.) अग्निवारुण नामने स्त्रीलिंगमां ङी प्रत्ययादि कार्य थवाथी आग्निवारुणीमनड्वाहीमालभेत.आवो प्रयोग थाय छे. अर्थ - अग्नि अने वरुण देवता सम्बन्धी गायने मारवी जोईए.

वृद्धिमतीति किम् ?= आ सूत्रथी उपर जणाव्या मुजब देवतावाचक नामोथी आरब्ध द्वन्द्व समासमां विष्णु भिन्न वृद्धिमत् ज उत्तरपद परमां होय तो; तेनी पूर्वे रहेला पूर्वपद अग्नि नामना अन्त्य वर्णने इ आदेश थाय छे. तेथी अग्निश्च वरुणश्च आ विग्रहमां सू.नं. ३-२-४२ मां जणाव्या मुजब द्वन्द्व समासादि कार्य थवाथी अग्नीवरुणौ आवो प्रयोग थाय छे. अहीं वृद्धिमद् उत्तरपद परमां न होवाथी आ सूत्रथी अग्नि नामना इ ने इ आदेश थतो नथी. अर्थ - अग्नि अने वरुण.

अविष्णाविति किम् ?= आ सूत्रथी उपर जणाव्या मुजब देवतावाचक नामोना द्वन्द्व समासमां विष्णु भिन्न ज

વૃદ્ધિમદુત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા પૂર્વપદ अग्नि નામના અન્ત્ય વર્ણને इ આદેશ થાય છે. તેથી अग्निश्च विष्णुश्च (अग्नाविष्णु) देवते अस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ द्वन्द्व સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अग्नि + विष्णु આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ अण् પ્રત્યય. अग्नि ના अ ને તેમજ विष्णु ના इ ને અનુક્રમે વૃદ્ધિ आ અને ऐ આદેશ. 'वेदसह० ૩-૨-૪૧' થી अग्नि ના इ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી आग्नावैष्णवं चरुं निर्वपेत् આવો પ્રયોગ થાય છે. અહીં વૃદ્ધિમદ્ ઉત્તરપદ विष्णु ભિન્ન ન હોવાથી આ સૂત્રથી अग्नि નામના इ ને इ આદેશ થતો નથી. અર્થ - અગ્નિ અને વિષ્ણુ દેવતા સમ્બન્ધી ચરું (હોમવા માટેનું અન્ન વિશેષ) રાંધવું જાઈએ. ॥૪૩॥

● ● ●

## *दिवो द्यावा ३।२।४४॥*

દેવતાવાચક નામોથી આરબ્ધ द्वन्द्व સમાસમાં; ઉત્તરપદ પરમાં હોય તો दिव् શબ્દને द्यावा આદેશ થાય છે. द्यौश्च भूमिश्च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ३-१-११७' થી દ્વન્દ્વ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી सि નો લોપ. दिव् ને આ સૂત્રથી द्यावा આદેશ વગેરે કાર્ય થવાથી द्यावाभूमी આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્વર્ગ અને પૃથ્વી. ॥૪૪॥

● ● ●

## दिवस् - दिवः पृथिव्यां वा ३।२।४५॥

દેવતાવાચક નામોથી આરબ્ધ द्वन्द्व સમાસમાં ઉત્તરપદ - પૃથિવી નામ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા પૂર્વપદ दिव् નામને વિકલ્પથી दिवस् અને दिवः આદેશ થાય છે. द्यौश्च पृथिवी च આ વિગ્રહમાં 'चार्थे० ३-१-११७' થી दिव् નામને पृथिवी નામની સાથે द्वन्द्व સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી सि નો લોપ. આ સૂત્રથી दिव् નામને दिवस् અને दिवः આવો આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે दिवस्पृथिव्यौ અને दिवः पृथिव्यौ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી दिव् નામને; दिवस् અથવા दिवः આવો આદેશ ન થાય ત્યારે 'दिवो द्यावा ૩-૨-૪૪' થી द्यावा આદેશ વગેરે કાર્ય થવાથી द्यावापृथिव्यौ આવો પ્રયોગ થાય છે. અહીં સૂત્રમાં 'दिवः' આ પ્રમાણે વિસર્ગાન્ત નિર્દેશ હોવાથી दिवस् આદેશ થયા બાદ તેના स् ને 'सोरुः २-१-७२' થી रु આદેશ થતો નથી. અન્યથા दिवस् આદેશના જ વિધાનથી दिवःपृथिव्यौ આ પ્રયોગ સિદ્ધ હોવાથી दिवः આદેશનું વિધાન નિરર્થક થશે - એ યાદ રાખવું. અર્થ - સ્વર્ગ અને પૃથિવી. ॥૪૫॥

● ● ●

## उषासोषसः ३।२।४६॥

દેવતા વાચક નામોથી આરબ્ધ સમાસમાં ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા उषस् નામ સ્વરૂપ પૂર્વપદને उषासा આદેશ થાય છે. उषश्च सूर्यश्च तयोः समाहारः આ વિગ્રહમાં उषस्

નામને સૂર્ય નામની સાથે 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી સમાહાર द्वन्द्व સમાસ. ऐकार्थ्ये ૩-૨-૮' થી सि નો લોપ. આ સૂત્રથી उषस् નામને उषासा આદેશ વગેરે કાર્ય થવાથી उषासासूर्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉષસ્ દેવતા અને સૂર્ય. ॥ ૪૬ ॥

● ● ●

## *मातरपितरं वा ३।२।४७॥*

માતૃ પૂર્વપદ છે જેનું અને પિતૃ ઉત્તરપદ છે જેનું એવા द्वन्द्व સમાસમાં मातृ અને पितृ નામના અન્ત્ય ऋ ને વિકલ્પથી अर આદેશનું નિપાતન કરાય છે. माता च पिता च આ વિગ્રહમાં 'चार्थे द्वन्द्वः० ૩-૧-૧૧૭' થી द्वन्द्व સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી सि નો લોપ. આ સૂત્રથી मातृ અને पितृ નામના ऋ ને अर આદેશ વગેરે કાર્ય થવાથી मातरपितरयोः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પૂર્વ અને ઉત્તરપદના તાદૃશ ऋ ને अर આદેશ ન થાય ત્યારે 'आ द्वन्द्वे ३-२-३९' થી પૂર્વપદ मातृ નામના ऋ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી मातापित्रोः આવો પ્રયોગ થાય છે. અર્થ - માતા અને પિતા. સૂત્રમાં मातरपितरम् આ પ્રમાણે; શબ્દ સ્વરૂપની અપેક્ષાએ अर આદેશની અભિવ્યક્તિ (સ્પષ્ટ પ્રતીતિ) માટે નપુંસક લિઙ્ગનો નિર્દેશ છે - એ બરાબર સમજી લેવું. ॥૪૭॥

● ● ●

## वर्चस्कादिष्ववस्करादयः ३/२/४८॥

वर्चस्क (कुत्सितं वर्चो वर्चस्कम्) વગેરે અર્થમાં; अवस्करादि ગણપાઠમાંના अवस्कर...... વગેરે સમાસમાં ઉત્તરપદની આદિમાં श् ष् અથવા स् આદેશનું નિપાતન કરાય છે. अवकीर्यते અને अपकीर्यते આ અર્થમાં અનુક્રમે अव અને अप નામને कर ('युवर्ण० ૫-૩-૨૮' થી कृ ધાતુને अल् પ્રત્યય.) નામની સાથે 'गतिक्वन्य० ૩-૧-૪૨' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી ઉત્તરપદ कर નામની પૂર્વમાં स् નો આગમ વગેરે કાર્ય થવાથી अवस्करो ऽन्नमलम् અને अपस्करो रथाङ्गम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વિષ્ટા. રથનું ચક્ર. वर्चस्क વગેરે અર્થ ન હોય તો; ઉપર જણાવ્યા મુજબ कर નામની આદિમાં આ સૂત્રથી स् નો આગમ થતો નથી. જેથી अवकरोऽन्यः અને अपकरोऽन्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વિસ્તાર. તિરસ્કાર. ॥૪૮॥

● ● ●

## परतः स्त्री पुम्वत् स्त्र्येकार्थेऽनूङ् ३/२/४९॥

વિશેષ્યના કારણે જે નામ સ્ત્રીલિઙ્ગ થયું છે - તે વિશેષણવાચક નામને; સ્ત્રીલિંગ સમાનાર્થક (તાદૃશ વિશેષ્યવાચક) ઉત્તરપદ પરમાં હોય તો; पुम्वद् ભાવ થાય છે. (અર્થાત્ તે નામને સ્ત્રીલિંગમાં વિહિત आप् વગેરે પ્રત્યયનો લોપ થાય છે.) પરન્તુ ऊङ् પ્રત્યયાન્ત તાદૃશ નામને पुम्वद् ભાવ થતો નથી. दर्शनीया भार्या यस्य આ વિગ્રહમાં 'एकार्थं चानेकञ्च ૩-૧-૨૨' થી दर्शनीया નામને भार्या નામની સાથે બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી सि નો લોપ. 'गोश्चान्ते० ૨-૪-૯૬' થી भार्या ના અન્ત્ય आ ને-હ્રસ્વ अ

આદેશ. આ સૂત્રથી दर्शनीया નામને પુંવદ્ ભાવ થવાથી आप् પ્રત્યયની નિવૃત્તિ વગેરે કાર્ય થવાથી दर्शनीयभार्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - દર્શનીય પત્નીવાળો.

परत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિશેષ્યના જ કારણે (સામાન્યથી સ્વાભાવિક રીતે નહીં) જે નામ સ્ત્રીલિઙ્ગ છે તે નામને; તેનાથી પરમાં સ્ત્રીલિંગ સમાનાર્થક ઉત્તરપદ હોય તો પુંવદભાવ થાય છે. પરન્તુ ऊङ् પ્રત્યયાન્ત તાદૃશ નામને પુંવદભાવ થતો નથી. તેથી द्रोणी भार्या यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી द्रोणीभार्यः આવો પ્રયોગ થાય છે. અહીં द्रोणी નામ परतः સ્ત્રીલિંગ નથી. પરન્તુ સ્વાભાવિક સ્ત્રીલિંગ છે; તેથી આ સૂત્રથી તેને પુંવદભાવ ન થવાથી ङी પ્રત્યયની નિવૃત્તિ થતી નથી.અર્થ - દ્રોણી નામની પત્નીવાલો.

स्त्रीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિશેષ્યાધીન સ્ત્રીલિંગ જ નામને (નામમાત્રને નહીં); તેનાથી પરમાં સ્ત્રીલિંગ સમાનાર્થક ઉત્તરપદ હોય તો પુંવૃદભાવ થાય છે. પરન્તુ ऊङ् પ્રત્યયાન્ત તાદૃશ નામને પુંવદ્ભાવ થતો નથી. તેથી खलपु दृष्टि र्यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી खलपुदृष्टिः આવો પ્રયોગ થાય છે. અહીં નપુંસક લિઙ્ગવાળા खलपु નામને આ સૂત્રથી પુંવદ્ભાવ થતો નથી. અન્યથા खलपु નામને પણ આ સૂત્રથી પુંવદ્ભાવ થાય તો 'क्लीबे ૨-૪-૯૭' થી खलपू નામના અન્ત્ય ऊ ને થયેલ -હસ્વ उ આદેશની નિવૃત્તિ થશે, જેથી खलपूदृष्टिः આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસઙ્ગ આવશે. અર્થ - ખલપુ કુલને આધીન બનીને પ્રવૃત્તિ કરનાર.

स्त्र्येकार्थ इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऊङ् પ્રત્યયાન્ત નામથી ભિન્ન વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને; તેનાથી પરમાં સ્ત્રીલિઙ્ગ જ - સમાનાર્થક જ ઉત્તરપદ હોય

તો (ઉત્તરપદ માત્ર નહીં) પુંવદ્ભાવ થાય છે. તેથી गृहिणी नेत्रे यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી गृहिणीनेत्रः આવો પ્રયોગ થાય છે. અહીં ઉત્તરપદ नेत्र; ગૃહિણી સમાનાર્થક હોવા છતાં નપુંસકલિઙ્ગવાળું હોવાથી, આ સૂત્રથી गृहिणी નામને પુંવદ્ભાવ થતો નથી. અન્યથા અહીં પણ પુંવદ્ભાવ થાય તો गृहिनेत्रः આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવશે.અર્થ - પત્નીના વિચારથી કાર્ય કરનાર. આવીજ રીતે कल्याण्या माता આ વિગ્રહમાં 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી ષષ્ઠી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી कल्याणीमाता આવો પ્રયોગ થાય છે. અહીં સ્ત્રીલિંગ ઉત્તરપદ પરમાં હોવા છતાં તે; कल्याणी સમાનાર્થક ન હોવાથી, આ સૂત્રથી कल्याणी નામને પુંવદ્ભાવ થતો નથી. અન્યથા कल्याणी નામને અહીં પણ આ સૂત્રથી પુવંદ્ભાવ થાય તો कल्याणमाता આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવશે. અર્થ - કલ્યાણીની માતા.

अनूङ् इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિશેષ્યના કારણે સ્ત્રીલિઙ્ગ ऊङ् પ્રત્યયાન્ત નામથી ભિન્ન જં નામને તેનાથી પરમાં તર્તુસમાનાર્થક સ્ત્રીલિંગ નામ ઉત્તરપદ હોય તો; પુંવદ્ભાવ થાય છે. તેથી करभोरू भार्या यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી करभोरूभार्यः આવો પ્રયોગ થાય છે. અહીં ऊङ् પ્રત્યયાન્ત (સૂ.નં.૨-૪-૭૫ થી વિહિત) करभोरू નામને આ સૂત્રથી પુંવદ્ભાવ થતો નથી. અન્યથા અહીં પણ આ સૂત્રથી પુંવદ્ભાવ થાય તો; करभोरुभार्यः આવો અનિષ્ટ પ્રયોગ થશે. અહીં યાદ રાખવું જોઈએ કે गृहिणी અને कल्याणी નામ વિશેષ્યભૂત नेत्र અને माता ના કારણે સ્ત્રીલિંગ ન હોવા છતાં સમાસથી બહિર્ભૂત તત્ તદ્ વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ છે જ. તેથી અહીં परतः નું તાત્પર્ય માત્ર विशेष्याधीनत्व માં છે. સમાસાન્તઃપાતિ જ વિશેષ્યાધીનત્વમાં નથી. ॥૪૯॥

● ● ●

## क्यङ् - मानि - पित्तद्धिते ३।२।५०॥

क्यङ् પ્રત્યય પરમાં હોય, मानिन् - આ ઉત્તરપદ પરમાં હોય અને पित् तद्धित પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા વિશેષ્યાધીન ऊङ् પ્રત્યયાન્ત નામથી ભિન્ન સ્ત્રીલિઙ્ગ નામને પુંવદ્ભાવ થાય છે. मानिन् ઉત્તરપદનું ગ્રહણ અસમાનાર્થક ઉત્તરપદ હોય તો પણ પુંવદ્ભાવનાં વિધાન માટે છે. સમાનાર્થક તાદૃશ ઉત્તરપદ પરમાં હોય તો; પૂર્વ (૩-૨-૪૯) સૂત્રથી જ પુંવદ્ભાવ સિદ્ધ છે. श्येनीवाचरति આ અર્થમાં 'क्यङ् ३-४-२६' થી श्येनी નામને क्यङ् (य) પ્રત્યય. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી सि નો લોપ. આ સૂત્રથી श्येनी નામને પુંવદ્ભાવ થવાથી 'श्येतैत० २-४-३६' થી श्येत નામને ङी પ્રત્યય અને તેના યોગમાં વિહિત न् આદેશની નિવૃત્તિ. 'दीर्घश्च्वि० ४-३-१०८' થી श्येत નામના અન્ત્ય अ ને दीर्घ आ આદેશ વગેરે કાર્ય થવાથી श्येतायते આવો પ્રયોગ થાય છે. અર્થ-શુભ્રવર્ણવાળી સ્ત્રીની જેમ આચરણ કરે છે. अयमिमाम् दर्शनीयां मन्यते આ અર્થમાં दर्शनीयाम् + मन् ધાતુને 'मन्याण्णिन् ५-१-११६' થી णिन् (इन्) પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી मन् ધાતુના ઉપાન્ત્ય अ ને वृद्धि आ આદેશ........વગેરે કાર્ય થવાથી दर्शनीया + ङस् + मानिन् + सि આ અવસ્થા થાય છે. 'कृति ३-૧-૭૭' થી તત્પુરુષ સમાસ.'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી दर्शनीया નામને પુંવદ્ભાવ થવાથી आप् પ્રત્યયની નિવૃત્તિ.....વગેરે કાર્ય થવાથી दर्शनीयमानी अयमस्याः આવો પ્રયોગ થાય છે. અર્થ - આ સ્ત્રીને આ દર્શનીય માને છે. दर्शनीयामात्मानं मन्यते આ અર્થની વિવક્ષામાં નિષ્પન્ન दर्शनीयमानिनी આ પ્રયોગમાં તો दर्शनीया નામને પુંવદ્ભાવ પૂર્વ સૂત્રથી (૩-૨-૪૯ થી) જ સિદ્ધ છે - એ અધ્યાપક પાસેથી સમજી લેવું. अजायै हितम् આ અર્થમાં अजा નામને 'तस्मै हिते ७-१-३५' ની સહાયથી 'अव्यजात् थ्यप् ७-

૧-૩૮'થી ध्यप् (ध्य) પ્રત્યય.'ऐकार्थ्ये ३-२-८' થી ચતુર્થીનો લોપ. આ સૂત્રથી पित्-ध्यप् પ્રત્યયની પૂર્વેના अजा નામને પુંવદ્ ભાવ થવાથી आप् પ્રત્યયની નિવૃત્તિ વગેરે કાર્ય થવાથી अजध्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ - બકરી માટે હિતકર સંઘ. || ૫૦ ||

● ● ●

## *जातिश्च णि - तद्धितय - स्वरे ३।२।५१॥*

વિશેષ્યાધીન ऊङ् પ્રત્યયાન્ત નામથી ભિન્ન સ્ત્રીલિઙ્ગ નામને તેમજ जाति વાચક સ્ત્રીલિઙ્ગ નામને; णि પ્રત્યય અથવા य् કે स्वर જેની આદિમાં છે - એવા यादि કે स्वरादि તદ્ધિત પ્રત્યયના વિષયમાં (તાદૃશ પ્રત્યય કરવાનો હોય તો) પુંવદ્ભાવ થાય છે. पट्वीमाचष्टे આ અર્થમાં पट्वी નામને (દ્વિતીયાન્ત पट्वी નામને) 'णिज्बहुलं० ३-४-४२' થી णिच् પ્રત્યય કરવાના પ્રસઙ્ગે આ સૂત્રથી पट्वी નામને પુંવદ્ભાવ થવાથી ङी પ્રત્યયની નિવૃત્તિ. 'ऐकार्थ्ये ३-२-८' થી अम् નો લોપ. 'नामिनो० ४-३-५१' થી पटु નામના અન્ત્ય उ ને વૃદ્ધિ औ આદેશ. 'त्र्यन्त्यस्वरादेः ७-४-४३' થી औ નો લોપ થવાથી નિષ્પન્ન पटि ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી पटयति આવો પ્રયોગ થાય છે. અર્થ - પટ્વી - આ પ્રમાણે કહે છે. एन्यां साधुः આ અર્થમાં 'तत्र साधौ ७-१-१५' થી य પ્રત્યય કરવાનો હોવાથી एनी નામને આ સૂત્રથી પુંવદ્ભાવ થવાથી ङी પ્રત્યયાદિની નિવૃત્તિ થવાથી નિષ્પન્ન एत + ङि + य આ અવસ્થામાં 'ऐकार्थ्ये ३-२-८' થી ङि નો લોપ. 'अवर्णे० ७-४-६८' થી एत ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી एत्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - શુભ્રવર્ણવાળી સ્ત્રીમાં સારી પ્રવૃત્તિવાળો. भवत्या इदम् આ અર્થમાં

'भवतोरिक० ६-३-३०' थी स्वરादि तद्धित इकण् प्रत्यय करवाना प्रसंगे आ सूत्रथी भवती नामने पुंवद्भाव थवाथी ङी नी निवृत्ति. भवत् + ङस् + इकण् (इक) आ अवस्थामां ઉપર જણાવ્યા મુજબ ङस् नो लोप. 'वृद्धिः स्वरे० ७-४-१' थी भवत् ना आद्यस्वर अ ने वृद्धि आ आदेश. 'ऋवर्णो० ७-४-७१' थी इकण् प्रत्ययना इ नो लोप वगेरे कार्य थवाथी भावत्कः आवो प्रयोग थाय छे. अर्थ- आप स्त्रीनुं आ. पटयति एत्यः अने भावत्कः आ त्रण उदाहरणो अनुक्रमे णि प्रत्यय; यादि तद्धित प्रत्यय अने स्वरादि तद्धित प्रत्ययना विषयमां विशेष्याधीन स्त्रीलिंग नामना छे. जातिवाचक स्त्रीलिंग नामने पुंवद्भावना उदाहरणो नीचे जणाव्या मुजबना छे.

दरदोऽपत्यं स्त्री आ अर्थमां 'पुरुमगध० ६-१-११६' थी दरद् नामने अण् प्रत्यय. तेनो 'द्रेरञ्० ६-१-१२३' थी लोप थवाथी दरद् आ प्रमाणे स्त्रीलिङ्ग, जाति वाचक नाम बने छे. तेने दरदि साधुः आ अर्थमां 'तत्र साधौ ७-१-१५' थी यादि तद्धित प्रत्यय करवाना प्रसंगे आ सूत्रथी पुंवद्भाव थवाथी अण् प्रत्ययना लोपनी निवृत्ति अर्थाद् अण् प्रत्ययनुं पुनरागमन.दरद् + अण् (अ) + ङि + य आ अवस्थामां 'वृद्धिः स्वरेष्वा० ७-४-१' थी दरद् ना आद्य स्वर अ ने वृद्धि आ आदेश. 'ऐकार्थ्ये ३-२-८' थी ङि नो लोप. 'अवर्णे० ७-४-६८' थी य नी पूर्वेना अ नो लोप वगेरे कार्य थवाथी दारद्यःआवो प्रयोग थाय छे. अर्थ - दरत् राजाना स्त्री सन्तानमां सारा भाववालो.गार्ग्यायण्याः कुत्सितमपत्यम् आ अर्थमां 'वृद्धस्त्रियाः० ६-१-८७' थी जातिवाचक गार्ग्यायणी नामने स्वरादि तद्धित प्रत्यय ण (अ) करवाना विषयमां गार्ग्यायणी नामने आ सूत्रथी पुंवद्भाव थवाथी गार्ग्य नामने 'यञो डायन् च वा २-४-६७' थी विहित ङी प्रत्यय अने तेना योगमां थयेल डायन् आदेशनी निवृत्ति. तेथी निष्पन्न गार्ग्य + ङस् + ण (अ) आ अवस्थामां 'ऐकार्थ्ये ३-२-८' थी ङस् नो लोप. 'अवर्णे० ७-४-६८'

થી ण ની પૂર્વેના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી गार्ग्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાર્ગ્યાયણીનું ખરાબ સન્તાન.

तद्धितेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિશેષ્યાધીન - ऊङ् પ્રત્યયાન્ત નામને છોડીને અન્ય સ્ત્રીલિઙ્ગ નામને તેમજ જાતિવાચક સ્ત્રીલિઙ્ગ નામને णि પ્રત્યય અને यादि કે સ્વરાદિ તદ્ધિત જ પ્રત્યયના વિષયમાં પુંવદ્ભાવ થાય છે. તેથી हस्तिनीमिच्छति આ અર્થમાં हस्तिनी નામને 'अमाव्यया० ३-४-२३' થી क्यन् (य) પ્રત્યય કરવાના વિષયમાં તે પ્રત્યય તદ્ધિતનો ન હોવાથી हस्तिनी નામને આ સૂત્રથી પુંવદ્ભાવ ન થવાથી हस्तिनी +अम् + य આ અવસ્થામાં 'ऐकार्थ्ये ३-२-८' થી अम् નો લોપ. हस्तिनीय ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી हस्तिनीयति આવો પ્રયોગ થાય છે. અન્યથા यादि પ્રત્યયમાત્રના વિષયમાં આ સૂત્રથી પુંવદ્ભાવ થાય તો અહીં हस्तीयति આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસઙ્ગ આવશે. અર્થ - હાથણીને ઈચ્છે છે. આવી જ રીતે સ્ત્રીલિઙ્ગ (પરતઃ સ્ત્રીલિઙ્ગ) हस्तिनी નામને સ્યાદિ સ્વરાદિ जस् (अस्) પ્રત્યય કરવાના વિષયમાં આ સૂત્રથી हस्तिनी નામને પુંવદ્ભાવ ન થવાથી हस्तिनी + जस् આ અવસ્થામાં हस्तिन्यः આવો પ્રયોગ થાય છે. અન્યથા સ્વરાદિ પ્રત્યયમાત્રના વિષયમાં આ સૂત્રથી પુંવદ્ભાવ થાય તો અહીં हस्तिनः આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવશે. અર્થ - હાથણીઓ.

અહીં યાદ રાખવું જોઈએ કે તાદૃશ પરતઃ સ્ત્રીલિઙ્ગ નામને તેમ જ જાતિવાચક સ્ત્રીલિંગ નામને णि પ્રત્યય અને यादि કે સ્વરાદિ તદ્ધિત પ્રત્યયના વિષયમાં પુંવદ્ભાવ થાય છે. તે પ્રત્યય પરમાં હોય તો જ પુંવદ્ભાવનું આ સૂત્રથી વિધાન નથી. તેથી पट्व्या भावः આ અર્થમાં 'य्वृवर्णाल्लघ्वदेः ७-१-६९' થી વિહિત સ્વરાદિ તદ્ધિત પ્રત્યય अण् ની ઉત્પતિ પૂર્વે જ पट्वी નામને પુંવદ્ભાવ થવાથી पटु નામ લઘ્વાદિ મળવાથી अण् પ્રત્યયાદિ કાર્ય અહીં થઈ શકવાથી पाटवम् આવો પ્રયોગ થાય છે. અન્યથા તાદૃશ

પ્રત્યય પરમાં હોતે છતે જ આ સૂત્રથી પુંવદ્ભાવનું વિધાન થાય તો अण् પ્રત્યયાદિ કાર્ય થઈ શકશે નહીં - એ ભણાવનાર પાસેથી સમજી લેવું. ॥૫૧॥

• • •

## *एयेऽग्नायी ३।२।५२॥*

एय પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા अग्नायी નામને જ પુંવદ્ભાવ થાય છે. अग्नाय्या अपत्यम् આ અર્થમાં 'कल्यग्नेरेयण् ६-१-१७' થી अग्नायी નામને एयण् પ્રત્યય. 'पूतक्रतु० २-४-६०' થી વિહિત ङी પ્રત્યયની તેમજ તેના યોગે થયેલ ऐ આદેશની આ સૂત્રથી अग्नायी નામને પુંવદ્ભાવ થવાથી નિવૃત્તિ. अग्नि + ङस् + एयण् (एय) આ અવસ્થામાં 'ऐकार्थ्ये ३-२-८' થી ङस् નો લોપ. 'वृद्धिः स्वरे० ७-४-१' થી अग्नि નામના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી अग्नि નામના અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી आग्नेयः આવો પ્રયોગ થાય છે. અર્થ - અગ્નાયીનું અપત્ય.

पूर्वेण सिद्धे................આશય એ છે કે अग्नायी નામને एयण् પ્રત્યયના વિષયમાં યદ્યપિ 'जातिश्च० ३-२-५१' થી પુંવદ્ભાવ સિદ્ધ છે. તો પણ આ સૂત્રનો (૩-૨-૫૨) આરંભ 'सिद्धे सत्यारम्भो नियमार्थः' આ ન્યાયથી નિયમ માટે છે. આ સૂત્રથી વિહિત નિયમ એ છે કે - एय પ્રત્યયના વિષયમાં પુંવદ્ભાવ થાય તો अग्नायी નામને જ થાય. આ નિયમથી સૂત્ર નં. ૩-૨-૫૧ માં; પૂર્વે જણાવ્યા મુજબ एय પ્રત્યયાતિરિક્તત્વેન સ્વરાદિ તદ્ધિત પ્રત્યયના વિષયમાં અર્થનો સઙ્કોચ થાય છે. તેથી श्येन्या अपत्यम् આ અર્થમાં श्येनी નામને 'ङ्याप्त्यूङः ६-१-७०' થી વિહિત एयण्

પ્રત્યયના વિષયમાં 'जातिश्च० ३-२-५१' થી પુંવદ્ભાવ થતો નથી. જેથી श्येनी + ङस् + एयण् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ ङस् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી श्यैनेयः આવો પ્રયોગ થાય છે. અન્યથા અહીં પુંવદ્ભાવ થયો હોત તો श्यैतेयः આવો અનિષ્ટ પ્રયોગ થયો હોત. અર્થ - શ્વેતવર્ણવાળી સ્ત્રીનું સંતાન. ।।૫૨।।

● ● ●

## नाऽप् - प्रियाऽऽदौ ३।२।५३।।

अप् પ્રત્યયાન્ત સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ નામ ઉત્તરપદ પરમાં હોય અથવા प्रियादि ગણપાઠમાંના प्रिया मनोज्ञा વગેરે નામ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને પુંવદ્ભાવ થતો નથી. कल्याणी पञ्चमी यासु આ વિગ્રહમાં 'एकार्थं चानेकञ्च ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ.

'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિનો લોપ. कल्याणीपञ्चमी નામને 'पूरणीभ्यः० ७-३-१३०' થી अप् (अ) સમાસાન્ત પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય ઈનો લોપ. 'परतः० ३-२-४९' થી પ્રાપ્ત कल्याणी નામને પુંવદ્ભાવનો આ સૂત્રથી નિષેધ.'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી कल्याणीपञ्चमा रात्रयः આવો પ્રયોગ થાય છે. અર્થ-કલ્યાણ કરનારી પાંચમી રાત છે જેમાં એવી રાત્રિઓ.

कल्याणी प्रिया यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી कल्याणी નામને પુંવદ્ભાવનો નિષેધ. 'गोश्चान्ते० २-४-९६' થી प्रिया નામના અન્ત્ય आ ને -હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી कल्याणीप्रियः આવો પ્રયોગ થાય છે. અર્થ - કલ્યાણ કરનારી પત્નીવાળો.

अप्रियादाविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાનાર્થક अप् પ્રત્યયાન્ત સ્ત્રીલિઙ્ગ નામ અથવા प्रियादि ગણપાઠમાંના प्रिया વગેરે નામ - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને પુંવદ્ભાવ થતો નથી. તેથી कल्याणी पञ्चमी यस्मिन् આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન कल्याणीपञ्चमी નામને 'ऋन्नित्यदितः ૭-૩-૧૭૧' થી સમાસાન્ત कच् પ્રત્યયાદિ કાર્ય થવાથી कल्याणपञ्चमीक નામ બને છે. અહીં अप् પ્રત્યયાન્ત સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ નામ ઉત્તરપદ પરમાં ન હોવાથી તેમ જ તાદૃશ प्रिया વગેરે નામ ઉત્તરપદ પરમાં ન હોવાથી આ સૂત્રથી कल्याणी નામને પુંવદ્ભાવનો નિષેધ થતો નથી. જેથી 'परतः० ३-२-४९' થી कल्याणी નામને પુંવદ્ભાવ વગેરે કાર્ય થવાથી कल्याणपञ्चमीकः पक्षः આવો પ્રયોગ થાય છે. અર્થ - કલ્યાણ કરનારી પાંચમી રાત છે જેમાં એવો પક્ષ. અહીં સમાસાન્ત अप् પ્રત્યય; પૂરણ પ્રત્યયાન્ત સ્ત્રીલિઙ્ગ નામ જેનું ઉત્તરપદ છે એવા બહુવ્રીહિ સમાસથી વિહિત વિવક્ષિત છે - એ યાદ રાખવું. ॥૫૩॥

● ● ●

## तद्धिताऽककोपान्त्य - पूरण्याख्याः ३।२।५४॥

તદ્ધિત પ્રત્યય સમ્બન્ધી અથવા अक પ્રત્યય સમ્બન્ધી क् ઉપાન્ત્ય છે જેમાં એવા વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને તેમજ પૂરણ પ્રત્યયાન્ત વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને અને સંજ્ઞા (કોઈનું નામ) સ્વરૂપ વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને પુંવદ્ભાવ થતો નથી. मद्रिका भार्याऽस्य અને कारिका भार्या यस्य આ વિગ્રહમાં 'एकार्थं चानेकञ्च ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'परतः०३-२-४९' થી પ્રાપ્ત मद्रिका અને

कारिका નામને પુંવદ્ભાવનો આ સૂત્રથી નિષેધ. 'गोश्चान्ते० ૨-૪-૯૬' થી भार्या ના અન્ત્ય आ ને -હસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી कारिकाभार्यः અને मद्रिकाभार्यः આવો પ્રયોગ થાય છે. અહીં मद्र નામને 'वृजि - मद्राद्० ૬-૩-૩૮' થી क પ્રત્યયાદિ કાર્યથી *નિષ્પન્ન मद्रिका નામ; તદ્ધિત પ્રત્યય સમ્બન્ધી क् ઉપાન્ત્યવાળું છે.* અને 'णक - तृचौ ૫-૧-૪૮' થી कृ ધાતુને વિહિત णक (अक) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कारिका નામ કૃત્પ્રત્યય अक સમ્બન્ધી क् ઉપાન્ત્યવાળું છે. અર્થક્રમશઃ- મદ્રદેશમાં રહેનારી પત્નીવાળો. કરનારી પત્નીવાળો. पञ्चमी भार्या यस्य અને दत्ता भार्या यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્ય. પૂરણ પ્રત્યયાન્ત पञ्चमी નામને અને સંજ્ઞા સ્વરૂપ दत्ता નામને 'परतः० ૩-૨-૪૯' થી પ્રાપ્ત પુંવદ્ ભાવનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી पञ्चमीभार्यः અને दत्ताभार्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પાંચમી પત્નીવાલો. દત્તા નામની પત્નીવાલો.

तद्धिताकेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તદ્ધિત પ્રત્યય સમ્બન્ધી જ क् અથવા अक પ્રત્યય સમ્બન્ધી क् ઉપાન્ત્ય છે જેમાં એવા વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને તેમ જ પૂરણપ્રત્યયાન્ત અને સંજ્ઞાસ્વરૂપ તાદૃશ સ્ત્રીલિંગ નામને પુંવદ્ભાવ થતો નથી. તેથી पाका भार्या यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી पाकभार्यः આવો પ્રયોગ થાય છે. અહીં पच् ધાતુને 'भावाऽकर्त्रोः ૫-૩-૧૮' થી घञ् (अ) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન पाक નામને 'अभ्रादिभ्यः ૭-૨-૪૬' થી મત્વર્થીય अ પ્રત્યયાદિ કાર્ય થવાથી पाकोऽस्ति यस्याः આ અર્થમાં નિષ્પન્ન पाका નામમાં તદ્ધિત પ્રત્યય સમ્બન્ધી ઉપાન્ત્ય क् નથી. તેથી पाका નામને આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ ન થવાથી 'परतः० ૩-૨-૪૯' થી પુંવદ્ભાવ થયો છે. અર્થ - રાંધનારી પત્નીવાલો. ॥૫૪॥

● ● ●

रक्त અને विकार અર્થમાં વિહિત તદ્ધિત પ્રત્યયથી ભિન્ન એવો-સ્વરની વૃદ્ધિ થવામાં કારણભૂત જે તદ્ધિત પ્રત્યય - તે તદ્ધિત પ્રત્યયાન્ત વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને પુંવદ્ભાવ થતો નથી. माथुरी भार्या यस्य આ વિગ્રહમાં 'एकार्थं चानेकञ्च ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી सि નો લોપ. माथुरी નામને 'परतः०३-२-४९' થી પ્રાપ્ત પુંવદ્ભાવનો આ સૂત્રથી નિષેધ. 'गोश्चान्ते० २-४-९६' થી भार्या નામના અન્ત્ય आ ને -હ્સ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી माथुरीभार्यः આવો પ્રયોગ થાય છે. અહીં मथुरायां भवा આ અર્થમાં मथुरा નામને 'भवे ६-३-१२३' થી अण् પ્રત્યય.'वृद्धिः स्व० ७-४-१' થી मथुरा નામના આદ્ય સ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી અન્ત્ય आ નો લોપ. 'अणञेये० २-४-२०' થી माथुर નામને ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી माथुरी નામ બને છે. અહીં रक्त અને विकार અર્થથી ભિન્ન भव અર્થમાં વિહિત તદ્ધિત પ્રત્યય अण् સ્વરની વૃદ્ધિનું કારણ છે - એ સમજી શકાય છે. અર્થ - મથુરામાં રહેનારી પત્નીવાલો.

स्वरेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ रक्त અને विकार અર્થથી ભિન્ન અર્થમાં વિહિત - સ્વરની જ વૃદ્ધિના કારણ (માત્ર વૃદ્ધિનું કારણ નહીં) - ભૂત તદ્ધિત પ્રત્યયાન્ત વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને પુંવદ્ભાવ થતો નથી. તેથી वैयाकरणीभार्या यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી वैयाकरणभार्यः આવો પ્રયોગ થાય છે.અહીં व्याकरणं वेत्त्यधीते वा આ અર્થમાં व्याकरण નામને 'तद्वेत्त्यधीते ६-२-११७' થી अण् પ્રત્યય. તેની પૂર્વે ના અન્ત્ય अ નો 'अवर्णे० ७-४-६८' થી લોપ. 'य्वः पदान्तात्० ७-४-५' થી व्याकरण નામના य् ની પૂર્વે ऐ નો આગમ જે વૃદ્ધિ સ્વરૂપ છે,

પરન્તુ તે સ્વરના સ્થાને થયેલો ન હોવાથી અહીં अण् પ્રત્યય; ऐ સ્વરૂપ વૃદ્ધિનો હેતુ હોવા છતાં સ્વરની વૃદ્ધિનું કારણ નથી. તેથી ઉપર જણાવ્યા મુજબ ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન वैयाकरणी નામને આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ ન થવાથી 'परतः० ३-२-४९' થી પુંવદ્ભાવ થાય છે. અર્થ - વ્યાકરણ ભણનારી પત્નીવાલો.

वृद्धिहेतुरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ रक्त અને विकार અર્થથી ભિન્ન અર્થમાં વિહિત સ્વરની વૃદ્ધિના જ કારણભૂત તદ્ધિત પ્રત્યયાન્ત વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને પુંવદ્ભાવ થતો નથી. તેથી अद्‌र्धप्रस्था भार्या यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસ વગેરે કાર્ય થવાથી अद्‌र्धप्रस्थभार्यः આવો પ્રયોગ થાય છે. અહીં अद्‌र्धप्रस्थे भवा આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ अण् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન अद्‌र्धप्रस्था નામમાં વૃદ્ધિનો 'अद्‌र्धत् परिमाण० ७-४-२०' થી વિકલ્પે નિષેધ થાય છે. તેથી અહીં સ્વરની વૃદ્ધિનો કારણભૂત તદ્ધિત પ્રત્યય ન હોવાથી તદન્ત अद्‌र्धप्रस्थ નામને 'अजादेः २-४-१६' થી વિહિત आप् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન अदर्धप्रस्था નામને આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ થતો નથી. તેથી 'परतः० ३-२-४९' થી પુંવદ્ભાવ થાય છે. અર્થ - અદ્ધ પ્રસ્થમાં રહેનારી પત્નીવાલો.

अरक्त-विकार इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ रक्त અને विकार અર્થને છોડીને જ અન્ય અર્થમાં વિહિત - સ્વરવૃદ્ધિહેતુભૂત તદ્ધિત પ્રત્યયાન્ત વિશેષ્યાધીન સ્ત્રીલિંગ નામને પુંવદ્ભાવનો નિષેધ થાય છે. તેથી काषायी बृहतिका यस्य અને लौही ईषा यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી काषायबृहतिकः અને लौहेषः આવો પ્રયોગ થાય છે. અહીં कषायेन रक्ता આ અર્થમાં 'रागाट्टो रक्ते ६-२-१' થી कषाय નામને अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી माथुरी ની જેમ काषायी

નામ બને છે. તેમ જ लोहस्य विकारः આ અર્થમાં लोह નામને 'विकारे ६-२-३०' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી लौही નામ ઉપર જણાવ્યા મુજબ બને છે. અહીં रक्त અને विकार અર્થમાં વિહિત તાદૃશ સ્વરવૃદ્ધિહેતુભૂત अण् પ્રત્યયાન્ત વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને આ સૂત્રથી પુંવદ્ભાવ નો નિષેધ થતો નથી. જેથી 'परतः० ३-२-४९' થી काषायी અને लौही નામને પુંવદ્ભાવ થાય છે.અર્થક્રમશઃ- લાલ રંગથી રંગાએલા તંબૂવાળો. લોઢાથી બનાવેલ દાંડાવાળું હળ. ॥૫૫॥

• • •

### *स्वाङ्गान्ङीर्जातिश्चाऽमानिनि ३।२।५६॥*

मानिन् નામ ઉત્તરપદ પરમાં ન હોય તો; स्वाङ्ग વાચક નામથી વિહિત ङी પ્રત્યયાન્ત વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને તેમજ जाति વાચક વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને પુંવદ્ભાવ થતો નથી. दीर्घकेशी भार्या यस्य; कठी भार्या यस्य અને शूद्रा भार्या यस्य આ વિગ્રહમાં 'एकार्थं चाऽनेकञ्च ३-१-२२' થી भार्या નામની સાથે અનુક્રમે સ્વાઙ્ગવાચક दीर्घकेश નામને 'असहनञ्० २-४-३८' થી વિહિત ङी પ્રત્યયાન્ત दीर्घकेशी નામને .તેમ જ जाति વાચક कठी (ङी પ્રત્યયાન્ત) અને शूद्रा (आप् પ્રત્યયાન્ત) નામને બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી सि નો લોપ. આ સૂત્રથી दीर्घकेशी कठी અને शूद्रा નામને પુંવદ્ભાવનો ('परतः स्त्री० ३-२-४९' થી પ્રાપ્ત) નિષેધ. 'गोश्चान्ते० २-४-९६' થી સમાસના અન્ત્ય आ ને -હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે दीर्घकेशीभार्यः कठीभार्यः અને शूद्राभार्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- લાંબાવાળવાલી પત્નીવાળો. કઠ ઋષિએ ઉપદેશેલી વેદની શાખાને

ભણનારી પત્નીવાળો. શૂદ્ર જાતિની પત્નીવાળો. કઠ નામને 'जातेरया० २-४-५४' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી कठी નામ બને છે.

स्वाङ्गादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાતિવાચક તથા સ્વાઙ્ગવાચક જ નામથી વિહિત ङी પ્રત્યયાન્ત વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને તેનાથી પરમાં मानिन् ઉત્તરપદ ન હોય તો પુંવદ્ભાવ થતો નથી. તેથી पट्वी भार्या यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી पटुभार्यः આવો પ્રયોગ થાય છે. અહીં ગુણવાચક (સ્વાઙ્ગ વાચક નહીં) पटु નામને 'स्वरादुतो० २-४-३५' થી વિહિત ङी પ્રત્યયાન્ત पट्वी નામને આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ ન થવાથી 'परतः० ३-२-४९' થી પુંવદ્ભાવ થાય છે. અર્થ - નિપુણ પત્નીવાલો.

अमानिनीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ मानिन् ઉત્તરપદ પરમાં ન હોય તો જ સ્વાઙ્ગ વાચક નામથી વિહિત ङी પ્રત્યયાન્ત તથા જાતિવાચક તાદૃશ સ્ત્રીલિઙ્ગ નામને પુંવદ્ભાવ થતો નથી. તેથી दीर्घकेशीमन्यां मन्यते આ અર્થમાં તાદૃશ (કર્મવાચકનામોપપદક) मन् ધાતુને 'मन्याण्णिन् ५-१-११६' થી णिन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન मानिन् નામને સ્ત્રીલિઙ્ગમાં 'स्त्रियां नृतो० २-४-१' થી ङी પ્રત્યય. दीर्घकेश्या मानिनी આ વિગ્રહમાં 'कृति ३-१-७७' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી दीर्घकेशी નામને પુંવદ્ભાવનો નિષેધ ન થવાથી 'क्यङ् मानि० ३-२-५०' થી પુંવદ્ભાવ વગેરે કાર્ય થવાથી दीर्घकेशमानिनी આવો પ્રયોગ થાય છે. અહીં मानिन् ઉત્તરપદ પરમાં હોવાથી તાદૃશ સ્વાઙ્ગવાચક નામથી વિહિત ङी પ્રત્યયાન્ત પણ તાદૃશ સ્ત્રીલિઙ્ગ નામને આ સૂત્રથી પુંવદ્ભાવ નો નિષેધ થતો નથી. અર્થ - બીજી સ્ત્રીને લામ્બાવાળવાલી માનનારી. ||૫૬||

● ● ●

## पुम्वत् कर्मधारये ३।२।५७॥

ऊङ् પ્રત્યયાન્ત નામને છોડીને અન્ય વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને; તેનાથી પરમાં સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ નામ ઉત્તરપદ હોય તો, कर्मधारय સમાસમાં પુંવદ્ભાવ થાય છે. આ સૂત્રથી વિહિત પુંવદ્ભાવ સ્થળે 'परतः स्त्री० ३-२-४९' થી પુંવદ્ભાવ સિદ્ધ જ હતો. પરન્તુ તે સૂત્રથી (३-२-४९ થી) પ્રાપ્ત પુંવદ્ભાવનો 'नाप् - प्रियादौ ३-२-५३' .........ઈત્યાદિ સૂત્રથી જે નિષેધ થાય છે - તેનો कर्मधारय સમાસમાં; બાધ કરીને ફરીથી પુંવદ્ભાવ ના વિધાન માટે આ સૂત્રનો આરંભ છે. कल्याणी चासौ प्रिया; मद्रिका चासौ भार्या; माथुरी चासौ वृन्दारिका અને चन्द्रमुखी चासौ वृन्दारिका આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી યથાપ્રાપ્ત कर्मधारय સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી 'સર્વત્ર વિગ્રહવાકયસ્થ સિ નો લોપ. कल्याणी નામને 'नाप् ० ३-२-५३ ' થી નિષિદ્ધ; मद्रिका નામને 'तद्धिताऽक० ३-२-५४' થી નિષિદ્ધ; माथुरी નામને 'तद्धितः० ३-२-५५' થી નિષિદ્ધ; તેમ જ चन्द्रमुखी નામને स्वाङ्गान्ङीर्जाति० ३-२-५६' થી નિષિદ્ધ પુંવદ્ભાવ નો કર્મધારય સમાસમાં આ સૂત્રથી બાધ થવાથી પુંવદ્ભાવ. જેથી ङी પ્રત્યયાદિની નિવૃત્તિ વગેરે કાર્ય થવાથી कल्याणप्रिया; मद्रकभार्या; माथुरवृन्दारिका અને चन्द्रमुखवृन्दारिका આવો પ્રયોગ થાય છે, અર્થક્રમશઃ- કલ્યાણ કરનારી પ્રિયા. મદ્રપ્રદેશમાં રહેનારી પત્ની. મથુરામાં રેહનાર સમુદાય. ચન્દ્રમા જેવું છે મુખ જેનું તે સમુદાય.

अनूङित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऊङ् પ્રત્યયાન્ત નામથી ભિન્ન જ વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને તેનાથી પરમાં; સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ ઉત્તરપદ હોય તો कर्मधारय સમાસમાં પુંવદ્ભાવ થાય છે. તેથી ब्रह्मबन्धूश्चासौ वृन्दारिका આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ कर्मधारय समासादि कार्यથવાથી ब्रह्मबन्धूवृन्दारिका આવો પ્રયોગ થાય છે. અહીં ऊङ् પ્રત્યયાન્ત

ब्रह्मबन्धू નામને આ સૂત્રથી પુંવદ્ભાવ થતો નથી. અન્યથા ब्रह्मबन्धुवृन्दारिका આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસઙ્ગ આવત. અર્થ - બ્રહ્મબન્ધૂ જાતિનો સ્ત્રી સમુદાય. ॥ ૫૭ ॥

● ● ●

## रिति ३।२।५८॥

ऊङ् પ્રત્યયાન્ત નામથી ભિન્ન વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને; તેનાથી પરમાં रित् પ્રત્યય હોય તો પુંવદ્ભાવ થાય છે. पट्वी प्रकारोऽस्याः આ અર્થમાં पट्वी નામને 'प्रकारे० ૭-૨-૭૫' થી जातीयर् (जातीय) પ્રત્યય. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી सि નો લોપ. આ સૂત્રથી पट्वी નામને પુંવદ્ભાવ થવાથી ङी પ્રત્યયની નિવૃત્તિ વગેરે કાર્ય થવાથી पटुजातीया આવો પ્રયોગ થાય છે. અર્થ - નિપુણ સ્ત્રી જેની વિશેષતા છે - એવી સ્ત્રી જાતિ. ईषदपरिसमाप्ता कठी આ અર્થમાં कठीं નામને 'अतमबादे० ૭-૩-૧૧' થી देशीयर्(देशीय) પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ सि નો લોપ. આ સૂત્રથી कठी નામને પુંવદ્ભાવ વગેરે કાર્ય થવાથી कठदेशीया આવો પ્રયોગ થાય છે. અર્થ - કઠ ઋષિએ ઉપદેશેલી વેદની શાખાને ભણનારી જેવી. ॥૫૮॥

● ● ●

## त्व ते गुणः ३।२।५९॥

ऊङ् પ્રત્યયાન્ત નામને છોડીને અન્ય વિશેષ્યાધીન ગુણવાચક સ્ત્રીલિઙ્ગ નામને તેનાથી પરમાં त्व અને त (तल्) પ્રત્યય હોય તો પુંવદ્ભાવ થાય છે.पट्व्या भावः આ અર્થમાં ગુણવાચક સ્ત્રીલિઙ્ગ पट्वी નામને 'भावे त्व-तल् ૭-૧-૫૫' થી त्व् અને तल्

(त) પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી ङस् પ્રત્યયનો લોપ. આ સૂત્રથી पट्वी નામને પુંવદ્ભાવ થવાથી ङी પ્રત્યયાદિની નિવૃત્તિ વગેરે કાર્ય થવાથી पटुत्वम् અને पटुता આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - નિપુણ સ્ત્રીનો સ્વભાવ.

गुण इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऊङ् પ્રત્યયાન્ત નામને છોડીને અન્ય વિશેષ્યાધીન ગુણવાચક જ સ્ત્રીલિઙ્ગ નામને; તેનાથી પરમાં त्व અને तल् પ્રત્યય હોય તો પુંવદ્ભાવ થાય છે. તેથી कठ्या भावः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ कठी નામને त्व પ્રત્યયાદિ કાર્ય થવાથી कठीत्वम् આવો પ્રયોગ થાય છે. અહીં જાતિવાચક कठी નામને આ સૂત્રથી પુંવદ્ભાવ થતો નથી. અર્થ - કઠ ઋષિ પ્રોક્ત વેદની શાખાને ભણનારીનો ભાવ-સ્વભાવ ||૫૯||

● ● ●

## च्वौ क्वचित् ३।२।६०॥

ऊङ् પ્રત્યયાન્ત નામને છોડીને અન્ય વિશેષ્યાધીન સ્ત્રીલિંગ નામને; તેનાથી પરમાં च्वि (०) પ્રત્યય હોય તો ક્વચિત્ (ક્યારે ક્યારે) પુંવદ્ભાવ થાય છે.अमहती महती भूता આ અર્થમાં महती નામને 'कृभ्वस्ति० ७-२-१२६' થી च्वि (०) પ્રત્યય. આ સૂત્રથી महती નામને પુંવદ્ભાવ વગેરે કાર્ય થવાથી महद्भूता कन्या આવો પ્રયોગ થાય છે. અર્થ - પૂજ્ય થયેલી કન્યા. क्वचिद् इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऊङ् પ્રત્યયાન્ત નામને છોડીને અન્ય વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને તેનાથી પરમાં च्वि પ્રત્યય હોય તો ક્વચિત્ જ પુંવદ્ભાવ થાય છે. તેથી अगोमती गोमती भूता આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ गोमती નામને च्वि પ્રત્યય વગેરે કાર્ય થવાથી गोमतीभूता આવો પ્રયોગ થાય છે. અહીં

ગેમતી નામને આ સૂત્રથી પુંવદ્ભાવ થતો નથી. અર્થ - ગાય વિનાની, ગાયવાળી થઈ. ॥ ૬૦ ॥

● ● ●

**सर्वादयोऽस्यादौ ३।२।६१॥**

સ્યાદિ પ્રત્યય પરમાં ન હોય તો; વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ સર્વાદિ ગણપાઠ પઠિત નામને પુંવદ્ભાવ થાય છે. सर्वासां स्त्रियः અને भवत्याः पुत्रः આ વિગ્રહમાં યથાપ્રાપ્ત 'षष्ठ्ययत्ना० ૩-૧-૭૬' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સ્યાદિનો લોપ. આ સૂત્રથી सर्वा અને भवती નામને પુંવદ્ભાવ થવાથી आप् અને ङी પ્રત્યયની નિવૃત્તિ વગેરે કાર્ય થવાથી सर्वस्त्रियः અને भवत्पुत्रः આવો પ્રયોગ થાય છે. અર્થ - બધી (સ્ત્રીઓ) સમ્બન્ધી સ્ત્રીઓ. આપ (સ્ત્રી) નો પુત્ર.

अस्यादाविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા *મુજબ સ્યાદિ પ્રત્યય પરમાં ન હોય તો જ વિશેષ્યાધીન - સ્ત્રીલિઙ્ગ* સર્વાદિ ગણપાઠ પઠિત નામને પુંવદ્ભાવ થાય છે. તેથી सर्वा + ङे આ અવસ્થામાં આ સૂત્રથી सर्वा નામને તેની પરમાં સ્યાદિ વિભક્તિ હોવાથી પુંવદ્ભાવ થતો નથી. જેથી सर्वस्यै (૧-૪-૧૮ જુઓ) આવો પ્રયોગ થાય છે. અન્યથા सर्वस्मै આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસઙ્ગ આવત. અર્થ - સર્વસ્ત્રી માટે. ॥૬૧॥

● ● ●

**मृगक्षीराऽऽदिषु ३।२।६२॥**

मृगक्षीरादि ગણપાઠમાંના मृगक्षीर વગેરે સમાસમાં; વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ નામને તેનાથી પરમાં ઉત્તરપદ હોય તો

વિકલ્પથી પુંવદ્ભાવ થાય છે. मृग्याः क्षीरम् અને काक्याः शावः આ વિગ્રહમાં 'षष्ठ्ययत्ना० ३-१-७६' ની યથાપ્રાપ્ત તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિનો લોપ. આ સૂત્રથી मृगी અને काकी નામને પુંવદ્ભાવ થવાથી ङी પ્રત્યયાદિની નિવૃત્તિ થવાથી અનુક્રમે मृगक्षीरम् અને काकशावः આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી પુંવદ્ભાવ ન થાય ત્યારે मृगीक्षीरम् અને काकीशावः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - મૃગલીનું દુધ. કાગડીનું બચ્ચું. ॥६२॥

• • •

## *ऋदुदित् तर - तम - रूप - कल्प - ब्रुव - चेलड् - गोत्र - मत - हते वा -ह्रस्वश्च ३/२/६३॥*

ऋ અને उ જેમાં ઈત્ છે - એવા ऋदित् અને उदित् પ્રત્યયાન્ત વિશેષ્યાધીન - સ્ત્રીલિઙ્ગ નામને; તેનાથી પરમાં; तर तम रूप અને कल्प પ્રત્યય હોય અથવા સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ ब्रुव चेल गोत्र मत અને हत ઉત્તરપદ હોય તો વિકલ્પથી પુંવદ્ભાવ અને અન્ત્યવર્ણને (ऋदित् અને ઉદિત્ તાદૃશ સ્ત્રીલિઙ્ગ નામના અન્ત્યવર્ણને) -હ્રસ્વ આદેશ થાય છે. द्वयोः प्रकृष्टा पचन्ती; द्वयोः प्रकृष्टा श्रेयसी; बह्वीषु प्रकृष्टा पचन्ती અને बह्वीषु प्रकृष्टा श्रेयसी આ અર્થમાં ક્રમશઃ ऋदित् शतृ પ્રત્યયાન્ત पचन्ती નામને અને उदित् ईयसु પ્રત્યયાન્ત श्रेयसी નામને 'द्वयोर्विभ० ७-३-६' થી तरप् (तर) પ્રત્યય અને 'प्रकृष्टे तमप् ७-३-५' થી तमप् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી सि નો લોપ. આ સૂત્રથી पचन्ती અને श्रेयसी નામને પુંવદ્ભાવ થવાથી અનુક્રમે पचत्तर श्रेयस्तर અને पचत्तम श्रेयस्तम નામ બને છે. આ સૂત્રથી पचन्ती અને श्रेयसी નામને જ્યારે પુંવદ્ભાવ ન થતા તેના અન્ત્યવર્ણને -હ્રસ્વ इ આદેશ થાય છે ત્યારે

पचन्तितर श्रेयसितर અને पचन्तितम श्रेयसितम નામ બને છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી पचन्ती અને श्रेयसी નામને પુંવદ્ભાવ અથવા તેના અન્ત્ય ई ને હ્રસ્વ इ આદેશ ન થાય ત્યારે पचन्तीतर श्रेयसीतर અને पचन्तीतम श्रेयसीतम નામ બને છે. તે બધા નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે पचत्तरा पचन्तितरा पचन्तीतरा; श्रेयस्तरा श्रेयसितरा श्रेयसीतरा અને पचत्तमा पचन्तितमा पचन्तीतमा; श्रेयस्तमा श्रेयसितमा श्रेयसीतमा આવો પ્રયાગ થાય છે. અર્થક્રમશઃ- બેમાં સારી રાંધનારી. બેમાં શ્રેષ્ઠ સ્ત્રી. ઘણી સ્ત્રીઓમાં સારી રાંધનારી. ઘણીમાં શ્રેષ્ઠ સ્ત્રી.

प्रशस्ता पचन्ती અને प्रशस्ता विदुषी આ અર્થમાં ऋदित् शतृ પ્રત્યયાન્ત पचन्ती નામને; उदित् क्वसु પ્રત્યયાન્ત विदुषी નામને 'त्यादेश्च प्रशस्ते० ७-३-१०' થી रूपप् (रूप) પ્રત્યય. તેમ જ ईषदपरिसमाप्ता पचन्ती અને ईषदपरिसमाप्ता विदुषी આ અર્થમાં તાદૃશ पचन्ती અને विदुषी નામને 'अतमबादेरी० ७-३-११' થી कल्पप् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી सि નો લોપ. આ સૂત્રથી पचन्ती અને विदुषी નામને પુંવદ્ભાવ થવાથી पचद्रूप विद्वद्रूप તેમ જ पचत्कल्प અને विद्वत्कल्प નામ બને છે. पचन्ती અને विदुषी નામને આ સૂત્રથી પુંવદ્ભાવ ન થતાં તેના અન્ત્ય ई ને इ આદેશ થવાથી पचन्तिरूप विदुषिरूप તેમજ पचन्तिकल्प અને विदुषिकल्प નામ બને છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી पचन्ती અને विदुषी નામને પુંવદ્ભાવ કે તેના અન્ત્યવર્ણને इ આદેશ ન થાય ત્યારે पाचन्तीरूप विदुषीरूप તેમજ पचन्तीकल्प અને विदुषीकल्प નામ બને છે. તેને ઉપર જણાવ્યા મુજબ आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી पचद्रूपा पचन्तिरूपा पचन्तीरूपा; विद्वद्रूपा विदुषिरूपा विंदुषीरूपा તેમજ पचत्कल्पा पचन्तिकल्पा पचन्तीकल्पा; અને विद्वत्कल्पा विदुषिकल्पा विदुषीकल्पा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પ્રશંસા યોગ્ય રાંધનારી. પ્રશંસાયોગ્ય વિદુષી. રાંધનારી જેવી. વિદુષી જેવી.

पचन्ती चासौ ब्रुवा, श्रेयसी चासौ ब्रुवा; पचन्ती चासौ

चेली, श्रेयसी चासौ चेली; पचन्ती चासौ गोत्रा, श्रेयसी चासौ गोत्रा; पचन्ती चासौ मता, श्रेयसी चासौ मता; અને પचन्ती चासौ हता, श्रेयसी चासौ हता આ વિગ્રહમાં पचन्ती અને श्रेयसी નામને અનુક્રમે कुत्सार्थक ब्रुवा चेली गोत्रा मता અને हता નામની સાથે 'निन्द्यं कुत्सनै० ३-१-१००' थी તત્પુરુષ - કર્મધારય સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' थी सि નો લોપ. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऋदित् शतृ પ્રત્યયાન્ત पचन्ती નામને અને उदित् ईयसु પ્રત્યયાન્ત श्रेयसी નામને પુંવદ્ભાવ. પુંવદ્ભાવ ન થાય ત્યારે તેના અન્ત્ય ई ને -હ્રસ્વ इ આદેશ. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પુંવદ્ભાવ અથવા -હ્રસ્વ इ આદેશ ન થાય ત્યારે નિષ્પન્ન पचद्ब्रुवा पचन्तिब्रुवाઅને पचन्तीब्रुवा.....વગેરે નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે

१ १ १ २ २ २
पचद्ब्रुवा पचन्तिब्रुवा पचन्तीब्रुवा,श्रेयोब्रुवा श्रेयसिब्रुवा श्रेयसीब्रुवा;
३ ३ ३ ४ ४ ४
पचच्चेली पचन्तिचेली पचन्तीचेली, श्रेयश्चेली श्रेयसिचेली श्रेयसीचेली;
५ ५ ५ ६ ६ ६
पचद्गोत्रा पचन्तिगोत्रा पचन्तीगोत्रा, श्रेयोगोत्रा श्रेयसिगोत्रा श्रेयसीगोत्रा;
७ ७ ७ ८ ८ ८
पचन्मता पचन्तिमता पचन्तीमता, श्रेयोमता श्रेयसिमता श्रेयसीमता અને
९ ९ १०
पचद्धता (જુઓ સૂ. નં. १-३-३) पचन्तिहता पचन्तीहता, श्रेयोहता
१० १०
श्रेयसिहता श्रेयसीहता આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- (१-३-५-७-९) ખરાબ રાંધનારી. (२-४-६-८-१०) ખરાબ (નિન્દિત) શ્રેયસી (શ્રેષ્ઠ સ્ત્રી). ।।६३।।

● ● ●

## ङ्यः ३।२।६४॥

વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ ङी પ્રત્યયાન્ત નામના અન્ત્ય સ્વરને; તેનાથી પરમાં तर तम रूप અને कल्प પ્રત્યય હોય અથવા સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ ब्रुव चेलट् गोत्र मत અને हत ઉત્તરપદ હોય તો -હ્રસ્વ આદેશ થાય છે. द्वयोः प्रकृष्टा गौरी; बह्वीषु प्रकृष्टा गौरी; प्रशस्ता नर्त्तकी અને ईषदपरिसमाप्ता कुमारी આ અર્થમાં અનુક્રમે સૂ.નં. ३-२-६३માં જણાવ્યા મુજબ गौरी નામને तर અને तम પ્રત્યય. नर्त्तकी નામને रूपप् અને कुमारी નામને कल्पप् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી सि નો લોપ. આ સૂત્રથી ङी પ્રત્યયાન્ત તાદૃશ સ્ત્રીલિઙ્ગ गौरी नर्त्तकी અને कुमारी નામના અન્ત્ય ई ને -હ્રસ્વ इ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે गौरितरा गौरितमा नर्त्तकिरूपा અને कुमारिकल्पा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બેમાં અધિક ગોરી. ઘણી સ્ત્રીઓમાં અધિક ગોરી. સારી નાચનારી. કુમારી જેવી.

ब्राह्मणी चासौ ब्रुवा; गार्गी चासौ चेली; ब्राह्मणी चासौ गोत्रा; गार्गी चासौ मता અને गौरी चासौ हता આ વિગ્રહમાં 'निन्द्यं कुत्सनै० ३-१-१००''થી યથાપ્રાપ્ત कर्मधारय સમાસ. આ સૂત્રથી ङी પ્રત્યયાન્ત તાદૃશ સ્ત્રીલિઙ્ગ ब्राह्मणी गार्गी અને गौरी નામના અન્ત્ય ई ને -હ્રસ્વ इ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે ब्राह्मणिब्रुवा; गार्गिचेली; ब्राह्मणिगोत्रा; गार्गिमताઅને गौरिहता આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ-નિન્દિત બ્રાહ્મણી. નિન્દિત ગાર્ગી. નિન્દિત બ્રાહ્મણી. નિન્દિત ગાર્ગી. નિન્દિત ગોરી. ॥६४॥

● ● ●

## भोगवद् गौरिमतो र्नाम्नि ३।२।६५॥

સંજ્ઞાના વાચક - સ્ત્રીલિઙ્ગ ङी પ્રત્યયાન્ત भोगवती અને गौरिमती નામના અન્ત્ય સ્વરને; તેનાથી પરમાં तर तम रूप

અને कल्प પ્રત્યય હોય, અથવા ब्रुव चेलट् गोत्र मत અને हत - આ સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ નામ ઉત્તરપદ હોય તો -હ્રસ્વ આદેશ થાય છે. भोगवती અને गौरिमती - આ બંન્ને કોઈની સંજ્ઞાઓ છે. द्वयोः प्रकृष्टा भोगवती; बह्वीषु प्रकृष्टा गौरिमती; प्रशस्ता भोगवती અને ईषदपरिसमाप्ता गौरिमती આ અર્થમાં અનુક્રમે સૂ.નં. ३-२-६३ માં જણાવ્યા મુજબ भोगवती गौरिमती भोगवती અને गौरिमती નામને तरप् तमप् रूपप् અને कल्पप् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી सि નો લોપ. આ સૂત્રથી भोगवती અને गौरिमती નામના અન્ત્ય ई ને -હ્રસ્વ इ આદેશ......... વગેરે કાર્ય થવાથી भोगवतितरा गौरिमतितमा भोगवतिरूपा અને गौरिमतिकल्पा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બેમાં સારી ભોગવતી. ઘણી સ્ત્રીઓમાં સારી ગૌરિમતી. પ્રશંસા યોગ્ય ભોગવતી. ગૌરિમતી જેવી.

भोगवती चासौ बुवा; गौरिमती चासौ चेली; भोगवती चासौ गोत्रा; गौरिमति चासौ मता અને भोगवती चासौ हता આ વિગ્રહમાં 'निन्द्यं कुत्सनै० ३-१-१००' થી भोगवती અને गौरिमती નામને ब्रुवा चेली વગેરે નામની સાથે યથાપ્રાપ્ત कर्मधारय સમાસ. આ સૂત્રથી भोगवती અને गौरिमती નામના અન્ત્ય ई ને -હ્રસ્વ इ આદેશ વગેરે કાર્ય થવાથી भोगवतिब्रुवा; गौरिमतिचेली; भोगवतिगोत्रा; गौरमतिमता અને भोगवतिहता આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નિન્દિત ભોગવતી. નિન્દિતગૌરિમતી. નિન્દિત ભોગવતી. નિન્દિત ગૌરિમતી. નિન્દિત ભોગવતી.

नाम्नीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાવાચક જ સ્ત્રીલિઙ્ગ ङी પ્રત્યયાન્ત भोगवती અને गौरिमती નામના અન્ત્ય સ્વરને; તેનાથી પરમાં तर तम रूप અને कल्प પ્રત્યય હોય અથવા સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ ब्रुव चेल गोत्र मत અને हत નામ - ઉત્તરપદ હોય તો -હ્રસ્વ આદેશ થાય છે. તેથી द्वयोः प्रकृष्टा भोगवती આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ भोगवती નામને तरप् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન भोगवतीतर નામમાં भोगवती નામ

સંજ્ઞાવાચક ન હોવાથી 'ऋदुदित्० ३-२-६३' થી भोगवती નામને પુંવદ્ભાવ........વગેરે કાર્ય તે સૂત્રમાં જણાવ્યા મુજબ થવાથી भोगवत्तरा भोगवतितरा અને भोगवतीतरा આવો- પ્રયોગ થાય છે. અન્યથા भोगवतितरा અવો એક જ પ્રયોગ અહીં થાત- એ સમજી શકાય છે. અર્થ - બેમાં સારા ભોગવાલી. गौरिमती અહીં 'ङ्यापो० ૨-૪-૯૯' થી गौरी નામના ई ને -હસ્વ આદેશ થયો છે. ||૬૫||

● ● ●

## नवैकस्वराणाम् ३/२/६६//

ङी પ્રત્યયાન્ત એકસ્વરવાળા સ્ત્રીલિઙ્ગ નામના અન્ત્યસ્વરને; તેની પરમાં तरप् तमप् रूपप् અને कल्पप् પ્રત્યય હોય અથવા સ્ત્રીલિઙ્ગ સમાનાર્થક ब्रुव चेलट् गोत्र मत અને हत નામ - ઉત્તરપદ હોય તો વિકલ્પથી -હસ્વ આદેશ થાય છે. द्वयोः प्रकृष्टा स्त्री અને बह्वीषु प्रकृष्टा ज्ञी આ અર્થમાં स्त्री અને ज्ञी નામને ક્રમશઃ- तरप् અને तमप् પ્રત્યય. (જુઓ સૂ. નં. ३-२-६६) આ સૂત્રથી स्त्री અને ज्ञी નામના અન્ત્ય સ્વરને -હસ્વ इ આદેશ વગેરે કાર્ય થવાથી स्त्रितरा અને ज्ञितमा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી -હસ્વ इ આદેશ ન થાય ત્યારે स्त्रीतरा અને ज्ञीतमा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બેમાં સારી સ્ત્રી. ઘણી સ્ત્રીઓમાં સારી જાણનારી. ज्ञी चासौ ब्रुवा આ વિગ્રહમાં 'निन्द्यं कुत्सनै० ३-१-१००' થી ज्ञी નામને ब्रुवा નામની સાથે કર્મધારય સમાસ. આ સૂત્રથી ज्ञी નામના અન્ત્ય ई ને -હસ્વ इ આદેશ........વગેરે કાર્ય થવાથી ज्ञिब्रुवा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इ આદેશ ન થાય ત્યારે ज्ञीब्रुवा આવો પ્રયોગ થાય છે. અર્થ -- નિન્દિત જાણનારી સ્ત્રી

एकस्वराणामिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા

મુજબ એકસ્વરી જ સ્ત્રીલિઙ્ગ ङी પ્રત્યયાન્ત નામના અન્ત્ય સ્વરને; તેનાથી પરમાં तरप् વગેરે પ્રત્યય અથવા સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ બ્રુવ વગેરે નામ - ઉત્તરપદ હોય તો વિકલ્પથી -હ્રસ્વ આદેશ થાય છે. તેથી द्वयोः प्रकृष्टा कुटी આ અર્થમાં कुटी નામને तरप् પ્રત્યયાદિ કાર્ય થવાથી कुटीतरा આવો પ્રયોગ થાય છે. અહીં વિકલ્પથી આ સૂત્રથી અનેકસ્વરી તાદૃશ कुटी નામના અન્ત્ય ई ને इ આદેશ થતો નથી. તેમજ તે નામ વિશેષ્યાધીન સ્ત્રીલિઙ્ગ ન હોવાથી 'ङ्यः ३-२-६४' થી પણ -હ્રસ્વ इ આદેશ થતો નથી. અર્થ-બેમાં સારી ઝુંપડી. ||૬૬||

• • •

## ऊङः ३/२/६७//

ऊङ् પ્રત્યયાન્ત નામના અન્ત્ય સ્વરને; તેનાથી પરમાં तरप् तमप् रूपप् અને कल्पप् પ્રત્યય હોય અથવા સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ ब्रुव चेलट् गोत्र मत અને हत નામ ઉત્તરપદ હોય તો વિકલ્પથી -હ્રસ્વ આદેશ થાય છે. द्वयोः प्रकृष्टा ब्रह्मबन्धूः આ અર્થમાં ऊङ् પ્રત્યયાન્ત સ્ત્રીલિઙ્ગ ब्रह्मबन्धू નામને 'द्वयोर्विभ० ७-३-६' થી तरप् પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન ब्रह्मबन्धू + तरप् આ અવસ્થામાં આ સૂત્રથી ऊ ને -હ્રસ્વ उ આદેશ વગેરે કાર્ય થવાથી ब्रह्मबन्धुतरा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી -હ્રસ્વ उ આદેશ ન થવાથી ब्रह्मबन्धूतरा આવો પ્રયોગ થાય છે. અર્થ - બેમાં સારી બ્રહ્મબન્ધૂરા જાતિની સ્ત્રી. कद्रूश्चासौ ब्रुवा આ વિગ્રહમાં ऊङ् પ્રત્યયાન્ત कद्रू નામને ब्रुवा નામની સાથે 'निन्द्यं कुत्सनै० ३-१-१००' થી કર્મધારય સમાસ. આ સૂત્રથી कद्रू નામના અન્ત્ય ऊ ને -હ્રસ્વ उ આદેશ......વગેરે કાર્ય થવાથી कद्रुब्रुवा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી -હ્રસ્વ उ આદેશ ન થાય

ત્યારે કદ્રૂબુવા આવો પ્રયોગ થાય છે. અર્થ - નિન્દિત કદ્રૂ નામની માતા. ||૬૭||

● ● ●

### *महतः कर - घास - विशिष्टे डाः ३/२/६८||*

कर घास અને विशिष्ट - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અન્ત્ય વર્ણને डा (आ) આદેશ વિકલ્પથી થાય છે. महतां करः महतां घासः અને महतां विशिष्टः આ વિગ્રહમાં महत् નામને અનુક્રમે. कर घास અને विशिष्ट નામની સાથે 'षष्ठ्ययत्ना० ૩-૧-૭૬' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી महत् નામના અન્ત્ય त् ને डा આદેશ. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી महत् નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી महाकरः महाघासः અને महाविशिष्टः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ डा આદેશ વગેરે કાર્ય ન થાય ત્યારે महत्करः महद्घासः અને महद्विशिष्टः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મોટાઓનો હાથ. મોટાઓનું ખાવું. મોટાઓનો વિશિષ્ટ. અહીં યાદ રાખવું જોઈએ કે સમાનાર્થક ઉત્તરપદની પરમાં સૂ નં. ૩-૨-૭૦ થી નિત્ય डा નું વિધાન છે. આ સૂત્રથી અસમાનાર્થક करादिઉત્તરપદની પરમાં વિકલ્પે डा આદેશનું વિધાન છે. डा ના સ્થાને आ આદેશના વિધાનથી પણ महाकरः વગેરે પ્રયોગો સિદ્ધ હોવા છતાં; સૂ.નં. ૩-૨-૬૯ માં महत्याः करः ઈત્યાદિ વિગ્રહમાં महाकरः વગેરે પ્રયોગોની સિદ્ધિ માટે डा આદેશનું વિધાન છે - ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું. ||૬૮||

● ● ●

## स्त्रियाम् ३।२।६९॥

कर घास અને विशिष्ट ઉત્તરપદ પરમાં હોય તો; તેનાથી પૂર્વે રહેલા સ્ત્રીલિઙ્ગ महत् નામના અન્ત્ય વર્ણને डा (आ) આદેશ થાય છે. 'नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्' આ ન્યાયના બળે પૂર્વ સૂત્રથી જ સ્ત્રીલિઙ્ગ महत् નામના અન્ત્ય વર્ણને डा આદેશ સિદ્ધ હતો. પરન્તુ તે સૂત્રથી વિકલ્પે डा આદેશનું વિધાન હોવાથી નિત્ય વિધાન માટે આ સૂત્રનો આરંભ છે. महत्याः करः महत्या घासः અને महत्या विशिष्टः આ વિગ્રહમાં महती નામને અનુક્રમે कर घास અને विशिष्ट નામની સાથે 'षष्ठ्ययत्ला० ३-१-७६' થી તત્પુરુષ સમાસાદિ કાર્ય. આ સૂત્રથી महती નામના અન્ત્ય ई ને डा આદેશ. 'डित्यन्त्य० २-१-११४' થી महत् નામના अत् નો લોપ વગેરે કાર્ય થવાથી महाकरः महाघासः અને महाविशिष्टः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પૂજ્ય સ્ત્રીનો હાથ. પૂજ્ય સ્ત્રીનું ખાવું. પૂજ્ય સ્ત્રીનો વિશિષ્ટ. ॥६९॥

● ● ●

## जातियैकार्थेऽच्वेः ३।२।७०॥

जातीयर् પ્રત્યય પરમાં હોય અથવા સમાનાર્થક ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા-च्वि પ્રત્યયાન્ત ભિન્ન महत् નામના અન્ત્ય વર્ણને डा આદેશ થાય છે. महान् प्रकारोऽस्य આ અર્થમાં महत् નામને 'प्रकारे जातीयर् ७-२-७५' થી जातीयर् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી सि નો લોપ. આ સૂત્રથી महत् ના त् ને डा આદેશ. 'डित्यन्त्य० २-१-११४' થી महत् ના અન્ત્ય अ નો લોપ.... વગેરે કાર્ય થવાથી महाजातीयः આવો પ્રયોગ થાય છે. અર્થ - મહાન્

એક વિશેષ છે જેનો તે. महांश्चासौ वीरः આ વિગ્રહમાં 'सन्महत्परमो० ३-१-१०७' થી कर्मधारय समास.'ऐकार्थ्ये ३-२-८' થી सि નો લોપ. આ સૂત્રથી महत् નામના અન્ત્ય त् ને डा (आ) આદેશાદિ કાર્ય થવાથી महावीरः આવો પ્રયોગ થાય છે. અર્થ - મહાવીર.

जातीयैकार्थ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ जातीयर् પ્રત્યય અથવા સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ ઉત્તરપદ પરમાં હોય તો જ; તેની પૂર્વે રહેલા અચ્વ્યન્ત (च्वि પ્રત્યયાન્ત ભિન્ન) महत् નામના અન્ત્ય વર્ણને डा આદેશ થાય છે. તેથી द्वयोः प्रकृष्टो महान् આ અર્થમાં महत् નામને 'द्वयोर्विभज्ये० ७-३-६' થી तरप् પ્રત્યયાદિ કાર્ય થવાથી महत्तरः આવો પ્રયોગ થાય છે. અહીં जातीयर् પ્રત્યય અથવા તો સમાનાર્થક ઉત્તરપદ પરમાં ન હોવાથી महत् નામના અન્ત્ય વર્ણને આ સૂત્રથી डा આદેશાદિ કાર્ય થયું નથી. અન્યથા महातरः આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવત. અર્થ- બેમાં પ્રકૃષ્ટ મહાન.

अच्वेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ जातीयर् પ્રત્યય અથવા સમાનાર્થક સ્ત્રીલિઙ્ગ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા च्व्यन्त ભિન્ન જ महत् નામના અન્ત્યવર્ણને डा આદેશ થાય છે. अमहती महती भूता कन्या આ અર્થમાં महती નામને 'कृभ्वस्ति० ७-२-१२६' થી च्वि (०) પ્રત્યય. અને भू ધાતુનો અનુપ્રયોગ. 'ऊर्याद्यनु ० ३-१-२' થી महती નામને ગતિ સંજ્ઞા. 'गतिक्वन्यस्त० ३-१-४२' થી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી महद्भूता कन्या આવો પ્રયોગ થાય છે. અહીં महती નામ च्वि પ્રત્યયાન્ત હોવાથી આ સૂત્રથી महती નામના અન્ત્યવર્ણને डा આદેશ થતો નથી. 'च्वौ क्वचित् ३-२-६०' થી महती નામને पुंवद्भाव થયો છે. અર્થ - જે પૂજ્ય ન હતી તે પૂજ્ય બનેલી કન્યા. ॥૭૦॥

● ● ●

## न पुंवन्निषेधे ३।२।७१॥

पुंवद्‌भावना निषेधना विषयमां उत्तरपद (समानार्थक स्त्रीलिङ्ग उत्तरपद) परमां होय तो; तेनी पूर्वे रहेला महत् नामना अन्त्य वर्णने डा आदेश थतो नथी. महती प्रिया यस्य आ विग्रहमां महती नामने प्रिया नामनी साथे 'एकार्थं चानेकञ्च ३-१-२२' थी बहुव्रीहि समास. 'नाप् प्रियादौ ३-२-५२'थी पुंवद्‌भावना निषेधना विषयमां, पूर्वसूत्रथी (३-२-७०थी) प्राप्त महती नामना अन्त्यवर्णने डाआदेशनो आ सूत्रथी निषेध वगेरे कार्य थवाथी महतीप्रियः (सू. नं. ३-२-५३ जुओ.) आवो प्रयोग थाय छे. अर्थ-पूज्य छे प्रिया जेनी ते. ॥७१॥

● ● ●

## इच्यस्वरे दीर्घ आच्च ३।२।७२॥

स्वरादि भिन्न इच् प्रत्ययान्त उत्तरपद परमां होय तो; तेनी पूर्वे रहेला पूर्व पदना अन्त्यवर्णने दीर्घ अने आ आदेश थाय छे. मुष्ट्या मुष्ट्या प्रहृत्य कृतं युद्‌धम् आ अर्थमां 'तत्रादाय० ३-१-२६' थी तृतीयान्त मुष्टि नामने, मुष्टि नामनी साथे अव्ययीभाव समास. 'ऐकार्थ्ये ३-२-८' थी टा प्रत्ययनो लोप. 'इज् युद्‌धे ७-३-७४' थी समासना अन्ते इच् (इ) प्रत्यय. 'अवर्णे० ७-४-६८' थी इच् नी पूर्वेना इ नो लोप. आ सूत्रथी पूर्वपद मुष्टि नामना अन्त्य इ ने अनुक्रमे दीर्घ ई अने आ आदेश वगेरे कार्य थवाथी मुष्टीमुष्टि मुष्टामुष्टि आवो प्रयोग थाय छे. अर्थ - परस्पर मुठीना प्रहार करीने करेलुं युद्‌ध. अस्वर इति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब स्वरादि भिन्न ज इच् प्रत्ययान्त उत्तरपद परमां होय तो; तेनी पूर्वे रहेला पूर्वपदना अन्त्यवर्णने दीर्घ अने आ आदेश थाय छे. तेथी असिना असिना प्रहृत्य कृतं युद्‌धम् आ

અર્થમાં તૃતીયાન્ત असि નામને असि નામની સાથે ઉપર જણાવ્યા મુજબ અવ્યયીભાવ સમાસાદિ કાર્ય થવાથી अस्यसि આવો પ્રયોગ થાય છે. અહીં સ્વરાદિ ઉત્તરપદ પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા પૂર્વપદ - असि ના અન્ત્ય इ ને આ સૂત્રથી દીર્ઘ ई અને आ આદેશ થતો નથી. અર્થ - પરસ્પર તલવારના પ્રહારથી કરેલું યુદ્ધ. આ સૂત્રથી વિહિત आ આદેશ દીર્ઘસાહચર્યથી દીર્ઘની જેમ સ્વરના સ્થાને જ થાય છે. ॥૭૨॥

● ● ●

## *हविष्यष्टनः कपाले ३।२।७३॥*

હવિષ્ અર્થ (ઘીં - અર્થ) ગમ્યમાન હોય તો; अष्टन् નામના અન્ત્યવર્ણને તેનાથી પરમાં कपाल - આ ઉત્તરપદ હોય તો દીર્ઘ આદેશ થાય છે. અહીં સમજી લેવું જોઈએ કે - 'इच्यस्वरे दीर्घ आच्च ३-२-७२' આ સૂત્રથી दीर्घ અને आ આદેશની અનુવૃત્તિ આ સૂત્રમાં ચાલુ હોવા છતાં स्वरस्य –हस्वदीर्घप्लुताः આ ન્યાયના સામર્થ્યથી દીર્ઘ આદેશ अष्टन् નામના અન્ત્ય अ ને જ થવાનો છે. અને साहचर्यात् सदृशस्यैव ग्रहणम् આ ન્યાયના સામર્થ્યથી आ આદેશ પણ દીર્ઘ આદેશની જેમ अष्टन् નામના અન્ત્ય अ ને જ થવાનો છે. આ રીતે ઉભયથા પણ એક જ રૂપનો પ્રયોગ થવાનો હોવાથી લઘુવૃત્તિમાં दीर्घः स्यात् આવો ઉલ્લેખ છે. अष्टसु कपालेषु संस्कृतं हविः આ અર્થમાં સપ્તમ્યન્ત अष्टन् નામને कपाल નામની સાથે 'सङ्ख्या समाहारे० ३-१-९९' થી द्विगु - तत्पुरुष સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી सु પ્રત્યયનો લોપ. 'संस्कृते भक्ष्ये ६-२-१४०' થી સમાસને अण् પ્રત્યય. તેનો 'द्विगोरनपत्ये० ६-१-२४' થી લોપ. 'नाम्नो नो० २-१-९१' થી न् નો લોપ. આ સૂત્રથી अष्ट + कपाल આ અવસ્થામાં अष्ट ના અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય

થવાથી अष्टकपालं हविः આવો પ્રયોગ થાય છે. અર્થ - આઠ કપાલ (મૃન્મયપાત્ર) માં સંસ્કાર કરાએલું યજ્ઞ સમ્બન્ધી ઘીં.

हविषीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ हविष् અર્થ ગમ્યમાન હોય તો જ अष्टन् નામના અન્ત્યવર્ણને તેનાથી પરમાં कपाल - ઉત્તરપદ હોય તો દીર્ઘ આદેશ થાય છે. તેથી अष्टसु कपालेषु संस्कृतमन्नम् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ अष्टन् નામને कपाल નામની સાથે દ્વિગુ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अष्टकपालम् આ પ્રયોગમાં हविष् અર્થ ગમ્યમાન ન હોવાથી अष्ट ના અન્ત્ય अ ને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. અર્થ - આઠ કપાલમાં સંસ્કાર કરાએલું યજ્ઞસમ્બન્ધી અન્ન.

कपाल इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ हविष् અર્થ ગમ્યમાન હોય તો अष्टन् નામના અન્ત્ય વર્ણને; તેનાથી પરમાં कपाल આ જ ઉત્તરપદ હોય તો દીર્ઘ આદેશ થાય છે. તેથી अष्टसु पात्रेषु संस्कृतं हविः આ અર્થમાં अष्टन् નામને पात्र નામની સાથે ઉપર જણાવ્યા મુજબ દ્વિગુ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अष्टपात्रं हविः આ પ્રયોગમાં कपाल નામ ઉત્તરપદ પરમાં ન હોવાથી अष्ट ના અન્ત્ય अ ને આ સૂત્રથી દીર્ઘ આ આદેશ થતો નથી. અર્થ - આઠ પાત્રમાં સંસ્કાર કરાએલું ઘીં. ।। ७३ ।।

● ● ●

## *गवि युक्ते ३।२।७४।।*

युक्त અર્થ ગમ્યમાન હોય તો अष्टन् નામના અન્ત્યવર્ણને; તેનાથી પરમાં गो આ ઉત્તરપદ હોય તો દીર્ઘ આદેશ થાય છે. अष्टौ गावो युक्ता यस्मिन् शकटेઆ અર્થમાં ઉત્તરપદના વિષયમાં अष्टन् નામને गो નામની સાથે 'सङ्ख्या समाहारे० ३-१-९९' થી દ્વિગુ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો

લોપ. 'नाम्नो नो० २-१-९१' થી अष्टन् ના न् નો લોપ. 'गोस्तत्पुरुषात् ७-३-१०५' થી દ્વિગુ સમાસના અન્તે अट् પ્રત્યય. 'अस्वयम्भु० ७-४-७०' થી गो નામના ओ ને अव् આદેશ. આ સૂત્રથી अष्ट ના અન્ત્ય अ ને; युक्तार्थ પ્રતીત હોવાથી દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી अष्टागवं शकटम् આવો પ્રયોગ થાય છે. અહીં યાદ રાખવું કે - દ્વિગુ સમાસ બાદ अष्टन् અને गो નામને युक्त નામની સાથે 'एकार्थं चानेकञ्च ३-१-२२' થી બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થાય છે. પરન્તુ આ સૂત્રથી યુક્તાર્થમાં अष्टन् નામના અન્ત્ય अ ને आ આદેશ થવાથી એ આદેશથી જ યુક્તાર્થ પ્રતીત થતો હોવાથી अनन्यलभ्यो हि शब्दार्थः આ ન્યાયના સામર્થ્યથી યુક્ત પદનો લોપ થાય છે. અર્થ - આઠ બળદ જેમાં જોડાયા છે તે ગાડું.

युक्त इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યુક્ત અર્થ ગમ્યમાન હોય તો જ अष्टन् નામાના અન્ત્ય વર્ણને; તેનાથી પરમાં गो - ઉત્તરપદ હોય તો દીર્ઘ આદેશ થાય છે. તેથી अष्टौ गावोऽस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ अष्टन् નામને गो નામની સાથે બહુવ્રીહિ સમાસ......વગેરે કાર્ય તેમજ 'गोश्चान्ते० २-४-९६' થી गो નામના ओ ને -હ્રસ્વ उ આદેશ વગેરે કાર્ય થવાથી अष्टगुश्चैत्रः આવો પ્રયોગ થાય છે. અર્થ - આઠ બળદ વાળો ચૈત્ર. *અહીં યુક્ત અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી अष्टन्* નામના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થતો નથી. ||૭૪||

● ● ●

## *नाम्नि ३।२।७५॥*

સંજ્ઞાના વિષયમાં अष्टन् નામના અન્ત્ય સ્વરને; ઉત્તરપદ પરમાં હોય તો દીર્ઘ આદેશ થાય છે. अष्टौ पदान्यस्मिन्

આ વિગ્રહમાં अष्टन् નામને 'एकार्थं चानेकञ्च ३-१-२२' થી पद નામની સાથે બહુવ્રીહિ સમાસ.'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'नाम्नो नो० २-१-९१' થી अष्टन् નામના અન્ત્ય न् નો લોપ. આ સૂત્રથી अष्टन् નામના અન્ત્ય સ્વર अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી अष्टापदः कैलाशः આવો પ્રયોગ થાય છે. અર્થ - અષ્ટાપદ નામનો કૈલાસ પર્વત. नाम्नीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના જ વિષયમાં ઉત્તરપદ પરમાં હોય તો તેનાથી પૂર્વે રહેલા अष्टन् નામના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી अष्टौ दंष्ट्रा अस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસ વગેરે કાર્ય તેમજ 'गोश्चान्ते० २-४-९६' થી दंष्ट्रा નામના અન્ત્ય સ્વરને -હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી अष्टदंष्ट्रः આવો પ્રયોગ થાય છે. અહીં સંજ્ઞાનો વિષય ન હોવાથી अष्टन् નામના અન્ત્ય સ્વરને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. અર્થ - આઠ દાઢા વાલો. ||૭૫||

● ● ●

***कोटर - मिश्रक - सिधक - पुरग - सारिकस्य वणे ३।२।७६।।***

જેના न् ને ण् આદેશ થયો છે એવો वन શબ્દ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા कोटर मिश्रक सिध्रक पुरग અને सारिक નામના અન્ત્ય વર્ણને સંજ્ઞાના વિષયમાં દીર્ઘ આદેશ થાય છે. कोटराणां वनम्; मिश्रकाणां वनम्; सिध्रकाणां वनम्; पुरगाणां वनम् અને सारिकाणां वनम् આ વિગ્રહમાં અનુક્રમે कोटर मिश्रक सिध्रक पुरग અને सारिक નામને वन નામની સાથે 'षष्ठ्ययत्न० ३-१-७६' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८'થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'पूर्वपदस्था० २-३-६४' થી वन નામના न् ને ण् આદેશ. આ સૂત્રથી તેની પૂર્વેના कोटर मिश्रक..... વગેરે નામના અન્ત્ય સ્વર अ ને દીર્ઘ

आ આદેશ વગેરે કાર્ય થવાથી कोटरावणम् मिश्रकावणम् सिध्रकावणम् पुरगावणम् અને सारिकावणम् આવો પ્રયોગ થાય છે. અર્થ (બધાનો) - તે તે નામના વનવિશેષ જેમાં કોટરાદિ વૃક્ષવિશેષ છે. ॥૭૬॥

● ● ●

## *अञ्जनादीनां गिरौ ३/२/७७॥*

गिरि - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા अञ्जनादि ગણપાઠમાંના अञ्जन વગેરે નામના અન્ત્યવર્ણને સંજ્ઞાના વિષયમાં દીર્ઘ આદેશ થાય છે. अञ्जनस्य गिरिः અને कुक्कुटस्य गिरिः આ વિગ્રહમાં 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२--८' થી સ્યાદિ પ્રત્યયનો લોપ. આ સૂત્રથી अञ्जन અને कुक्कुट નામના અન્ત્ય સ્વર ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી अञ्जनागिरिः અને कुक्कुटागिरिः આવો પ્રયોગ થાય છે. અર્થ-પર્વત વિશેષ. પર્વત વિશેષ સૂત્રમાં બહુવચનનો નિર્દેશ આકૃતિગણ માટે છે. ॥૭૭॥

● ● ●

## *अनजिरादि - बहुस्वर - शरादीनां मतौ ३/२/७८॥*

अजिरादि ગણપાઠમાંના अजिर हिरण्य......વગેરે નામોથી ભિન્ન બહુસ્વરવાળા (ત્રણ અથવા તેથી અધિક સ્વરવાળા) નામના અન્ત્ય સ્વરને તેમ જ शरादि ગણપાઠમાંના शर वंश વગેરે નામના અન્ત્ય વર્ણને તેનાથી પરમાં मतु (मत्) પ્રત્યય હોય તો સંજ્ઞાના વિષયમાં દીર્ઘ આદેશ થાય છે. उदुम्बराणि सन्त्यस्याम्; शराः सन्त्यस्याम् અને वंशाः सन्त्यस्याम् આ અર્થમાં उदुम्बर शर અને वंश નામને 'तदस्या० ७-२-१' થી मतु પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી

સ્યાદિ વિભક્તિનો લોપ. 'मावर्णान्तोपा० ૨-૧-૯૪' થી मतु ના म् ને व् આદેશ. આ સૂત્રથી उदुम्बर - આ બહુસ્વરી નામના તેમજ शरादि ગણપાઠમાંના शर અને वंश નામના અન્ત્ય સ્વર अ ને દીર્ઘ आ આદેશાદિ કાર્ય થવાથી उदुम्बरावती शरावती અને वंशावती આવો પ્રયોગ થાય છે. અર્થ - (બધાનો) તે તે નામની નદી વિશેષ.

अनजिरादीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अजिरादि ગણપાઠમાંના નામને છોડીને જ અન્ય બહુસ્વરી નામના તેમ જ शरादि ગણપાઠમાંના નામના અન્ત્ય સ્વરને; તેનાથી પરમાં मतु પ્રત્યય હોય તો સંજ્ઞાના વિષયમાં દીર્ઘ આદેશ થાય છે. તેથી अजिराणि सन्त्यस्याम् અને हिरण्यानि सन्त्यस्याम् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ अजिर અને हिरण्य નામને मतु પ્રત્યયાદિ કાર્ય થવાથી अजिरवती અને हिरण्यवती આવો પ્રયોગ થાય છે.અહીં अजिरादि ગણપાઠમાંના નામના અન્ત્ય સ્વરને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. અર્થ - (બંન્નેનો) - તે તે નામની નદી. ||૭૮||

● ● ●

## *ऋषौ विश्वस्य मित्रे ३/२/७९//*

ऋषि અર્થ ગમ્યમાન હોય તો સંજ્ઞાના વિષયમાં विश्व નામના અન્ત્ય વર્ણને તેનાથી પરમાં मित्र - ઉત્તરપદ હોય તો દીર્ઘ આદેશ થાય છે. विश्वं मित्रमस्य આ વિગ્રહમાં विश्व નામને मित्र નામની સાથે 'एकार्थ० ३-१-२२' થી बहुव्रीहि સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ પ્રત્યયનો લોપ. આ સૂત્રથી विश्व નામના अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી विश्वामित्रः આવો પ્રયોગ થાય છે. અર્થ - વિશ્વામિત્ર નામના ઋષિ. ||૭૯||

● ● ●

## नरे ३।२।८०॥

સંજ્ઞાના વિષયમાં વિશ્વ નામના અન્ત્ય વર્ણને તેનાથી પરમાં નર - આ ઉત્તરપદ હોય તો દીર્ઘ આદેશ થાય છે. विश्वे नरा अस्य આ વિગ્રહમાં વિશ્વ નામને નર નામની સાથે 'ऐकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી વિશ્વ નામના અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ......વગેરે કાર્ય થવાથી विश्वानरः આવો પ્રયોગ થાય છે. અર્થ - વિશ્વાનર નામનો કોઈ એક. ॥८०॥

● ● ●

## वसु - राटोः ३।२।८१॥

वसु અને राट् - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા વિશ્વ નામના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થાય છે. विश्वं वसु अस्य આ વિગ્રહમાં વિશ્વ નામને वसु નામની સાથે 'ऐकार्थं चा० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી વિશ્વ નામનાં અન્ત્ય સ્વરને દીર્ઘ आ આદેશ......ઈત્યાદિ કાર્ય થવાથી विश्वावसुः આવો પ્રયોગ થાય છે. विश्वस्मिन् राजते આ અર્થમાં વિશ્વ નામને क्विप् પ્રત્યયાન્ત राज् નામની સાથે 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ વગેરે કાર્ય બાદ આ સૂત્રથી વિશ્વ નામના અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી विश्वाराट् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વિશ્વ જ જેને સમ્પત્તિ છે તે. વિશ્વમાં શોભનાર. સૂ.નં. ३-२-८० થી આ સૂત્રનો પૃથગ્ યોગ હોવાથી नाम्नि નો અધિકાર આ સૂત્રમાં

નથી. राज् ના બદલે સૂત્રમાં राट् આ પ્રમાણે ज् ના સ્થાને ट् (જુઓ સૂ.નં. ૨-૧-૮૭) નો આદેશ કરીને મૂલ સ્વરૂપનો નિર્દેશ કર્યા વિના વિકૃત નિર્દેશ કર્યો છે - તે; જ્યાં राज् ના ज् ને ष् આદેશાદિ કાર્ય થતું નથી, ત્યાં विश्वराजौ.... ઈત્યાદિ સ્થળે विश्व નામના અન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ થતો નથી - એ સૂચવવાં માટે છે..... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ||૮૧||

● ● ●

## वलच्यपित्रादेः ३।२।८२।।

पित्रादि ગણપાઠમાંના पितृ मातृ વગેરે નામોને છોડીને અન્ય નામના અન્ત્ય સ્વરને તેનાથી પરમાં वलच् પ્રત્યય હોય તો દીર્ઘ આદેશ થાય છે. आसूतिरस्त्यस्मिन् આ અર્થમાં आसुति નામને 'कृष्यादिभ्यो० ७-२-२७' થી वलच् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ પ્રત્યયનો લોપ. આ સૂત્રથી आसुति નામના અન્ત્ય સ્વરને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી आसुतीवलः આવો પ્રયોગ થાય છે. અર્થ - મદિરાવાળો.

अपित्रादेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वलच् પ્રત્યય પરમાં હોય તો; पित्रादि ગણપાઠમાંના નામથી ભિન્ન જ નામના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી पितास्त्यस्य અને मातास्त्यस्य આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ पितृ અને मातृ નામને वलच् પ્રત્યયાદિ કાર્ય થવાથી पितृवलः અને मातृवलः આવો પ્રયોગ થાય છે.અહીં पित्रादि ગણપાઠમાંના पितृ અને मातृ નામના અન્ત્ય સ્વરને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. અર્થક્રમશઃ- પિતાવાલો. માતાવાલો. ||૮૨||

● ● ●

## चितेः कचि ३।२।८३॥

समासान्त कच् प्रत्यय પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા चिति નામના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થાય છે. एका चितिरस्मिन् આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી एका નામને चिति નામની સાથે બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી सि નો લોપ. 'शेषाद् वा ७-३-१७५' થી સમાસાન્ત कच् પ્રત્યય. આ સૂત્રથી चिति નામના અન્ત્ય इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી एकचितीकः આવો પ્રયોગ થાય છે. અર્થ-એક-યજ્ઞીય ચિતી નામની જ્યોતવાલો. ॥८३॥

● ● ●

## स्वामि चिह्नस्याऽविष्टाऽष्ट - पञ्च - भिन्न - च्छिन्न - च्छिद्र - स्रुव - स्वस्तिकस्य कर्णे ३।२।८४॥

कर्ण - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેનાથી પૂર્વે રહેલા - विष्ट अष्टन् पञ्चन् भिन्न च्छिन्न च्छिद्र स्रुव અને स्वस्तिक નામથી ભિન્ન સ્વામીચિહ્ન (જેનાથી માલિકનું જ્ઞાન થાય તે) વાચક નામના અન્ત્યસ્વરને દીર્ઘ આદેશ થાય છે. दात्रं कर्णे यस्य આ વિગ્રહમાં 'उष्ट्रमुखादयः ३-१-२३' થી दात्र નામને कर्ण નામની સાથે બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી दात्र નામના અન્ત્ય સ્વર अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી दात्राकर्णः पशुः આવો પ્રયોગ થાય છે. અર્થ - કાનમાં દાતરડાનું ચિહ્ન છે જેને તે પશુ. દાતરડાના ચિહ્નથી તે પશુનો માલિક ઓળખાય છે, તેથી दात्र નામ स्वामिचिह्न વાચક છે - એ સ્પષ્ટ છે.

स्वामिचिह्नस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कर्ण - આ ઉત્તરપદ પરમાં હોય તો; विष्ट अष्टन्......... વગેરે નામથી ભિન્ન स्वामिचिह्न વાચક જ નામના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી लम्बौ कर्णौ यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થી लम्बकर्णः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગધેડો. અહીં लम्ब નામ; સ્વામીના પરિચયને કરાવતું ન હોવાથી તે स्वामिचिह्न વાચક નથી. જેથી તેના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થતો નથી.

विष्टादिवर्जनं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कर्ण નામ - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા विष्ट अष्टन् पञ्चन् भिन्न च्छिन्न च्छिद्र स्रुव અને स्वस्तिक નામથી ભિન્ન જ स्वामिचिह्न વાચક નામના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી विष्टं कर्णे यस्य અને अष्टौ कर्णौ यस्य આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ 'उष्ट्रमुखादयः ३-१-२३' થી બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી विष्टकर्णः અને अष्टकर्णः આવો પ્રયાગ થાય છે. અહીં विष्ट અને अष्टन् નામના અન્ત્યસ્વરને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. અર્થક્રમશઃ- विष्ट આ પ્રમાણે ચિહ્ન છે કાનમાં જેના તે. આઠની સંખ્યાનું ચિહ્ન છે કાનમાં જેના તે. ॥૮૪॥

● ● ●

## *गति - कारकस्य नहि - वृति - वृषि - व्यधि - रुचि - सहि - तनौ क्वौ ३।२।८५॥*

गति સંજ્ઞાવાળા અને कारक (कर्त्रादि) વાચક નામના અન્ત્યસ્વરને; તેનાથી પરમાં क्विप् પ્રત્યયાન્ત नह् वृत् वृष् व्यध् रुच् सह् અને तन् ધાતુ ઉત્તરપદ હોય તો દીર્ઘ આદેશ થાય છે.

उपनह्यति; निवर्त्तते; प्रवर्षति; श्वानं विध्यति; निरोचते; ऋतीन् सहते; जलं सहते અને परितनोति આ અર્થમાં उप + नह्; नि + वृत्; प्र + वृष्; श्वन् + व्यध्; नि + रुच्; + ऋति + सह्; जल + सह् અને परि + तन् ધાતુને 'क्रुत्सम्पदा० ५-३-११४' થી क्विप् (०) પ્રત્યય. ગતિ સંજ્ઞક उप नि प्र नि અને परि નામને અનુક્રમે क्विप् પ્રત્યયાન્ત नह् वृत् वृष् रुच् અને तन् નામની સાથે 'गतिक्वन्य० ३-१-४२' થી તત્પુરુષ સમાસ; તેમજ श्वन् ऋति અને जल नामने અનુક્રમે क्विबन्त व्यध् सह् અને सह् નામની સાથે 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. 'गमां क्वौ ४-२-५८' થી तन् ધાતુના न् નો લોપ. 'नहाहो० २-१-८५' થી नह् ધાતુના ह् ને ध् આદેશ. 'ज्या - व्यधः० ४-१-८१' થી व्यध् ધાતુના य ને સમ્પ્રસારણ इ આદેશ. 'भीरुष्ठानादयः २-३-३३' થી ऋति + सह् આ અવસ્થામાં सह् ધાતુના स् ને ष् આદેશ. '-हस्वस्य० ४-४-११३' થી तन् ધાતુના અન્તમાં त् નો આગમ. આ સૂત્રથી उप नि प्र नि परि ऋति श्वन् અને जल ના અન્ત્યસ્વરને યથાસંભવ દીર્ઘ आ અને ई આદેશાદિ કાર્ય થવાથી उपानत् नीवृत् प्रावृट् श्वावित् नीरुक् ऋतीषट् जलासट् અને परीतत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ચંપલ વગેરે. રોકાયેલો. વર્ષાઋતુ. કુતરાને મારનાર. રોગહીન. પીડાને સહનકરનાર. પાણીને સહનકરનાર. સર્વત્ર વિસ્તરેલ. ॥८५॥

• • •

### घञ्युपसर्गस्य बहुलम् ३।२।८६॥

घञ् પ્રત્યયાન્ત નામ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા ઉપસર્ગ સમ્બન્ધી અન્ત્ય સ્વરને બહુલતયા દીર્ઘ આદેશ થાય છે. नि + क्लेदः અને नि + वारः આ અવસ્થામાં नि નામને

क्लेद અને वार નામની સાથે 'गतिक्वन्य० ३-१-४२' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી नि ઉપસર્ગના અન્ત્ય સ્વર इ ને દીર્ઘ ई આદેશ....વગેરે કાર્ય થવાથી અનુક્રમે नीक्लेदः અને नीवारः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ભીનું કરવું તે.પશુઓની ખાવાની વસ્તુ વિશેષ. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તાદૃશ ઉપસર્ગ સમ્બન્ધી અન્ત્ય સ્વરને બહુતલયા જ દીર્ઘ આદેશ થાય છે. તેથી प्रति + वेशः આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ સમાસાદિ કાર્ય બાદ આ સૂત્રથી प्रति ઉપસર્ગના इ ને વિકલ્પે દીર્ઘ ई આદેશ થવાથી प्रतिवेशः અને प्रतीवेशः આવો પ્રયોગ થાય છે; તેમ જ वि + सादः અને नि + सादः આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ સમાસાદિ કાર્ય બાદ આ સૂત્રથી वि અને नि ઉપસર્ગના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થતો નથી. જેથી 'सदोऽ प्रतेः० २-३-४४' થી सद् ધાતુના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી विषादः અને निषादः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સાથે સાથે વ્યવહાર કરવો અથવા નજીક. ખેદ. બેસવું. ''क्वचित्प्रवृत्तिः क्वचिदप्रवृत्तिः; क्वचिद् विभाषा क्वचिदन्यदेव । विधे र्विधानं बहुधा समीक्ष्य चतुर्विधं बाहुलकं वदन्ति ॥'' - આ પ્રમાણે બાહુલકમ્ નું સ્વરૂપ યાદ રાખવું જોઈએ ॥८६॥

● ● ●

### *नामिनः काशे ३।२।८७॥*

अच् પ્રત્યયાન્ત काश નામ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા નામી સ્વરાન્ત ઉપસર્ગ સમ્બન્ધી અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થાય છે. नि + काशः અને वि + काशः આ અવસ્થામાં अच् પ્રત્યયાન્ત ('अच् ५-१-४९' થી વિહિત अच् પ્રત્યયાન્ત) काश નામની સાથે नि અને वि નામને 'गतिक्वन्य० ३-१-४४' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી नि અને वि ઉપસર્ગના અન્ત્ય નામીસ્વર इ ને

દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી नीकाशः અને वीकाशः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સુંદર અથવા સમાન. શોભા પામનાર.

नामिन इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अच् પ્રત્યયાન્ત काश નામ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા નામી સ્વરાન્ત ઉપસર્ગના અન્ત્ય વર્ણને દીર્ઘ આદેશ થાય છે. તેથી प्र + काशः આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ સમાસાદિ કાર્ય થવાથી प्रकाशः આવો પ્રયોગ થાય છે. અહીં નામી સ્વરાન્ત ઉપસર્ગ ન હોવાથી તેના અન્ત્યસ્વરને દીર્ઘ આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થ - પ્રકાશ. અહીં આ સૂત્રમાં પણ બહુલાધિકાર ચાલુ હોવાથી निकाशः... ઈત્યાદિ પ્રયોગો પણ વિકલ્પે દીર્ઘ આદેશ થવાથી સિદ્ધ થાય છે. ॥૮૭॥

● ● ●

## *दस्ति ३।२।८८॥*

નામી સ્વર જેના અન્તમાં છે એવા ઉપસર્ગના અન્ત્યસ્વરને; તેનાથી પરમાં दा ધાતુના સ્થાને થયેલો તકારાદિ આદેશ હોય તો દીર્ઘ આદેશ થાય છે. नि + दा અને वि + दा ધાતુને क्त પ્રત્યય. 'निविस्वन्ववात् ૪-૪-૮' થી दा ધાતુને त्त् આદેશ. 'गतिक्वन्य० ३-१-४४' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી नि અને वि ઉપસર્ગના અન્ત્ય સ્વર इ ને ई આદેશ વગેરે કાર્ય થવાથી नीत्तम् અને वीत्तम् આવો પ્રયોગ થાય છે. त्त् + त આ અવસ્થામાં 'धुटो धुटि० १-३-४८' થી મધ્ય त् નો લોપ થયો છે. અર્થક્રમશઃ- આપ્યું.

द इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામી સ્વરાન્ત ઉપસર્ગના અન્ત્ય સ્વરને તેનાથી પરમાં दा ધાતુના

સ્થાને જ થયેલો त्त् આદેશ હોય તો (બીજા કોઈ પણ ધાતુસમ્બન્ધી त् પરમાં હોય તો નહીં.) દીર્ઘ આદેશ થાય છે. તેથી वितीर्णम् અહીં तृ ધાતુના त् ની પૂર્વે રહેલા वि ઉપસર્ગના અન્ત્ય સ્વર इ ને ई આદેશ આ સૂત્રથી થતો નથી. वि + तृ + क्त આ અવસ્થામાં 'ऋतां० ૪-૪-૧૧૬' થી ऋ ને इर् આદેશ. તેના इ ને 'भ्वादेर्नामि० ૨-૧-૬૩' થી દીર્ઘ ई આદેશ. 'रदादमूर्च्छ० ૪-૨-૬૯' થી क्त ના त् ને न् આદેશાદિ કાર્ય થવાથી वितीर्णम् આવો પ્રયોગ થાય છે. અર્થ - આપ્યું.

तीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામી સ્વરાન્ત ઉપસર્ગના અન્ત્ય સ્વરને; તેનાથી પરમાં दा ધાતુના સ્થાને થયેલા તકારાદિ જ આદેશ (કોઈ પણ આદેશ નહીં) હોય તો દીર્ઘ આદેશ થાય છે. તેથી सुदत्तम् અહીં सु ના उ ને દીર્ઘ ऊ આદેશ થતો નથી. सु + दा + क्त આ અવસ્થામાં दा ધાતુને 'दत् ૪-૪-૧૦' થી થયેલો दत् આદેશ તકારાદિ ન હોવાથી આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सु ના उ ને દીર્ઘ આદેશ થતો નથી. એ સ્પષ્ટ છે. અર્થ - આપ્યું. ||૮૮||

● ● ●

## *अपील्वादेर्वहे ३।२।८९॥*

पील्वादि ગણપાઠમાંના पीलु વગેરે નામોને છોડીને અન્ય નામી સ્વરાન્ત નામના અન્ત્યસ્વરને; તેનાથી પરમાં वह નામ ઉત્તરપદ હોય તો દીર્ઘ આદેશ થાય છે. ऋषीणां वहम् અને मुनीनां वहम् આ વિગ્રહમાં 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી યથાપ્રાપ્ત તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી ऋषि અને मुनि નામના અન્ત્ય સ્વર इ ને દીર્ઘ ई આદેશ વગેરે

કાર્ય થવાથી ऋषीवहम् અને मुनीवहम् આવો પ્રયોગ થાય છે. અર્થ - તે તે નામનું નગર વિશેષ.

अपील्वादेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ पील्वादि ગણપાઠમાંનાં નામોને છોડીને જ અન્ય નામી સ્વરાન્ત નામના અન્ત્ય સ્વરને; તેનાથી પરમાં वह નામ - ઉત્તરપદ હોય તો દીર્ઘ આદેશ થાય છે. તેથી पीलूनां वहम् અને दारूणां वहम् આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી पीलुवहम् અને दारुवहम् આવો પ્રયોગ થાય છે. અહીં पील्वादि ગણપાઠમાંના पीलु અને दारु નામના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થતો નથી. અર્થ - તે તે નામના નગર વિશેષ. ||૮૯||

● ● ●

## *शुनः ३/२/९०॥*

ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા श्वन् નામના અન્ત્યસ્વરને દીર્ઘ આદેશ થાય છે. शूनो दन्तः અને श्वा च वराहश्च આ વિગ્રહમાં श्वन् નામને दन्त નામની સાથે 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી તત્પુરુષ સમાસ; અને वराह નામની સાથે 'नित्यवैरस्य ३-१-१४१' થી દ્વન્દ્વ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. 'नाम्नो नो० २-१-९१' થી श्वन् નામના અન્ત્ય न् નો લોપ. આ સૂત્રથી श्वन् નામના અન્ત્ય સ્વર अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી श्वादन्तः અને श्वावराहम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કુતરાંનો દાંત. કુતરો અને ભુંડ. ||૯૦||

● ● ●

## एकादश - षोडश - षोडन् - षोढा - षड्ढा ३।२।९१॥

दशन् આદિ નામ - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા एक વગેરે નામના અન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ વગેરેનું નિપાતન કરાય છે. एकोत्तरा दश આ વિગ્રહમાં 'मयूरव्यंसकेत्यादयः ३-१-११६' થી તત્પુરુષ સમાસ. उत्तर નો લોપ. આ સૂત્રથી एक નામના અન્ત્યસ્વર अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી एकादश આવો પ્રયોગ થાય છે. અર્થ - અગ્યાર (૧૧). षडुत्तरा दश આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન षष् + दशन् આ અવસ્થામાં दशन् ના द् ને ड् આદેશ અને षष् ના ष् ને उ આદેશ વગેરે કાર્ય થવાથી षोडश આવો પ્રયોગ થાય છે. અર્થ- સોળ (૧૬). षड् दन्ता यस्य આ વિગ્રહમાં षष् નામને दन्त નામની સાથે 'एकार्थं चा० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન षष् + दन्त આ અવસ્થામાં दन्त નામને આ સૂત્રથી दतृ (दत्) આદેશ; તેના द् ને ड् આદેશ અને षष् ના ष् ને उ આદેશ વગેરે કાર્ય થવાથી षोडन् આવો પ્રયોગ થાય છે. અર્થ - છ દાંતવાલો. षड्भिः प्रकारैः આ અર્થમાં षष् નામને 'सङ्ख्याया धा ७-२-१०४' થી धा પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન षष् + धा અવસ્થામાં धा પ્રત્યયના ध् ને ढ् આદેશ; षष् ના અન્ત્ય ष् ને उ આદેશ વગેરે કાર્ય થવાથી षोढा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી धा ના ध् ને ढ् આદેશ તથા ष् ને उ આદેશ ન થાય ત્યારે 'धुटस्तृतीयः २-१-७६' થી षष् ના અન્ત્ય ष् ને ड् આદેશ. ड् ના યોગમાં ध् ને 'तवर्गस्य० १-३-६०' થી ढ् આદેશ વગેરે કાર્ય થવાથી षड्ढा આવો પ્રયોગ થાય છે. અર્થ - છ પ્રકારે. ॥૯૧॥

● ● ●

## *द्वित्र्यष्टानां द्वा-त्रयोऽष्टाः*
## *प्राक् शतादनशीति - बहुव्रीहौ ३।२।९२॥*

शत सङ्ख्यानी पूर्वेनी संख्यानुं वाचक नाम - उत्तरपद परमां होय तो; तेनी पूर्वे रहेला द्वि त्रि अने अष्टन् नामने अनुक्रमे द्वा त्रयस् अने अष्टा आदेश थाय छे. परन्तु अशीति उत्तरपद परमां होय अने बहुव्रीहि समासनो विषय होय तो उपर जणाव्या मुजब द्वा वगेरे आदेश थतो नथी. द्व्यधिका दश; त्र्यधिका विंशतिः अने अष्टाधिका त्रिंशति आ विग्रहमां 'मयूरव्यंसकेत्यादयः ३-१-११६' थी यथाप्राप्त तत्पुरुष समास. अधिक शब्दनो लोप. 'ऐकार्थ्ये ३-२-८' थी स्यादि विभक्तिनो लोप. आ सूत्रथी द्वि नामने द्वा; त्रि नामने त्रयस् अने अष्टन् नामने अष्टा आदेशादि कार्य थवाथी द्वादश; त्रयोविंशतिः अने अष्टात्रिंशत् आवो प्रयोग थाय छे. अर्थक्रमशः-बार (१२). त्रेवीश (२३). आडत्रीश (३८).

प्राक् शतादिति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब बहुव्रीहिनो विषय न होय तो; शत संख्यानी पूर्वेनी ज अशीति भिन्न संख्यानुं वाचक नाम - उत्तरपद परमां होय तो तेनी पूर्वे रहेला द्वि; त्रि अने अष्टन् नामने अनुक्रमे द्वा; त्रयस् अने अष्टा आदेश थाय छे. तेथी द्व्यधिकं शतम्; त्र्यधिकं शतम् अने अष्टाधिकं सहस्त्रम् आ विग्रहमां उपर जणाव्या मुजब तत्पुरुष समासादि कार्य थवाथी द्विशतम् त्रिशतम् अने अष्टसहस्त्रम् आवो प्रयोग थाय छे. अहीं शत संख्यानी पूर्वेनी संख्यानुं वाचक तादृश नाम उत्तरपद परमां न होवाथी आ सूत्रथी द्वि वगेरे नामने द्वा वगेरे आदेश थतो नथी. अर्थक्रमशः- एकसो बे (१०२). एकसो त्रण (१०३). एक हजार आठ (१००८).

अनशीति - बहुव्रीहाविति किम् ? = आ सूत्रथी उपर जणाव्या मुजब शत संख्यानी पूर्वेनी संख्यानुं वाचक अशीति भिन्न ज नाम उत्तरपद परमां होय तो; बहुव्रीहि समासनो विषय न होय

તો જ द्वि त्रि અને अष्टन् નામને द्वा त्रयस् અને अष्टा આદેશ થાય છે. તેથી द्व्यधिकाशीतिः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્યથી द्व्यशीतिः આવો પ્રયોગ થાય છે અને द्वौ वा त्रयो वा આ વિગ્રહમાં 'सुज्वाऽर्थे० ३-१-१९' થી બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી द्वित्राः (જુઓ સૂ.નં. ૩-૧-૧૯) આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ-બ્યાશી(૮૨). બે અથવા ત્રણ. અહીં अशीति ઉત્તરપદ હોવાથી તેમ જ બહુવ્રીહિનો વિષય હોવાથી द्विं નામને द्वा આદેશ આ સૂત્રથી થયો નથી. ।।૯૨।।

● ● ●

## चत्वारिंशदादौ वा ३/२/९३।।

બહુવ્રીહિ સમાસનો વિષય ન હોય અને शत સંખ્યાની પૂર્વેની चत्वारिंशदादि સઙ્ખ્યાનું વાચક अशीति ભિન્ન નામ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા द्वि; त्रि અને अष्टन् નામને અનુક્રમે द्वा; त्रयस् અને अष्टा આદેશ વિકલ્પથી થાય છે. द्व्यधिकं चत्वारिंशत् त्र्यधिकं चत्वारिंशत् અને अष्टाधिकं चत्वारिंशत् આ વિગ્રહમાં 'मूयरव्यंसके० ३-१-११६' થી તત્પુરુષ સમાસાદિ કાર્ય (જુઓ સૂ.નં. ૩-૨--૯૨) બાદ આ સૂત્રથી द्वि નામને द्वा આદેશ; त्रि નામને त्रयस् આદેશ અને अष्टन् નામને अष्टा આદેશ વગેરે કાર્ય થવાથી द्वाचत्वारिंशत्, त्रयश्चत्वारिंशत् અને अष्टाचत्वारिंशत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં द्वा વગેરે આદેશ આ સૂત્રથી ન થાય ત્યારે द्विचत्वारिंशत्; त्रिचत्वारिंशत् અને अष्टचत्वारिंशत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ-બેંતાળીશ (૪૨). ત્રેતાળીશ (૪૩). અડતાળીશ (૪૮). ।।૯૩।।

● ● ●

## हृदयस्य हृल्लास- लेख्याऽण् - ये ३।२।९४॥

लास અને લેખ - ઉત્તરપદ પરમાં હોય અથવા अण् અને य પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા हृदय નામને हृत् આદેશ થાય છે. हृदयस्य लासः આ વિગ્રહમાં 'षष्ठ्ययत्० ३-१-७६' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી हृदय નામને हृत् આદેશાદિ કાર્ય થવાથી हृल्लासः આવો પ્રયોગ થાય છે. हृदयं लिखति આ અર્થમાં हृदय + लिख् ધાતુને 'कर्मणो० ५-१-७२' થી अण् (अ) પ્રત્યયાદિ કાર્ય બાદ 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી हृदय નામને हृत् આદેશાદિ કાર્ય થવાથી हृल्लेखः આવો પ્રયોગ થાય છે. અહીં 'लि लौ १-३-६५' થી त् ને ल् આદેશ થયો છે. અર્થક્રમશઃ- હૃદયનો ઉલ્લાસ. હૃદયનો લેખક. અહીં अण् પ્રત્યયના સાહચર્યથી लेख નામ अण् પ્રત્યયાન્ત જ વિવક્ષિત છે. घञ् પ્રત્યયાન્ત નહીં. हृदयस्य भावः આ અર્થમાં हृदय નામને 'पुरुषहृद० ७-१-७०' થી अण् પ્રત્યય. આ સૂત્રથી हृदय નામને हृत् આદેશ. 'वृद्धिः स्वरे० ७-४-१' થી हृत् ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી हार्दम् આવો પ્રયોગ થાય છે. અર્થ - હૃદયગત. हृदयाय हितम् આ અર્થમાં हृदय નામને 'तस्मै हिते ७-१-३५' થી 'प्राण्यङ्ग० ७-१-३७' ની સહાયથી य પ્રત્યય. આ સૂત્રથી हृदय નામને हृत् આદેશ વગેરે કાર્ય થવાથી हृद्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - હૃદયને હિતકર. ॥९४॥

● ● ●

## पदः पादस्याऽऽज्याति - गोपहते ३।२।९५॥

आजि; आति; ग અને उपहत આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા पाद નામને पद આદેશ થાય છે. पादाभ्यामजति

અને पादाभ्यामतति આ અર્થમાં अज् અને अत् ધાતુને उणादि નો इण् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન पाद + आजि અને पाद + आति આ અવસ્થામાં 'कारकं कृता ३-१-६८' થી તત્પુરુષ સમાસાદિ કાર્ય બાદ આ સૂત્રથી पाद નામને पद આદેશ વગેરે કાર્ય થવાથી पदाजिः અને पदातिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પગથી યુદ્ધ કરનાર. સર્વદા પગથી ચાલનાર. पादाभ्यां गच्छति આ અર્થમાં पाद + गम् ધાતુને 'नाम्नो गमः० ५-१-१३१' થી ड પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી गम् ધાતુના अम् નો લોપ. पाद + ग આ અવસ્થામાં 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ પ્રત્યયનો લોપ. આ સૂત્રથી पाद નામને पद આદેશ વગેરે કાર્ય થવાથી पदगः આવો પ્રયોગ થાય છે. અર્થ - પગથી ચાલનાર. पादाभ्यामुपहतः આ વિગ્રહમાં 'कारकं कृता ३-१-६८' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી पाद નામને पद આદેશ વગેરે કાર્ય થવાથી पदोपहतः આવો પ્રયોગ થાય છે. અર્થ - પગથી મરાએલો. ||૯૫||

● ● ●

## *हिम - हति - काषि - ये पद् ३/२/९६||*

हिम, हति અને काषिन् ઉત્તરપદ પરમાં હોય તો તેમજ य પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા पाद નમાને पद् આદેશ થાય છે. पादयो र्हिमम् આ વિગ્રહમાં 'सप्तमी० ३-१-८८' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ.આ સૂત્રથી पाद નામને पद् આદેશ....વગેરે કાર્ય થવાથી पद्धिमम् આવો પ્રયોગ થાય છે. અર્થ - પગ ઉપર હિમ. पादाभ्यां हतिः આ વિગ્રહમાં 'कारकं कृता ३-१-६८' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી पाद નામને पद् આદેશ....વગેરે કાર્ય થવાથી पद्धतिः આવો પ્રયોગ થાય છે. पादाभ्यां कषति આ અર્થમાં पाद + कष् ધાતુને 'साधौ ५-१-१५५' થી णिन् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન पाद + काषिन् -

આ અવસ્થામાં 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી પાદ નામને પદ્ આદેશાદિ કાર્ય થવાથી पत्काषी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- માર્ગ. પગને પીડા કરનાર. पादौ विध्यन्ति આ અર્થમાં પાદ નામને 'विध्यत्यनेन ७-१-८' થી य પ્રત્યય. આ સૂત્રથી પાદ નામને પદ્ આદેશ વગેરે કાર્ય થવાથી पद्याः =शर्कराः આવો પ્રયોગ થાય છે. અર્થ-કાંકરી - રેતી. ||૧૬||

● ● ●

## ऋचः श्शसि ३।२।१७॥

ऋचा (મંત્ર વિશેષ) ના ચરણવાચક પાદ નામને; તેનાથી પરમાં શ્ છે આદિમાં જેના એવો શકારાદિ शस् પ્રત્યય હોય તો પદ્ આદેશ થાય છે. पादं पादं शंसति આ અર્થમાં દ્વિતીયાન્ત પાદ નામને 'सङ्ख्यैकार्थाद्० ७-२-१५१' થી शस् પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી પાદ નામને પદ્ આદેશ વગેરે કાર્ય થવાથી पच्छः આવો પ્રયોગ થાય છે. અર્થ-ગાયત્રીના દરેક ચરણને ભણે છે. ऋच इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શકારાદિ शस् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા ઋચાના જ ચરણવાચક પાદ નામને પદ્ આદેશ થાય છે.

તેથી पादं पादं श्लोकस्य वक्ति આ અર્થમાં ઉપર જણાવ્યાં મુજબ પાદ નામને शस् પ્રત્યયાદિ કાર્ય થવાથી पादशः श्लोकं वक्ति આવો પ્રયોગ થાય છે. અહીં ऋचाना ચરણનો વાચક પાદ શબ્દ ન હોવાથી આ સૂત્રથી તેને પદ્ આદેશ થતો નથી. અર્થ - શ્લોકનો દરેક પાદ ભણે છે.

આ સૂત્રમાં श्शसि - આ પ્રમાણે બે શ્ નો પાઠ

હોવાથી શકારાદિ જ शस् પ્રત્યય (માત્ર शस् પ્રત્યય નહીં) પરમાં હોય તો ઉપર જણાવ્યા મુજબ ઋચાના ચરણવાચક पाद નામને पद् આદેશ થાય છે. તેથી ऋचः पादान् पश्य અહીં તાદૃશ पाद નામને (द्वि.ब.व. નો) शस् (अस्) પ્રત્યય પરમાં હોવાથી (શકારાદિ शस् પ્રત્યય પરમાં ન હોવાથી) આ સૂત્રથી पद् આદેશ થતો નથી. અર્થ - ઋચાનાં ચરણોને સમજ. ||૧૭||

● ● ●

**शब्द - निष्क - घोष - मिश्रे वा ३/२/९८||**

शब्द निष्क घोष અને मिश्रं - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેનાથી પૂર્વે રહેલા पाद નામને पद् આદેશ વિકલ્પથી થાય છે. पादयोः शब्दः; पादयो र्निष्कः અને पादयो र्घोषः આ વિગ્રહમાં 'षष्ठ्ययय० ३-१-७६' થી तत्पुरुष સમાસ. पादाभ्यां मिश्रः આ વિગ્રહમાં 'कारकं कृता ३-१-६८' થી तत्पुरुष સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. पाद નામને આ સૂત્રથી पद् આદેશ વગેરે કાર્ય થવાથી पच्छब्दः; पन्निष्कः; पद्घोषः અને पन्मिश्रः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી पाद નામને पद् આદેશ ન થાય ત્યારે અનુક્રમે पादशब्दः पादनिष्कः पादघोषः અને पादमिश्रः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પગનો શબ્દ. પગસમ્બન્ધી સોનામહોર. પગનો શબ્દ. એક દ્વિતીયાંશથી (બે પા ભાગથી) મળેલો. ||૧૮||

● ● ●

## नस् नासिकायास्तः - क्षुद्रे ३/२/९९॥

नासिका નામને; તેનાથી પરમાં तस् પ્રત્યય,અથવા क्षुद्र ઉત્તરપદ હોય તો नस् આદેશ થાય છે. नासिका નામને પઞ્ચમીના અર્થમાં 'अहीयरुहो० ૭-૨-૮૮' થી तस् પ્રત્યય; આ સૂત્રથી नासिका નામને नस् આદેશ વગેરે કાર્ય થવાથી नस्तः આવો પ્રયોગ થાય છે. અર્થ - નાકથી. नासिकायां क्षुद्रः આ વિગ્રહમાં 'सप्तमी० ३-१-८८' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી नासिका નામને नस् આદેશ વગેરે કાર્ય થવાથી नःक्षुद्रः આવો પ્રયોગ થાય છે. અર્થ - નાકમાં ક્ષુદ્ર જન્તુ. ॥૯૯॥

● ● ●

## येऽवर्णे ३/२/१००॥

वर्ण અર્થને છોડીને અન્ય અર્થમાં; य પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા नासिका નામને नस् આદેશ થાય છે. नासिकायै हितम् આ અર્થમાં नासिका નામને 'तस्मै हिते ૭-૧-૩૫' ની સહાયથી 'प्राण्यङ्ग० ૭-૧-૩૭' થી य પ્રત્યય. આ સૂત્રથી नासिका નામને नस् આદેશાદિ કાર્ય થવાથી नस्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ - નાક માટે હિતકર.

य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वर्ण ભિન્ન અર્થમાં य જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા नासिका નામને नस् આદેશ થાય છે. તેથી नासिकाया अदूरभवम् આ અર્થમાં नासिका નામને 'सुपन्थ्यादेर्ञ्यः ६-२-८४' થી ञ्य (य) પ્રત્યય. 'अवर्णेवर्ण० ૭-૪-६८' થી नासिका નામના અન્ત્ય आ નો લોપ......વગેરે કાર્ય થવાથી नासिक्यं पुरम् આવો પ્રયોગ થાય છે.

અર્થ - નાસિકાથી અદૂરવર્ત્તિ નગર. અહીં યાદ રાખવું જોઈએ કે ञ्य પ્રત્યય, સાનુબન્ધ य પ્રત્યય સ્વરૂપ હોવા છતાં "निरनुबन्धग्रहणे न सानुबन्धस्य" આ ન્યાયના સામર્થ્યથી; અનુબન્ધ રહિત य પ્રત્યયનું ઉપાદાન પ્રકૃત સૂત્રમાં કર્યું હોવાથી સાનુબન્ધ य પ્રત્યય સ્વરૂપ ञ्य પ્રત્યયનું ઉપાદાન થતું નથી. અન્યથા ञ्य પ્રત્યયનું પણ ઉપાદાન શક્ય બનત.

अवर्ण इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વર્ણભિન્ન જ અર્થમાં; य પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા नासिका નામને नस् આદેશ થાય છે. તેથી नासिकायां जातः આ અર્થમાં नासिका નામને 'जाते ६-३-९८' થી य પ્રત્યય......વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી नासिक्यो वर्णः આવો પ્રયોગ થાય છે. અહીં वर्ण અર્થ હોવાથી આ સૂત્રથી नासिका નામને नस् આદેશ થતો નથી. અર્થ - નાસિકામાં ઉત્પન્ન વર્ણ. ॥१००॥

● ● ●

### *शिरसः शीर्षन् ३।२।१०१॥*

य પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા शिरस् નામને शीर्षन् આદેશ થાય છે. शिरसि भवः અને शिरसे हितम् આ અર્થમાં शिरस् નામને અનુક્રમે 'भवे ६-३-१२३' ની સહાયથી 'दिगादि देहां० ६-३-१२४' થી य પ્રત્યય અને 'तस्मै हिते ७-१-३५' ની સહાયથી 'प्राण्यङ्ग० ७-१-३७' થી य પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી शिरस् નામને शीर्षन् આદેશ વગેરે કાર્ય થવાથી शीर्षण्यः स्वरः અને शीर्षण्यं तैलम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મસ્તકમાં ઉત્પન્ન સ્વર. મસ્તક માટે હિતકર તેલ.

य इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ य પ્રત્યય પરમાં હોય તો જ તેની પૂર્વે રહેલા शिरस् નામને शीर्षन् આદેશ થાય છે. તેથી शिरस् નામને 'अहीय - रुहो० ७-२-८८' થી પઞ્ચમીના અર્થમાં तस् પ્રત્યય; તેમ જ शिरसमिच्छति આ અર્થમાં शिरस् નામને 'अमाव्यया० ३-४-२३' થી क्यन् (य) પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે शिरस्तः અને शिरस्यति આવો પ્રયોગ થાય છે. અહીં અનુક્રમે य પ્રત્યય અને નિરનુબંધ य પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી शिरस् નામને शीर्षन् આદેશ થતો નથી. અર્થક્રમશઃ- મસ્તકથી. મસ્તકને ઈચ્છે છે. ||૧૦૧||

● ● ●

## केशे वा ३।२।१०२॥

केश અર્થના વિષયમાં य પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા शिरस् નામને વિકલ્પથી शीर्षन् આદેશ થાય છે. शिरसि भवाः આ અર્થમાં સૂ.નં. ३-२-१०१ માં જણાવ્યા મુજબ शिरस् નામને य પ્રત્યય. આ સૂત્રથી शिरस् નામને शीर्षन् આદેશ વગેરે કાર્ય થવાથી शीर्षण्या केशाः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં शीर्षन् આદેશ ન થાય ત્યારે शिरस्याः केशाः આવો પ્રયોગ થાય છે. અર્થ - માથાના વાળ. ||૧૦૨||

● ● ●

## शीर्षः स्वरे तद्धिते ३/२/१०३//

स्वराहि तद्धित प्रत्यय परमां होय तो; तेनी पूर्वे रहेला शिरस् नामने शीर्ष आदेश थाय छे. हस्तिशिरसोऽ पत्यम् आ अर्थमां हस्तिशिरस् नामने 'बाह्वादिभ्यो गोत्रे ६-१-३२' थी इञ् प्रत्यय. 'वृद्धिः स्वरेष्वा० ७-४-१' थी आद्य स्वर अ ने वृद्धि आ आदेश. आ सूत्रथी शिरस् नामने शीर्स आदेश 'अवर्णेवर्णस्य ७-४-६८' थी शीर्ष ना अ नो लोप वगेरे कार्य थवाथी हास्तिशीर्षिः आवो प्रयोग थाय छे. अर्थ - हस्तिशिरसूनुं अपत्य. शिरसा तरति आ अर्थमां 'नौ - द्विस्वरादिकः ६-४-१०' थी शिरस् नामने इक प्रत्यय. आ सूत्रथी शिरस् ने शीर्ष आदेश. उपर जणाव्या मुजब शीर्ष ना अ नो लोप वगेरे कार्य थवाथी शीर्षिकः आवो प्रयोग थाय छे. अर्थ - मस्तकथी तरनार. ॥१०३॥

● ● ●

## उदकस्योदः पेषं - धि - वास - वाहने ३/२/१०४//

पेषम्; धि; वास अने वाहन-आ उत्तरपद परमां होय तो; तेनी पूर्वे रहेला उदक नामने उद आदेश थाय छे. उदकेन पिनष्टि आ अर्थमां उदक + पिष् धातुने 'स्व - स्नेहना० ५-४-६५' थी णम् (अम्) प्रत्यय. 'लघोरुपा० ४-३-४' थी पिष् ना उपान्त्य इ ने गुण ए आदेश. 'ङस्युक्तं कृता ३-१-४९' थी तत्पुरुष समास. आ सूत्रथी उदक नामने उद आदेशादि कार्य थवाथी उदपेषं पिनष्टि आवो प्रयोग थाय छे. अर्थ - पाणीथी पीसे छे. उदकं धीयतेऽस्मिन् आ अर्थमां उदक नामने धि नामनी साथे 'कृति ३-

૧-૭૭' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી उदक નામને उद આદેશ વગેરે કાર્ય થવાથી उदधि र्घटः આવો પ્રયોગ થાય છે. અર્થ - પાણી ભરવાનો ઘડો. उदकस्य वासः અને उदकस्य वाहनः આ વિગ્રહમાં 'षष्ठ्ययत्ला० ૩-૧-૭૬' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી उदक નામને उद આદેશ વગેરે કાર્ય થવાથી उदवासः અને उदवाहनः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પાણીનું સ્થાન. પાણીનું વાહન. આ સૂત્રથી અસંજ્ઞાના વિષયમાં उद આદેશ થાય છે. સંજ્ઞાના વિષય માટે સૂ.નં. ૩-૨-૧૦૭ નું પ્રણયન છે. ॥૧૦૪॥

● ● ●

## वैकव्यञ्जने पूर्ये ३।२।१०५॥

અસંયુક્ત વ્યઞ્જન જેની આદિમાં (બે વ્યઞ્જન જેની આદિમાં નથી) છે - તે પૂર્યમાણાર્થક (જેને પૂર્ણ કરી શકાય તદર્થક) નામ - ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલાउदक નામને વિકલ્પથી उद આદેશ થાય છે. उदकस्य कुम्भः આ અર્થમાં 'षष्ठ्यय० ૩-૧-૭૬' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી उदक નામને उद આદેશ વગેરે કાર્ય થવાથી उदकुम्भः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી उद આદેશ ન થાય ત્યારે उदककुम्भः આવો પ્રયોગ થાય છે. અહીં कुम्भः આ ઉત્તરપદ અસંયુક્ત વ્યઞ્જનાદિ અને પૂર્યમાણાર્થક નામ સ્વરૂપ છે - એ સમજી શકાય છે. અર્થ - પાણીનો ઘડો.

व्यञ्जन इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસંયુક્ત વ્યઞ્જનાદિ જ (સ્વરાદિ નહિ.) પૂર્યમાણાર્થક ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા उदक નામને વિકલ્પથી उद આદેશ થાય છે. તેથી उदकस्यामत्रम् આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી નિષ્પન્ન उदकामत्रम्

આ પ્રયોગમાં પૂર્યમાણાર્થક પણ સ્વરાદિ (અસંયુક્ત વ્યઞ્જનાદિ નહીં) ઉત્તરપદ પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા उदक નામને આ સૂત્રથી उद આદેશ થતો નથી. અર્થ - પાણીનું પાત્ર. एकेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂર્યમાણાર્થક - એક જ વ્યઞ્જનાદિ (સંયુક્ત વ્યઞ્જનાદિ નહીં) ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા उदक નામને વિકલ્પથી उद આદેશ થાય છે. તેથી **उदकस्य स्थालम्** આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન उदकस्थालम् આ પ્રયોગમાં પૂર્યમાણાર્થક પણ સંયુક્તવ્યઞ્જનાદિ ઉત્તરપદ પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા उदक નામને આ સૂત્રથી उद આદેશ થતો નથી. અર્થ - પાણીનો થાળ.

पूर्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસંયુક્ત વ્યઞ્જનાદિ પૂર્યમાણાર્થક જ નામ - ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા उदक નામને વિકલ્પે उद આદેશ થાય છે. તેથી उदकस्य देशः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન उदकदेशः - આ પ્રયોગમાં પૂર્યમાણાર્થક ઉત્તરપદ પરમાં ન હોવાથી આ સૂત્રથી उदक નામને उद આદેશ થતો નથી. અર્થ - પાણીનો દેશ. ॥૧૦૫॥

● ● ●

***मन्थौदन - सक्तु - बिन्दु - वज्र - भार - हार - वीवध - गाहे वा ३/२/१०६॥***

मन्थ ओदन सक्तु बिन्दु वज्र भार हार वीवध અને गाह - આ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા उदक નામને વિકલ્પથી उद આદેશ થાય છે. उदकेन मन्थः આ વિગ્રહમાં 'कारकं

કૃતા ૩-૧-૬૮' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી ઉદક નામને ઉદ આદેશ વગેરે કાર્ય થવાથી उदमन्थः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉદક નામને ઉદ આદેશ ન થાય ત્યારે उदकमन्थः આવો પ્રયોગ થાય છે. અર્થ - પાણીથી મથેલ. उदकेनोपसिक्त ओदनः અને उदकेन सिक्तः सक्तुः આ વિગ્રહમાં 'मयूर० ૩-૧-૧૧૬' થી તત્પુરુષ સમાસ. उपसिक्त અને सिक्त પદનો લોપ. આ સૂત્રથી ઉદક નામને ઉદ આદેશ વગેરે કાર્ય થવાથી उदौदनः અને उदसक्तुः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉદક નામને ઉદ આદેશ ન થાય ત્યારે उदकौदनः અને उदकसक्तुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પાણીમાં રાંધેલા ભાત. પાણીમાં બાંધેલ સક્તુ (શેકેલા ચણાનો લોટ). उदकस्य बिन्दुः આ વિગ્રહમાં 'षष्ठ्ययं० ૩-૧-૭૬' થી તત્પુરુષ સમાસ. उदके वज्रः આ વિગ્રહમાં 'सप्तमी० ૩-૧-૮૮' થી તત્પુરુષ સમાસ. उदकं बिभर्ति અને उदकं हरति આ અર્થમાં उदक + भार અને उदक + हार આ અવસ્થામાં 'ङस्युक्तं कृता ૩-૧-૪૯' થી તત્પુરુષ સમાસ. उदकस्य वीवधः આ વિગ્રહમાં 'षष्ठय० ૩-૧-૭૬' થી તત્પુરુષ સમાસ; તેમ જ उदकं गाहते આ અર્થમાં उदक + गाह આ અવસ્થામાં 'ङस्युक्तं कृता ૩-૧-૪૯' થી તત્પુરુષ સમાસ. સર્વત્ર 'ऐकार्थ्ये ૩-૨-૮' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી ઉદક નામને ઉદ આદેશ વગેરે કાર્ય થવાથી उदबिन्दुः; उदवज्रः; उदभारः; उदहारः; उदवीवधः અને उदगाहः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉદક નામને ઉદ આદેશ ન થાય ત્યારે उदकबिन्दुः; उदकवज्रः; उदकभारः; उदकहारः; उदकवीवधः અને उदकगाहः; આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પાણીનું બિંદુ. પાણીમાં વજ્ર. પાણીને ધારણ કરનાર. પાણીને વહન કરનાર. પાણીનો ભાર અથવા માર્ગ. પાણીમાં પેસનાર. ॥૧૦૬॥

● ● ●

## नाम्न्युत्तरपदस्य च ३।२।१०७॥

સંજ્ઞાના વિષયમાં પૂર્વપદ અથવા ઉત્તરપદ સ્વરૂપ उदक નામને उद આદેશ થાય છે. પૂર્વપદઃ- उदकयुक्तो मेघः આ વિગ્રહમાં 'मयूरव्यंस० ३-१-११६' થી તત્પુરુષ સમાસ અને युक्त પદનો લોપ. उदकं वहति આ અર્થમાં उदक + वाह આ અવસ્થામાં 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. उदकस्य पानम् આ વિગ્રહમાં તથા उदकं धीयतेऽस्मिन् આ અર્થમાં उदक + धि આ અવસ્થામાં 'कृति ३-१-७७' થી તત્પુરુષ સમાસ. સર્વત્ર 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી उदक નામને उद આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે उदमेघः उदवाहनः उदपानम् અને उदधिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મેઘ વિશેષ. મેઘ વિશેષ. પાણીની પરબ. સમુદ્ર.

उत्तरपद :- लवणमुदकं यस्मिन् અને कालमुदकं यस्मिन् આ વિગ્રહમાં लवण અને काल નામને અનુક્રમે उदक નામની સાથે 'एकार्थं चा० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી ઉત્તરપદ उदक નામને उद આદેશ વગેરે કાર્ય થવાથી लवणोदः અને कालोदः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સમુદ્ર વિશેષ. સમુદ્ર વિશેષ. ॥૧૦૭॥

● ● ●

## ते लुग्वा ३।२।१०८॥

સંજ્ઞાના વિષયમાં અનુક્રમે પૂર્વપદ અને ઉત્તરપદનો વિકલ્પથી લોપ થાય છે. देवेन दत्तः આ વિગ્રહમાં 'कारकं कृता ३-

૧-૬૮' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી પૂર્વપદ દેવ નો લોપ વગેરે કાર્ય થવાથી दत्तः આવો પ્રયોગ થાય છે; આ સૂત્રથી અનુક્રમે ઉત્તરપદ दत्त નો લોપ થવાથી देवः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી પૂર્વ કે ઉત્તરપદનો લોપ ન થાય ત્યારે देवदत्तः આવો પ્રયોગ થાય છે. અર્થ - વ્યક્તિવિશેષ. ॥૧૦૮॥

● ● ●

## द्व्यन्तरनवर्णोपसर्गादप ईप् ३।२।१०९॥

द्वि अन्तर् અને અવર્ણાન્ત ઉપસર્ગથી ભિન્ન ઉપસર્ગથી પરમાં રહેલા ઉત્તરપદ अप् નામને ईप् આદેશ થાય છે. द्विधा गता आपोऽस्मिन्; अन्तगर्ता आपोऽस्मिन्; निवृत्ता आपोऽस्मिन् અને सङ्गता आपोऽस्मिन् આ અર્થમાં અનુક્રમે द्वि अन्तर् नि અને सम् નામને अप् નામની સાથે 'एकार्थं चा० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. બહુવ્રીહિ સમાસથી જ धा પ્રત્યયનો અર્થ (પ્રકાર) પ્રતીત થતો હોવાથી उक्तार्थानामप्रयोगः - આ ન્યાયના સામર્થ્યથી द्विधा ના धा પ્રત્યયની નિવૃત્તિ. સર્વત્ર 'ऋक्-पूः० ७-३-७६' થી સમાસના અન્તે अत् (अ) પ્રત્યય. આ સૂત્રથી अप् - આ ઉત્તરપદને ईप् આદેશ.... વગેરે કાર્ય થવાથી અનુક્રમે द्वीपम् अन्तरीपम् नीपम् અને समीपम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બે બાજુ પાણી છે જેમાં તે સ્થાન. અંદર પાણી છે જેમાં તે સ્થાન. પાછું વળ્યું છે પાણી જેમાં તે સ્થાન. મળ્યું છે પાણી જેમાં તે સ્થાન.

उपसर्गादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ द्वि अन्तर् અને અવર્ણાન્ત નામને છોડીને અન્ય ઉપસર્ગથી જ પરમાં રહેલા ઉત્તરપદ अप् નામને ईप् આદેશ થાય છે. તેથી

शोभना आपः આ અર્થમાં 'सुः पूजायाम् ३-१-४४' થી सु નામને अप् નામની સાથે તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી स्वापः (જુઓ સૂ.નં. ૧-૪-૮૮) આવો પ્રયોગ થાય છે. सु પૂજાર્થક હોવાથી 'धातोः पूजार्थस्व० ३-१-१' થી તેને ઉપસર્ગ સંજ્ઞા થઈ નથી. જેથી તેનાથી પરમાં રહેલા अप् - આ ઉત્તરપદને આ સૂત્રથી ईप् આદેશ થતો નથી. અર્થ - સારું પાણી. अनवर्णेति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ द्वि अन्तर् અને अवर्णान्त ભિન્ન જ ઉપસર્ગથી પરમાં રહેલા ઉત્તરપદ अप् નામને ईप् આદેશ થાય છે. તેથી प्रवृद्धा आपो यस्मिन् અને परागता आपो यस्मिन् આ અર્થમાં प्र અને परा ઉપસર્ગને अप् નામની સાથે ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન प्रापम् અને परापम् આ પ્રયોગમાં અવર્ણાન્ત (અકારાન્ત આકારાન્ત) प्र અને परा ઉપસર્ગથી પરમાં રહેલા अप् - ઉત્તરપદને આ સૂત્રથી ईप् આદેશ થતો નથી. અર્થક્રમશઃ - વધ્યું છે પાણી જેમાં તે સ્થાન. પાછું વળ્યું છે પાણી જેમાં તે સ્થાન. ॥૧૦૯॥

● ● ●

## *अनोर्देशे उप् ३/२/११०॥*

अनु શબ્દથી પરમાં રહેલા ઉત્તરપદ - अप् ને; સમાસાર્થ દેશ હોય તો उप् આદેશ થાય છે. अनुगता आपो यस्मिन् આ અર્થમાં अनु નામને अप् નામની સાથે 'एकार्थं चाने० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. 'ऋक्-पूः० ७-३-७६' થી સમાસના અન્તે अत् પ્રત્યય. આ સૂત્રથી अप् નામને उप् આદેશ વગેરે કાર્ય થવાથી अनूपो देशः આવો પ્રયોગ થાય છે. અર્થ - અનૂપ નામનો દેશ. देश इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ देश

અર્થ હોય તો જ अनु નામથી પરમાં રહેલા अप् - આ ઉત્તરપદને उप् આદેશ થાય છે. તેથી अनुगता आपो यस्मिन् (वने) આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अन्वीपं वनम् આ પ્રયોગમાં દેશ અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી अप् નામને उप् આદેશ થતો નથી; પરન્તુ પૂર્વ સૂત્રથી (૩-૨-૧૦૯ થી) ईप् આદેશ થયો છે. અર્થ - જલપૂર્ણ વન. ॥૧૧૦॥

● ● ●

## खित्यनव्ययाऽरुषो मोऽन्तो -ह्रस्वश्च ३/२/१११॥

खित् (ख् અનુબન્ધવાળો) પ્રત્યયાન્ત નામ - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા अरुष् નામના અન્તમાં તેમજ અવ્યયથી ભિન્ન સ્વરાન્ત નામના અન્તમાં म् નો આગમ થાય છે; અને યથાસંભવ પૂર્વપદના અન્ત્ય સ્વરને -હ્રસ્વ આદેશ થાય છે. ज्ञमात्मानं मन्यते અને कालीमात्मानं मन्यते આ અર્થમાં ज्ञ અને काली ઉપપદક मन् ધાતુને 'कर्त्तुः खश् ५-१-११७' થી खश् (अ) પ્રત્યય. 'दिवादेः० ३-४-७२' થી खश् ની પૂર્વે य પ્રત્યય. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. 'लुगस्या० २-१-११३' થી य ના अ નો લોપ. આ સૂત્રથી પૂર્વપદ ज्ञ અને काली નામના અન્તમાં म् નો આગમ; તેમજ काली નામના અન્ત્ય ई ને -હ્રસ્વ इ આદેશ..... વગેરે કાર્ય થવાથી ज्ञंमन्यः અને कालिंमन्या આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પોતાને જાણકાર માનનાર. પોતાને કાલી માનનારી. अरुस्तुदति આ અર્થમાં 'बहुविध्व० ५-१-१२४' થી अरु + तुद् ધાતુને खश् પ્રત્યય. 'तुदादेः शः ३-४-८१' થી खश् પ્રત્યયની પૂર્વે श (अ) પ્રત્યય. 'लुगस्या० २-१-११३' થી अ નો લોપ. ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ. આ સૂત્રથી પૂર્વપદ अरुष् ના

અન્તમાં म् નો આગમ. 'संयोग० २-१-८८' થી अरुष् ના ष् નો લોપ..... વગેરે કાર્ય થવાથી अरुन्तुदः આવો પ્રયોગ થાય છે. અર્થ - મર્મ સ્થાનને પીડનાર.

खितीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ खित् પ્રત્યયાન્ત જ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા अरुष् નામના અન્તમાં અથવા અવ્યય ભિન્ન સ્વરાન્ત નામના અન્તમાં म् નો આગમ થાય છે. તેમ જ તે પૂર્વપદના અન્ત્ય સ્વરને -હ્સ્વ આદેશ પણ થાય છે. તેથી ज्ञमन्यं मन्यते આ અર્થમાં ज्ञ + मन् ધાતુને 'मन्याण्णिन् ५-१-११६' થી णिन् (इन्) પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી मन् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ. ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ વગેરે કાર્ય થવાથી ज्ञमानी આવો પ્રયોગ થાય છે. અહીં खित् પ્રત્યયાન્ત - ઉત્તરપદ પરમાં ન હોવાથી આં સૂત્રથી પૂર્વપદ ज्ञ નામના અન્તમાં म् નો આગમ થતો નથી. અર્થ - બીજાને જાણકાર માનનારો.

अनव्ययस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ खित् પ્રત્યયાન્ત નામ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા अरुष् નામના અન્તમાં તેમજ अव्यय થી ભિન્ન જ સ્વરાન્ત નામના અન્તમાં म् નો આગમ અને પૂર્વપદના અન્ત્યસ્વરને યથાસંભવ -હ્સ્વ આદેશ થાય છે. તેથી आत्मानं दोषा मन्यते આ અર્થમાં दोषा + मन् ધાતુને ઉપર જણાવ્યા મુજબ खश् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી दोषामन्यमहः આવો પ્રયોગ થાય છે. અહીં खित्प्रत्ययान्त નામ ઉત્તરપદ પરમાં હોવા છતાં તેની પૂર્વે રહેલા અવ્યયસ્વરૂપ સ્વરાન્ત दोषा નામના અન્તમાં આ સૂત્રથી म् નો આગમ વગેરે કાર્ય થતું નથી. અર્થ - પોતાને રાત્રિ માનનાર દિવસ. ॥૧૧૧॥

• • •

## सत्याऽगदाऽस्तोः कारे ३।२।११२॥

कार - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા सत्य अगद અને अस्तु નામના અન્તમાં म् નો આગમ થાય છે. सत्यं करोति; अगदं करोति અને अस्तु करोति આ અર્થમાં सत्य + कृ; अगद + कृ અને अस्तु + कृ ધાતુને 'कर्मणोऽण् ५-१-७२' થી कृ ધાતુને अण् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી પૂર્વપદ सत्य अगद અને अस्तु નામના અન્તમાં म् નો આગમ વગેરે કાર્ય થવાથી सत्यङ्कारः; अगदङ्कारः અને अस्तुङ्कारः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સત્ય કરનાર. રોગ દૂર કરનાર. સ્વીકાર કરનાર. ॥११२॥

● ● ●

## लोकम्पृण - मध्यन्दिनाऽनभ्याशमित्यम् ३।२।११३॥

लोकम्पृण मध्यन्दिन અને अनभ्याशमित्य આ નામોમાં પૂર્વપદના અન્તમાં म् આગમનું નિપાતન કરાય છે. लोकस्य पृणः આ વિગ્રહમાં 'कृति ३-१-७७' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી પૂર્વપદના અન્તમાં म् નો આગમ.... વગેરે કાર્ય થવાથી लोकम्पृणः આવો પ્રયોગ થાય છે. मध्यं दिनस्य આ વિગ્રહમાં 'सायाह्नादयः ३-१-५३' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી પૂર્વપદના અન્તમાં म् નો આગમ વગેરે કાર્ય થવાથી मध्यन्दिनम् આવો પ્રયોગ થાય છે. अनभ्याश इत्योऽस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી પૂર્વપદ अनभ्याश નામના અન્તમાં म् નો

આગમ... વગેરે કાર્ય થવાથી अनभ्याशमित्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - લોકને ખુશ કરનાર. દિવસનો મધ્યભાગ. દૂર છે જવાનું જેનું તે. ॥૧૧૩॥

## भ्राष्ट्राऽ - ग्नेरिन्धे ३।२।११४॥

इन्ध - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **भ्राष्ट्र** અને **अग्नि** નામના અન્તે म् નો આગમ થાય છે. भ्राष्ट्रस्य इन्धः અને अग्नेरिन्धः આ વિગ્રહમાં 'कृति ३-१-७७' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી પૂર્વપદના અન્તમાં म् નો આગમ.... વગેરે કાર્ય થવાથી भ्राष्ट्रमिन्धः અને अग्निमिन्धः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ભ્રાષ્ટ્ર (તવો વગેરે) ને તપાવનાર. અગ્નિને પ્રજ્વલિત કરનાર. ॥૧૧૪॥

● ● ●

## *अगिलाद् गिल - गिलगिलयोः ३।२।११५॥*

गिल નામ જેના અન્તે છે - એવા નામને છોડીને અન્ય પૂર્વપદના અન્તે તેનાથી પરમાં गिल અને गिलगिल - આ ઉત્તરપદ હોય તો म् નો આગમ થાય છે. तिमिं गिलति આ અર્થમાં तिमि + गिल આ અવસ્થામાં 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી तिमि નામના અન્તમાં म् નો આગમ વગેરે કાર્ય થવાથી तिमिङ्गिलः આવો પ્રયોગ થાય છે. અર્થ - તિમિ - મત્સ્યવિશેષનું ભક્ષણ કરનાર. આવી જ રીતે तिमीनां गिलगिलः આ વિગ્રહમાં 'कृति ३-१-७७' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી तिमि

નામના અન્તમાં म् નો આગમ વગેરે કાર્ય થવાથી तिमिङ्गिलगिलः આવો પ્રયોગ થાય છે. અર્થ - તિમિ - મત્સ્યવિશેષનું ભક્ષણ કરનારનું ભક્ષણ કરનાર. અહીં गिल - આ ઉત્તર પદ નથી. પરન્તુ गिलगिल આ ઉત્તરપદ છે - એ ધ્યાન રાખવું. અન્યથા સૂત્રમાં કેવલ गिल ના ઉપાદાનથી જ तिमिङ्गिलगिलः આ પ્રયોગ થઈ શકશે - એવું જણાશે.

अगिलादिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ गिल અને गिलगिल આ ઉત્રરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા गिलान्त નામથી ભિન્ન જ પૂર્વપદના અન્તમાં म् નો આગમ થાય છે. તેથી तिमिङ्गिलम् गिलति આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન तिमिङ्गिलगिलः (तिमिङ्गिलः ની જેમ) આ પ્રયોગમાં પૂર્વપદ तिमिङ्गिल નામના અન્તે म् નો આગમ આ સૂત્રથી થતો નથી. અર્થ - તિમિઙ્ગિલનું ભક્ષણ કરનાર. અહીં યાદ રાખવું જોઈએ કે સૂત્રમાં अगिलाद् આ પ્રમાણે गिलान्त નામથી ભિન્ન નામનું ઉપાદાન છે. તેમાં गिलान्त નામ સ્વરાન્ત હોવાથી પર્યુદાસ નઞ્ની વિવક્ષાથી गिलान्त ભિન્ન નામ પણ સ્વરાન્ત જ વિવક્ષિત છે. તેથી धूर्गिलः... ઈત્યાદિ સ્થળે વ્યઞ્જનાન્ત તાદૃશ પૂર્વપદના અન્તે આ સૂત્રથી म् નો આગમ થતો નથી. गिलं गिलति આ અર્થમાં तिमिङ्गिलः ની જેમ નિષ્પન્ન गिलगिलः આ પ્રયોગમાં સૂત્રમાંના નિર્દેશ સામર્થ્યથી જ गिल - પૂર્વપદના અન્તે આ સૂત્રથી म् નો આગમ થતો નથી. ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૧૧૫॥

## *भद्रोष्णात् करणे ३।२।११६॥*

करण - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા भद्र અને उष्ण નામના અન્તે म् નો આગમ થાય છે. भद्रस्य करणम् અને उष्णय करणम् આ વિગ્રહમાં 'कृति ३-१-७७' થી તત્પુરુષ

સમાસ. આ સૂત્રથી પૂર્વપદના અન્તે म् નો આગમ વગેરે કાર્ય થવાથી भद्रङ्करणम् અને उष्णङ्करणम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સારું કરવું. ગરમ કરવું. ॥૧૧૬॥

● ● ●

## ***नवाऽखित्कृदन्ते रात्रेः ३/२/११७॥***

खित् પ્રત્યયને છોડીને અન્ય कृत् પ્રત્યય જેના અન્તમાં છે - એવું ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા रात्रि નામના અન્તમાં વિકલ્પથી म् નો આગમ થાય છે. रात्रौ चरति આ અર્થમાં रात्रि + चर् ધાતુને ''चरेष्टः ५-१-१३८' થી ट (अ) પ્રત્યય. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી रात्रि નામના અન્તમાં म् નો આગમ.... વગેરે કાર્ય થવાથી रात्रिञ्चरः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી म् નો આગમ ન થાય ત્યારે रात्रिचरः આવો પ્રયોગ થાય છે. અર્થ - રાત્રે ફરનાર.

खिद्वर्जनं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ खित् પ્રત્યયથી ભિન્ન જ કૃત્પ્રત્યય જેના અન્તે છે - એવું ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા रात्रि નામના અન્તે વિકલ્પથી म् નો આગમ થાય છે. તેથી रात्रिमात्मानं मन्यते આ અર્થમાં रात्रि + मन् ધાતુને સૂ.નં. ३-२-१११માં જણાવ્યા મુજબ ज्ञंमन्यः ની જેમ खश् પ્રત્યયાદિ કાર્ય થવાથી रात्रिंमन्यमहः આવો પ્રયોગ થાય છે. અહીં खित्प्रत्ययान्त ઉત્તરપદ પરમાં હોવાથી रात्रि નામના અન્તે म् નો આગમ આ સૂત્રથી વિકલ્પે થતો નથી. પરન્તુ 'खित्यनव्य० ३-२-१११' થી નિત્ય જ થાય છે. અર્થ - પોતાને રાત્રિ માનનાર દિવસ.

कृदन्त इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अखित् કૃદન્ત જ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા रात्रि નામના અન્તમાં म् નો આગમ વિકલ્પે થાય છે. તેથી रात्रेः सुखम् આ વિગ્રહમાં 'षष्ठ्यय० ३-१-७६' થી તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન रात्रिसुखम् આ પ્રયોગમાં તાદૃશ કૃદન્ત સ્વરૂપ ઉત્તરપદ પરમાં ન હોવાથી આ સૂત્રથી रात्रि નામના અન્તમાં વિકલ્પથી म् નો આગમ થતો નથી. અર્થ - રાત્રિનું સુખ.

अन्तग्रहणं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ खित् પ્રત્યયથી ભિન્ન कृत् પ્રત્યય જેના અન્તે છે - તે જ ઉત્તરપદ પરમાં હોય (માત્ર તાદૃશ કૃત્પ્રત્યય નહીં) તો; તેની પૂર્વે રહેલા रात्रि નામના અન્તમાં વિકલ્પથી म् આગમ થાય છે. તેથી रात्रिरिवाचरति આ અર્થમાં रात्रि નામને 'कर्त्तुः क्विप्० ३-४-२५' થી क्विप् (०) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન रात्रि ધાતુને 'णक - तृचौ ५-१-४८' થી तृच् પ્રત્યય... વગેરે કાર્ય થવાથી रात्रयिता આવો પ્રયોગ થાય છે. અહીં कृत् - तृच् પ્રત્યય પરમાં હોવા છતાં તદન્ત ઉત્તરપદ પરમાં ન હોવાથી रात्रि નામના અન્તે વિકલ્પથી આ સૂત્રથી म् નો આગમ થતો નથી. અર્થ - રાત્રિના જેવું આચરણ કરનાર.

अन्तग्रहणम् किम् ?- આ પ્રશ્નનો આશય છે કે - સૂત્રમાં अन्त પદનો નિર્દેશ ન હોય તો પણ માત્ર कृति પદના નિર્દેશથી પણ 'प्रत्यय० ७-४-११५' - આ પરિભાષાથી જ કૃત્પ્રત્યયાન્તનું ગ્રહણ શક્ય હોવાથી તેના ગ્રહણ માટે अन्तનું ઉપાદાન નિરર્થક છે - આ પ્રશ્નના આશયના અનુસન્ધાનમાં સમાધાનનો આશય એ છે કે - ઉત્તરપદને નિમિત્ત બનાવીને વિહિત કાર્ય પ્રસઙ્ગે પ્રત્યય ગ્રહણથી તદન્તનું ગ્રહણ થતું નથી. - એ જણાવવાં માટે પ્રકૃત સૂત્રમાં अन्त ગ્રહણ છે. પ્રકૃત સૂત્રમાં અન્તનું ગ્રહણ પણ ન જોઈએ અને તેનાથી સૂચિત 'संज्ञोत्तर पदाधिकारे प्रत्ययग्रहणे न तदन्तस्य' - આ ન્યાય પણ ન જોઈએ. - આવું નહીં કહેવું જોઈએ. કારણ કે તાદૃશન્યાયના અનાશ્રયથી 'कालात्तन० ३-२-२४' માં તનાદિ

પ્રત્યયાન્તના ગ્રહણનો પ્રસંગ આવશે; તેથી તેના નિવારણ માટે ઉપર્યુક્ત ન્યાયનું આશ્રયણ આવશ્યક છે અને એના જ્ઞાપન માટે આ સૂત્રમાં अन्त ગ્રહણ પણ સાર્થક છે... ઈત્યાદિ અધ્યાપકે સમજાવવું જોઈએ. ॥૧૧૭॥

● ● ●

## *धेनो र्भव्यायाम् ३/२/११८॥*

भव्या - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા धेनु નામના અન્તમાં વિકલ્પથી म् નો આગમ થાય છે. धेनुश्चासौ भव्या આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારય સમાસ. આ સૂત્રથી धेनु નામના અન્તમાં म् નો આગમ... વગેરે કાર્ય થવાથી धेनुम्भव्या આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી म् નો આગમ ન થાય ત્યારે धेनुभव्या આવો પ્રયોગ થાય છે. અર્થ - સારી ગાય. આ સૂત્રથી भव्या આ ઉત્તરપદની પૂર્વે म् નો આગમ વિહિત હોવાથી જ વિશેષણવાચક પણ भव्या નામનો અહીં કર્મધારય સમાસમાં धेनु નામથી પરમાં નિપાત છે - એ યાદ રાખવું. ॥૧૧૮॥

● ● ●

## *अषष्ठीतृतीयादन्याद् दोऽर्थे ३/२/११९॥*

अर्थ - આ ઉત્તરપર પદમાં હોય તો; તેનાથી પૂર્વે રહેલા ષષ્ઠી અને તૃતીયા વિભક્ત્યન્તને છોડીને अन्य વિભક્ત્યન્ત અન્ય નામના અન્તે द् નો આગમ વિકલ્પથી થાય છે.

अन्यश्चासावर्थः; अन्योऽर्थोऽस्य અને अन्यस्मिन् अर्थः આ વિગ્રહમાં અનુક્રમે 'विशेषणं० ३-१-९६' થી કર્મધારય સમાસ. 'एकार्थं० ३-१-२२' બહુવ્રીહિ સમાસ અને 'सप्तमी० ३-१-८८' થી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી अन्य નામના અન્તમાં द् નો આગમ વગેરે કાર્ય થવાથી अन्यदर्थः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી द् નો આગમ ન થાય ત્યારે अन्यार्थः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બીજો અર્થ. બીજો અર્થવાળો. બીજામાં અર્થ. (પ્રયોજન.) षष्ठ्यादिवर्जनं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अर्थ - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા षष्ठ्यन्त અને तृतीयान्त ભિન્ન જ अन्य નામના અન્તમાં વિકલ્પથી द् નો આગમ થાય છે. તેથી अन्यस्यार्थः અને अन्येनार्थः આ વિગ્રહમાં અનુક્રમે 'षष्ठ्यय० ३-१-७६' થી અને 'ऊनार्थपूर्वाद्यैः ३-१-६७' થી તત્પુરુષ સમાસ વગેરે કાર્યથી નિષ્પન્ન अन्यार्थः - આ પ્રયોગમાં षष्ठ्यन्त અને तृतीयान्त अन्य નામના અન્તમાં આ સૂત્રથી द् નો આગમ થતો નથી. અર્થક્રમશઃ - બીજાનો અર્થ. બીજાથી અર્થ. (પ્રયોજન.) ॥૧૧૯॥

● ● ●

## *आशीराशाऽऽस्थिताऽऽस्थोत्सुकोति - रागे ३।२।१२०॥*

आशिष् आशा आस्थित आस्था उत्सुक ऊति અને राग - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા - षष्ठ्यन्त અને तृतीयान्त થી ભિન્ન अन्य નામના અન્તમાં द् નો આગમ (નિત્ય) થાય છે. પૂર્વ સૂત્રથી આ સૂત્રનો પૃથગ્ આરંભ હોવાથી वा નો અધિકાર આ સૂત્રમાં નથી. अन्याशीः; अन्याशा આ વિગ્રહમાં *'विशेषणं० ३-१-९६' થી કર્મધારય સમાસ. अन्यमास्थितः આ*

વિગ્રહમાં 'श्रितादिभिः ३-१-६२'થી તત્પુરુષ સમાસ. अन्यास्था આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ કર્મધારય સમાસ.अन्यस्मिन्नुत्सुकः આ વિગ્રહમાં 'सप्तमी० ३-१-८८' થી સપ્તમી તત્પુરુષ સમાસ. अन्योतिः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ કર્મધારય સમાસ અને अन्यस्मिन् रागः આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ સપ્તમી તત્પુરુષ સમાસ. 'ऐकार्थ्ये ३-२-८' થી સર્વત્ર સ્યાદિ પ્રત્યયનો લોપ. આ સૂત્રથી अन्य નામના અન્તમાં द् નો આગમ વગેરે કાર્ય થવાથી અનુક્રમે अन्यदाशीः; अन्यदाशा; अन्यदास्थितः; अन्यदास्था; अन्यदुत्सुकः; अन्यदूतिः અને अन्यद्रागः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બીજો આશીર્વાદ. બીજી આશા. બીજા ઉપર વિશ્વાસવાળો. બીજો વિશ્વાસ. બીજામાં ઉત્સુક. બીજું વીણવું. બીજામાં રાગ.

अषष्ठीतृतीयादित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आशिष् आशा... વગેરે નામ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા षष्ठ्यन्त અને तृतीयान्त થી ભિન્ન જ અન્ય નામના અન્તમાં द् નો આગમ થાય છે. તેથી अन्यस्याशीः અને अन्येनाशीः આ વિગ્રહમાં અનુક્રમે 'षष्ठ्यय० ३-१-७६' થી અને 'ऊनार्थपूर्वाद्यैः ३-१-६७' થી તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अन्याशीः આ પ્રયોગમાં षष्ठ्यन्त અને तृतीयान्त अन्य નામના અન્તમાં આ સૂત્રથી द् નો આગમ થતો નથી. અર્થક્રમશઃ - બીજાનો આશીર્વાદ. બીજા દ્વારા આશીર્વાદ. अन्याशीः अन्याशा.... વગેરે સ્થળે अन्या નામને 'सर्वादयोऽस्यादौ ३-२-६१' થી પુંવદ્ભાવ થવાથી आप् પ્રત્યયની નિવૃત્તિ થાય છે - એ સમજી શકાય છે. ॥૧૨૦॥

• • •

## ईय - कारके ३।२।१२१॥

ईय પ્રત્યય અથવા कारक - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા अन्य નામના અન્તમાં द् નો આગમ થાય છે. પૂર્વ સૂત્રથી આ સૂત્રનો પૃથગ્આરંભ હોવાથી अषष्ठीतृतीयाद् ની અનુવૃત્તિની નિવૃત્તિ થાય છે. अन्यस्यायम् આ અર્થમાં અન્ય નામને 'गहादिभ्यः ६-३-६३' થી ईय પ્રત્યય. 'ऐकार्थ्ये ३-२-८' થી સ્યાદિ પ્રત્યયનો લોપ. આ સૂત્રથી અન્ય નામના અન્તમાં द् નો આગમ વગેરે કાર્ય થવાથી अन्यदीयः આવો પ્રયોગ થાય છે. અર્થ - બીજાનું આ. अन्यस्य कारकः આ વિગ્રહમાં 'कृति ३-१-७७' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી अन्य નામના અન્તમાં द् નો આગમ વગેરે કાર્ય થવાથી अन्यत्कारकः આવો પ્રયોગ થાય છે. અર્થ - બીજું કરનાર. ॥૧૨૧॥

● ● ●

## सर्वादि - विष्वग् - देवाड्डद्रिः क्व्यञ्चौ ३।२।१२२॥

क्विप् પ્રત્યયાન્ત अञ्च् ધાતુ - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા સર્વાદિ ગણપાઠમાંના सर्व विश्व... વગેરે નામના અન્તમાં તેમ જ विश्वच् અને देव નામના અન્તમાં डद्रि (अद्रि) નો આગમ થાય છે. सर्वमञ्चतः આ અર્થમાં सर्व + अञ्च् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् (०) પ્રત્યય. 'अञ्चोऽनर्चायाम् ४-२-४६' થી अञ्च् ના न् નો લોપ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી सर्व નામના અન્તમાં डद्रि નો આગમ. 'डित्यन्त्य० २-१-११४' થી सर्व નામના અન્ત્ય अ નો

લોપ. सर्वद्र्यच् નામને शस् પ્રત્યય. 'अच्च् प्राग् दीर्घश्च २-१-१०४' થી अच् ને च् આદેશ તથા अद्रि ના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી सर्वद्रीचः આવો પ્રયોગ થાય છે. द्वावञ्चति આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ द्वि + अञ्च् ધાતુને क्विप् પ્રત્યય. अञ्च् ના न् નો લોપ. આ સૂત્રથી द्वि નામના (સર્વાદિ ગણપાઠમાંના નામના) અન્તમાં डद्रि નો આગમ. द्वि ના इ નો લોપ. द्वद्र्यच् નામને सि પ્રત્યય. 'अचः १-४-६९' થી च् ની પૂર્વે न् નો આગમ. 'दीर्घ० १-४-४५' થી सि નો લોપ. 'पदस्य २-१-८९' થી च् નો લોપ. 'युजञ्च० २-१-७१' થી न् ને ङ् આદેશ થવાથી द्वद्र्यङ् આવો પ્રયોગ થાય છે. किमञ्चति આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ किम् + अञ्च् ધાતુને क्विप् પ્રત્યયાદિ કાર્ય અને આ સૂત્રથી किम् નામના અન્તે डद्रि નો આગમ વગેરે કાર્ય થવાથી कद्र्यङ् આવો પ્રયોગ થાય છે. विष्वगञ्चति આ અર્થમાં विष्वग् + अञ्च् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યયાદિ કાર્ય અને विष्वग् નામના અન્તમાં આ સૂત્રથી डद्रिનો આગમ વગેરે કાર્ય થવાથી विष्वद्र्यङ् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે देवमञ्चति આ અર્થમાં देव + अञ्च् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યય તથા देव નામના અન્તમાં આ સૂત્રથી डद्रि આગમ વગેરે કાર્ય થવાથી देवद्र्यङ् આવો પ્રયોગ થાય છે. અહીં अञ्च् ધાતુ પૂજાર્થક હોવાથી તેના न् નો ઉપર જણાવ્યા મુજબ લોપ ન થવાથી च् ની પૂર્વે न् નો આગમ પણ થતો નથી. - એ યાદ રાખવું. અર્થક્રમશઃ - બધે જનારાઓને. બે સ્થાને જનાર. ક્યાં જનાર. સર્વત્ર જનાર. દેવને પૂજનાર.

क्वीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યયાન્ત જ अञ्च् ધાતુ (અન્ય પ્રત્યયાન્ત अञ्च् ધાતુ નહીં) ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા નામના સર્વાદિ ગણપાઠમાંના નામના અન્તમાં તેમજ विश्वच् અને देव નામના અન્તમાં डद्रि નો આગમ થાય છે. તેથી विष्वग् अञ्चनम् આ વિગ્રહમાં 'सप्तमी० ३-१-८८' થી તત્પુરુષ સમાસાદિ કાર્યથી

નિષ્પન્ન विष्वगञ्चनम् - આ પ્રયોગમાં क्विप् પ્રત્યયાન્ત अञ्च् ધાતુ - ઉત્તરપદ પરમાં ન હોવાથી આ સૂત્રથી विष्वग् નામના અન્તમાં डद्रि નો આગમ થતો નથી. અર્થ - સર્વત્ર જવું તે. ॥૧૨૨॥

● ● ●

### सह - समः सध्रि - समि ३।२।१२३॥

क्विप् પ્રત્યયાન્ત अञ्च् ધાતુ - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા सह અને सम નામને અનુક્રમે सध्रि અને सम આદેશ થાય છે. सह अञ्चति અને सम अञ्चति આ અર્થમાં सह + अञ्च् અને सम + अञ्च् ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् પ્રત્યય. 'अञ्चोऽन० ४-२-४६' થી अञ्च् ના न् નો લોપ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી सह નામને सध्रि અને सम નામને समि આદેશ. सध्र्यच् અને सम्यच् નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી सध्र्यङ् અને सम्यङ् આવો પ્રયોગ થાય છે. (જુઓ સૂ.નં. ३-२-१२२ માં द्रव्यङ्) અર્થક્રમશઃ - સાથે જનાર. સાથે જનાર.

क्व्यञ्चावित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યયાન્ત જ अञ्च् ધાતુ - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા सह અને सम નામને અનુક્રમે सध्रि અને समि આદેશ થાય છે. તેથી सह अञ्चनम् આ વિગ્રહમાં 'नाम नाम्नैका० ३-१-१८' થી સમાસાદિ કાર્યથી નિષ્પન્ન सहाञ्चनम् આ પ્રયોગમાં क्विप् પ્રત્યયાન્ત अञ्च् ધાતુ ઉત્તરપદ પરમાં ન હોવાથી सह નામને આ સૂત્રથી सध्रि આદેશ થતો નથી. અર્થ - સાથે જવું તે. ॥૧૨૩॥

● ● ●

## तिरसस्तिर्यति ३।२।१२४॥

क्विप् પ્રત્યયાન્ત અકારાદિ - अञ्च् ધાતુ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા तिरस् નામને तिरि આદેશ થાય છે. तिरोऽञ्चति આ અર્થમાં સૂ.નં. ૩-૨-૧૨૨ માં જણાવ્યા મુજબ क्विप् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન तिरस् + अच् આ અવસ્થામાં આ સૂત્રથી तिरस् નામને तिरि આદેશાદિ કાર્ય થવાથી तिर्यङ् આવો પ્રયોગ થાય છે. અર્થ - વાંકો ચાલનાર. अतीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्विप् प्रत्ययान्त अकारादि જ अञ्च् ધાતુ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા तिरस् નામને तिरि આદેશ થાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ तिरस् + अच् આ અવસ્થા બાદ शस् પ્રત્યય. 'अच्च् प्राग्० २-१-१०४' થી अच् ને च् આદેશાદિ કાર્ય થવાથી तिरश्चः આવો પ્રયોગ થાય છે. અહીં क्विप् प्रत्ययान्त अञ्च् ધાતુ - ઉત્તરપદ अकारादि ન હોવાથી (चकारादि હોવાથી) તેની પૂર્વે રહેલા तिरस् નામને तिरि આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થ - પક્ષીઓને. ॥૧૨૪॥

● ● ●

## नञत् ३।२।१२५॥

કોઇ પણ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા नञ् ને अ આદેશ થાય છે. न विद्यते चौरोऽस्मिन् આ અર્થમાં नञ् (न) નામને चौर નામની સાથે 'एकार्थं चा० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી नञ् ને अ આદેશ વગેરે કાર્ય થવાથી अचौरः

पन्थाः આવો પ્રયોગ થાય છે. અર્થ - ચોરરહિત માર્ગ. उत्तरपद इत्येव = આ સૂત્રથી ઉત્તરપદ જ પરમાં હોય તો (સામાન્યતઃ પદ પરમાં હોય તો નહીં) તેની પૂર્વે રહેલા नञ् નામને अ આદેશ થાય છે. તેથી न भुङ्क्ते અહીં સમાસ ન હોવાથી તદારંભકઅન્ત્યપદ સ્વરૂપ - ઉત્તરપદ પરમાં ન હોવાથી તેની પૂર્વે રહેલા नञ् ને આ સૂત્રથી अ આદેશ થતો નથી. અર્થ - ખાતો નથી. ॥૧૨૫॥

● ● ●

## त्यादौ क्षेपे ३।२।१२६॥

નિન્દા અર્થ ગમ્યમાન હોય તો तिवादि પ્રત્યયાન્ત પદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા नञ् નામને अ આદેશ થાય છે. न पचसि त्वं जाल्म અહીં નિન્દાના વિષયમાં तिवादि - सिव् પ્રત્યયાન્ત पचसि પદ પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા नञ् નામને આ સૂત્રથી अ આદેશ થવાથી अपचसि त्वं जाल्म ! આવો પ્રયોગ થાય છે. અર્થ - નીચ ! તું ખરાબ રાંધે છે. क्षेप इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિન્દાના જ વિષયમાં तिवादि પ્રત્યયાન્ત પદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા नञ् નામને अ આદેશ થાય છે. તેથી न पचति चैत्रः અહીં નિંદાનો વિષય ન હોવાથી नञ् નામને આ સૂત્રથી अ આદેશ થતો નથી. અર્થ - ચૈત્ર રાંધતો નથી. ॥૧૨૬॥

● ● ●

## नगोऽप्राणिनि वा ३।२।१२७॥

સમાસાર્થ પ્રાણી ન હોય તો નગ આ પ્રમાણે વિકલ્પથી નિપાતન કરાય છે. न गच्छति આ અર્થમાં न + ग (गम् ધાતુને ઉણાદિ ड પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન) આ અવસ્થામાં 'नञ् ३-१-५१' થી તત્પુરુષ સમાસ. नञत् ३-२-१२५' થી नञ् નામને પ્રાપ્ત अ આદેશનો આ સૂત્રથી નિપાતનના કારણે નિષેધ વગેરે કાર્ય થવાથી नगः ને વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अ આદેશનો નિષેધ ન થાય ત્યારે તે સૂત્રથી (૩-૨-૧૨૫ થી) अ આદેશાદિ કાર્ય થવાથી अगो गिरिः આવો પ્રયોગ થાય છે. અર્થ - પર્વત. अप्राणिनीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમાસનો અર્થ પ્રાણી ભિન્ન જ હોય તો નગ આ પ્રમાણે વિકલ્પથી નિપાતન થાય છે. તેથી अगोऽयं शीतेन અહીં સમાસાર્થ પ્રાણી હોવાથી આ સૂત્રથી अग ના સ્થાને વિકલ્પે नग આ પ્રમાણે નિપાતન થતું નથી. અર્થ - શૈત્યના કારણે જઈ ન શકનારો આ. ॥૧૨૭॥

● ● ●

## नखादयः ३।२।१२८॥

नखादि ગણપાઠમાંના नख વગેરે નામોમાં नञ् ને अ વગેરે આદેશાભાવનું નિપાતન કરાય છે. नास्ति खं यस्मिन् આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. 'नञत् ३-२-१२५' થી પ્રાપ્ત अ આદેશનો નિપાતનના કારણે નિષેધ વગેરે કાર્ય થવાથી नखः આવો પ્રયોગ થાય છે. न असत्यः આ વિગ્રહમાં 'नञ् ३-१-५१' થી તત્પુરુષ સમાસ. नञ् ને 'अन् स्वरे ३-२-१२९' થી

પ્રાપ્ત अन् આદેશનો; નિપાતનના કારણે આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી नासत्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - નખ. અસત્યભિન્ન. ॥૧૨૮॥

● ● ●

## अन् स्वरे ३।२।१२९॥

સ્વરાદિ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા नञ् ને न् આદેશ થાય છે. नास्त्यन्तो यस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી नञ् ને अन् આદેશ વગેરે કાર્ય થવાથી अनन्तो जिनः આવો પ્રયોગ થાય છે. અર્થ - ચૌદમા શ્રી અનન્તનાથસ્વામી તીર્થંકર. ॥૧૨૯॥

● ● ●

## कोः कत् तत्पुरुषे ३।२।१३०॥

સ્વરાદિ - ઉત્તરપદ પરમાં હોય તો; તત્પુરુષ સમાસમાં कु નામને कद् આદેશ થાય છે. कुत्सितोऽश्वः આ અર્થમાં 'गतिक्वन्य० ३-१-४२' થી कु નામને अश्व નામની સાથે તત્પુરુષ સમાસ. આ સૂત્રથી कु નામને कद् આદેશાદિ કાર્ય થવાથી कदश्वः આવો પ્રયોગ થાય છે. અર્થ - ખરાબ ઘોડો. तत्पुरुष इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસમાં જ સ્વરાદિ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા कु નામને कद् આદેશ થાય છે. તેથી कुत्सित उष्ट्रो यस्मिन् देशे આ અર્થમાં 'एकार्थं० ३-१-२२' થી कु નામને उष्ट्र નામની સાથે બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી

નિષ્પન્ન कूष्ट्रो देशः આ પ્રયોગમાં તત્પુરુષ સમાસ ન હોવાથી આ સૂત્રથી कु નામને कद् આદેશ થતો નથી. અર્થ - નિન્દિત ઊંટવાલો દેશ. स्वर इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસમાં સ્વરાદિ જ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા कु નામને कद् આદેશ થાય છે. તેથી कुत्सितो ब्राह्मणः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન कुब्राह्मणः - આ પ્રયોગમાં સ્વરાદિ ઉત્તરપદ પરમાં ન હોવાથી कु નામને આ સૂત્રથી कद् આદેશ થતો નથી. અર્થ - ખરાબ બ્રાહ્મણ. ।।૧૩૦।।

● ● ●

## रथ - वदे ३।२।१३१।।

રથ અને વદ - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેનાથી પૂર્વે રહેલા कु નામને कद् આદેશ થાય છે. कुत्सितो रथः અથવા कुत्सितो रथोऽस्य આ અર્થમાં 'गतिक्वन्य० ३-१-४२' થી તત્પુરુષ સમાસ અથવા 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી कु નામને कद् આદેશ.... વગેરે કાર્ય થવાથી कद्रथः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે कुत्सितो वदोऽस्य આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી कु નામને कद् આદેશ વગેરે કાર્ય થવાથી कद्वदः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ખરાબ રથ - અથવા ખરાબ રથવાન્. ખરાબ બોલનાર. ।।૧૩૧।।

● ● ●

## तृणे जातौ ३/२/१३२//

जाति અર્થમાં तृण ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા कु નામને कद् આદેશ થાય છે. कुत्सितं तृणमस्याः આ અર્થમાં 'एकार्थं० ३-१-२२' થી कु નામને तृण નામની સાથે બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી कु નામને कद् આદેશ. સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી कत्तृणा रौहिषाख्या तृणजातिः આવો પ્રયોગ થાય છે. અર્થ - ખરાબ અવયવવાળું રૌહિષ જાતિનું ઘાસ. ॥૧૩૨॥

● ● ●

## कत् त्रिः ३/२/१३३//

त्रि નામ - ઉત્તરપદ પરમાં હોય તો તેનાથી પૂર્વે રહેલા कु અથવા किम् નામને कद् આદેશ (નિપાતિત) થાય છે. कुत्सितास्त्रयः આ અર્થમાં 'गतिक्वन्य० ३-१-४२' થી તત્પુરુષ સમાસ. અથવા के त्रयः આ અર્થમાં 'किं क्षेपे ३-१-११०' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી कु અથવા किम् નામને कद् આદેશાદિ કાર્ય થવાથી कत्त्रयः આવો પ્રયોગ થાય છે. અર્થ - (બંન્નેનો) - નિન્દિત ત્રણ. ॥૧૩૩॥

● ● ●

## काऽक्ष - पथोः ३/२/१३४//

अक्ष અને पथिन् - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા कु નામને का આદેશ થાય છે. कुत्सितोऽक्षः અને

कुत्सितः पन्थाः આ અર્થમાં 'गतिक्वन्य० ३-१-४२' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી कु નામને का આદેશ. कापथिन् નામના અન્તમાં 'ऋक् - पूः० ७-३-७६' થી अत् (अ) પ્રત્યય. 'नोऽपदस्य० ७-४-६१' થી इन् નો લોપ વગેરે કાર્ય થવાથી काक्षः અને कापथम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ખરાબ પાસો. ખરાબ માર્ગ. અહીં અકારાન્ત अक्ष નામનું અને સમાસાન્ત પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન अक्ष નામનું સામાન્યથી ગ્રહણ હોવાથી कुत्सितमक्षि यस्य આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ कु નામને का આદેશ વગેરે કાર્ય થવાથી काक्षः આવો પ્રયોગ થાય છે. पथिन् સમાનાર્થક पथ - આ અકારાન્ત નામનું ગ્રહણ ન હોવાથી कुपथम्..... ઇત્યાદિ સ્થળે कु નામને का આદેશ આ સૂત્રથી થતો નથી - એ યાદ રાખવું. ॥૧૩૪॥

● ● ●

## पुरुषे वा ३।२।१३५॥

पुरुष - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા कु નામને का આદેશ વિકલ્પથી થાય છે. कुत्सितः पुरुषः આ અર્થમાં 'गतिक्वन्य० ३-१-४२' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી कु નામને का આદેશ વગેરે કાર્ય થવાથી कापुरुषः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં ઉપર જણાવ્યા મુજબ कु નામને આ સૂત્રથી का આદેશ ન થાય ત્યારે कुपुरुषः આવો પ્રયોગ થાય છે. અર્થ - ખરાબ પુરુષ. ॥૧૩૫॥

● ● ●

## अल्पे ३।२।१३६॥

કોઈ પણ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અલ્પાર્થક कु નામને का આદેશ થાય છે. ईषन्मधुरम् અને ईषदच्छम् આ અર્થમાં 'गतिक्वन्य० ३-१-४२' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી कु નામને का આદેશ વગેરે કાર્ય થવાથી कामधुरम् અને काच्छम् આવો પ્રયોગ થાય છે. સ્વરાદિ ઉત્તરપદ પરમાં હોય તો પણ અલ્પાર્થક તાદૃશ कु નામને આ સૂત્રથી का આદેશ જ થાય છે. 'कोः कत्० ३-२-१३०' થી कद् આદેશ નહીં - એ સમજી શકાય છે. અર્થ - થોડું મધુર. થોડું સ્વચ્છ.

● ● ●

## का - कवौ वोष्णे ३।२।१३७॥

उष्ण - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા कु નામને का અને कव આદેશ વિકલ્પથી થાય છે. ईषत् कुत्सितं वोष्णम् આ અર્થમાં कु નામને उष्ण નામની સાથે 'गतिक्व० ३-१-४२' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી कु નામને का આદેશ થવાથી कोष्णम् અને कव આદેશ થવાથી कवोष्णम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી कु નામને का અને कव આદેશ ન થાય ત્યારે યથાપ્રાપ્ત તત્પુરુષ સમાસમાં कु નામને कद् આદેશ વગેરે કાર્ય થવાથી कदुष्णम् આવો પ્રયોગ થાય છે. અર્થ - થોડું અથવા ખરાબ ગરમ. ईषदुष्णम् यत्र આ અર્થમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી कोष्णः कवोष्णः અને कूष्णो देशः આવો પ્રયોગ થાય છે. અર્થ - થોડી ગરમીવાળો દેશ. ॥૧૩૭॥

● ● ●

## कृत्येऽवश्यमो लुक् ३।२।१३८॥

कृत्य પ્રત્યયાન્ત નામ - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા अवश्यम् ના અન્ત્ય म् નો લોપ થાય છે. अवश्यं कार्यम् આ અર્થમાં अवश्यम् અવ્યયને कृत्य પ્રત્યયાન્ત कार्य નામની સાથે તત્પુરુષ સમાસ. આ સૂત્રથી अवश्यम् નામના અન્ત્ય म् નો લોપ વગેરે કાર્ય થવાથી अवश्यकार्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ - અવશ્ય કરવા યોગ્ય. कृत्य इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कृत्य પ્રત્યયાન્ત જ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अवश्यम् નામના અન્ત્ય म् નો લોપ થાય છે. તેથી अवश्यं लावकः આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન अवश्यं लावकः આ પ્રયોગમાં कृत्य પ્રત્યયાન્ત નામ ઉત્તરપદ પરમાં ન હોવાથી આ સૂત્રથી अवश्यम् નામના અન્ત્ય म् નો લોપ થતો નથી. સૂ.નં. ५-१-४७ માં જણાવેલા घ्यण् तव्य अनीय य અને क्यप् - આ પ્રત્યયો જ कृत्य પ્રત્યયો છે. અર્થ - અવશ્ય કાપનાર. लू ધાતુને 'णक - तृचौ ५-१-४८' થી णक પ્રત્યયાદિ કાર્ય થવાથી लावक આ कृत् પ્રત્યયાન્ત નામ બને છે. ॥१३८॥

• • •

## समस्तत - हिते वा ३।२।१३९॥

तत અને हित - આ ઉત્તરપદ પરમાં હોય તો; सम् ના म् નો વિકલ્પથી લોપ થાય છે. सम् + ततम् અને सम् + हितम् આ અવસ્થામાં 'गतिक्वन्य० ३-१-४२' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી सम् ના અન્ત્ય म् નો લોપ વગેરે કાર્ય થવાથી संततम् અને

सहितम् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વિકલ્પપક્ષમાં सम् ના અન્ત્ય म् નો લોપ ન થાય ત્યારે सन्ततम् અને संहितम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સર્વદા. સહિત. ॥૧૩૯॥

● ● ●

## *तुमश्च मनः - कामे ३/२/१४०॥*

મનસ્ અને काम - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા तुम् પ્રત્યયાન્ત નામના તેમજ सम् નામના અન્ત્ય म् નો લોપ થાય છે. भोक्तुं मनोऽस्य અને गन्तुं कामोऽस्य આ વિગ્રહમાં 'एकार्थं चाने० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી तुम् પ્રત્યયાન્ત भोक्तुम् અને गन्तुम् નામના અન્ત્ય म् નો લોપ..... વગેરે કાર્ય થવાથી भोक्तुमनाः અને गन्तुकामः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ભોજનની ઇચ્છાવાળો. જવાની ઇચ્છાવાળો. सम्यग्मनोऽस्य અને सम्यक् कामोऽस्य આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી सम् ના म् નો લોપ વગેરે કાર્ય થવાથી समनाः અને सकामः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સારી ઇચ્છાવાલો. સારી ઇચ્છાવાલો. सह मनसा सह कामेन वा वर्त्तते આ અર્થમાં બહુવ્રીહિ સમાસાદિ કાર્ય બાદ सह ને સૂ. નં. ३-२-१४३ થી स આદેશાદિ કાર્યથી પણ समनाः અને सकामः આવો પ્રયોગ થઇ શકે છે. પરન્તુ ઉપર્યુક્ત સ્થળે सम् ના म् ની સાથે सम्मनाः અને संकामः આવો અનિષ્ટ પ્રયોગ ન થાય - એ માટે સૂત્રમાં च થી सम् નું ગ્રહણ છે. ॥૧૪૦॥

● ● ●

## *मांसस्याऽनङ् - घञि पचि नवा ३।२।१४१॥*

अनट् અને घञ् પ્રત્યયાન્ત पच् ધાતુ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા मांस નામના અન્ત્ય વર્ણનો વિકલ્પથી લોપ થાય છે. मांसस्य पाकः અને मांसस्य पचनम् આ વિગ્રહમાં 'कृति ३-१-७७' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી मांस નામના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી मांस्पाकः અને मांस्पचनम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી मांस નામના અન્ત્ય વર્ણનો લોપ ન થાય ત્યારે मांसपाकः અને मांसपचनम् આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - માંસ રાંધવું. ॥૧૪૧॥

● ● ●

## *दिक्शब्दात् तीरस्य तारः ३।२।१४२॥*

દિશા વાચક પૂર્વપદથી પરમાં રહેલા ઉત્તરપદ तीर ને વિકલ્પથી तार આદેશ થાય છે. दक्षिणस्या दिशो दक्षिणस्य देशस्य वा तीरम् આ વિગ્રહમાં 'षष्ठ्ययत्ना० ३-१-७६' થી दक्षिणा અથવા दक्षिण નામને तीर નામની સાથે તત્પુરુષ સમાસ. 'सर्वादयो० ३-२-६१' થી दक्षिणा નામને પુંવદ્ભાવ. આ સૂત્રથી तीर નામને तार આદેશાદિ કાર્ય થવાથી दक्षिणतारम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી तीर ને तार આદેશ ન થાય ત્યારે दक्षिणतीरम् આવો પ્રયોગ થાય છે. અર્થ - દક્ષિણ દિશા અથવા દેશનું તીર. ॥૧૪૨॥

● ● ●

## सहस्य सोऽन्यार्थे ३।२।१४३॥

અન્યાર્થ પ્રધાન - બહુવ્રીહિ સમાસમાં કોઇ પણ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા सह નામને વિકલ્પથી स આદેશ થાય છે. पुत्रेण सह (आगतः) આ વિગ્રહમાં 'सहस्तेन ૩-૧-૨૪' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી सह નામને स આદેશ વગેરે કાર્ય થવાથી सपुत्रः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सह નામને स આદેશ ન થાય ત્યારે सहपुत्रः આવો પ્રયોગ થાય છે. અર્થ - પુત્રની સાથે (આવેલો.) अन्यार्थ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અન્યાર્થમાં (બહુવ્રીહિ સમાસમાં) જ; કોઇ પણ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા सह નામને વિકલ્પથી स આદેશ થાય છે. તેથી सह जातः આ અર્થમાં सह + जन् ધાતુને 'क्वचित् ૫-૧-૧૭૧' થી ड (अ) પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી जन् ના अन् નો લોપ. 'ङस्युक्तं कृता ૩-૧-૪૯' થી તત્પુરુષ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન सहजः આવો પ્રયોગ થાય છે. અહીં અન્યાર્થ પ્રધાન ન હોવાંથી (ઉત્તર પદાર્થ પ્રધાન હોવાથી) આ સૂત્રથી सह નામને વિકલ્પથી स આદેશ થતો નથી. અર્થ - સાથે ઉત્પન્ન. ॥૧૪૩॥

● ● ●

## नाम्नि ३।२।१४४॥

સંજ્ઞાના વિષયમાં ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા सह નામને બહુવ્રીહિ સમાસમાં स આદેશ થાય છે. પૂર્વ સૂત્રથી પૃથગ્ આરંભ હોવાથી આ સૂત્રમાં वा નો અધિકાર નિવૃત્ત

છે. अश्वत्थेन सह (वर्त्तते) આ વિગ્રહમાં 'सहस्तेन ૩-૧-૨૪' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી सह નામને स આદેશ વગેરે કાર્ય થવાથી साश्वत्थं वनम् આવો પ્રયોગ થાય છે. અર્થ - સાશ્વત્થ નામનું વન. अन्यार्थ इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા सह નામને; અન્યાર્થમાં જ (બહુવ્રીહિ સમાસમાં જ) स આદેશ થાય છે. सह दीव्यति આ અર્થમાં सह + देव આ અવસ્થામાં 'अव्ययं प्रवृ० ३-१-४८' થી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી નિષ્પન્ન सहदेवः कुरुः - આ પ્રયોગમાં સંજ્ઞાનો વિષય હોવા છતાં અન્યાર્થ ન હોવાથી (ઉત્તરપદાર્થ પ્રધાન હોવાથી) આ સૂત્રથી सह નામને स આદેશ થતો નથી. અર્થ - કુરુવંશીય સહદેવ નામની વ્યક્તિ વિશેષ. ||૧૪૪||

● ● ●

## *अदृश्याऽधिके ३।२।१४५।।*

अदृश्यार्थक અને अधिकार्थक - ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા सह નામને બહુવ્રીહિ સમાસમાં स આદેશ થાય છે. પરોક્ષ અર્થાત્ જોઇ શકાય નહિ તેને अदृश्य કહેવાય છે અને अधिरूढ અર્થાત્ લઘુપરિમાણને अधिक કહેવાય છે. अग्निना सह અને द्रोणेन सह (वर्त्तते) આ વિગ્રહમાં 'सहस्तेन ३-१-२४' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી सह નામને स આદેશ વગેરે કાર્ય થવાથી साग्निः कपोतः અને सद्रोणा खारी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - અગ્નિ સહિત કબુતર. દ્રોણ (૧૦ શેર) સહિત ખારી (૪૦ શેર). અહીં કબુતરમાં અગ્નિ જોઇ શકાતો ન હોવાથી અગ્નિ अदृश्य છે. અને વજન ગોઠવતી વખતે મણની ઉપર (ખારી ઉપર)

દ્રોણ મુકાતો હોવાથી તે अधिरूढ (આરોહણ કર્તા) - अधिक કહેવાય-છે. ॥૧૪૫॥

● ● ●

## *अकालेऽव्ययीभावे ३/२/१४६॥*

કાલવાચક નામને છોડીને અન્ય ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા सह નામને અવ્યયીભાવ સમાસમાં स આદેશ થાય છે. ब्रह्मणः सम्पत् આ અર્થમાં सह નામને ब्रह्मन् નામની સાથે 'विभक्ति - समीप० ३-१-३९' થી અવ્યયીભાવ સમાસ. આ સૂત્રથી सह નામને स આદેશાદિ કાર્ય થવાથી सब्रह्म साधूनाम् આવો પ્રયોગ થાય છે. અર્થ - સાધુઓને બ્રહ્મની પ્રાપ્તિ. अकाल इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યયીભાવ સમાસમાં કાલ વાચક નામથી ભિન્ન જ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા सह નામને स આદેશ થાય છે. તેથી पूर्वाह्णमपरित्यज्य આ અર્થમાં सह નામને કાલવાચક पूर्वाह्ण નામની સાથે ઉપર જણાવ્યા મુજબ થયેલા અવ્યયીભાવ સમાસમાં આ સૂત્રથી सह નામને स આદેશ ન થવાથી सहपूर्वाह्णं शेते આવો પ્રયોગ થાય છે. અર્થ- દિવસના પૂર્વભાગમાં પણ ઉંઘે છે. अव्ययीभाव इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अव्ययीभाव સમાસમાં જ કાલવાચક નામથી ભિન્ન ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા सह નામને स આદેશ થાય છે. તેથી सहयुध्वा આ વિગ્રહમાં 'अव्ययं० ३-१-४८' થી થયેલા તત્પુરુષ સમાસમાં अकाल વાચક ઉત્તરપદ પરમાં હોવા છતાં તેની પૂર્વે રહેલા सह નામને स આદેશ ન થવાથી सहयुध्वा આવો પ્રયોગ થાય છે. અર્થ - સાથે યુદ્ધ કરનાર. ॥૧૪૬॥

● ● ●

## ग्रन्थाऽन्ते ३।२।१४७॥

ગ્રન્થના અન્ત્ય પ્રકરણનું વાચક ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા सह નામને અવ્યયીભાવ સમાસમાં स આદેશ થાય છે. कलायाः पर्यन्तम् આ અર્થમાં सह નામને कला નામની સાથે 'विभक्ति-समीप० ३-१-३९' થી અવ્યયીભાવ સમાસ. આ સૂત્રથી सह નામને स આદેશ વગેરે કાર્ય થવાથી सकलं ज्योतिषमधीते આવો પ્રયોગ થાય છે. અર્થ - છેલ્લા પ્રકરણ સુધી જ્યોતિષ ભણે છે. ॥૧૪૭॥

● ● ●

## नाऽऽशिष्यगो - वत्स - हले ३।२।१४८॥

आशिष् (આશીર્વાદ) અર્થ ગમ્યમાન હોય તો सह નામને; તેનાથી પરમાં गो वत्स અને हल નામને છોડીને અન્ય કોઇ પણ ઉત્તરપદ હોય તો स આદેશ થતો નથી. स्वस्ति गुरवे सह शिष्याय - અહીં शिष्येण सह આ વિગ્રહમાં 'सहस्तेन ३-१-२४' થી બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી सहशिष्याय આવો પ્રયોગ થાય છે. અહીં 'सहस्य सो० ३-२-१४३' થી सह નામને स આદેશની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ થાય છે. અર્થ - શિષ્ય સહિત ગુરુનું કલ્યાણ થાઓ. आशिषीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आशिष् અર્થ ગમ્યમાન હોય તો જ सह નામને; તેનાથી પરમાં गो वत्स અને हल ભિન્ન ઉત્તરપદ હોય તો स આદેશ થતો નથી. તેથી पुत्रेण सह આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્ય થવાથી सपुत्रः આવો પ્રયોગ થાય છે. અહીં आशिष्

અર્થ ગમ્યમાન ન હોવાથી सह નામને ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત स આદેશનો આ સૂત્રથી નિષેધ થતો નથી. અર્થ - પુત્ર સાથે. (આવ્યો.)

गवादिवर्जनं किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આશિષ્ અર્થ ગમ્યમાન હોય તો सह નામને તેનાથી પરમાં गो वत्स અને हल નામથી ભિન્ન જ ઉત્તરપદ હોય તો स આદેશ થતો નથી. તેથી स्वस्ति तुभ्यं सगवे सहगवे; सवत्साय सहवत्साय; सहलाय सहहलाय અહીં गवा सह; वत्सेन सह અને हलेन सह આ વિગ્રહમાં ઉપર જણાવ્યા મુજબ બહુવ્રીહિ સમાસાદિ કાર્યથી નિષ્પન્ન सगवे सहगवे... ઈત્યાદિ પ્રયોગમાં અનુક્રમે गो वत्स અને हल નામ ઉત્તરપદ પરમાં હોવાથી सह નામને स આદેશનો આ સૂત્રથી નિષેધ થતો નથી. જેથી "सहस्य सोऽन्यार्थे ३-२-१४३' થી सह નામને વિકલ્પથી स આદેશ થાય છે. અર્થક્રમશઃ - બળદ સાથે તારું કલ્યાણ થાઓ. વાછરડાં સાથે તારું કલ્યાણ થાઓ. હળ સાથે તારું કલ્યાણ થાઓ. ॥૧૪૮॥

● ● ●

## *समानस्य धर्मादिषु ३।२।१४९॥*

धर्मादि ગણપાઠમાંના धर्म नामन्... વગેરે નામ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા समान નામને स આદેશ થાય છે. समानो धर्मोऽस्य અને समानं नामाऽस्य આ વિગ્રહમાં (તેમજ समानो धर्मः અને समानं नाम આ વિગ્રહમાં) 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. (તેમજ 'पूर्वापर० ३-१-१०३' થી કર્મધારય તત્પુરુષ સમાસ.) આ સૂત્રથી समान નામને स આદેશ. બહુવ્રીહિ

સમાસમાં धर्म નામના અન્તે 'द्विपदाद्० ७-३-१४१' થી अन् પ્રત્યય. 'अवर्णे० ७-४-६८' થી अन् પ્રત્યયની પૂર્વે રહેલા अ નો લોપ.... વગેરે કાર્ય થવાથી सधर्मा અને सनामा (તેમજ सधर्मः અને सनाम) આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સમાન ધર્મવાલો. સમાન નામવાલો. (સમાન - ધર્મ, સમાન - નામ.) ॥૧૪૯॥

• • •

## सब्रह्मचारी ३।२।१५०॥

सब्रह्मचारी - આ પ્રયોગનું નિપાતન કરાય છે. समानो ब्रह्मचारी આ વિગ્રહમાં 'विशेषणं० ३-१-९६' થી કર્મધારય સમાસ. આ સૂત્રથી समान નામને स આદેશ વગેરે કાર્ય થવાથી सब्रह्मचारी આવો પ્રયોગ થાય છે. અથવા समाने ब्रह्मणि आगमे गुरुकुले वा व्रतं चरति આ અર્થમાં કર્મધારય ગર્ભિત समान + ब्रह्मन् + व्रत + चारिन् આ અવસ્થામાં 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી समान નામને स આદેશ તથા व्रत શબ્દનો લોપ... વગેરે કાર્ય થવાથી सब्रह्मचारी આવો પ્રયોગ થાય છે. અર્થ - સમાન વ્રતધારી. અથવા સરખા આગમ અથવા ગુરુકુળમાં વ્રતનું પાલન કરનાર. ॥૧૫૦॥

• • •

## दृक् - दृश - दृक्षे ३/२/१५१॥

दृश् दृश अने दृक्ष - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા समान નામને स આદેશ થાય છે. समान इव दृश्यते આ અર્થમાં समान + दृश् ધાતુને 'त्यदाद्य० ५-१-१५२' થી क्विप्, टक् (अ) અને सक् (स) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન समान + दृश्; समान + दृश અને समान + दृक्ष આ અવસ્થામાં 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી समान નામને स આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે सदृक् सदृशः અને सदृक्षः આવો પ્રયોગ થાય છે. અર્થ - સમાન જેવો દેખાય છે. ॥१५१॥

● ● ●

## अन्य - त्यदादेराः ३/२/१५२॥

दृश् दृश અને दृक्ष - આ ઉત્તરપદ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા अन्य નામના તેમજ त्यदादि (सर्वाद्यन्तर्गत) ગણપાઠમાંના त्यद् यद्..... વગેરે નામના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. अन्य इव दृश्यते, स्य इव दृश्यते અને आवामिव वयमिव वा दृश्यते આ અર્થમાં अन्य + दृश्; त्यद् + दृश् અને अस्मद् + दृश् ધાતુને 'त्यदाद्य० ५-१-१५२' થી क्विप् टक् અને सक् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન - अन्य + दृश्, अन्य + दृश, अन्य + दृक्ष; त्यद् + दृश्, त्यद् + दृश, त्यद् + दृक्ष અને अस्मद् + दृश्, अस्मद् + दृश; अस्मद् + दृक्ष આ અવસ્થામાં 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી अन्य નામના અન્ત્ય अ

ને તેમજ त्यद् અને अस्मद् નામના અન્ત્ય द् ને आ આદેશાદિ કાર્ય થવાથી अन्यादृक् अन्यादृशः, अन्यादृक्षः; त्यादृक्, त्यादृशः, त्यादृक्षः અને अस्मादृक्, अस्मादृशः; अस्मादृक्षः - આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બીજા જેવો દેખાય છે. તેની જેવો દેખાય છે. અમારા બે અથવા અમારા જેવો દેખાય છે. ॥૧૫૨॥

● ● ●

## *इदं - किमीत् - की ३/२/१५३॥*

दृश् दृश અને दृक्ष - આ ઉત્તરપદ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા इदम् નામને ई અને किम् નામને की આદેશ થાય છે. अयमिव दृश्यते અને क इव दृश्यते આ અર્થમાં 'त्यदाद्यन्य० ५-१-१५२' થી इदम् + दृश् અને किम् + दृश् ધાતુને क्विप् टक् અને सक् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન इदम् + दृश्; इदम् + दृश; इदम् + दृक्ष અને किम् + दृश्; किम् + दृश; किम् + दृक्ष આ અવસ્થામાં 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી इदम् નામને ई અને किम् નામને की આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે ईदृक्; ईदृशः, ईदृक्षः અને कीदृक्; कीदृशः; कीदृक्षः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આવો (આની જેમ દેખાય છે.) કેવો. ॥૧૫૩॥

● ● ●

## *अनञः क्त्वो यप् ३/२/१५४//*

नञ् ने છોડીને અન્ય अव्यय સ્વરૂપ પૂર્વપદથી પરમાં રહેલા ઉત્તરપદ સમ્બન્ધી क्त्वा પ્રત્યયના સ્થાને यप् (य) આદેશ થાય છે. प्र + कृत्वा આ અવસ્થામાં 'गतिक्व० ३-१-४२' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી त्वा (क्त्वा) પ્રત્યયના સ્થાને यप् આદેશ. '-हस्वस्य० ४-४-११३' થી य् ની પૂર્વે त् નો આગમ વગેરે કાર્ય થવાથી प्रकृत्य આવો પ્રયોગ થાય છે. प्र વગેરે ઉપસર્ગોને 'ऊर्याद्यनु० ३-१-२' થી ગતિ સંજ્ઞા થવાથી તેને 'गतिः १-१-३६' થી अव्यय સંજ્ઞા થાય છે.

अनञ इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नञ् ને છોડીને જ અન્ય અવ્યયથી જ પરમાં રહેલા કોઈ પણ ઉત્તરપદ સમ્બન્ધી क्त्वा પ્રત્યયના સ્થાને यप् આદેશ થાય છે. તેથી न कृत्वा આ વિગ્રહમાં 'नञ् ३-१-५१' થી તત્પુરુષ સમાસ. 'नञत् ३-२-१२५' થી नञ् ને अ આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન अकृत्वा અહીં नञ् અવ્યયથી પરમાં રહેલા ઉત્તરપદ कृत्वा સમ્બન્ધી त्वा ને આ સૂત્રથી यप् આદેશ થતો નથી. તેમજ परमं कृत्वा આ વિગ્રહમાં 'सन्-महत्० ३-१-१०७' થી कर्मधारय સમાસાદિ કાર્યથી નિષ્પન્ન परमकृत्वा - આ પ્રયોગમાં नञ् થી ભિન્ન परम આ પૂર્વપદ અવ્યય ન હોવાથી તેનાથી પરમાં રહેલા कृत्वा - ઉત્તરપદ સમ્બન્ધી क्त्वा ને આ સૂત્રથી यप् આદેશ થતો નથી. અર્થક્રમશઃ - કર્યા વિના. સારું કરીને. અહીં યાદ રાખવું જોઈએ કે - अनञः અહીં न नञ् इति આ પ્રમાણે સમાસની વિવક્ષામાં पर्युदास नञ् ના આશ્રયણથી नञ् થી ભિન્ન नञ् સદૃશ अव्यय નું જ ગ્રહણ થાય છે. नञ् થી ભિન્ન પદમાત્રનું ગ્રહણ થતું નથી.

उत्तरपदस्येत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नञ् ને છોડીને અન્ય अव्यय થી પરમાં રહેલા उत्तरपद સમ્બન્ધી

જ क्त्वा પ્રત્યયના સ્થાને यप् (य) આદેશ થાય છે. તેથી अलं कृत्वा અહીં नञ् થી ભિન્ન अलम् આ અવ્યયને ('स्वरादयोऽव्ययम् १-१-३०' થી વિહિત अव्यय સંજ્ઞકને) 'भूषादर० ३-१-४' થી ગતિ સંજ્ઞા ન થવાથી 'गतिक्व० ३-१-४२' થી તત્પુરુષ સમાસ થતો નથી. જેથી સમાસાનારંભક कृत्वा પદ - ઉત્તરપદ ન હોવાથી તત્સમ્બન્ધી त्वा પ્રત્યયને આ સૂત્રથી यप् આદેશ થતો નથી. અર્થ - કરવાથી સર્યું. ॥૧૫૪॥

• • •

## पृषोदरादयः ३/२/१५५॥

પૃષોદરાદિ ગણપાઠમાંના પૃષોદર.... વગેરે નામોમાં આવશ્યકતા મુજબ વર્ણ - લોપ વગેરે કાર્ય કરીને તે તે પ્રયોગ સાધુ મનાય છે. पृषदुदरं यस्य આ વિગ્રહમાં 'एकार्थं० ३-१-२२' થી બહુવ્રીહિ સમાસ. આ સૂત્રથી નિપાતનના કારણે त् નો લોપ વગેરે કાર્ય થવાથી पृषोदरः આવો પ્રયોગ થાય છે. અર્થ - મોટા પેટવાલો. वारिणो वाहकः આ વિગ્રહમાં 'कृति ३-१-७७' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી નિપાતનના કારણે वारि નામને ब આદેશ. वाहक નામના व् ને ल् આદેશ... વગેરે કાર્ય થવાથી बलाहकः આવો પ્રયોગ થાય છે. અર્થ - મેઘ. ॥૧૫૫॥

• • •

## वाऽवाऽप्योस्तनि - क्री - धाग् - नहो र्व - पी ३।२।१५६॥

तन् અને क्री ધાતુ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अव ઉપસર્ગને व આદેશ વિકલ્પથી થાય છે, અને धाग् (૧૧૩૯) અને नह् ધાતુ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अपि ઉપસર્ગને વિકલ્પથી पि આદેશ થાય છે. अव + तन् ધાતુને ઉણાદિ નો स પ્રત્યય. 'गतिक्वन्य० ३-१-४२' થી તત્પુરુષ સમાસ. આ સૂત્રથી अव ઉપસર્ગને व આદેશ વગેરે કાર્ય થવાથી वतंसः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अव ને व આદેશ ન થાય ત્યારે अवतंसः આવો પ્રયોગ થાય છે. અર્થ - ભૂષણ.अव + क्री ધાતુને 'युवर्ण - वृ० ५-३-२८' થી अल् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ई ને ગુણ ए આદેશ. ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ.આ સૂત્રથી अव ને व આદેશાદિ કાર્ય થવાથી वक्रयः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अव ઉપસર્ગને व આદેશ ન થાય ત્યારે अवक्रयः આવો પ્રયોગ થાય છે. અર્થ - ભાડે લેવું.

अपि + धा ધાતુને 'क्त - क्तवतू ५-१-१७४' થી क्त (त) પ્રત્યય. 'धागः ४-४-१५' થી धा ધાતુને हि આદેશ. ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ. આ સૂત્રથી अपि ઉપસર્ગને पि આદેશ વગેરે કાર્ય થવાથી पिहितम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अपि ને पि આદેશ ન થાય ત્યારે अपिहितम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ઢાંકેલું. આવી જ રીતે अपि + नह् ધાતુને क्त પ્રત્યય. 'नहाहोर्धतौ २-१-८५' થી नह् ધાતુના ह् ને ध् આદેશ. 'अधश्चतु० २-१-७९' થી क्त પ્રત્યયાન્ત त् ને ध् આદેશ. 'तृतीयस्तृती० १-३-४९' થી ध् ની પૂર્વેના ध् ને द् આદેશ. ઉપર જણાવ્યા મુજબ તત્પુરુષ સમાસ. આ સૂત્રથી

अपि ઉપસર્ગને पि આદેશ વગેરે કાર્ય થવાથી पिनद्धम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अपि ઉપસર્ગને पि આદેશ ન થાય ત્યારે अपिनद्धम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ઢાંકેલું અથવા બાંધેલું. ॥૧૫૬॥

● ● ●

*॥ इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे तृतीयेऽध्याये द्वितीयः पादः ॥*

श्रीमद् - वल्लभराजस्य..... શત્રુભૂત રાજાઓને વિશે, પ્રસરતા વિચિત્ર દુઃસહ શ્રીસિદ્ધરાજના પ્રતાપે દીર્ઘ નિદ્રાને કરી. અર્થાત્ તે શત્રુઓને લાંબા કાળ સુધી સુવાડ્યા. શ્લોકમાં अपि પદથી શ્રીસિદ્ધરાજના પ્રતાપની, અન્ય પ્રતાપથી વિલક્ષણતા વર્ણવી છે. વિલક્ષણતા એ છે કે - દુઃસહ હોવા છતાં એ પ્રતાપ લાંબા કાળ સુધી સુવાડવાં સમર્થ છે. આ પ્રમાણે વિરોધાભાસાલંકાર અહીં પ્રતીત થાય છે. દીર્ઘનિદ્રા પદનો અર્થ મરણ કરવાથી વિરોધનો પરિહાર થાય છે.....

● ● ●

*अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।*
*व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥*

## : ભાગ - ૩ માટે શુદ્ધિ નિર્દેશ :

અણધારી કૉમ્પ્યૂટરની તકલીફના કારણે નવેસરથી સમગ્ર પુસ્તકનું મેટર ટાઈપ્ કરવું પડવાથી આ ભાગમાં ઘણી અશુદ્ધિં રહી છે. તો નીચે જણાવ્યા મુજબ સુધારીને જ આ ભાગનો ઉપયોગ કરવા વિનંતી છે.

| પૃ. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | ૧૩ | ચક | રક |
| ૭ | ૨ | દ | દ્ |
| ૯ | ૧૫ | તો | તોજ |
| ૧૦ | ૮ | તી | થી |
| ૧૨ | ૧ | ष्टं | ष्ट |
| ૧૫ | ૮ | એ ૧ | એ |
| ૧૫ | ૧૯ | રે | રે. |
| ૧૬ | ૨૦ | સાના | ના |
| ૧૭ | ૨૨ | ૭૫ં | ૧૭૫ |
| ૨૩ | ૩ | વા | વા |
| ૨૬ | ૨ | ને | ને. |
| ૨૬ | ૨૪ | घ्न | घ्न |
| ૨૬ | ૨૫ | घ्न | र्घ्न |
| ૨૭ | ૧ | घ्न | र्घ्नं |
| ૫૪ | ૧ | दून | न्न |
| ૫૫ | ૪ | र्थ | र्थक |
| ૫૫ | ૧૮ | र्थ्ये | र्थ्य |
| ૫૭ | ૭ | शेषष्ठी | शेषषष्ठी |
| ૭૦ | ૧ | या | यान्त |
| ૭૧ | ૨ | ले | ल |

| પૃ. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭૩ | ૩ | પૂર્વ કાલાર્થક એવા | એવા પૂર્વકાલાર્થક |
| ૭૩ | ૯ | एका | एका सर्व |
| ૭૩ | ૧૦ | गो | गो कवि |
| ૭૫ | ૧૩ | उत्तर અને | उत्तर પદ धन અને प्रिय પરમાં હોવાથી તેની પૂર્વેના गो નામની સાથે દિશાવાચક उत्तर અને |
| ૭૭ | ૬ | ञ्चव | ञ्चनाव |
| ૭૭ | ૨૭ | कर्मधारय સમાસાદિ | कर्मधारय समास થાય છે. અને સંજ્ઞાનો વિષય ન હોય તો જ આ સૂત્રથી વિહિત આ સમાસને દ્વિગુ સમાસ કહેવાય છે. તેથી पञ्चानां ऋषीणामिदम् આ વિગ્રહમાં तद्धित प्रत्यय अण् ना विषयमां સંખ્યાવાચક पञ्चन् નામને ऋषि નામની સાથે આ સૂત્રથી तत्पुरुष कर्मधारय સમાસાદિ |
| ૮૩ | ૧૧ | ध | घ |
| ૮૬ | ૭ | कृता | कृत |
| ૯૪ | ૨૪ | ङ्गी | ङ्ग |
| ૯૫ | ૧૧ | भिर्णी | र्भिणी |
| ૯૭ | ૩ | श्म | शम |
| ૯૮ | ૧૧ | न | नना |
| ૯૮ | ૨૦ | ए | ऐ |
| ૧૦૦ | ૧૫ | त्व | त्त्व |
| ૧૦૧ | ૧૫ | સથ | સ્થ |
| ૧૦૨ | ૧૨ | रि | र. |

| પૃ. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦૩ | ૭ | क | कं |
| ૧૦૩ | ૮ | ઘટક | ઘટક પદોથી દરેક પદાર્થોનું એક કાલમાં જે અભિધાન છે તેને સહોકૃતિ છે. દરેક |
| ૧૦૬ | ૧૯ | તો જ | તો |
| ૧૧૪ | ૧૯ | भ | भी |
| ૧૨૩ | ૩ | गो | गो |
| ૧૨૬ | ૫ | તિય | તિ |
| ૧૨૭ | ૧ | સમાહારની વિવક્ષામાં સામાન્ય | સામાન્ય |
| ૧૨૮ | ૧૧ | રે | રેતર |
| ૧૨૮ | ૧૭ | નથી. | નથી. જેથી |
| ૧૩૧ | ૧૯ | કઠ | કઠ અને |
| ૧૩૭ | ૨ | નિષ્પન્ન | નિષ્પન્ન ગવાશ્વ વગેરે નામોને એકવદ્ ભાવ થાય છે. ગોશ્ચાશ્વશ્ચ અને |
| ૧૪૨ | ૨ | થી | થવાથી |
| ૧૪૭ | ૨૧ | નમિ | નામ |
| ૧૪૮ | ૧૧ | षै | षौ |
| ૧૫૦ | ૧૮ | ગો | ગ્ |
| ૧૫૨ | ૧૭ | મનો | મોનો |
| ૧૫૫ | ૨ | न्येतरत | न्येतरेतर |
| ૧૫૫ | ૧૫ | થાજય | થાય |
| ૧૫૬ | ૧૫ - ૧૬ | न्ये | न्येतरे |
| ૧૫૬ | ૨૧ | કલ્પ | કલ્પે |
| ૧૫૬ | ૨૧ | रव्यौ | सरव्यौ |

| પૃ. | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૬૫ | ૫ | પરમાં | પરમાં રહેલા |
| ૧૬૮ | ૧-૨ | ह | ह् |
| ૧૮૧ | ૧૮ | આ | અને बहुषु प्रकृष्टे शुक्ले આ |
| ૧૮૪ | ૨ | त्पपु | त्पु |
| ૧૮૫ | ૮ | રહેનાર અથવા ડાબું અંગ | રહેનાર |
| ૨૨૨ | ૨ | ની | થી |
| ૨૨૩ | ૨૧ | पा | प |
| ૨૨૬ | ૧૩ | बु | ब्रु |
| ૨૨૭ | ૧૩ | द्द | द |
| ૨૨૮ | ૧૯ | न्धूरा | न्धू |
| ૨૩૪ | ૧ | ष्ट | ष्टा |
| ૨૩૫ | ૧૪ | નામા | નામ |
| ૨૪૦ | ૧૦ | सू | सु |
| ૨૪૫ | ૨૧ | આપ્યું | આપ્યું. આપ્યું. |
| ૨૫૨ | ૧૭ | નમા | નામ |
| ૨૫૮ | ૬ | र्स | र्ष |
| ૨૬૯ | ૨૬ | य | स्य |
| ૨૭૩ | ૩ | ૨૨' | ૨૨'થી |
| ૨૭૪ | ૮ | तु | नु |
| ૨૭૫ | ૧૩ | य् | य |
| ૨૭૬ | ૨૫ | રહેલા નામના | રહેલા |
| ૨૭૭ | ૬ | सध्रि અને सम | सध्रि અને समि |
| ૨૮૧ | ૬ | न् | अन् |

## : ભાગ - ૨ માટે શુદ્ધિ નિર્દેશ :

| પેજ | પઙ્કાત | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૯ | त | त्त |
| ૧૪ | ૨૨ | ૧ | ૨ |
| ૧૮ | ૯ | ट | ट् |
| ૧૮ | ૯ | थ | थ् |
| ૧૯ | ૯ | व्या | र्व्या |
| ૩૫ | ૧૧ | ध्य | ध्या |
| ૪૪ | ૫ | ध | न्ध |
| ૭૫ | ૧૩ | રુપિયા | રુપિયાના ઋણે બંધાયેલો. |
| ૭૭ | ૧૮ | त्व | त्त्व |
| ૭૯ | ૩ | નામોને | નામો |
| ૮૪ | ૬ | सुघ्न | सुघ्नस्य |
| ૮૪ | ૧૩ | ध्न | घ्न |
| ૯૪ | ૮ | ષષ્ઠી | સપ્તમી |
| ૯૬ | ૧૬ | जां | जा |
| ૧૨૨ | ૬ | જણાવ્યા | જણાવ્યામુજબ |
| ૧૨૫ | ૨૧ | कृ | क्रु |
| ૧૨૬ | ૧૯ | न | ना |
| ૧૩૪ | ૨ | तृः | तुः |
| ૧૩૯ | ૨૧ | પરમાં | પરમાં રહેલા |
| ૧૪૧ | ૪ | स्सः | स्सोः |
| ૧૪૧ | ૧૧ | रु ना र् | दुर् ना र् ने |
| ૧૪૫ | ૨૬ | ધાતુને | ધાતુને છોડીને |
| ૧૪૭ | ૧૬ | षी | षि |
|  |  | ञ्च् | व् |
| ૧૫૨ | ૧૧ | सेनि | अ+सेनि |
| ૧૫૩ | ૧૬ | त्त | त्ती |
| ૧૬૪ | ૨૧ | પ્રત્યયપરક | પ્રત્યયાપરક |
| ૧૬૭ | ૧૭ | ष्क | स्क |

| | | | |
|---|---|---|---|
| ૧૭૬ | ૧૭ | ણાની | ણની |
| ૧૮૧ | ૭ | વિકલ્પથી થાય | થાય |
| ૧૮૮ | ૧૮ | पत | पत-पद |
| ૧૮૯ | ૪ | वद | वह |
| ૨૦૧ | ૨૨ | प्याय | याप्य |
| ૨૨૮ | ૧૮ | ણામ | માણ |
| ૨૩૧ | ૨૪ | નક્ષત્ર | નક્ષત્રવાચક |
| ૨૪૮ | ૨૨ | ली | लि |
| ૨૬૭ | ૧૨ | કુર | કુરુ |
| ૨૬૮ | ૧૪ | ज्चा | ज्ज्चा |
| ૨૬૯ | ૨૦ | रु | रू |
| ૨૬૯ | ૨૧ | रुः | रूः |
| ૨૭૨ | ૧૨ | नोरू | नोरु |
| | ૨૫ | ङ | ङ् |
| ૨૭૭ | ૨૨ | આ સૂત્રથી....આ સૂત્રથી | આ-સૂત્રથી |
| ૨૭૯ | ૧૨ | रू | रु |
| ૨૮૭ | ૧૪ | न् | न |
| ૨૯૦ | ૩ | ङ | ङ्' |
| | ૭ | ङ | ङ् |
| ૨૯૧ | ૯ | પ | બ |
| ૨૯૨ | ૧ | ष्य | स्य |
| ૩૦૪ | ૪ | द्वये | द्वये |
| ૩૦૪ | ૧૨ | ૧૩ | ૧૫ |
| ૩૦૫ | ૧૬ | आ | આ |
| ૩૦૭ | ૧૨ | आ | આ |
| ૩૦૮ | ૮ | पा | ण |